# અભિનવ ભાગવત

ભાગ : બીજો

લેખક :

સંતબાલ

સંપાદક :

દુલેરાય માટલિયા

•

મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર

હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર,

અમદાવાદ-૩૮૦૦૦૪.

# અભિનવ ભાગવત

ભાગ બીજો

: લેખક :

સંતબાલ

: સંપાદક :

દુલેરાય માટલિયા

: પ્રકાશક :

મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર

હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર

અમદાવાદ—૩૮૦૦૦૪

પ્રકાશક :
અંબુભાઈ શાહ
મંત્રી :
મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી, અમદાવાદ—૩૮૦૦૦૪

પ્રથમ આવૃત્તિ :
મહાશિવરાત્રી ૨૦૪૦
તા. ૨૯-૨-૮૪

કિંમત : **વીસ રૂપિયા**

મુદ્રક :
પ્રવીણચંદ્ર નટવરલાલ ગામી
પ્રણવ પ્રિન્ટર્સ,
૧૧/અ વિજય કોલોની
અમદાવાદ—૩૮૦ ૦૧૩

# વૃંદાવનવિહારી યોગેશ્વર શ્રીકૃષ્ણ

અઢારેય પુરાણોનું હૃદય ભાગવત પુરાણ છે. એ લખીને ભગવાન વ્યાસજીએ પુષ્ટિ અને તુષ્ટિનો સંતોષ અનુભવ્યો. ભાગવતનું હૃદય દશમ સ્કંધ છે. રસરાજ કૃષ્ણના હૃદયરસથી તે રસાયો છે અને દશમ સ્કંધનુંયે હૃદય ગોકુળ, વ્રજ અને વૃંદાવનની રાસલીલા છે. શ્રીકૃષ્ણના બાલજીવન અને ગ્રામજીવનમાં નિર્દોષ હૃદયરસનો રસસાગર હેલે ચઢે છે અને નર-નારી માનવ-દાનવ અને સકલ સૃષ્ટિને માધુર્યથી મઢી દે છે. મધુરાપતિના એ માધુર્યની રસગાથા ગાતાં ગાતાં કવિઓ ઓછા ઓછા થઈ જાય છે, ભજનિકો ભાન ભૂલી જાય છે, રસિકો રસમગ્ન બની રસસમાધિમાં લીન થઈ જાય છે, નૃત્યકારો તેનાં જ નૃત્ય, નાટ્યકારો તેનાં જ નાટક અને કથાકારો તેની કથામાં એવા તો મશગૂલ બની જાય છે કે પોતાની જાતને વીસરી સ્વયં કૃષ્ણમય બની જાય છે. શ્રીકૃષ્ણજીવનના સર્વાંગી સૂર્યનાં સુવર્ણકિરણો જે જે હિમકણિકા પર પડે છે તેમાંથી સપ્તરંગી મેઘધનુષ-શા વિવિધ રૂપરસનાં પ્રતિબિંબો પડી પડીને આ વિશ્વને શુદ્ધ સૌંદર્યથી શણગારે છે. શુદ્ધતામાંથી ઊઠતા સપ્તનાદો સુસંગીતથી વિશ્વસંવાદને સુરીલો બનાવે છે. એમાંથી ઊછળતો રસનિધિ સાહિત્ય-સૃષ્ટિને સુમધુર રસનું આસ્વાદન કરાવે છે, જગતને પ્રેમઘેલું બનાવે છે. એવા સ્પર્શમાત્રથી માનવીની કાયા પ્રભુના સર્જનસમી સૃષ્ટિની સેવામાં લાગી જાય છે અને પ્રભુના સત્કાર્યની સુરભિથી સગુણ સૃષ્ટિ મઘમઘી ઊઠે છે. પાંચેય ઇન્દ્રિયો કેવળ શ્રીકૃષ્ણની પ્રેમલક્ષણા ભક્તિરસમાં નિમજ્જન કરી રસતરબોળ બની નૂતન જીવન પામે છે. એથી જ એ રસને

વાણીથી અવર્ણનીય કહ્યો છે. એ તો શુકદેવ જેવા જોગી, વ્રજ–ગોપાંગનાઓ અને નરસિંહ જેવા રસભોગીઓ જ જાણી-માણી શકે છે અને એથી જ રસના રસિકોને શ્રીકૃષ્ણ વિધવિધરૂપે જોવા મળે છે. ગોપીઓને પ્રણય-વલ્લભરૂપે, શુકદેવને પરમ સત્-સ્વરૂપે, મીરાંને સ્વામીરૂપે, નરસિંહને તુંહીતુંહીરૂપે મલ્લોને સામર્થ્યરૂપે અને અસુરોનેય સંઘર્ષ રૂપે તે સદાય સોહામણા લાગે છે. એથી જ આનંદઘનજી મહારાજે ગાયું છે : 'કર્ષે કર્મ કાન સો કહીએ'—કર્મનું કર્ષણ કરી સર્વનું આકર્ષણ ઊભું કરનાર કાનને જ આનંદઘનજી મહારાજે સચ્ચિદાનંદ શુદ્ધાત્મરૂપે બિરદાવ્યા છે. અને 'તેરા નામ અનેક તું એક જ હૈ; તેરા રૂપ અનેક તું એક જ હૈ'—ગાયું છે અને પોકારી પોકારી ગાયું કે

રામ કહો, રહેમાન કહો, કોઈ કાન કહો, મહાદેવ રી;
પારસનાથ કહો, કોઈ બ્રહ્મા, આપ સ્વયં એકરૂપ રી,

એ જ કૃષ્ણને સંતબાલજી મહારાજે જે રીતે જાણ્યા-માણ્યા અને રસરૂપે હૃદયે રમમાણ કર્યા તે રસ 'અભિનવ ભાગવત'માં સિંચ્યો છે. શ્રીકૃષ્ણજીવન તો માધુર્યનો મધપૂડો છે. તેમાંથી થોડાંક બિંદુ લઈ સંતબાલજી અભિનવ ભાગવતમાં પીરસે છે. સમતાના સાગર, સમ્યક્ જ્ઞાની, પરમ યોગેશ્વર અને નિર્દોષ પ્રણય, વાત્સલ્ય અને વિશુદ્ધ પ્રેમનો પંથ ઉજાળી તીર્થંકર ગોત્રને પ્રાપ્ત કરનાર ભાવિ તીર્થંકર શ્રીકૃષ્ણચંદ્રના સદ્ગુણોનું સંકીર્તન કરે છે. તેમજ ભાવિ સિદ્ધ-પ્રભુની વિનયભક્તિમાં વૃદ્ધિ કરે છે. 'નમોત્થુણં' દ્વારા જેનાં નમન-સ્તવન કરાય છે તે ભાવિ તીર્થંકર શ્રીકૃષ્ણને વંદન, નમન અને ભક્તિથી નવાજી સંતબાલજી ભગવાન વ્યાસજીરચિત ભાગવતને અખંડાનંદ સરસ્વતીજીએ હિંદી વાઙ્મયમાં સરલ રીતે રજૂ કરેલ છે. તેમાંથી સાર ખેંચી, સમ્યક્ દૃષ્ટિને પોષી, પુષ્ટ કરી, આસ્તિકોની ભક્તિમાં ગુણગ્રાહી મંગલ દૃષ્ટિનું સિંચન કરી સંત-

બાલજી અન્ય દર્શનનાં શાસ્ત્ર અને પુરાણપુરુષને પણ સમ્યક્ શાસ્ત્ર અને સમ્યક્ પુરુષરૂપે પ્રરૂપી શ્રી હેમચંદ્રાચાર્યે પાડેલી કેડીને સર્વધર્મ–ઉપાસનારૂપી સ્યાદમુદ્રાથી રાજમાર્ગ જેવી રળિયામણી બનાવે છે, જેના પર હિંદુ, વૈષ્ણવ, જૈન, કે સત્યશોધક સર્વે સહજતાથી અને સરળતાથી તીર્થયાત્રા કરી શકે છે. સાથોસાથ પરમ પુરુષનાં અવતારી કાર્ય, વિશિષ્ટતા, વૈવિધ્ય, વૈચિત્ર્ય અને વૈરાગ્યસભર પરિવર્તનો ને ક્રાંત પ્રયોગો અને પુરુષાર્થને સમ્યક્ દૃષ્ટિથી મૂલવી શકે છે. શલાકાપુરુષના શીલમાં રહેલા ચમકારા અને ચમત્કારો પાછળ રહેલો પાવનો પુરુષાર્થ અને સદ્ગુણો સિદ્ધ કરનારી સિદ્ધિને મહત્ત્વ આપી ચમત્કાર–પરસ્તીને સ્થાને ચારિત્ર-પરસ્તીને પ્રતિષ્ઠિત કરી સ્વયંના શીલોત્કર્ષથી પ્રેરણા મેળવી શકે છે. એ દૃષ્ટિએ સંતબાલે રજૂ કરેલ શ્રીકૃષ્ણચરિત્ર ભાવિકોની ભવ્યતા ખિલવવામાં ભારે ઉપયોગી નીવડવાનો સંભવ છે. એથી જ એના મહત્ત્વના મુદ્દાનો પ્રાક્કથનમાં સ્પર્શ કરવામાં આવે છે.

## ભગવાન શ્રીકૃષ્ણનું સ્વરૂપ

ભગવાનને સમજવાનાં સદ્ગુરુ શ્રી નાનચંદ્રજી મહારાજે જે સમ્યક્ નેત્ર આપ્યાં તે નેત્રથી નીરખીને સંતબાલજીએ શ્રીકૃષ્ણનું ભાગવતી સ્વરૂપ આલેખ્યું છે. કવિવર્ય નાનચંદ્રજી મહારાજ કહે છે: "જૈન–જૈનેતરના ભગવાન બે નથી. ખુદા અને ઈશ્વર એ માત્ર ભાષાભેદ છે; સ્વરૂપ ભેદ નથી. એ સત્ય-ભગવાન તો સર્વવ્યાપક અને સર્વત્ર છે; આખું વિશ્વ એનું પોતાનું જ છે. જે સત્ છે, જે વાસ્તવિક છે, જે સ્વાભાવિક છે તેને કોઈ બનાવતું નથી; સત્ય એ સત્ય જ છે. એ શાશ્વત, સર્વવ્યાપક, સર્વ-શક્તિમાન સત્યને મહાવીરે 'सच्चं खु भगवं — સત્ય એ જ ભગવાન છે' તેમ કહેલ છે. સત્ય ભગવાનને પગલે ચાલી જેઓ સત્યમય બન્યા છે તે બધા જ ભગવાન છે. બુદ્ધ, મહાવીર, જિન, હરિ, બ્રહ્મા, ખુદા, ક્રાઇસ્ટ,

અહુરમજ્દ—એ બધા સત્ય ભગવાનના જુદા જુદા દેશકાળ અને જુદી જુદી માનવ પ્રજામાં પોતપોતાની કક્ષા પ્રમાણે થયેલા ઉદ્ધારક રૂપે જુદાજુદા આવિષ્કારો છે. આપણે સમ્યક્ દૃષ્ટિથી જોતાં શીખીશું તે જ દિવસે આપણને સત્ય ધર્મની, સત્ય માર્ગની, સત્ય ભગવાનની સમજ આવશે અને તે જ દિવસે જીવનનું રહસ્ય અને સત્ય ભગવાનનું સ્વરૂપ સમજી શકશું. (મા. મી. જ. ભા. ૧, પા. ૮/૯) ભાગવતકાર જ ભાગવતની પૂર્ણાહુતિ કરતાં કહે છે: 'તે શુદ્ધ નિર્મળ આનંદમય મોક્ષરૂપ સત્ય ભગવાન પરબ્રહ્મનું અમે ધ્યાન ધરીએ છીએ.' તે પરબ્રહ્મ રૂપી સત્યને જ ભાગવતકારે કૃષ્ણરૂપે ગાયેલ છે. સત્ય અને શ્રીકૃષ્ણ એક જ છે. ભગવાન સત્યનારાયણ કહો, ભગવાન વિષ્ણુ કહો, ભગવાન શ્રીહરિ કહો કે ભગવાન કૃષ્ણ કે રામ કહો તે સત્યના જ આવિષ્કાર છે. સત્યને વ્યક્ત કરનાર, તેને વિશ્વમાં વિસ્તરિત કરનાર અને અવતરણ કરનાર આવિષ્કારને અવતાર કહેવામાં આવે છે. તીર્થંકરો, પેગંબરો, અવતારો કે સત્યના આવિષ્કારો ભાષાભેદે ભલે વિભિન્ન લાગે પણ પ્રકૃતિમાં યુગેયુગે જે સામાજિક સત્યના પ્રાગટ્યની માગ હોય છે તેને વિભૂતિરૂપે વ્યક્ત કરનારા ક્રાંતદૃષ્ટા પ્રયોગકારોના વૈશ્વિક પુરુષાર્થનાં એ બધાં વિધવિધ સ્વરૂપો જ છે. શ્રીરામચંદ્રનો અભિનવ રામાયણમાં અને શ્રીકૃષ્ણનો અભિનવ ભાગવતમાં સંતબાલજી મહારાજ સત્યપ્રભુના અમર પરબ્રહ્મના પ્રગટ અવતરણ રૂપે જ મહિમા ગાય છે અને તેના અવતારી કૃત્યની અપાર લીલાનો અમૃત-સ્વાદ ચખાડે છે. એમના જ શબ્દોમાં કહીએ તો:

"એકપત્ની-વ્રતી રામ, કૃષ્ણ અનેક-પત્નીક;
વાસના ત્યાં થતી અંતે, વિશ્વવાત્સલ્યમાં સ્થિર.
જુદા છે તોય ના જુદા, રામ ને કૃષ્ણ ભારતે;
આમ સૌ મેળવો તાળો એક અનંતનો તેમ." (પા. ૫૫૬)

બંનેનું અવતારી કાર્ય તો વિશ્વને વિશુદ્ધ પ્રેમથી એકરૂપ બનાવી વિશ્વમૈત્રી કે વિશ્વવાત્સલ્યની ભાવનાને સ્થિર કરવાનું છે. દેશકાળ અને પરિસ્થિતિ પ્રમાણે બાહ્યાચાર ભલે વિરોધી કે વૈવિધ્યવાળો દેખાય પણ આંતરભાવ તો માનવ માનવ અને માનવ અને પ્રાણીજગત વચ્ચે એકતા અને ઓતપ્રોતતા ઊભી કરવાનો છે, અને તે બેય પુરુષોએ સિદ્ધ કરેલ છે.

## ભગવાન શ્રીકૃષ્ણની અવતરણ વેળા

અવતરણનો સમય ઉલ્લેખતાં સંતબાલ લખે છે :

'શુકદેવજી બોલ્યા : "રાજન્! તે સમયે શાસકગણ ઘમંડને લીધે ધર્મનું ઉલ્લંઘન કરતા. ખરી રીતે તેઓ રાજાના રૂપે જન્મેલા દૈત્યો જ હતા. એમના અસહ્ય ભારથી ધરતીને બહુ પીડા થવા લાગી. પૃથ્વીએ એ સમયે ગાયનું રૂપ ધારણ કરી બ્રહ્માજી કને મોટા કરુણ સ્વરથી ભાંભરીને પોતાની કષ્ટકથા સંભળાવી. બ્રહ્માજી ભગવાન શંકર તથા જુદાજુદા મુખ્ય મુખ્ય દેવોએ ગાય રૂપે આવેલી પૃથ્વીને સાથે લઈ ક્ષીરસાગર-તટે પહોંચી પુરુષ–સૂક્ત દ્વારા પ્રભુને પ્રાર્થના કરી. એ વખતે બ્રહ્માજીએ સમાધિ-અવસ્થામાં આકાશવાણી સાંભળી. અને તેમણે દેવતાઓને કહ્યું : "વસુદેવજીને ઘેર સ્વયં પુરુષોત્તમ ભગવાન પ્રગટ થશે. તેમના પહેલાં ભગવાન શેષનાગ એમના મોટા ભાઈના રૂપમાં અવતાર ધારણ કરશે. ભગવાનની ઐશ્વર્યશાલિની યોગમાયા તેમની આજ્ઞાથી અંશરૂપમાં અવતાર ગ્રહણ કરશે અને તમે પણ તમારા અંશો સાથે યદુકુલમાં જન્મ લઈ ભગવાનની લીલામાં સાથ આપો" આમ બ્રહ્માજીએ દેવતાઓને આજ્ઞા આપી અને પૃથ્વીને પણ સમજાવી–બુઝાવીને તેને હૃદય-સમાધાન આપ્યું." (પા. ૩૧૨/૩૧૩).

આ પ્રસંગને અનુરૂપ ભાવાત્મક વર્ણન એમણે સ્થળે-સ્થળે વર્ણવેલ છે તે પરથી અવતારી કાર્યનું કારણ નિમિત્ત અને ફળ સમજવું સરલ પડે છે.

## પ્રભુહૃદય હલી ઊઠે ક્યારે ?

અનુષ્ટુપ

માનવીના મહાશત્રુ, સ્વછંદ ને ઘમંડ બે;
પેસે સમૂહમાં ત્યારે, ઊઠે ખુદ પ્રભુ હલી.
સહેજે ઘટના એવી, બની જાયે જગે પછી;
ઇચ્છાએ કે અનિચ્છાએ, સીધી થૈ જાય કુમતિ. (પા. ૨૦૬)

## ધર્મ ટકે ક્યારે ?

વસંતતિલકા

સત્તા અને ધન-તણો મદ રોકવાને,
સાચું તટસ્થ બળ નિસ્પૃહ ત્યાં ખપે જે;
સક્રિય તે યદિ યથાર્થ રહે સમાજે,
તો મર્ત્ય જાતિ મહીં ધર્મ ટકે સદા જે. (પા. ૫૦)

## પ્રભુનું અવતારી કાર્ય ધર્મસ્થાપન

અનુષ્ટુપ

મૂળમાં ભગવત તત્ત્વે, રાખી મર્ત્ય સમાજને;
ધર્માર્થ સ્થાપવા માટે, પ્રભુ જન્મે યુગે યુગે. (પા. ૧૧૯)
સાધુતા રક્ષવા માટે, ને દુર્જનતા ટાળવા;
ધર્મની સ્થાપના માટે, પ્રભુ જન્મે યુગે યુગે. (પા. ૪૨૬)

## પ્રભુ પ્રાગટ્ય માટે યત્ન

પ્રભુ જન્માવવા માટે, વાયુમંડળ જોઈએ;
તે દિવ્ય ભવ્ય મર્ત્યોના, સત્ય યત્ન થકી થતું.
સુણીને સત્યનો સાદ, સ્વયં પ્રકૃતિ જાગતી;
ઐશ્વર્ય પ્રભુનું જાણે, સાક્ષાત્ એવે સમે થતું. (પા. ૩૦૫)

## પ્રભુ પ્રાગટ્યનું ફળ

### સવૈયા એકત્રીસા

જગમાં પ્રભુનો જન્મ ગણાયો, પ્રજા અભય કરવા માટે;
અભય પ્રજામાંહીં ફેલાવાથી, ન્યાય સત્યનીતિ પ્રગટે.
મર્ત્ય સમાજ-વ્યવસ્થા સુધરે, વ્યક્તિ વિકાસને તકો મળે;
જેથી વ્યક્તિ, સમાજ, સમષ્ટિ-, સૌનાં તન-મન સુખી બને.
(પા. ૫૧૫)

## શ્રીકૃષ્ણજન્મ

રાજા કંસ બળવાન હતો, તેમ જ સ્વછંદી અને ઘમંડી હતો. એને એક બાજુથી મગધનરેશ જરાસંધની અને બીજી બાજુથી પ્રલંબાસુર, બકાસુર, ચાણૂર, તૃણાવર્ત, અઘાસુર, મુષ્ટિક, અરિષ્ટાસુર, દ્વિવિદ, પૂતના, કેશી, ધેનુક, બાણાસુર અને ભૌમાસુર જેવા દૈત્યો ને મિત્રોની સહાય હતી. એ બધાનો સાથ લઈ તે યદુવંશના સત્ત્વને નષ્ટ કરવા લાગ્યો. આથી યદુવંશીઓ પાંચાલ, કેકય, શાલ્વ, વિદર્ભ, નિષધ, વિદેહ અને કોસલ આદિ દેશોમાં કંસના ભયથી ભયભીત થઈ ચાલ્યા ગયા. ભગવાને જોયું કે યદુવંશીઓ કંસ મારફત ખૂબ સતાવાય છે ત્યારે તેમણે યોગમાયાને આદેશ આપ્યો કે 'કંસે દેવકીના એક પછી એક છ પુત્રો મારી નાખ્યા છે. હવે તું વ્રજમાં જા. ત્યાં મારો અંશ શેષરૂપે દેવકીમાના ગર્ભમાં વિરાજે છે તેને લઈને નંદબાબાનાં પત્ની રોહિણીને પેટે મૂકી દે, તે પછી હું દેવકીનો પુત્ર બનીશ અને તારે નંદબાબાનાં પત્ની યશોદાથી જન્મ લેવાનો છે. દૈવીસંપત્તિવાળા સહુને આપણે સહાય કરવાની છે.'

આસુરી ભાવવાળાને, આસુરી મિત્ર સાંપડે;
તે સૌ ભેગા મળી હોંશે, સુરોનો નાશ આદરે.
કિંતુ તે જ સમે સામે, પ્રભુ અંશો સમુદ્ભવી;
કરીને સા'ય સુરોને, અર્પે જીત ખરેખરી. (પા. ૩૧૮)

કંસે તો દેવકી અને વસુદેવને જેલમાં નાખ્યાં હતાં. એ જેલમા જ પ્રભુએ દેવકીના ગર્ભમાં પ્રવેશ કર્યો. દેવકીના દેહમંદિરમાં એક સાથે જીવ અને શિવનો નિવાસ થતાં તે દીપી નીકળ્યા

એનાં એ દેવકી તોયે, કૂખે પ્રભુ પધારિયા;
તેથી દેહ, વળી જેલ, આસપાસ સહુ દીપ્યાં. (પા. ૩૨૦)

ખરેખર તો માયાના બંધનમાં રહેલ જેલવાસી જીવ કેદ જ ભોગવે છે અને દેહાગારમાં રહેવા છતાં જેણે માયાને તજી દીધી છે તે શિવતત્ત્વનો નિજાનંદ માણે છે. પ્રભુના અવતરણથી સમગ્ર વાતાવરણ કૃષ્ણમય જ બની ગયું હતું. તેથી બ્રહ્મા–શંકરાદિ કંસના કારગારમાં આવી સ્તુતિ કરવા લાગ્યા : "પ્રભુ આપ સત્ય-સંકલ્પ છો, તેથી સત્ય પોતે જ આપની પ્રાપ્તિનું સર્વોચ્ચ સાધન છે. આપ બધી અવસ્થામાં એક જ સત્ય સ્વરૂપે છો. જેનું ચિત્ત માયાથી ઘેરાયેલું છે તે આપના સત્ય સ્વરૂપને સમજવાની શક્તિ ગુમાવી બેસે છે અને આપનાં અનેક રૂપો એક રૂપે જોવાને બદલે અનેક રૂપે જુએ છે અને મારા-તારાના ભ્રમમાં પડી ભટકે છે. આપ વિશુદ્ધ અપ્રાકૃત અને સત્યમય હોવાથી અમંગલ, ક્રૂર, અને દુષ્ટોને દંડ આપો છો; અધર્મને દમો છો અને ધર્મને તાજગી આપો છો." આમ પ્રાર્થના કરી, દેવગણ ગયા અને શ્રાવણ વદ આઠમની મધ્ય રાત્રીએ શ્રીકૃષ્ણ પરમાત્મા દેવકીને ખોળે પ્રગટ થયા. દેવકીજીના શરીરમાંથી જ્યોતિકિરણો બહાર નીકળીને સર્વત્ર પ્રસરવા લાગ્યાં. વસુદેવજી સમજી ગયા કે અવતારી અધર્મરૂપી અંધકારને હટાવવા માટે અવતરી ચૂક્યા છે એટલે પ્રાર્થવા લાગ્યા કે

'ભલે પધાર્યા અમ ઉરે તમે,
અધર્મ આસુરી વૃત્તિ, તેને હટાવવા પ્રભુ;
માનવીય ગુણો ધર્મ, તેને ઉજાળવા પ્રભુ'. (પા. ૩૨૬)

આવી પ્રાર્થના કરતા વસુદેવજીને ભગવત પ્રેરણાથી એ પુત્રને લઈને

સૂતિકાગૃહથી બહાર નીકળવાની ઇચ્છા થઈ, ત્યાં જ કારાગારનાં દ્વાર ખૂલી ગયાં, પહેરગીરો નિદ્રાધીન થયા, યમુનાએ માર્ગ આપ્યો ને વસુદેવજીએ નંદબાબાના ગોકુળે પહોંચી યશોદાજીની શય્યા પર પુત્રને પોઢાડી ત્યાંથી તેમની નવજાત કન્યાને લઈ દેવકીની શય્યામાં સુવાડી દીધી.

## શ્રીકૃષ્ણનો વ્રજ–ગોકુળવાસ

વસુદેવજી યશોદા મૈયાની ગોદમાં કૃષ્ણને મૂકી ગયા ત્યારથી તે અક્રૂરજી મથુરા તેમને તેડી ગયા ત્યાં સુધીના તેમના નિવાસનાં વ્યાસજીનાં વર્ણનોથી કવિઓ, દૃષ્ટાઓ, તત્ત્વજ્ઞો, કથાકારો, ભક્તો, જ્ઞાનીઓ અને દાર્શનિકો મુગ્ધ છે. શ્રીકૃષ્ણે સત્ય અને પ્રેમમય જીવનનો સર્વાંગસંપૂર્ણ આદર્શ રજૂ કરી વિશ્વને સમતા-સભર જીવનદૃષ્ટિના લહાણી આપી છે.

અવતાર ધરી જાણે, આદર્શ–સત્ય મર્ત્યને;
રજૂ કરે પ્રભુ પોતે, સત્પ્રયોગ કરી ખરો. (પા. ૪૩૮)

એથી જ સંતબાલજી શ્રીકૃષ્ણનું આદર્શ ચિત્ર રજૂ કરવાની હોંશથી કવે છે

ભાગવત થકી એવા, ગ્રામકેંદ્રિત કૃષ્ણને;
આલેખાશે રૂડી રીતે, ભાગવત કથામૃતે હવે. (પા. ૧)

પુત્રજન્મ બાદ નંદબાબાનું ઉદાર હૃદય આનંદથી ઊભરાઈ ગયું. યશોદા અને નંદબાબાએ ધન–ધાન્ય, ગામો વસ્ત્રો અને આભૂષણોનાં દાન દીધાં. મનુષ્યદેહનું સાર્થક્ય જ સ્વપરનું શ્રેય સાધવામાં છે. આવું આ દંપતી સમજતું હોવાથી એ તો સંપત્તિને દેવામાં જ આનંદ માનતું હતું. એથી વાતાવરણ પણ એવું રચાયું હતું કે વ્રજનાં ગોપ-ગોપીઓ પણ ઉદાર અને પ્રેમાળ બની ગયાં હતાં. પણ આપવાથી તો એમનાં ધન-ધાન્ય ને સંપત્તિ વધવા લાગ્યાં; કેમ કે

રહે ત્યાં રિદ્ધિ ને સિદ્ધિ, અધ્યાત્મ જ્યાં વધે ખરું;
જહીં જન્મે મહાસત્ત્વ, તહીં અધ્યાત્મ પાધરું. (પા. ૨૩૩)

## ૧. પૂતના-વધ

આ બાજુ કંસ જેવો મહામાયાને મારવા ગયો, તેવી જ 'તને મારનાર પેદા થઈ ચૂક્યો છે. તું નિર્દોષ બાળકોને ન માર' કહી યોગમાયા અંતર્ધાન થઈ ગઈ. કંસે મંત્રોને બોલાવીને તે વાત કહી. તેમણે કહ્યું : 'આમ હોય તો શહેર, ગામડાં કે નેસડામાં દસ દિવસ કે તેથી વધુ દિવસનાં જન્મેલાં તમામ બાળકોને અમે મારી નાખીશું.' એ કામ પતાવવા પૂતના રાક્ષસી સુંદર યુવતીનો સાજ સજી નંદબાબાને ઘેર આવી કૃષ્ણને ગોદમાં લઈ ભયંકર વિષ લગાડેલાં સ્તનો વડે ધવરાવવા લાગી. ભગવાન તેના દૂધની સાથે તેના પ્રાણ પણ પીવા લાગ્યા ને છેવટે તે પ્રાણહીન થઈ ઢળી પડી ત્યારે તેનું માયાવી સ્વરૂપ છતું થઈ ગયું.

છુપાવે રાક્ષસી વૃત્તિ, દંભી માયા વડે ભલે;
કિન્તુ પ્રભુ કને અંતે, તેઓ ખુલ્લા પડી જશે.
માયાવશ ન થાયે ને, માયાને વશ જે કરે;
એવો વિકાસશીલાત્મા, અવતારી પ્રભુ ઠરે. (પા. ૩૩૬)

પૂતનાને કોઈ માયા, અવિદ્યા, પૂર્વગ્રહની પકડ, કે સ્વાર્થી ગ્રંથિ કહે છે. ભૌતિક વિદ્યામાંયે જે સારતત્ત્વ છે તે પચાવી, તેના સ્વાર્થનું ઝેર ઓકી ભગવાને વિદ્યા, અવિદ્યા અથવા તો વિજ્ઞાન ને અધ્યાત્મનો સુમેળ કર્યો. તેમણે પૂતનાની ભૌતિકતા કે માયાને મચક ન આપી પણ માયાને જીતી જાણી. તેના દાંભિક સ્વરૂપને પ્રગટ કરી તેની તાકાત જ પ્રભુએ હરી લીધી. સિદ્ધાંતની સુંદર સુંદર વાતો ને વાદો ઓઠે રહેલ સ્વાર્થાંધતાને ખુલ્લી કરી જે તે જ સિદ્ધાંતનો પરમાર્થે પ્રયોગ કરે છે તે ભગવાન કહેવાય છે. તેનાથી કુવિદ્યા પણ સુવિદ્યામાં પલટી જઈ મુક્તિને પામે છે.

## ૨. શકટભંગ

જન્મ લેતું મહાસત્ત્વ, મહાનિમિત્ત તે થતું;
સંસારે અવ્યવસ્થામાં, વ્યવસ્થા તે જ લાવતું. (પા. ૩૪૧)
વ્યક્તિ સમાજ બન્નેય, વિકસે જ્યાં વ્યવસ્થિત;
મર્ત્ય સમાજ માંહે ત્યાં, માનો થયા પ્રભુ સ્થિત. (પા. ૩૬૯)

એક વખત કૃષ્ણને પડખાં બદલવાનો મહોત્સવ થઈ રહ્યો હતો. પરંપરા પ્રમાણે યશોદા અને નંદરાજા બ્રાહ્મણોને ઉદારતાથી દાન–દક્ષિણા આપતાં હતાં, રાજ્યદરબારે ભેટો મોકલતાં હતાં. ગોપ-ગોપી અને સેવકસમાજ ઉત્સવમાં ભાગ લેતો હતો અને પોતાના ગજા પ્રમાણેની ભેટ લઈને આવ્યો હતો. તેઓ ગાવા, બજાવવા અને અન્ય કામકાજમાં વ્યસ્ત હતા. કૃષ્ણે જોયું કે વૈશ્ય ને સેવકવર્ગ કઠિન પરિશ્રમ વડે સહયોગ આપી રહ્યો છે છતાં તેને યથાર્થ સન્માન અને સંવિભાગ નથી મળતાં. રૂઢિઓ સ્થાપિત હિતોના લોભને પાળી-પોષી પંપાળે છે. લોભથી બ્રાહ્મણ યાચક બની નિસ્તેજ થાય છે અને ક્ષત્રિયો ઘમંડી ને પર-દ્રવ્ય-હરણકર્તા થાય છે; પરિણામે સમાજમાં લોભ-સ્વાર્થસભર અવ્યવસ્થા આવે છે. પ્રત્યેક વ્યક્તિ અને સમાજ બંનેનું શ્રેય થાય તેવા જ પરંપરાને પોષવા માટે તો પ્રભુજન્મ ધરે છે. એઓ વ્રજમાં જન્મેલ દિવ્ય–ગુણપ્રેમી વૈશ્યને પ્રાણીમાત્રના વાલી થવાનું કર્તવ્ય સમજાવે છે કે

પ્રભુ પણ બને દેહી, સર્વહિતાર્થ વિશ્વમાં;
તો રહે કેમ ધર્મિષ્ઠો, વિશ્વ–શ્રેય કર્યા વિના? (પા. ૩૪૩)

કેવળ રૂઢિથી નહિ પણ પરિવર્તન ઓળખાવી ગોપબાળ અને છેવટે સમગ્ર સમાજને સર્વ ક્રિયા સર્વના હિતાર્થે કરવા કૃષ્ણે સમજાવ્યા. પ્રભુને પરંપરાગત રૂઢિથી પોષણ મળતું ન હતું તેથી પડખાં ફેરવવાની રૂઢિ નિમિત્તે એમણે સહુને આશ્ચર્ય પમાડે તેવી પ્રક્રિયા કરી. સ્વસ્તિવાચન પછી યશોદા મૈયાએ કૃષ્ણને છકડા નીચે શય્યામાં સુવાડેલ.

તે છકડાને પોતાના કોમળ પાદપ્રહારથી એમણે ઊંધો વાળી નાખ્યો. તેનાં પૈડાં અને ધૂંસરી તૂટી ગયાં. છકડામાં રહેલ દહીં-દૂધ-માખણનાં માટલાં ફૂટી ગયાં. મૂઢ રૂઢિ નીચે પરંપરાગત આસુરી વૃત્તિને ભગવાને તોડી શકટાસુરને નિષ્પ્રાણ કર્યો. ગોવાળો ને મોટેરાંઓએ બાળ-ગોવાળોએ જોયેલી વાત પર વિશ્વાસ ન કર્યો; પણ બાળગોવાળોએ કૃષ્ણનું સામર્થ્ય નજરે જોયું અને પરિવર્તનમાં એમના સાથીદાર બન્યા; જેમાં વ્યક્તિને સમાજ બંનેના ન્યાયી સંવિભાગ હોય તેવી વ્યવસ્થા નિર્માણ કરવામાં પ્રભુની પડખે રહ્યા. બ્રાહ્મણ, વડીલ ને વ્રજ-વનિતાઓએ પણ એ પ્રક્રિયાને વધાવી લીધી અને સાતત્ય ને પરિવર્તન વચ્ચે સુમેળ કરી વ્યકિત તથા સમાજ બેયનુ શ્રેય થાય તેવી વ્યવસ્થા નિર્માણ કરી.

## તૃણાવર્ત વધ

ક્રૂરતા કાઢવી શીઘ્ર, વાયુમંડળ માંહ્યથી;
મર્ત્ય સમાજમાં તેથી, સદયતા વધે ઘણી.
વાણીમાં નિત્ય માધુર્ય, સાથે મૌલિક સત્ય હો;
ઝૂઝો અસત્ય સામે સૌ, વિશ્વપ્રેમ ન વીસરો, (પા. ૩૬૪)

કુરૂઢિઓ રૂપે કે લોકપરંપરા રૂપે પેસી ગયેલ લોભ જ્યારે અન્યાય-નું સ્વરૂપ લે છે અને વૈશ્વિક વ્યવસ્થામાં ખલેલ કરે છે ત્યારે જ્ઞાની દૃષ્ટા ક્રાંત પરિવર્તન કરી સ્થાપિત હિતપોષક સ્થાપિત વ્યવસ્થામાં પરિ-વર્તન કરી રૂઢિનો ભંગ કરે છે. આવા રૂઢિભંજક સામે બહુજનમાં રહેલી રૂઢિચુસ્તતા એવો તો વિરોધ-વંટોળ ઊભો કરી ક્રોધ પ્રેરે છે કે રૂઢિભંજક પ્રત્યે રૂઢિભક્ત કઠોર, ક્રૂર, પાશવી જેવા બની દૈત્ય જેવા જુલ્મો કરે છે. તેમ છતાં ક્રાંત દૃષ્ટા સત્યવકતા સત્ય, પ્રેમ અને ન્યાયની ત્રિવેણી રક્ષી પ્રેમસભર માધુર્યથી અધર્મ સામે લડે છે અને એની પ્રેમમધુર દૃઢતા અને સત્શીલ સામે અંતે તો રૂઢિચુસ્ત અધર્મી દળો ચૂર્ણ-વિચૂર્ણ થાય છે. બાલકૃષ્ણના જીવનમાં પણ એ પ્રસંગ બન્યો. પ્રભુએ શકટભંગ નિમિત્તે રૂઢિભંગ કર્યો તે સામે કંસનો

સાથી તૃણાવર્ત, જે ક્રૂરતા અને ક્રોધાવેગમાં દૈત્ય જેવો હતો તેણે વિરોધવંટોળ ઊભો કર્યો. વિરોધનો પ્રવાહ આવતાં ભગવાને એવી તો મક્કમ દૃઢતા ધારણ કરી કે એમના શરીરનો ભાર ન ઝીલી શકવાથી માતાજીએ એમને જમીન પર બેસાડી બીજા ઘરકામમાં લાગી ગયાં. તેવામાં તૃણાવર્ત તોફાન મચાવી બાલકૃષ્ણને ઊંચે આકાશમાં લઈ ગયો. આંધીમાં દિશાઓ સૂઝતી ન હતી. અને યશોદા તથા વ્રજ-નારીઓ બાલકૃષ્ણને ન જોવાથી આંસુ સારવા લાગ્યાં. વિરોધ-વંટોળ ને ક્રોધની આંધી સામે શ્રીકૃષ્ણે એવી તો દૃઢતા ધારણ કરી કે એમનો ભાર તૃણાવર્ત સહન ન કરી શક્યો. એ ભારથી થાકી બેહોશ બની શીલા પર પછડાયો ને પડતાં જ તેના ચૂરેચૂરા થઈ ગયા, બાલકૃષ્ણ તેની છાતી પર રમી રહ્યા હતા. આ જોઈને ગોપીઓ આશ્ચર્યમુગ્ધ બની ગઈ. ત્યાં ઝડપથી પહોંચી જઈને કૃષ્ણને ગોદમાં લઈ યશોદામાને સોંપી દીધા. કૃષ્ણ માટે તો આ કાર્ય સહજ હતું; કેમ કે શ્રીકૃષ્ણ તો સમતાની મૂર્તિ હતા. જ્યાં સમતા હોય ત્યાં ક્રોધ ને ક્રૂરતા ક્યાંથી ટકે ?

ચારિત્ર જ્યાં વધે નિત્ય, પુણ્ય સત્કૃત્યથી સદા;<br>
નિસર્ગનાય આઘાતો, સે'વાય ધર્મથી બધા; (પા. ૩૪૪

## બાળલીલા

વ્યવહારમહીં ધર્મ, અને સિદ્ધાંત–મૂર્તતા,<br>
થાયે પ્રગટ સંપૂર્ણ, કૃષ્ણજીની તે વિશેષતા. (પા. ૩૪૦)<br>
પ્રાણીમાત્રે રહ્યો જાણે, શરીરી તોય ન ચૂક્યો;<br>
જમે સૌને જમાડી એ, કનૈયો વ્રજ-લાડકો, (પા. ૩૫૨)<br>
કષ્ટ આપે છતાં લીલા ભગવદ્ ભાવથી ભરી;<br>
પેખી રાજી રાજી થતાં સૌએ શ્રીકૃષ્ણબલરામની, (પા. ૩૫૨)

એક દિવસ બધી જ ગોપીઓ યશોદા પાસે ફરિયાદે ગઈ ને

કહેવા લાગી : "મા ! આ તારો કાનુડો બહુ નટખટ થઈ ગયો છે. ગાયને દોહવા માટે સમય થયા પહેલાં વાછરડાં છૂટાં મૂકી દે છે; મીઠું દહીં-દૂધ ચોરીને છોકરાં તથા વાંદરાંને વહેંચી દે છે; અમે દહીં-દૂધ શીકાં પર રાખીએ તો પણ પોતાનાં સાથી બાળકોની કાંધ પર ચઢી તે કાં તો બધાને ખવડાવી દે છે અથવા ઢોળી નાખે છે; અમે ચોરી કરવા માટે ઠપકો આપીએ તો કહે છે : 'ચોર શેનો ? ઘરનો માલિક તો હું છું. તમે જ મારા-પરાયા કરીને વસ્તુ છુપાવી દો છો; પોતીકાને ખવડાવો છો એટલે તમે જ ચોર છો.' આમ કહી તમારો લાડકો અમારાં બાળકોને રડાવી ને લીંપ્યાં-ગૂંપ્યાં આંગણાં બગાડી, મોં મચકોડી અમને ખીજવીને ચાલતી પકડે છે." ગોપીઓએ યશોદા-મા પાસે ફરિયાદ તો કરી, પણ તેમની આંખમાં પ્રેમ નીતરતો હતો તે યશોદામાંથી છાનું ન રહ્યું. એટલે મા પણ હસી પડ્યાં. તે જાણતાં હતાં કે કનૈયાએ ગોપીઓના હૃદયમાં સ્થાન લીધું છે. ગોપી-ઓને રાજી કરવા તેઓ કહે તેવું કાનો ગાતો, નાચતો અને જાણે તેમની કઠપૂતળી હોય તેમ જે કામ ચીંધે તે કર્યા કરતો. કોઈના વજનનાં કાટલાં ઊંચકી દે તો કોઈ વાર પહેલવાનની જેમ કુસ્તી કરે; કોઈ વાર વાસીદું કરવામાં મદદ કરે તો કોઈ વાર પશુ-પંખી જેવો અવાજ કરીને, કે ફળવાળી-બોરવાળી જેવો લટકો લહેકો કરી એવું કાલું કાલું બોલે કે સૌ હસીહસીને ઢગલો થઈ જાય. કેવળ ગોપીઓની જ નહીં પણ ગાય, વાછરડાં, ગોવાળિયા, વાંદરાં અને પ્રાણીસૃષ્ટિની પણ એણે એવી સેવા કરી કે સૌ તેના પર વારી જતા :

મન ચિત્ત હરાયાં છે, જેમ ગોપી ગણો તણાં;
મન ચિત્ત હરાયાં એ, તેમ જ પ્રાણી માત્રનાં.
પ્રેમ પૂર્ણ છતાં તેઓ, કાળ સૌ દૂષિતો તણાં;
કરો એ કૃષ્ણની સૌએ, સર્વાંગી ઉપાસના. (પા. ૪૧૨)

ભગવાને સહજ લીલા કરતાં કરતાં ગોપીગણને સત્ય સિદ્ધાંત

સમજાવી દીધો કે પ્રકૃતિ અને પૃથ્વી ઘાસચારો અને વનસ્પતિ સર્જે છે. ગાયો તે ખાઈને દૂધ આપે છે. મનુષ્ય ગાય અને તેનાં છોરુ બળદો પાસેથી સેવા લઈને કૃષિસંપત્તિમાં વૃદ્ધિ કરે છે. આમ અન્ન, દૂધ, ફળ, શાકભાજી વગેરે પ્રકૃતિમાં પશુ અને મનુષ્યની મહેનતથી થાય છે. એટલે એનો ઉપયોગ પણ સર્વના પોષણ માટે જ કરાય. દૂધ, દહીં, ઘી, માખણ વગેરેનું મૂલ્ય ગ્રાહકની ગરજ, અજ્ઞાન, સ્પર્ધા કે ટૂંક બુદ્ધિના સ્વાર્થથી ન મપાય, પણ ગ્રાહકને પોષણ, સંતોષ ને પુષ્ટિ આપે તે માપે મપાય. અને એથી જ પ્રભુ મહી-માખણ ગોપબાળ, વાછરુ, વાંદરાં ને ગોવાળોને પુષ્ટ-તુષ્ટ કરવા સૌને વહેંચી આપતા, અને જે વધે તે મથુરામાં વેચવા જાય ત્યારે ત્યાં પણ જેને પોષણ-ની ખેંચ હોય તેવા વિસ્તારમાં ગોપીઓ પ્રસાદરૂપે માખણ વેચવા જતી અને લલકારતી કે, 'માધવ લો–માધવ લો.' તેમનો સાદ સાંભળી મથુરાનાં નારીવૃંદ અને બાળકો પણ માખણની સરલતાથી મોજ માણતાં ને સામેથી જે વસ્તુ આપે તેને પણ પ્રભુપ્રસાદી ગણી ગોપીઓ પણ તોષ પામતી. આમ ઉત્પાદક ને ગ્રાહક વચ્ચેની તૃષ્ટિ–પુષ્ટિનો મધુર વ્યવહાર એ જ માધવની લીલા છે. મથુરાનગરીના બજારમાં વધેલા શોષિત મૂલ્યનું હરણ કરી સર્વને પોષણ મળે તેવા પોષિત મૂલ્યની ધર્મોપાસના શીખવી ભગવાને રમત-રમતમાં ગોપીઓને ભગવદ્ ભાવથી ભરી દીધી. એમને બીજાને જમાડવામાં, બીજાને પોષવામાં સ્વયંની પુષ્ટિનો આનંદ માણતી કરી દીધી. સ્ત્રીહૃદય સ્નેહરસથી રસાયેલું હોય છે એટલે સહેજે બીજાને દઈને ઘસાવામાં તે સહજા-નંદની મોજ માણે છે. આથી જ વ્રજ–ગોકુળનું મહિયારું સહિયારું બની ગયું હતું. જાણે કે બધું કૃષ્ણનું જ હતું અને બધાં કૃષ્ણમય હતાં. અને કૃષ્ણ પણ વ્યક્તિ છતાં વિશ્વમય બની વૈશ્વિક વ્યવહાર સૌને શીખવતા હતા. સૌનું પ્રેય તો કરતા હતા પણ શ્રેયને પ્રાધાન્ય આપી પ્રેય પ્રેરતા હતા.

આખાયે વિશ્વનાં પ્રેય, શ્રેયે પેખે અહોનિશ;
પ્રેમાવતાર ધારી તે, વિશ્વેશ્વર વ્રજે વસી. (પા. ૩૯૯)

પ્રભુના આવા શુદ્ધ-વિશુદ્ધ વિશ્વપ્રેમને હૃદયથી જ વ્રજનારી જાણી ગઈ, માણી ગઈ અને એથી જ કૃષ્ણમાં અર્પાઈ ગઈ. કેમકે,

શુદ્ધ દિવ્ય જહીં સ્નેહ, નારીહૈયું પિછાનતું;
શીઘ્ર અર્પાઈ જાતું ત્યાં, ને પરં સ્થાન પામતું. (પા. ૪૨૪)

આમ વ્રજનારીઓ, ગોપીઓ સાથે હૃદયથી એકતા સાધી શ્રીકૃષ્ણે વ્રજનારીને પણ અનંત સાથે એકતા સાધતી કરી દીધી; કેમ કે, સમગ્ર વ્રજ હવે પ્રાણીમાત્રનું વાલી બની તેમની સાથે હૃદયતાર સાંધતું થઈ ગયું હતું. આવા શુદ્ધ હૃદયના વિધવિધ વ્યવહારો માનવને બાંધતા નથી પણ માનવહૈયાંને સાંધે છે :

નૃ-નારી ઐક્ય ને પ્રાણીમાત્રમાં થાય લીનતા;
પછી જ તાર સંધાય, એકના ને અનંતના.
લક્ષ્ય આત્મા ભણી રાખી, દેહાદિ ગૌણ રાખતા;
સર્વ ક્રિયા કરે છો ને, ન જ્ઞાની કર્મ બાંધતા. (પા. ૫૨૧)

આમ શ્રીકૃષ્ણે બાલભાવે જે પ્રેમમાધુર્યથી વ્રજવાસીનાં હૃદયોને રસી દીધાં તેમાં તેમનાં ઐશ્વર્ય અને આત્મવૈભવનો ચમકાર જોવા મળે છે. બળદેવજી પણ તેમાં સાથે ને સાથે જ છે. બાલકૃષ્ણની લીલાની છટા એવી તો અદ્‌ભુત છે, બાલસુલભ નિર્દોષ ગમતથી ભરપૂર છે, અને છતાં રસસભર રંગીલા રસરાજના વૈવિધ્યનિધિનોયે પાર નથી. એથી જ એની બાળલીલા ગાતાં કવિઓ ધરાતા જ નથી. આમ છતાંય હજુ ગોકુળ-વ્રજના કેંદ્રમાં તો કાનુડો જ છે. એના જ આત્મ-ઐશ્વર્યે વ્રજવાસીની દૃષ્ટિને વૈશ્વિક કરી હતી. વિશ્વપ્રેમલક્ષી જીવન સહજતાથી જીવતું કર્યું હતું. સત્ય અને પ્રેમ જ્યાં બલરામ અને કૃષ્ણરૂપે સદેહે અવતર્યાં હોય ત્યાં આવું બને તે સહજ જ છે.

## વિશ્વરૂપદર્શન

ભગવાન વ્રજ-ગોકુળમાં રહીને જે પોતાની નિકટ હતા, સમીપ હતા તેમની સેવા કરતા હતા. તેમને વૈશ્વિક દૃષ્ટિ આપતા હતા. આહીર સમાજમાં આહીરો કૃષિ અને ગોરસનું ઉત્પાદન કરે છે, પણ તેનું વિતરણ તો આહીર કન્યાઓ જ કરતી હોય છે. વિતરણ કે વ્યાપારની વ્યવહાર-શુદ્ધિ બતાવી શ્રીકૃષ્ણે વ્રજ સાથે મથુરાને પણ ઘેલું કર્યું. પણ કૃષ્ણ એવા ચતુર હતા કે ધનલાલચુ કે લોભી તેનો લાભ ન લઈ જાય, તે માટે તેવાનું ધન તો તે ઓકાવી જ કાઢે. એથી બીજાની જેમ એ પણ માટીનો માણસ છે ને માટીપગાની જેમ વર્તે છે, તેવી રાવ યશોદામા પાસે આવી. માતાએ કૃષ્ણનું મોઢું ખોલાવ્યું. એ મુખમાં એમને વિશ્વદર્શન થયું. યશોદાજીએ જોયું કે એના મુખમાં ચરાચર આખુંય જગત વિદ્યમાન છે. જે અખિલ વિશ્વના પ્રેરક છે તે પ્રભુ જ જગતને વાત્સલ્યરસે રસી દેવા આ બધો વ્યવહાર કરી રહ્યા છે. આ મારા પતિ છે, આ મારાં સંતાન છે, આ મારી સંપત્તિ છે અને આ મને આધીન છે તેવી મમત્વ-બુદ્ધિને લઈને જ વિભિન્ન સ્વરૂપે વિકસતા વિશ્વને હું જોઈ શકતી નથી તેમ માતાને ભાન થયું અને તે સમજી ગયાં કે અપાર કષ્ટ વેઠીને જગે વાત્સલ્ય પાથરનાર કાનો તો અવતારરૂપ છે.

કષ્ટો અપાર વેઠી જે, જગે વાત્સલ્ય પાથરે;
તેના સાથી બને સૌએ, અવતારી પુરુષ તે. (પા. ૩૩૧)

## દામોદરલીલા

એકદા યશોદામા દહીંનું વલોણું કરતાં હતાં અને શ્રીકૃષ્ણ પય-પાન કરવા આવ્યા. માતાજી તેમને ખોળામાં લઈ ધવરાવતાં હતાં એટલામાં બાજુમાં ઊકળતા દૂધમાં ઊભરો આવ્યો. આથી યશોદામા તેમને અતૃપ્ત મૂકીને જ દૂધ ઉતારવા ચાલ્યાં ગયાં. ભગવાને જોયું

કે માતાજીને મારા કરતાં વસ્તુ વહાલી લાગી. એટલે એમણે તો વસ્તુની તોડફોડ કરી. વલોણાની માટલી ભાંગી નાખી. માખણ પણ બીજાઓને ખવરાવવા લાગ્યા. ભગવાનને દૂધની અને તેને જાળવવાની કિંમત સમજાતી હતી પણ તેઓ વિચારતા હતા કે માણસો માનવ સાથેના વાત્સલ્ય કરતાં વસ્તુની કિંમત વધુ આંકવા મંડશે તો તે વસ્તુપ્રધાન બની જશે; માણસ ભોગસામગ્રી પ્રત્યે દોટ મૂકશે. માલ-સામાન કરતાં સત્ત્વ મોંઘું છે. જગતના બધા પદાર્થ માનવતા માટે છે. તેથી સૌથી મોંઘો માનવ અને માનવ સાથેનો પ્રેમનો નાતો છે ને આત્માનું અનુસંધાન છે. એનું ભાન કરાવવા જ એમણે જેને માયાનું બંધન કહે છે તે મોહ-મમત્વ સંઘરતી ગોળી ફોડી નાખી. માતાજીને પ્રથમ તો તેની વૈરાગી વૃત્તિ પર હસવું આવ્યું, પણ ચિંતા પેઠી કે આ સ્નેહની સાંકળે સંધાશે કેમ? એટલે એને ખાંડણિયા સાથે બાંધવા લાગ્યાં. માતા દોરડાં જોડતાં જ ગયાં પણ ગમે તેવડી રસ્સી પણ બે આંગળ ટૂંકી પડવા લાગી. નિર્લેપ–નિર્મોહીને ભલા કોણ બાંધી શકે? તેમ છતાં જ્ઞાની અંદરથી જ નિવૃત્ત રહીને સંસાર-યાત્રાને સુવ્યવસ્થિત કરતી સર્વ પ્રવૃત્તિઓ કરે ત્યારે તેઓ બંધાયેલા જેવા લાગે છે:

સામાન્ય જીવની જેમ, લાગે જ્ઞાનીય વર્તતા;
કિંતુ લેપાય ના જ્ઞાની, લેપાતાં સર્વ અન્ય જ્યાં. (પા. ૫૫૩)

માતાજી બાંધવાના પરિશ્રમથી થાકી ગયાં ત્યારે કૃષ્ણને લાગ્યું કે માતાના પ્રેમનો આદર કરી વાત્સલ્યથી બંધાઉં અને તેઓ માતા-ગોપ-ગોપી અને સૌ સ્નેહીના પ્રેમની રસ્સીથી બંધાઈ ગયા.

નિર્માયો નિત્ય આત્મા જે, માયાવશ કદી બને;
દેખાડે રંગ માયાનો, સગાંને કો'કવાર તે. (પા. ૩૫૫)
આત્મભાન થકી મુક્ત, યશોદા–નંદનંદન;
કરે વાત્સલ્યનું પાન, વ્રજે કૃષ્ણ સનાતન. (પા. ૩૬૦)

## કૃષ્ણનો વિનય

વિનયનું મૂલ્ય છે મોટું, આચરી ભગવાન તે;
શિખાડે સર્વને વિશ્વે, સંસ્કૃતિ ભારતીય તે. (પા. ૪૯૨)

માતાજીના સ્નેહ-આદરને વશ થઈ ભગવાન ખાંડણિયે બંધાયા. માતાજીના આદરનો એમણે વિનય કરી વિનયનું મોટું મૂલ્ય સ્થાપન કર્યું; અને ખાંડણિયા સહિત જેવા તે બહાર ગયા ત્યાં આંગણામાં રહેલાં બે અર્જુનવૃક્ષો સાથે તે અથડાતાં બેય વૃક્ષો તૂટી પડ્યાં. તેમાંથી નલકુબર અને મણિગ્રીવ પ્રગટ થઈ ભગવાનના ચરણે પડ્યા. વિનયથી પ્રભુના સ્પર્શે જ અવિનયી કુબેરપુત્રોની મુક્તિ થઈ ને સર્વત્ર વિનયનો ચેપ લાગ્યો. દામોદરલીલા પૂરી થતાં કૃષ્ણની બાળ-લીલાનો એક અધ્યાય પૂરો થાય છે. ખરી રીતે સાધનામાર્ગે જનાર માત્રને અધ્યાત્મ-આરોહણનાં સપ્ત સોપાન બનાવી પ્રથમ સ્વશ્રેયમાં સુસ્થિર કરવાની સાત ગુણશ્રેણી છે, જેમાં (૧) પૂર્વગ્રહનો પરિહાર કરી, વિદ્યા, અવિદ્યા કે આત્મજ્ઞાન ને વિજ્ઞાનનો સુમેળ કરી પ્રથમ વિચાર–વિવેકની પ્રાપ્તિ કરવાની છે. (૨) વિચાર સ્પષ્ટ થયા પછી આત્મવિકાસનું સાતત્ય જાળવવા બાહ્યાચારના પરિવર્તનનો આગ્રહ રાખી સાતત્ય પરિવર્તનનો તાળો મેળવવો પડે છે. (૩) વિરોધ વચ્ચે સત્યાગ્રહના પ્રેમળ બળ પર અડગતા સાધવાનું ત્રીજું ચરણ વટાવવું પડે છે. (૪) સમાજમાં મધુરાદ્વૈત-સભર એકતાનો વ્યવહાર વ્યવસ્થિત કરવા તાદાત્મય અને તાટસ્થ્ય કેળવવાં પડે છે. (૫) સાથોસાથ વૈયક્તિક અને વૈશ્વિક હિતનું સંવર્ધન, પ્રવૃત્તિ. નિવૃત્તિ, વિવેક વિકસાવી વિનયી આત્માર્થીના સહજ આયાસે-અનાયાસે આત્મપ્રભાવ પ્રગટે છે.

## વૃંદાવનવાસ

(અનુષ્ટુપ)

વાયુમંડળ નૈસર્ગી; ગાયોનાં ઝુંડ જ્યાં વળી;
વિશુદ્ધ મન લોકોનાં, ધન્ય વૃંદાવન-ભૂમિ. (પા. ૩૬૬)

ભગવાન બાલકૃષ્ણે પોતાના સુવાત્સલ્ય અને મનમોહક ઐશ્વર્યથી વ્રજનારીના હૃદયને જીતી લીધું હતું. નારીહૃદય સાથે એકતા સાધી નારીના સર્વ વ્યવહારો અને વ્યાપારો એમણે વિશુદ્ધ બનાવ્યા. સમગ્ર વાતાવરણને વાત્સલ્ય રસથી રસી દીધું. હવે સ્વશ્રેયરૂપ આત્મ-સાધનાનો તબક્કો પૂર્ણ થયો. અનંતને પામવા માટે સામુદાયિક સાધના એટલે સમાજ ને સમષ્ટિના હિતાર્થે સમાજગત ધર્માચરણની સાધનાનો તબક્કો આવી પહોંચ્યો હતો અને શ્રીકૃષ્ણે ને બલરામે પોતાના ગોપગોઠિયા સાથે તન્મય બની ગોપસમાજ કૃષિ-ગોપાલન દ્વારા ન્યાય-નીતિપૂર્ણ જીવન જીવતો કેમ થાય તેની આરાધના આરંભી. વ્રજગોકુળ કરતાં વૃંદાવનનું નૈસર્ગિક વાતાવરણ, ગોચરો, ઘાસનાં બીડો અને ખેતીને અનુકૂળ જમીન ઘણાં ને સારાં હતાં. ગાયોનાં વૃંદનાં વૃંદ ત્યાં પોષાઈ શકે તેવી રસાળ ધરતી અને પાણીનાં વહેણ હતાં અને ગોપી-ગોપ સરલ હૃદયનાં, નિખાલસ સ્નેહાળ અને શ્રદ્ધાળુ હતાં.

## શ્રીકૃષ્ણની નરલીલા

સમાજગત સાધનામાં બલરામજી હળ અને મુસળ લઈને સૌને કૃષિપ્રયોગો દ્વારા કૃષિશાસ્ત્ર શીખવતા; તો બંસરીના સૂરે બાલ-ગોપાલ ગો-સેવા, ગોસંવર્ધન અને ગોપાલનના પાઠ શીખવતા શીખ-વતા બાળકો સાથે બાળવત્ બની એવું તો તાદાત્મ્ય સાધ્યું કે નિર્દોષ રમત, નિર્દોષ સુખ, નિર્દોષ આનંદ લેતાં-લેતાં જ ગોપબાળને આ બધું સહજ સાધ્ય બની ગયું. સાથોસાથ સમાજમાં જે આસુરી ભાવનાનું પ્રબળ આક્રમણ આવી રહ્યું હતું તે આસુરી ભાવને જ નષ્ટ કરીને ભગવાને સમાજગત શુદ્ધિનો પણ સંસ્કાર આપ્યો. આમ એક બાજુથી આજીવિકાશુદ્ધિ અને સત્વશુદ્ધિના પ્રયોગો થયા અને બીજી બાજુથી અભય અને આસુરી બળ પર વિજય પ્રાપ્ત કરવાનું સામર્થ્ય કેળવાતું ગયું; સાથોસાથ સત્યશ્રદ્ધા-કૃષ્ણશ્રદ્ધા સુદૃઢ અને

વિવેકપૂર્વક વધતી ગઈ. આમ અનિષ્ટનું હનન, ઇષ્ટનું પોષણ અને શુદ્ધતાના સેવનથી જે સહજાત્મતા વિકસી તેણે પશુ અને પુરુષો સાથે એવું તો તાદાત્મ્ય સાધ્યું કે જેથી બધી ગાયો ને ગોપબાળકો જાણે કે કૃષ્ણરૂપ બની ગયાં અથવા શ્રીકૃષ્ણે જ જાણે કે ગાયો ને ગોપબાળરૂપે સહસ્ર રૂપ ધારણ કર્યાં હોય તેવું ખુદ બ્રહ્માજીએ અનુભવ્યું ત્યારે શાશ્વત એકત્વના અધિષ્ઠાન શ્રીહરિને તે ચરણે પડી ગયા. આમ ભાગવતના હૃદય દશમ સ્કંધના હૃદયરૂપ ગોપલીલાથી કૃષ્ણચંદ્રના વિશિષ્ટ પ્રયોગોનો આલેખ કરતાં સંતબાલ કવે છે:

ન્યાય, નીતિ તથા ધર્મ, અધ્યાત્મ પુટવંત જે;
વ્યક્તિ સમાજ બંનેના, જીવને ઓતપ્રોત તો;
સંસાર–સાર એ ખેંચી, સાધક ભ્રમરો રૂપે,
તત્ત્વ–મધુ સુપ્રેમીને, ચખાડવા સદા મથે. (પા. ૪૧૬)

બલરામ અને શ્રીકૃષ્ણ વૃંદાવનમાં ગોપ-ગોવાળિયા દ્વારા ન્યાય, નીતિ અને સુધર્મનો પ્રયોગ કરી રહ્યા હતા. એ બધા ગોપ-ગોવાળો નિર્દોષ હતા ને પૂર્વના દિવ્ય સંસ્કારસભર હતા. બાલકૃષ્ણ તેમને અધ્યાત્મ–રસે રસી રસામૃતને રમત કરતાં કરતાં પાઈ રહ્યા હતા. તેઓ બીજાં ગોપબાળો સાથે વાછરડાં ચરાવતા, વિધવિધ પ્રકારની રમતો રમતા. ક્યારેક વાંસળી બજાવતા તો ક્યારેક પગે ઘુઘરા બાંધી નાચતા. ક્યારેક પોતે ગાય-બળદ બની ખેલ કરતા, તો સાંઢ બની આપસ-આપસમાં ક્યારેક ગાજતા અને એવા તો દ્વંદ્વ યુદ્ધ કરતા કે બળૂકાનેય હંફાવી દેવાની રીતની ગોપબાળોને કુશ્તી શીખવી દીધી. ક્યારેક મોર, વાંદરા, કોયલ આદિની વાણીની એવી આબેહૂબ રીતે નકલ કરતા કે પંખી કે વાંદરા પણ તે નકલથી આકર્ષાઈને તેમની સાથે ગેલ કરવા લાગી જતાં, આમ ગમ્મત કરતાં કરતાં ગોવંશ-વિશુદ્ધિ ને વિસ્તારથી, ગાયોનાં દૂધ-ઘીની વૃદ્ધિ થાય તેવા ગોસંવર્ધનથી, ગાયો સુપ્રસન્ન રહે તેવી ગોવિદ્યા શીખીને ગોવાળો તો

શ્રીસંપન્ન થયા. સાથોસાથ બળદેવે બળદના પ્રયોગથી સુંદર ચાસ પાડીને, ખાતર પૂરીને, અન્નવૃદ્ધિનો અને હળમુસળથી કૃષિરક્ષા તથા ઉદ્યોગનો ઉદ્યમ શીખવી સૌને તુષ્ટપુષ્ટ કરે તેવી પુણ્યની કમાણી કરતાં શીખવ્યું સરલતા, નિખાલસતા ને મૃદુ સત્યભાષી વ્યવહાર વિકસાવી વિનમ્રતા, સૌમ્યતા અને સંયમ તો એટલાં સહજ બની ગયાં કે પોતે શ્રમી, સંયમી ને સદાચારી છે તેનો ખ્યાલ સુદ્ધાં ન આવતો.

## અસુરોનો વધ

શ્રીકૃષ્ણ પ્રભુનું આખું, જીવન ચિંતનીય છે;
અહિંસા સત્ય ને બ્રહ્મ, સર્વમાં વિશિષ્ટ જે. (પા. ૪૦૧)

શ્રીકૃષ્ણે પોતાના જીવનનો ચેપ સૌને લગાડયો. સૌ ગોપબાળ સત્ય, અહિંસા, અભય અને બ્રહ્મતેજથી એવા તો ઓપવા લાગ્યા કે સમગ્ર ગોપસમાજ એકરૂપ ભાસતો હતો.

વ્યક્તિ-સમાજમાં ધર્મ, એક-શો દીપી ઊઠતો;
સમષ્ટિ વિભૂતિયોગ, ત્યાં એ જરૂર જાણવો. (પા. ૩૭૫)

પીડા મટાડી, સુખશાંતિ અર્પે
બહાર ને, ભીતર બેય રૂપે;
આત્મા અજન્મ જગદાર્થ જન્મે;
તહીં કહો શ્યે સદ્ભાગ્ય ખૂટે. (પા. ૩૭૮)

આવા ભાગ્યશાળી ગોપસમાજમાં વિકસતા દિવ્ય ગુણોની સુવાસ મથુરામાં પ્રસરવા લાગી. કંસ અને ષડ્રિપુઓ આગેવાન હતા એવી આસુરી સેના આ ગુણકીર્તન સાંભળી ચોંકી ઊઠી. રોગ અને દુશ્મનને તો ઊગતા જ દાબી દેવાના હેતુથી એમણે શ્રીકૃષ્ણ ને ગોપબાળ પર આક્રમણ શરૂ કર્યું; કેમ કે

શક્તિ વચ્ચે પ્રજા પીડે, એ મહાદુઃખ દૈત્યનું,
તેથી જ તેમની શક્તિ, પરાણે ખૂંચવે પ્રભુ. (પા. ૫૩૯)

અસુરોનાં લક્ષણો જેનામાં હોય છે તેનામાં કામ, ક્રોધ, લોભ, દંભ ભરેલા જ હોય. ભલે ને વાછરડા, બગલા, અજગર, ગધેડા કે મનુષ્યનો દેહ તે ધરે, પણ તેમનું સત્ત્વ આસુરી હોવાથી તે દૈત્ય, રાક્ષસ કે અસુર જ ગણાય છે. તેવા આસુરી સ્વભાવને વર્ણવતાં સંતબાલ કહે છે :

(ઉપજાતિ છંદ)

બીજાનું સારું ન સાંખી શકે;
ને બહુ પોતાનું ન પારખે તે;
બની અસુરો વળી વિશ્વ કેરું;
ને બૂરું પોતાનું કરે ઘણું.
કુમર્ત્યો, પશુઓ, દૈત્યો, ધંધા પાપના કરે;
કરી અધર્મને હોંશે, સંસારચક્રમાં ભમે;
રીઝે દેવો તથા મર્ત્યો, ખીજે દૈત્યો પરાજયી;
ત્યારે જાણો પ્રભુ જન્મ્યા, અવતાર ધરી હરિ,

(૫૩૨,-૩,૩૬૯)

શ્રી કૃષ્ણની બાળલીલાથી દિવ્ય ગુણધારી હરખાવા લાગ્યા અને પૂતના, તૃણાવર્તને કૃષ્ણે મારી નાખ્યા એથી આખું દૈત્યમંડળ ખીજે ભરાયું અને કોઈપણ રીતે કનૈયા ને બલરામનો વધ કરવા તત્પર થયું. એક વખત લાગ જોઈ વાછરડા રૂપે વત્સાસુર વાછરડાંના જૂથમાં ભળી ગયો. અસુરોની ખૂબી એ છે કે સ્વજન જેવા દેખાવાનો ડોળ કરી પેટમાં પેસી પગ પહોળા કરી હિતશત્રુનું કામ કરે. આવી કુટિલ નીતિને પ્રભુ કળી ગયા અને તે વાછરડા રૂપે આવેલ દૈત્યને પૂંછડેથી પકડી આકાશમાં ઘુમાવી એવો તો પટક્યો કે તેના પ્રાણ નીકળી ગયા. બીજી વખત બગલા જેવો દંભ કરનાર બકાસુરે બગલારૂપે કૃષ્ણને પકડ્યા પણ તેમનો તાપ ન જિરવાતાં ઓકી કાઢ્યા અને ભગવાને તેની ચાંચના બે ભાગ તાણી પાંદડાની જેમ ચીરી નાખ્યો.

ત્રીજી વખત પાપી કમાણી કરી સમાજમાં દુઃખ-દારિદ્રયનો મહા-વ્યાધિ ઉપજાવે તેવા પરભક્ષી અજગરનું રૂપ લઈને જે બીજાની આજીવિકા અને જીવન ગળી જઈને પાપ-કમાણી કરનાર અઘાસુર કનૈયાને ગળી ગયો પણ કનૈયાએ પોતાના ધર્મસ્વરૂપને એવું તો વિરાટ કર્યું કે અઘાસુર શ્વાસ પણ ન લઈ શક્યો ને મરણ પામ્યો. તેમાંથી એક પ્રકાશ નીકળી કનૈયામાં સમાઈ ગયો. કેમ કે કનૈયો તેના સમગ્ર શરીર ને પ્રાણને ઘેરી વળ્યો હતો. આ સુસ્પર્શથી તે પણ પ્રકાશરૂપ બન્યો :

> દુરાચારી મહાપાપી, અધર્મી હિંસ્ર હોય છો;
> તોય પામ્યે પ્રભુસંગ, સદ્ધર્મી શીઘ્ર તે થતો. (પા. ૩૩૯

એક વખત શ્રીદામા તથા સુબલ વગેરે ગોવાળિયાએ કહ્યું : 'તાડ-વનમાં ધેનુક નામે દૈત્ય છે. તે અને તેના સાથીઓ સૌ ગધેડા-રૂપે ત્યાં રહે છે, વનમાં પાકેલાં ફળ તેઓ જ લઈ લે છે. બીજા-ઓને તે લેવા દેતા જ નથી. તેના પ્રતિસ્પર્ધી માણસોનો તે કચ્ચર-ઘાણ વાળી દે છે. નફાખોરી ને યુદ્ધવૃત્તિએ તેમને એવા તો બેફામ બનાવ્યા છે કે તે કોઈને ગાંઠતા જ નથી. કૃષ્ણ-બલરામ આ સાંભળી તાડવનમાં ગયા અને ધેનુકાસુર તથા બીજા દૈત્યોને મારી આખું વન નિષ્કંટક કર્યું; સૌના માટે ખુલ્લું કર્યું. આમ કૃષ્ણ ભગવાને દૈત્ય–પ્રકૃતિના કુમાનવી, પશુ કે અસુરોને સંપૂર્ણ રીતે માર્યા જ; સાથે સાથે ગોપબાળકો દ્વારા ગોપસમાજમાં વ્યવહારોને ન્યાયનીતિ અને ધર્માચારના સર્વ ક્ષેત્રોમાં અધ્યાત્મયુક્ત કર્યા. મનુષ્ય હૃદયમાં રહેલી કુટિલતા, દંભ, પાપમય કમાણી અને બજારોને વિશિષ્ટ ક્ષેત્રોમાં વર્ચસ જમાવી શોષણ કે નફાથી સામાજિક સફળનો મુખ્ય હિસ્સો ગળી જનારી નફાખોરીને સરલતા, સત્ય નીતિ અને સંવિભાગના માનવી–મૂલ્યથી એવી તો સંસ્કારી કે સ્થૂલ અને સૂક્ષ્મ બંને પ્રકારની અસુરતા તો જાણે અદૃશ્ય થઈ ગઈ ને વત્સલતા વિકસવા લાગી;

ભય ગેમ થયે। અને સલામતી સ્વાભાવિક બની. સમાજની પીડાને સ્થાને સુખશાંતિ અને સમજણ પ્રસરવા લાગ્યાં. મહા બળવાન અસુરો પણ અંતે હારીને હાંકી ગયા; કેમ કે :

આત્માની દિવ્ય શક્તિથી, હારે સૌ તત્ત્વ આસુરી;
ભલે હો બળૂકાં તોયે, અંતે હાર એમની. (પા. ૩૬૬)

કૃષ્ણની વિભૂતિ એ હતી કે હસતા–રમતા ને ખેલતા–કૂદતા રહી તેમણે ગ્વાલબાલોની આત્મશક્તિ ખીલવી, દિપાવી.

## બ્રહ્માની કસોટી

### શ્રી કૃષ્ણનું સર્વાત્મ–સ્વરૂપ

વ્રજવાસીનો સ્નેહ, નિજ સંતાનથી વધુ,
શ્રીકૃષ્ણ પ્રભુમાં તેથી, વ્રજ સુભાગી છે ઘણું. (પા. ૩૭૫)

એક વખત બધા ગોવાળિયા પોતાની ગાયોને વનમાં છૂટી મૂકી ભગવાન સાથે ભોજન કરવા બેઠા. બધા ગોવાળિયા ગોળાકરમાં ગોઠવાઈ ગયા અને ભગવાન વચ્ચે બેઠા. ભગવાન પોતે સૌને જમાડતા સ્વયં જમતા જાય છે. પોતે દહીં મિશ્રિત ભાત ખાતા જાય છે. અને સૌ સાથે એકબીજામાં એવા ઓતપ્રોત બની ગયા છે કે તેઓ-માં મારા–પરાયાનો ભાવ જ નથી રહ્યો. બલરામને જેવી પ્રીતિ કનૈયા પ્રત્યે થાય છે તેવી જ સૌ ગોવાળિયા પ્રત્યે થાય છે અને ગાયો પણ જેવી પોતાનાં વાછરડાંને ધવરાવે તેવી બીજાનાં વાછરડાંને ધવરાવે છે. વ્રજનારી પણ પોતાના બાળક જેટલો જ અન્ય બાળકો પ્રત્યે પ્યાર કરે છે. બ્રહ્માજીને આથી ભારે કૌતુક થયું. વિશ્વસર્જનાર્થે પોતે કામ–રાગને પ્રગટાવેલો છે તો પણ અહીં તો સ્નેહરાગનું સામ્રાજ્ય છે; કામનું તો નામેય નથી, તો હવે તેની પરીક્ષા કરી જોઉં. એમ વિચારીને બ્રહ્માએ વાછરડાં સંતાડી દીધાં. વાછરડાં જોવામાં આવ્યાં નહીં એટલે ગોવાળિયા વ્યાકુળ બની ગયા. ભગવાન

ખાતા ખાતા વાછરડાં શોધવા નીકળ્યા. ત્યાં તો બ્રહ્માએ ગોવાળિયાઓને પણ સંતાડી દીધા. ભગવાન તો ગોપબાળકો અને વાછરડાંમય બની ગયા જ હતા. વ્રજવાસી પણ કૃષ્ણમય બની ગયાં હતાં. સર્વ જ્યાં વાસુદેવમય હતાં ત્યાં ભગવાને જ પોતાના શરીરનો વ્યાપ વધારી જાણે એ બધાં જ ગોપબાળ અને વાછરડાં એના એ રૂપે છે તેવી અદ્દ્ભુત લીલા બતાવી. જાણે કે પોતામાંથી તેવાં જ વાછરડાં અને ગોવાળિયાઓનું સર્જન કર્યું એવું બ્રહ્માજીએ જોયું.

સર્જકથીય મોટા છે, મહાસર્જક તે પ્રભુ,
ગુણ–પર્યાય વશ દ્રવ્ય, તે રહસ્યે બને પ્રભુ. (પા. ૩૭૨)

સૌમાં આત્મ-તત્ત્વ વિલસી રહ્યું છે. પર્યાયથી ભિન્નતા ભાસે છે. ભગવાને ભિન્નતાને એકતામાં પલટી સમગ્ર નૃ-શરીર સાથે એકત્વ સાધ્યું. ગોવાળિયા અને કૃષ્ણ ભલે દેહથી જુદા હોય પણ ભાવથી એકરસ અને એકરૂપ બની ગયા. ગાય અને કૃષ્ણ દેહથી ભલે ભિન્ન હોય પણ ભાવથી એક બની ગયાં. સર્વત્ર કેવળ પ્રેમની જ્યોત જ પ્રસરી રહી. પ્રભુનો આ વૈભવ જોઈ બ્રહ્માજી પસ્તાયા અને પ્રભુને પ્રાર્થના કરી કહેવા લાગ્યા :

એકત્વ પ્રથમ સાધ્યું, નારીજાતિ સમગ્રમાં;
પછી પુરુષમાં સાધ્યું, ગાય-જાત સમગ્રમાં.
ગોવંશ ને મનુષ્યોમાં ફક્ત એકત્વ કૃષ્ણજી;
ધરે આદર્શ એકત્વે, ફક્ત સમત્વ યોગથી. (પા. ૪૫૩)
સર્વાત્મભાવની સાથે, માનવીય રીતે રહ્યા;
બલરામ અને કૃષ્ણ, ક્રમેક્રમે વયે વધ્યા. (પા. ૩૪૯)

જ્યાં એકત્વ હોય ત્યાં શુદ્ધ સ્નેહ હોય અને જ્યાં શુદ્ધ સ્નેહ હોય ત્યાં રાગાસક્તિ રહે જ નહીં. રાગાસક્તિ ટળે છે આત્માવિદ્યાથી, બ્રહ્મવિદ્યાથી; કેમ કે બ્રહ્મવિદ્યા જ જીવને ભય, લાલચ ને પ્રમાદથી મુક્ત કરે છે. આથી ભગવાન દેહનો જ ડર કાઢનારો પ્રયોગ આદરવાનો

નિશ્ચય કરી સૌને યમુનાતટે લઈ ગયા.

## કાળીનાગદમન

આર્યો અને નાગજાતિ વચ્ચે વેરઝેર ચાલ્યાં જ આવતાં હતાં. એમાંયે ગરુડોએ નાગોને સ્થાનભ્રષ્ટ કર્યા ત્યારે તેઓ ભાગીને યમુનાના આશ્રયે આવ્યા. ઝેરથી ભરેલા કાળીનાગે કંસ સાથે દોસ્તી કરી. યમુનાને વાસના ને વેરના ઝેરથી દૂષિત કર્યાં. આખો કાળીઘાટ માણસ અને પશુઓ માટે યમઘાટ બનાવ્યો. ભકતો બધા તેના ડરે દૂર ભાગતા. ભગવાન ને ગોવાળો ત્યાં આવ્યા ત્યારે ગોવાળોને તૃષા લાગી. પ્રભુના સંકેતથી પાણી પીતાં જ એ બધા વેરવાસનાના ઝેરથી નિષ્પ્રાણ જેવા બની ગયા. ભગવાને પોતાની અમીદષ્ટિ અને આત્મ-વર્ષણથી તેમના પ્રાણને જાગ્રત કર્યા. તેઓને પ્રેમસંજીવનીનો સ્પર્શ થતાં જ તેઓ મૃત્યુનો ભય પણ વીસરી ગયા. તેમને બહુ પ્રોત્સાહન પ્રેરવા ભગવાને જ કદંબના ઝાડથી યમુનામાં ભૂસકો દીધો. સૌના જીવ અદ્ધર ચડી ગયા અને તેમાંય કાળીનાગે ભરડો લઈ ડંખ મારી ભગવાનને નિશ્ચેષ્ટ કર્યા ત્યાં તો એ જોતાં જ ગોવાળો મૂર્છિત થઈ ગયા. આ વાત સાંભળી યશોદામા–ગોપીઓ દોડી આવ્યાં. તેઓ પણ સ્નેહવશ મૂર્છાથી ઢળી પડ્યાં. આ જોઈ શ્રીકૃષ્ણ છલાંગ મારી નાગની ફેણ પર ચડી બેઠા ને તેનાં મસ્તકોને વીંધવા લાગ્યા. નાગણીઓ બાળકૃષ્ણનું અદ્‌ભુત પરાક્રમ જોઈ તેમને મોતીથી વધાવ્યા અને નાગ–આર્ય જાતિઓની મૈત્રીની માગણી કરી. ભગવાને તેને નાથી અથાગ પ્રેમથી અપનાવી રમણક કૂંડમાં રહેવાનું સ્વાતંત્ર્ય પણ બક્ષ્યું. પણ સંયમથી જ સ્વાતંત્ર્ય ટકે તેવો બોધ આપી કાળીનાગનો ક્રોધ શાંત કર્યો. વેરનો ડંખ પણ શમી ગયો અને સંયમનો સ્વાદ તે માણતો થયો.

બૂઝવે પ્રેમથી સે'જે ક્રોધાગ્નિ અતિ ક્રોધીનો;
એમાં ન કાંઈ આશ્ચર્ય, પ્રભુની પ્રભુતા તણી : (પા. ૩૮૩)

જતી વખતે નાગપત્નીઓએ આનંદસભર થઈ કૃષ્ણની પૂજા કરી. કાળીનાગને સપરિવાર જતો જોઈને વ્રજવાસી અને કનૈયાનું એમ સૌનાં હૈયાં આનંદથી ભરાઈ ગયાં. યશોદાજીએ લાલાને હૃદય સાથે ચાંપ્યો; પણ નાગતરફી મંડળ તો આ ઐશ્વર્ય જોઈને ઈર્ષ્યાની આગથી ધગધગવા લાગ્યું.

## પ્રલંબાસુરવધ

ભય અને પ્રલોભનોને જીતવાની કળા શ્રીકૃષ્ણ ગોવાળિયાઓને શીખવી રહ્યા હતા. ભય જેમ જેમ જિતાતો જતો હતો તેમ તેમ કંસની સેનામાં ખળભળાટ મચતો હતો. પ્રલંબાસુરથી ન રહેવાયું એટલે કૃષ્ણ–બલરામનું અપહરણ કરવા વૃંદાવન દોડી આવ્યો. જ્યારે પ્રમાદ સાધકની આત્મસ્મૃતિનું હરણ કરે છે ત્યારે જ ભય ને પ્રલોભનોની કારી ફાવે છે. પ્રમાદ, અજાગૃતિ અને અસાવધાનતા માનવને કામ, ક્રોધ અને લોભના વમળમાં તાણી જઈ તેની માનવતાને જ ગૂંગળાવી નાખી મારી નાખે છે. એટલે ભગવાન પ્રમાદના માયાવી રૂપવાળા પ્રલંબને ઝટ ઓળખી ગયા ને બલભદ્રને ઇશારો કર્યો. પ્રલંબ બાળરમતમાં ભળીને બાળસાધકોનું અપહરણ કરતો. તેમ બલરામને પણ ખભે લઈને દોડવા લાગ્યો. બલભદ્ર તેનું છળ પારખી ગયા. એમણે એના માથા પર એવો તો ધુમ્મો માર્યો કે પ્રલંબાસુર પ્રાણહીન થઈ પૃથ્વી પર પડ્યો. ભગવાને ગોવાળિયાઓને પ્રમાદનું છળ સમજાવી કહ્યું :

> છળે તે જ ઝળાઈને, અંતે રિબાઈને મરે;
> માટે સરળ ને શુદ્ધ, બની સૌ ધર્મ આચરો. (પા. ૩૮૬)

## બે વાર અગ્નિપાન

કાળીનાગ નાથવાના અને પ્રલંબાસુરના મરણના પરિણામે વેર ને મત્સરનો મહા અગ્નિ પ્રગટી નીકળ્યો. તેમાં ગોવાળ અને ગાયો

બળુંબળું થવા લાગ્યાં. યમુનાકિનારે સૂતેલાં વ્રજવાસીઓને બેરાગ્નિએ ઘેર્યાં ત્યારે વ્રજવાસીઓએ કહ્યું : "અમે મોતથી જરાય ડરતાં નથી પણ આપનાં ચરણકમળથી છૂટાં પડવું અમને ગમતું નથી. માટે પ્રભુ આપનાં નિર્ભય ચરણોમાં જ અમને રાખો અને અમને બચાવો." કૃપાળુ ભગવાન તરત અગ્નિ પી ગયા. એક વાર વનમાં ગાયો ખૂબ દૂર નીકળી ગઈ હતી અને બલરામ ને શ્રીકૃષ્ણ તેમને સાદ પાડીને પોતાની પાસે બોલાવતા હતા તેવામાં પ્રલંબાસુરના વધથી અસુરોમાં શ્રીકૃષ્ણ, બલરામ અને વ્રજ સામે એવો મત્સર ભાવ જાગેલો કે તેથી એમણે ગોચરને આગ લગાડી. જોતજોતામાં આગે ભયંકર રૂપ લીધું. ઝાડ, પશુ, પંખી ભસ્મીભૂત થવા લાગ્યાં. ગોવાળો યમુનાનો પ્રસંગ યાદ કરી 'શ્રીકૃષ્ણ શરણં મમ' પોકારતા ભગવાનનું શરણ ગ્રહી બચાવવા પ્રાર્થના કરવા લાગ્યા. ભગવાન તેમને નિર્ભય થઈ આંખો બંધ કરી સમતારસમાં ડૂબકી મારવા સલાહ આપી. 'બહુ સારું' કહી ભડભડ બળતા અગ્નિ વચ્ચે ગોવાળો જપધ્યાનમાં મગ્ન બન્યા અને ભગવાન ફરી વાર અગ્નિને પી ગયા. આમ કરી નાગોની પશુતા અને દૈત્યોની દાનવતા જ હરિએ હરી લીધી.

અગ્નિપાન કર્યું પોતે, ભક્ત વત્સ ઉગારવા;
અગ્નિપાન કર્યું તેમ દૈત્યતા પશુતા હરી. (પા. ૩૮૩)

ભગવાનનું શરણ લેતાં જ ગોવાળોએ નિર્ભીક શાંતિ અનુભવી. સમત્વના સ્વાદથી તેમાં જે રહીસહી પશુતા કે અસુરતાની ક્ષતિઓ હતી તે પણ ઓગળી ગઈ.

આ રીતે બન્યા કૃષ્ણ, ગોપી-ગોપજન-પ્રિય;
વ્રજ તજી ન વૈકુંઠ, ચાહતું જેમનું હિય. (પા. ૩૮૯)

## ગોવર્ધનધરણ

સ્વર્ગની લાલચે કિંવા, ડરથી ઇન્દ્રને યજ્ઞે;
યજ્ઞ તે કરતાં સાચો, ઉપકારી નિમિત્ત તો. (પા. ૩૯૭)

ભગવાને ભય તો છોડાવ્યો પણ આ લોક ને પરલોકના સુખની લાલચને છોડાવવી અતિ આકરી છે. એમાંય એ લાલચ સાથે ધાર્મિક ક્રિયાકાંડ, અનુષ્ઠાન જોડાયાં હોય ત્યારે તો વહેમ અને પરચા-પરસ્તીથી ભલભલા લલચાઈ જાય છે. આ લોકમાં જેનો પ્રત્યક્ષ પરોપકાર છે તેવાં માબાપ, ગુરુ, સજ્જન, વૃક્ષો, નદીઓ, પહાડો અને પશુઓને પોષવાનું-પાળવાનુ ભૂલી જઈને જેઓ અવ્યક્ત છે, અદૃશ્ય છે, દૂર છે તેવા દેવો કે તંત્રોની પાસેથી કંઈક મેળવવાની લાલચે થતા સકામ યજ્ઞો ને યજનો દ્વારા આ લોક-પરલોકના બાહ્ય સુખના યશની લાલચે ગોવાળો શરીર, સંપત્તિ ને દ્રવ્યનો વ્યય કરે એ શ્રીકૃષ્ણને શે ગમે? એમણે તો ગોવર્ધન અને ગાયોને તૃપ્તિ આપે તેવો યજ્ઞ કરવા સૌને પ્રેર્યા. ઇન્દ્રનો કોપ થયો. બારે મેઘ તૂટી પડચા. આખુંય વ્રજ શ્રીકૃષ્ણને શરણે આવ્યું. તેમણે ગિરિરાજ ગોવર્ધનને છત્ર બનાવી ધારણ કર્યો. ગોવર્ધનની છત્રછાયા નીચે સારાય વ્રજે આશ્રય લીધો. વ્રજવાસીઓ ભગવાન પ્રત્યેના અત્યંત સ્નેહવશ કાનુડો થાકી ન જાય તે હેતુએ લાકડીનો ટેકો ધરીને ઊભા. કામધેનુઓના આંચળમાંથી ધારાઓ છૂટી અને ઇન્દ્ર હારીને શ્રીકૃષ્ણના શરણે આવી તેમના પગમાં પડચો. ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું: "તારા શ્રેયને નજરમાં રાખીને જ મેં તારા ઐશ્વર્યના મદનું હરણ કર્યું છે. ભગવાનનું ઐશ્વર્ય જોઈ ઇન્દ્ર પ્રાર્થવા લાગ્યો: "ईश्वरं गुरुमात्मानं त्वामहं शरणं गतः — તું જ ઈશ્વર, તું જ ગુરુ, તું જ આત્મા છે. હું તારું શરણ લઉં છું. – આ વ્રજવાસીઓ સામાન્ય બુદ્ધિના છતાં તારી શ્રદ્ધા, તારી નિષ્ઠા અને તારી સેવાથી તારામય બનીને તારા પ્રેમમાં મસ્ત થયા છે. તારા પ્રેમળ સંગે સ્વાર્થ, દંભ, લોભ, કામ અને દર્પ-મત્સરને તે જીતી ગયા છે અને સરળ, નિરાભિમાની, સત્યાશ્રયી અને નિર્ભય બન્યા છે. વ્રજમાં એક તારું જ પ્રેમાનુશાસન ચાલે છે. તેને અમે અભિનંદીએ છીએ." એમ કહી ઇન્દ્રે ભગવાનના શરીરનો અભિષેક કર્યો. સર્વત્ર આનંદ આનંદ વર્તી રહ્યો.

પેખી પ્રભુ-અભિષેક, સર્વ જીવો થતા ખુશી,
રસકસ ધરા કેરા, ત્યારે સે'જે જતા વધી. (પા. ૪૦૨)

શ્રીકૃષ્ણે વ્રજલીલામાં, વૃંદાવનની ગોપલીલામાં ત્રણેય પુરુષાર્થને પરિશુદ્ધ કર્યા. સંવિભાગ અને સહજ–પ્રાપ્ત સુખ-ભોગ-સામગ્રીનો 'સર્વ-જનસુખાય' ઉપયોગ કરવાની કળા શીખવી. એમણે કામનાને નિષ્કામ સેવા દ્વારા પરિશુદ્ધ કરી; 'સર્વજનહિતાય'–બધાના હિતને લક્ષમાં રાખી અર્થ પ્રાપ્ત કરવાનું કૌશલ્ય શીખવ્યું; અર્થની પરિશુદ્ધિ કરી અને ભય-લાલચથી મુક્ત સ્નેહના અનુશાસનની કેળવણી આપી એમણે ધર્મને પણ પરિશુદ્ધ કર્યો. એથી જ એમની એ લીલા પુરુષ-લીલા છે, જેમાં પૌરુષ ને સ્વાર્થના મર્યાદિત કોચલામાંથી બહાર કાઢી સર્વના પ્રેયાર્થે–શ્રેયાર્થે પ્રેરીને ન્યાયનીતિ ને ધર્મયુક્ત અધ્યા-ત્મપુટ આપ્યો. પણ એમાંય ખૂબી તો એ છે કે આ બધી પ્રવૃત્તિઓ કરવા છતાં શ્રીકૃષ્ણને નહોતો ઇન્દ્રપૂજાનો દ્વેષ કે નહોતો ગિરિરાજ-પૂજાનો રાગ. દેશકાળ પ્રમાણેનો વિવેક જ મુખ્ય હતો. તેઓ રાગ-દ્વેષાત્મક નજરે નિહાળતા જ નહીં. નિરાસક્ત અને વીતરાગતા એમની પુરુષલીલા કે નરલીલાનો પ્રધાન પ્રાણ છે. એથી જ એ પ્રભુ કહેવાયા; કેમ કે

જીવમાત્ર પ્રભુ તો યે, ન રાગ-દ્વેષથી પ્રભુ;
શ્રીકૃષ્ણ રાગ ને દ્વેષ, દૂર કાઢી પ્રભુ બન્યા. (પા. ૫૫૮)

આવા પ્રભુના સંગમાં વ્રજ સુભાગી હોય તેમાં શી નવાઈ?

ગણે તેથી જ ગોપીઓ, વ્રજ વૈકુંઠથી પ્રિય;
નિર્દોષ સુખ સાથે છે, સે'જે મુક્તિ નિશ્ચય. (પા. ૪૧૦)

ભગવાન કૃષ્ણનો હવે સર્વોત્તમ પુરુષાર્થ મુક્તિમાર્ગની પરિશુદ્ધિનો શરૂ થાય છે. મુક્તિ માટે ન એમણે કઠોર તપ, નિગ્રહ, અનુષ્ઠાન અને જ્ઞાનચર્ચાઓ પસંદ કરી પણ પોતે આનંદરસના રસરાજ એટલે પ્રેમરસ દ્વારા જ એમણે મોક્ષમાર્ગને પરિશુદ્ધ કર્યો. પ્રેમલક્ષણા ભક્તિમાં

જ એમણે મુક્તિની મોજ ચખાડી. પ્રેમ હૃદયનો ગુણ છે. નારીહૃદયને તે સહજ છે. જે દેવી સર્વના હૃદયમાં માતૃરૂપે બેઠી છે, એ માતૃત્વના રસને જે હૃદય છલોછલ ભરી દે છે તે હૃદય પ્રેમભક્તિથી રસાઈ જાય છે, અને એથી જ પુરુષોત્તમની પ્રેમલક્ષણા ભક્તિના સાધકો ગોપી કહેવાય છે. ગોપી થયા વિના કોઈ સાધક ગોપીનાથના મધુર રસનું પાન કરી શકતો નથી. સંસારના સર્વ સંબંધોમાં પ્રિયતમ અને પ્રિયાનો સંબંધ અદ્વૈતનો કહેવાયો છે. તેમાં દેહ જુદા છતાં હૃદય એક હોય છે. પ્રભુ સાથે આવો પ્રિયા-પ્રિયતમનો સંબંધ અનુભવવો તેને કેટલાક કાંતાભક્તિ કહે છે. કેટલાક તેને પ્રેમલક્ષણા કહે છે. સૂફી સંતોએ પ્રભુને પ્રિયા માની એ માશુકની પાછળ એવી તન્મયતા બતાવી છે કે દેહથીય પર આત્મતત્ત્વમાં એકરસતા અનુભવી છે. આનંદઘન જેવા વીતરાગી સંતોએ પણ 'ઋષભજિનેશ્વર પ્રીતમ માહરો' ગાતાં ગાતાં કહ્યું છે શુદ્ધ ચૈતન્યમાં ચૈતન્યરૂપે પરિણમીને જ મિલન થાય છે ને મિલનમાં જ પ્રભુરૂપી પતિની પ્રાપ્તિ છે. અને મીરાં તો ગાય છે:

'પૂજા કરને આઈ પૂજારિન, હરિગુન ગાને આઈ હૂં;
મનમંદિર કે ખોલ દુઆરે, પિયા રિઝાને આઈ હૂં
તનમન અરપન કર પ્રીતમમેં, આજ સમાને આઈ હું;
ફિર મીરાં કી પ્રેમકહાની, સુનો સુનાને આઈ હૂં.'

મીરાંને તો વસુધામાત્ર વાસુદેવરૂપ હતી. તેથી જ કવે છે:

'ધરા ગગન પવન મંહ વન, સભી દેખેં પિયા.
મીરા કે શ્યામ ક્યા દિયા ભલા યહ ક્યા કિયા?'

કબીર પણ એ જ વાણીમાં બોલે છે: 'ઘૂંઘટ કા પટ ખોલ રે, તો કો પિયા મિલેંગે.' આ પિયા-પિયુ-મિલન, જીવ-શિવ-મિલન, રાધા-કૃષ્ણ-મિલન, ગોપી-ગોપીનાથ-મિલનમાં પ્રેમની જ બલિહારી છે. વિરહમાંય પ્રેમનાં આંસુ ને મિલનમાંય પ્રેમનાં આંસુ. આંસુથી

સિંચી સિંચીને તો આ ભક્તિસભર પ્રેમવેલી ખિલવી છે. હૃદયરસ ગળી ગળીને આંસુરૂપે વહે છે ત્યારે વહાલમ મળે છે. ગોપીરાસ પણ પ્રેમળ યોગ છે; એ તો મુક્તિ-ભક્તિ પ્રાપ્તિનો પરમ ઉત્કૃષ્ટ પ્રેમરસ છે; આત્મપ્રાપ્તિનું અમૂલ્ય સાધન છે. એનો આરંભ થાય છે દેહાધ્યાસ મુક્તિથી. પણ દેહાધ્યાસ ટળ્યા પછી દેહ રહે શા માટે? યજ્ઞાર્થે જીવન જીવવા માટે. અને જે યજ્ઞાર્થે જીવે, પ્રભુ અર્થે જીવે તેને કર્તાપણાનું ન આવે અભિમાન કે ન ભોગ ભોગવવાની આત્યંતિક અભિપ્સા જાગે. એ તો પ્રભુ માટે પ્રભુ થકી જ જીવે. આવી જાગ્રત છતાં નિર્દોષ આનંદથી છલોછલ ભરેલી ચારુ રાસ-રમણ બતાવીને શ્રીકૃષ્ણ મુક્તિને પણ ભક્તિથી પરિશુદ્ધ કરે છે.

## (૧) વસ્ત્રહરણ અને દેહાધ્યાસહરણ

### ગોપીની કાંતાભક્તિ

દુનિયાની આ નાની-મોટી, સજીવ-અજીવ સૃષ્ટિ મહીં;
પતિભાવ જો સર્વશ્રેષ્ઠ તો, એ જ ભાવ કૃષ્ણે કરતી.(પા. ૪૪૮)
પિતા, માતા, સખા, સ્વામી, સંબંધો પ્રભુમાં બધા;
આમ ગોપીતણું સર્વ, સમાયું માત્ર કૃષ્ણમાં,
(પા. ૩૯૧)

કહેવાય છે કે વેદની ઋચાઓ વ્રજમાં ગોપીઓ તરીકે અને દ્વારકામાં કૃષ્ણપત્નીઓ રૂપે પ્રગટી હતી. તેથી જ્ઞાનગર્ભિત ભક્તાઓ કહે છે: "પોતે ચેતનમય છે પણ ભગવાનની બંસરી તો જડ ચેતન બધા પર અસર કરી રહી છે. ભગવાને અમારું મન હરી લીધું છે. અમારાં મન ને પ્રાણ કૃષ્ણમાં પરોવાઈ ગયાં છે. સગાંસ્નેહી ને સૃષ્ટિવૈભવ બધું તુચ્છ લાગે છે. એ બંસીનાદનો સ્પર્શ થતાં જ રોમરોમમાં પ્રેમ જાગી જાય છે. પ્રભુના વિશુદ્ધ હૃદય સાથે હૃદય મેળવવાની લગની લાગે છે. સંસારમાં પિતા, માતા, સગાંસ્નેહી ભલે રહ્યાં પણ અમારો હૃદયનો પતિ તો શ્રીકૃષ્ણ જ છે. અમે અમારા આત્માથી એના

આત્મા સાથે મિલન ઝંખીએ છીએ." ભગવાનથી કાંઈ આ અજાણ્યું હોય ? એથી જ્યારે જાતે યમુનાતીરે વસ્ત્રો મૂકીને ગોપીઓ સ્નાન કરતી હતી ત્યારે ભગવાન તેમનાં વસ્ત્ર ઊંચકી કદંબવૃક્ષ પર ચઢી ગયા. સાચા ભક્તો ભક્તિમાં ખરેખર દેહભાન ભૂલી જાય છે. નરસિંહનો હાથ સળગી ગયો છતાં પણ ભગવદ્‌લીલાનાં દર્શનમાં એનું એને ભાન પણ ન રહ્યું. દેહ પણ વસ્ત્ર છે અને સાચા ભક્તને ભગવાન દેહથી ઊંચે ઉઠાવવા એના દેહાધ્યાસનું હરણ કરે છે. જ્યાં દેહથી પોતાને ભિન્ન જુએ છે ત્યાં શું સ્ત્રી કે શું પુરુષ? નર-નારીભાવ ચાલ્યો જાય છે, પોતાનાં વસ્ત્ર લેવા ગોપીઓ જેમ જેમ શ્રીકૃષ્ણ ભણી જાય છે તેમ તેમ શ્રીકૃષ્ણ જેમ પુરુષ દેહે જગત્‌પિતા તરીકે દેખાય છે તેમ સ્ત્રીદેહે જગત જનેતા ભગવતી સ્વરૂપે પણ દેખાયા. કૃષ્ણનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ જોતાં પોતે પણ દેહ અને નામરૂપથી પર છે તેમ તે બધી અનુભવવા લાગી અને ભયરહિત તે બની ગઈ. કેવળ સ્થૂળ શરીર તો ઠીક પણ સુક્ષ્મ શરીરમાંય જે સારા થવા કરતાં સારા દેખાવાના ભાવ હતા તે વિલય પામ્યા. એની સાથે જ ડોળ, દંભ, કપટ, અસત્ તો પોબારા જ ગણી ગયાં. આમ પ્રભુએ અશરીરી પર ઓઢેલા સ્થૂળ અને સૂક્ષ્મ શરીરરૂપી વસ્ત્ર જેને દેહાધ્યાસ કહે છે તેનું હરણ કર્યું અને ગોપીઓને કહ્યું : 'હવે તમારી કામનાઓ અને સંસારી વાસનાઓ બળી ચૂકી છે. તમને સર્વાત્મ ચૈતન્યનો સ્પર્શ થઈ ચૂકચો છે એટલે તમારું આંતરમન ભગવાનમય બની ગયું છે. હવે બધાં કામ પહેલાંની જેમ કર્યાં કરો. સંસારમાં ભલે રહો પણ મન મારી પાસે રાખશો તેથી તમે સંસારથી લેપાશો નહીં'. આમ દેહાધ્યાસ છૂટી જતાં ગોપાંગનાઓની વાસનાઓ પણ છૂટી ગઈ. દેહભાવ જ જ્યાં ન હોય ત્યાં દેહની વાસના ન જ હોય.

"ક્રમે ગોપાંગના સર્વે, ઉત્કૃષ્ટ ભાવથી પતિ,
રૂપેય માની શ્રીકૃષ્ણે, વાસનાક્ષય પામતી." (પા. ૩૯૧)

## (૨) યજ્ઞાર્થે જીવન

સુધન્ય જે સ્ત્રી શુચિ ઊર્મિ-મગ્ન તે;
સ્નેહાળ હૈયું પ્રભુભક્તિ-લગ્ન છે.
હૈયે બુઠ્ઠા પુરુષ તર્કરક્ત જે;
છે ભક્તિ—હીણા પશુ-તુલ્ય મર્ત્ય છે. (પા. ૩૯૭)

**એક વખત વેદવાદી બ્રાહ્મણો આંગિરસ યજ્ઞ** કરી રહ્યા હતા. શાસ્ત્રાર્થ, અનુષ્ઠાન, તંત્રમંત્ર અને ક્રિયાકાંડમાં તેઓ પારંગત હતા. શુષ્ક જ્ઞાન અને બાહ્ય ક્રિયાથી તે દેવોને રિઝાવવા મથતા હતા, પણ તેઓએ તાર્કિક બુદ્ધિનો આશ્રય લીધો હતો. બુદ્ધિના ઘમંડમાં તે યજ્ઞપુરુષને ઓળખી શકતા ન હતા. યજ્ઞપુરુષ પ્રભુ અને પ્રભુના સર્જનને ઓળખવા માટે બુદ્ધિ કરતાં હૃદય જ મોટું સાધન છે. સત્ય મગજ-માં નહીં પણ હૃદયની ગૂઢ ગુફામાંથી જડે છે. તે વ્રજવાસીઓ, ગોપીઓ અને વ્રજ આસપાસની સ્ત્રીઓને સુલભ હતું. કર્મકાંડીઓ ને પંડિતોથી તે ઘણું દૂર હતું. તે સમજાવવા ભૂખ્યા ગોવાળિયા-ઓને ભગવાને તે બ્રાહ્મણો પાસે મોકલ્યા. બ્રાહ્મણોએ તેમને હાંકી કાઢ્યા. તે યજ્ઞનો જ અગ્નિ જોઈ શકતા હતા. ભૂખ્યાં માનવબાળોના જઠરાગ્નિને જાણવાનાં તેમનાં જ્ઞાનચક્ષુ ખૂલ્યાં ન હતાં. એ પછી ભગવાને ગોવાળિયાઓને એ બ્રાહ્મણોની પત્નીઓની પાસે મોકલ્યા. તેઓ તો જાણતી હતી કે જીવનનું કાર્ય જ 'કર સાહેબ કી બંદગી, ભૂખે કો અન્ન દે.' એ જ એમને મન યજ્ઞકાર્ય હતું. તે માટે તો તેઓ જીવતી હતી. એટલે ગોવાળિયા તેમની પાસે ગયા કે તરત જ મીઠાં ભોજન લઈને જાતે સૌને જમાડવા આવી. પ્રેમથી સૌને જમાડ્યા ત્યારે ભગવાને કહ્યું છે કે બુદ્ધિ કે ક્રિયાકાંડ કરતાં ભાવના જ મુખ્ય છે. ભાવનાથી જ માણસ જીવનમુક્ત રહી બધા જીવોને ધર્મશાસનરસિયા કરવા, લોકહિતાર્થે પવિત્ર જીવન જીવી, પ્રભુઅર્થે, પરાર્થે, પરમાર્થે યજ્ઞમય જીવન જીવી કૃતકૃત્ય થાય છે. ગોવાળિયા

કહે છે : "શાસ્ત્રના જાણકાર છતાં બ્રાહ્મણો આ સત્ય કેમ ન જાણી શકયા ?' ભગવાને કહ્યું :

સ્ત્રીઓ સહૃદયી તેથી, પે'લેથી ભાવ પારખે;
બુદ્ધિશૂરા દિલે બુઠ્ઠા, તે પુરુષો પાછા પડે. (પા. ૩૯૪)

જે ભક્તહૃદય હોય છે તે અનુકંપાથી ભરેલું હોય છે. સહૃદયી હોય છે તે નરહૃદય છતાંય માતાના હૃદય જેવું કોમળ હોય છે, માખણ જેવું હોય છે. એવા હૈયાવાળા સૌ ખરેખર ગોપીજન છે અને હૃદયભક્તિથી ગોપીનાથને પામે છે.

## (૩) સર્વસ્વ અર્પણ

ભ્રાતા, માતા, ગુરુ, મિત્ર, સ્વામીનાથ સગું બધું;
નિજાત્મારૂપ જે કૃષ્ણ, અનંત રૂપે ભાસતા.
દેહ, હૃદય, ચૈતન્ય, અર્પ્યું છે સર્વ જેમણે;
અધિષ્ઠાન હરિઃૐ ને, કર્તા-ભોક્તા નથી જગે. (પા. ૪૧૯)

શરદ પૂર્ણિમાની રાત્રીએ ભગવાને બંસીનાદ છેડયો ને ગોપીઓ ભાન ભૂલીને ભગવાન પાસે ગઈ. તેઓ પતિ, પુત્ર અને ગાયો પ્રત્યેનું કર્તવ્ય છોડી નીકળી પડી. જેમને એમનાં સગાંઓએ પરાણે રોકી રાખી તેઓ ત્યાં જ ભાવસમાધિમાં લીન થઈ ગઈ. પ્રેમલક્ષણા ભક્તિએ પ્રણયભાવથી તેઓને પ્રભુમાં એકાગ્ર કરી દીધી. એ પ્રણય વિશુદ્ધ પ્રેમની ઉચ્ચતર ભૂમિકાએ પરિવર્તિત થઈ પ્રભુમાં અને પ્રભુનાં સંતાનરૂપ વિશ્વમાં ઓતપ્રોત બની ચૂકયો હતો. ગોપીઓ ગાતી : "અમારી વાણી તમારા ગુણ ગાવામાં, કાન કથાશ્રવણમાં હાથ સત્કાર્યમાં, મન તમારા ચરણમાં, દૃષ્ટિ સંતોનાં દર્શનમાં અને મસ્તક તમારા નિવાસરૂપ આ જગતને પ્રણામ કરવામાં લાગેલાં રહો." આવી કૃષ્ણમસ્ત ગોપીઓ ભાવવિભોર થઈ કૃષ્ણ પાસે જ્યારે આવી પહોંચી ત્યારે શ્રીકૃષ્ણે એમને ઠપકો આપતાં કહ્યું : "રાતને

સમયે ઘર, પતિ, માબાપ, સંતાન વગેરે બધું છોડી સ્ત્રીદેહે મારી પાસે આવવું સારું કેમ કહેવાય ?" પણ તેના જવાબમાં ગોપીઓએ કહ્યું : "આપ અમારા પ્રાણ છો, તે સિવાય જગતમાં પતિ, પુત્ર માતા, પિતા બધાં શૂન્ય સિવાય બીજું કશું નથી. અમારું કંઈ નથી; જે કાંઈ છે તે તારું જ છે, તું જ છો. અમારું અંતઃકરણ કેવળ તને જાણે છે, તને જ દેખે છે. તમારા જ પ્રેમરસને માણે છે. એથી અમે જે કાંઈ કરીએ છીએ તે તમારી ઇચ્છા પ્રમાણે, તમારા અર્થે જ કરીએ છીએ. અમારામાંનું અમારાપણું તો હરી લીધું છે અને હવે ઠપકો આપો છો ? અમારામાંનું હું-પણું હરાઈ ગયું છે. અમે અમારું સર્વસ્વ તને અર્પી દીધું છે એટલે તારા સિવાય કાંઈ કરવાનું અમને સૂઝતું જ નથી." એમ કહી તેઓ રડવા લાગી. શ્રીકૃષ્ણે કહ્યું : "જે મને સમર્પિત થાય છે, મારે અર્થે જ જીવે છે ને કર્મ કરે છે, તે કર્મ કરવા છતાં અકર્તા બની જાય છે." આમ કહી ભગવાને તેઓને ભાવાલિંગન આપ્યું. ઉર સાથે ઉર સ્પર્શ થતાં જ ગોપીઓનાં હૃદય પુલકિત થયાં; પણ તેવામાં જ ભગવાન એકાએક અંતર્ધાન થઈ ગયા, અદૃશ્ય થઈ ગયા. અકર્તા-ભાવે ઈશ્વરનું માનીને પણ સેવા-કાર્ય કે પ્રભુ કે સત્પુરુષના ચરણની સેવાભક્તિ થતી હોય તેનોય રાગ આવી જાય, તેમાંય રાગરુચિનો રસ જન્મે તો ભક્ત તેટલો ભગવાનથી છૂટો-વિખૂટો પડી જાય છે. સેવાકાર્ય, સત્પુરુષના પ્રચાર-પ્રભાવનું કાર્ય પણ સાધન છે. જનસેવા, માનવસેવા, પ્રાણીમાત્રની સેવાને પ્રભુસેવા માની તે ભક્તિપૂર્વક કરવી તે સાધનમાંય રાગ આવી જાય તો તે પ્રશસ્ત રાગ પણ વિકાર છે. સાધ્ય તો સચ્ચિદાનંદ પરમાત્માના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ જ હોઈ શકે. સાધક સાધ્ય ભૂલી સાધનના રાગમાં જેટલો બંધાય તેટલા ભગવાન વેગળા જાય. તે બતાવવા શ્રીકૃષ્ણ અંતર્ધાન થઈ ગયા.

(ઉપજાતિ છંદ)

વાત્સલ્ય-ભાવો પ્રકટી ઊઠચા જ્યાં, સમસ્ત જીવો પ્રતિ શુદ્ધતાએ
વિકારની છાંટ અતિ આકરી ત્યાં, આવી કહીંથી શુચિભંગતા દે.
(પા. ૪૦૪)

(અનુષ્ટુપ)

કેમ કે વિશ્વવાત્સલ્યે, પ્રભુની પ્રાપ્તિ સાધવા,
વાસનાક્ષય પૂર્ણાર્થે, આવી દશા સહેજમાં;
આવતી એવું ગોપીની, અનોખી સાધના વદે,
અંતે નૃ-નારી છે એક, આત્મા આત્મા મહીં ભળે. (પા. ૪૪૪)

જેમ કર્તાપણાના ભાવથી ભગવાને ગોપીને સાવધાન કરી તેમ અહીં ભોક્તાપણામાં સરી ન જવાય તે માટે સાવધાન કરવા જ તે અંતર્ધાન થાય. ભગવાનના અદૃશ્ય થવાથી ગોપીઓ વિરહવ્યથાથી વ્યાકુળ બની અને બધે શ્રીકૃષ્ણને શોધવા લાગી ગઈ. પછી ભાવાવેશમાં આવી જઈ તેમની લીલાઓ કરવા લાગી. ભગવાનના એકએક પ્રસંગનું સ્મરણ કરી એમના પગલે પગલે ચાલવાને એકાગ્ર બની જ્યાં પ્રયોગરત થાય છે, ત્યાં જ શ્રીકૃષ્ણનાં ચરણ ચિહ્નો દેખાયાં. તે ચિહ્નને ચિહ્નને જતાં એક ગોપીને અચેત થઈને પડેલી જોઈ. એને જગાડી તો તે કહેવા લાગી : " મને હું ભગવાનને અનુસરું છું તેવું અભિમાન આવી ગયું તો મનેય છોડી અંતર્ધાન થઈ ગયા. બધી ગોપીઓએ ભગવાને જે પગદંડી પાડી હતી, પોતાના પ્રયોગ દ્વારા જે જીવનરેખા કંડારી હતી તે પ્રમાણે ચાલવા સર્વસ્વ હોમીને તત્પર બની હતી, પણ એમને ખ્યાલ આવ્યો કે પ્રવૃત્તિનો રાગ કે અભિમાન પણ પતિથી વેગળાં કરે છે. પોતાની ભૂલનું ભાન થતાં તે રડવા લાગી અને એ જ સમયે ગોપીઓ વચ્ચે સ્મિત કરતા ભગવાન શ્રીકૃષ્ણ પ્રગટ થયા. આમ ભગવાને ગોપીઓના દેહાધ્યાસ, કર્તા–ભોક્તાભાવનું હરણ કરી સંપૂર્ણ તેમને કૃષ્ણમય બનાવી દીધી. દેહ છતાં તેઓ દેહાતીત બની

ગઈ, જીવન છતાં તેઓ જીવનમુક્ત બની ગઈ. હવે ભગવાન જીવન-મુક્તો સાથે રાસરમણ કરે છે.

## (૪) મહારાસરમણ

અધિષ્ઠાન ખરે એક, સર્વેય જીવતું રહ્યું;
જ્ઞાને ભેદો મટી જાતાં, રહે સ્વરૂપ એકલું.
ગોપીઓએ પ્રભુપ્રેમ, એવો તો કેળવ્યો હતો.
સૌના દેહો હતા જુદા, સૌનો ચિદાત્મ એકલો. (પા. ૫૫૩)

જેણે પોતાનું સર્વસ્વ પ્રભુને અર્પણ કર્યું છે; જે પ્રભુ અર્થે જ જીવે છે અને પ્રભુનો બંસીનાદ પ્રેરે તે જ પ્રવૃત્તિ કરે છે. જેણે પ્રભુના જીવનમાંથી પ્રેરણા લઈ પોતાના જીવનનાં દુરિતો દૂર કર્યાં છે અને સમાજગત જીવનનાં દુરિતોનો પ્રતિકાર કર્યો છે; જેણે પ્રભુ આજ્ઞાએ સત્કાર્ય અને શુભ મંગલ પ્રવૃત્તિમાં પોતાનાં તન, મન ને વાણી જોડ્યાં છે, છતાંય જેને શુભ કાર્યનો નથી પ્રશસ્ત રાગ કે નથી પ્રભુકાર્ય કરવાનું અભિમાન, અનિષ્ટનો પ્રતિકાર, ઇષ્ટના સ્વીકારનો નથી રાગ કે માન એવી ગોપીઓ ને ગોપીસમા પ્રેમધર્મના-સેવાભક્તિના સાધકો પોતાનું વ્યક્તિત્વ જ પ્રભુની કાયા જેટલું વ્યાપક બનાવી વિશ્વમય બની જાય છે. એવું વ્યક્તિત્વ જ્યારે વિભૂતિમાં ઓગળી જાય છે ત્યારે વિશ્વેશ્વર પરમાત્મા તેમની સદાનંદી આહ્‌લાદક શક્તિ સહિત તેની સમક્ષ હાજર થાય છે. એના આહ્‌લાદના પ્રસાદથી સાધકનાં સર્વ કરણો પ્રભુમય બની જાય છે અને સાધક દેહ ને દેહભાવ, કર્મ ને કર્મના કર્તૃત્વનો ભાવ, ભોગ અને ભોક્તાપણાનો ભાવ ભૂલી જઈ ભગવાનમય બની ભગવાનની આજ્ઞા પ્રમાણે ચેષ્ટા કરવા લાગી જાય છે.

જ્યાં વર્ણવાય ગોપીની, સદ્‌ભક્તિ પ્રેમલક્ષણા;
સ્વર્ગ, નિર્વાણ ને મોક્ષ, બને ફિક્કાં તહીં સદા. (પા. ૪૫૧)

કહેવાય છે કે 'ગોપી થઈ કાન અને ભુલી બધું ભાન—વ્યક્તિત્વ અને અહંની સભાનતા ખોયા વિના વિશ્વયોગાનમાં વૈશ્વિક રાસમાં પ્રવેશ મળતો નથી અને જેવા કૃષ્ણમય થવાય તેવા જ સચ્ચિદાનંદ શુદ્ધ સ્વરૂપે સામે ને સામે હાજર જ રહે છે. અંતરાત્મા શુદ્ધાત્મામાં પોતાનું બિંબ જોતો જાય છે અને સહજ શુદ્ધતા લક્ષે ડાઘડૂઘ લૂછતો જાય છે, અને છેવટે તો 'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે' આત્મા આત્માના ચિન્મય, આનંદમય પ્રકાશ સાથે, જ્યોત સાથે જ્યોત મિલાવી જે રંજન કરે છે તે રંજનને જ આનંદઘનજીએ રંજન ધાતુ-મિલાપ ને સ્વરૂપમિલનનું રંજન કહ્યું છે. શુદ્ધનો શુદ્ધતા વિના શુદ્ધ સાથે સહજ મિલાપ ક્યાંથી થાય ? આવા આત્મા-પરમાત્માના વિશુદ્ધ મિલનને જ મહારાસ કહ્યો છે. જેમ ગ્રહો, નદીઓ, તારા-મંડળો, રવિશશી, સાગર અને સમગ્ર સૃષ્ટિ સમગ્ર બ્રહ્માંડના ઋત સાથે તાલ મિલાવી, તે સાથે તન્મય બની બ્રહ્માંડનું સુરીલું સંગીત બનાવે છે તેમ જ ગોપીજન સ્વચ્છંદ પરિહાર કરી પરમાત્માના છંદ સાથે તાલ મિલાવી રાસ કરે, ત્યારે પ્રત્યેકની સામે પરમાત્મા જ ખડો થાય છે. એ એક જ અનંત સ્વરૂપે વિસ્તરી રહ્યો છે, તેના શુદ્ધ બિંબ સાથે જ ભક્તજન પોતાના જીવનના ભાવો, ભજનો અને સત્કાર્યોનું સમર્પણ કરતો હોય છે. ત્યાં દ્વૈત હોવા છતાં અદ્વૈત થઈ જાય છે; ત્યાં વ્યક્તિત્વ હોવા છતાં વિશ્વમયતા વ્યક્ત થાય છે; ત્યાં સ્વાધીનતા હોવા છતાં પરાભક્તિને આધીન બની જવાય છે. આવા સાધકજનો જ અનંતતામાં એકત્વ એક જ શ્રીકૃષ્ણને જુએ છે. જળ અને સ્થળમાં, ચર અને અચરમાં, અંદર ને બહાર સર્વત્ર શ્રીકૃષ્ણને જ જે જુએ છે તેની દૃષ્ટિ જ કૃષ્ણમય બની જાય છે. ત્યાં કામાદિ વિકારની છાંટ પણ રહેતી નથી. જે શુદ્ધતમ બ્રહ્મને એટલે કે જે કૃષ્ણમય બની જાય તે જ કૃષ્ણના કાર્યવાહક બને છે. રાસનો સાર વર્ણવતાં સંતબાલ કવે છે :

નારી ને નર ખેંચાણો, પરસ્પર રહે ઘણાં;
તે ખેંચાણો શરીરોથી, મુક્ત થઈ નિજાત્મમાં;
લાવવા વ્રજે જન્મી, કૃષ્ણે પ્રયોગ જે કર્યા;
તત્પ્રયોગે સુશ્રદ્ધાળુ, જીતશે કામવાસના. (પા. ૪૧૦)
નૃ-નારી ઐક્ય ને વિશ્વે, સર્વ ભૂતાત્મ-ભૂતતા;
જ્યાં બંને સિદ્ધ થાશે ત્યાં, હશે પ્રયોગશીલતા.
ચૈતન્યામૃત ચાખેલું, જેઓએ પૂર્ણ હોય તે;
હર ક્ષેત્રે પ્રસંગોમાં; અનાસક્ત રહી શકે. (પા. ૪૪૧)

રાસમંડળમાં ગોપીઓને ચૈતન્યામૃત ચખાડી, આત્મતત્ત્વનો પૂરો અનુભવ આપી, પ્રભુએ તેમને પોતપોતાનાં પતિ, સંતાનો, ગાયો, ગોસંતાનો પાસે વ્રજમાં જવા આજ્ઞા કરી. આ પ્રેમ-સંન્યાસિનીઓને પ્રભુ અર્થે સર્વની સેવામાં સમાઈ જઈ વ્રજને વૈકુંઠથીય અધિક બનાવવા પોતપોતાનાં પતિ, પુત્ર, સ્વજન સર્વને કૃષ્ણપ્રયોગમાં પ્રયોજી સર્વ ક્ષેત્રમાં ભગવાનનાં સત્ય ને પ્રેમસ્વરૂપને પ્રતિષ્ઠિત કરવા પ્રોત્સાહિત કરી.

(શાર્દૂલવિક્રીડિત)

છો દેહો ઉભયે રહ્યા અલગ ને લિંગેય નારી નરે;
તોયે ત્યાં થઈ જાય એકરૂપતા ના દ્વૈત રે'તું ખરે! (પા. ૪૭૬)

ગોપીઓ ભગવાનથી પ્રોત્સાહિત થઈ વ્રજવાસીઓને દોરવણી આપે છે. વ્રજવાસીઓ, ખુદ ગોપીઓના પતિઓ ને પુત્રો પણ ગોપીની અનન્ય ભક્તિથી શ્રદ્ધાળુ બની એની દોરવણી સ્વીકારે છે. જ્યાં સમગ્ર વ્રજ એકરૂપ અને સંગઠિત બન્યું ત્યાં કંસની ફોજમાં રહેલા રહ્યાસહ્યા અસુરો પણ વ્રજ પર ત્રાટક્યા. અરિષ્ટાસુર માતેલા સાંઢડા રૂપે વ્રજવાસીની સીમમાં રંજાડવા લાગ્યો, હાથમાં આવે તેને પીડવા લાગ્યો. કૃષ્ણે તેને પડકાર્યો ત્યારે તેમના પર તે ધસી ગયો પણ મારવાને બદલે પોતે જ મરણ પામ્યો. અરિષ્ટાસુરના મૃત્યુએ કંસને

ભયભીત કર્યો. સમગ્ર વ્રજનો વિનાશ કરવા અને બલરામ–કૃષ્ણને મોતના ઘાટે ઉતારવા એણે વ્યોમાસુર અને કેશી દૈત્યને મોકલ્યા. વ્યોમાસુર ગ્વાલબાલ બની ગોવાળિયાઓ સાથે રમત રમતાં ચોરી-છૂપીથી ગ્વાલબાલોનું અપહરણ કરી તેમને ઊંડી ગુફામાં પૂરી દેતો. ભગવાન એમને તો છોડાવી લાવ્યા ને વ્યોમાસુર અને કેશીનો વધ કરી સમગ્ર ગોકુળ-વ્રજને દૈત્યો, અસુરો અને ક્રૂર માનવોથી મુક્ત કરી જાગતિક માનવો માટે વસવા લાયક કરી ધર્મસૃષ્ટિએ સમાજરચનાની એને નાની પ્રયોગભૂમિ બનાવી. ભગવાન કૃષ્ણ જેવા ક્રાંત દ્રષ્ટાનું માર્ગદર્શન, સર્વસ્વત્યાગી ગોપીઓની નિર્વ્યાજ સેવા અને દોરવણી, સરળ શ્રદ્ધાળુ વ્રજસમાજની ન્યાય, નીતિ અને ધર્મના પાયા પર સમાજ રચવાની તત્પરતાએ ત્યાં એવું તો પ્રેમનું અનુશાસન ઊભું કરી દીધું કે નંદમહારાજાને તો કેવળ પિતૃછાયા જ દેવાની રહી. શાસન તો છાયારૂપે જ રહ્યું. આમ શ્રીકૃષ્ણે વ્રજ-વૃંદાવનમાં પ્રેમના શાસનનું સંપૂર્ણ ઉદાહરણ ઊભું કર્યું. ભગવાન રામચંદ્રે ન્યાયનીતિના શાસનથી સર્વને સુખ-શાંતિ આપ્યા પણ તેમાં શાસનનું સાર્વભૌમત્વ હતું. શાસનની મર્યાદા શ્રી રામચંદ્ર પોતે પાળતા હતા એથી જ સીતાનો ત્યાગ સ્વીકાર્યો, પોતાના પુત્ર લવ–કુશ સાથે યુદ્ધ પણ કર્યું અને લક્ષ્મણને સજા પણ આપવી પડી. પોતાનાં જ પ્રેમીઓને કર્તવ્ય સમજીને દૂર રાખવામાં રામજીએ શાસન-મર્યાદા સ્વયં સ્વીકારી, મર્યાદા–ધર્મ શીખવ્યો; જ્યારે શ્રીકૃષ્ણે તો શાસનને જ નામશેષ કરી પ્રેમના અનુશાસનને જ સાર્વભૌમત્વ આપ્યું, પરસ્પરનો પ્રેમધર્મ સમજીને જ વ્રજ-વૃંદાવનમાં આત્માનુશાસન કહો કે કૃષ્ણાનુશાસન ચાલતું એટલે જ ત્યાં પરિપૂર્ણ પ્રેમનો પ્રયોગ સફળ થયો. રામજી પાસે સમગ્ર આર્યાવર્તનું શાસન હતું; જ્યારે કૃષ્ણચંદ્રને તો ગામડાંને કેન્દ્રમાં રાખીને ભાવના પ્રેમશાસનનો અનુબંધ બતાવવો હતો. તે એમણે પ્રત્યક્ષ સિદ્ધ કરી બતાવ્યો. એમની વિદાય પછી બુદ્ધ અને મહાવીરના કાળમાં ગણરાજ્યોએ એ દિશામાં આરંભ કર્યો, પણ થોડા જ

કાળમાં મહારાજ્યો તેમને ગળી ગયાં. મહાત્મા ગાંધીએ મહારાજ્ય કે સામ્રાજ્ય સામે સત્ય–અહિંસાના સામુદાયિક પ્રયોગો કર્યા. એના સાદે સૂતેલો ભારત જાગ્યો; હજારો નર-નારી સર્વસ્વ છોડી સમર્પિત થયાં અને તેનાં ત્યાગ–બલિદાન અને સમર્પણમાંથી સ્વરાજ્યનો જન્મ થયો. ગ્રામસ્વરાજ્યનું અને પ્રેમરાજ્યનું સ્વપ્ન આપતાં આપતાં એમણે પોતાના પ્રાણની આહુતિ આપી; ઉત્કૃષ્ટ અહિંસાનું ઉદાહરણ પૂરું પાડયું. એમના પ્રયોગને આગળ વધારવા સંતબાલે ભાલ નલ-કાંઠામાં જે પ્રયોગ કર્યો તે ધર્મદૃષ્ટિએ સમાજ રચવા ગ્રામકેન્દ્રિત કૃષ્ણનો રૂડો આલેખ નજર સમક્ષ રહે માટે મંગલાચરણમાં જ એ માટે લખે છે :

એમ વિજ્ઞાનયુગે આ, ગાંધીપ્રયોગ તે રૂપે;
એ ભાલ–નલકાંઠાનો, તે સંદર્ભે પ્રયોગ છે.
ભાગવત થકી એવા, ગ્રામકેન્દ્રિત કૃષ્ણને;
આલેખાશે રૂડી રીતે, ભાગવત–કથામૃતે. (પા. ૧૪૦)

ભગવાનના પ્રેમળ પ્રયોગે વ્રજમાં એવું તો પ્રેમશાસન જમાવ્યું કે દેવોનેય નંદબાબાની ઈર્ષ્યા આવી ને તેમનું અપહરણ કરી ગયા. પણ ભગવાનના ઐશ્વર્યની ત્યાં પણ તેમને મહેર મળી. અરે ! અજગર ગળવા આવ્યો તે પણ કૃષ્ણસ્પર્શથી જ્યોતિપુંજ બની ગયો. ભય લાલચ નંદબાબાને તો સ્પર્શે જ શાનાં ? આમ રાજ્ય–પ્રજા–સેવક અને સંત ચારેયના સુંદર અનુબંધથી શ્રીકૃષ્ણ એક અર્થમાં વાત્સલ્ય-મૂર્તિ જનેતા જેવા ને બીજા અર્થમાં માતૃજાતિના વહાલસોયા બની વ્રજ-વૃંદાવનમાં પૂર્ણ પ્રેમનો પ્રયોગ કરી પૂર્ણ-પુરુષોત્તમ પદને શોભાવતા હતા.

## (૧)
## મથુરાની મુક્તિલીલા

સર્વાંગપૂર્ણ સંપૂર્ણ, ધર્મક્રાંતિ થવા બધે;
નૃ-નારી ઐક્ય ને વિશ્વપ્રેમ–આરાધનાર્થ તે.

વ્રજ ને મથુરા સાધી, દ્વારિકાનગરી વળી;
હિંદ દ્વારા તદા કૃષ્ણે, જગત આખું કર્યું સુખી. (પા. ૪૮૯)

એક વખત નારદે આવી શ્રીકૃષ્ણને કહ્યું: "તમે આસુરી અસુરો અને માનવીય અસુરોની અસર નષ્ટ કરીને વ્રજને ધર્મધામ બનાવી રહ્યા છો, તે દ્વારા આખા જગત પાસે ધર્મમય સમાજરચના કેવી રીતે થાય તેનું ઉદાહરણ પણ ઊભું થઈ ગયું છે. હવે આપ ચાણૂર-મુષ્ટિક-કંસના ત્રાસથી મથુરાને છોડાવો; શંખાસુર, કાલયવન, મૂર, નરકાસુરથી ભારતને છોડાવો. ભારતના ક્ષત્રિયો વંશાભિમાન અને કુલમદથી પરસ્પર લડે છે અને યુદ્ધના ત્રાસથી જગતના ભારની વૃદ્ધિ કરે છે. આર્યેતર જાતિઓને હલકી ગણી તેમને દબાવવા ને તેમની સાથે લડવામાંથીયે નવરા થતા નથી. આમ આર્યાવર્તમાં વેર, હિંસા અને મદ-મત્સરનું સામ્રાજ્ય છાઈ ગયું છે. આપ વેરને બદલે પ્રેમ અને પરસ્પરના લગ્નાદિ સંબંધોથી કુલાભિમાન નિવારી સમસ્ત માનવજાતને માનવીય સંબંધોથી આભૂષિત કરો. નારીજાતિને મિલકત ગણી તેમનાં પરાણે અપહરણ થાય છે; ભીષ્મ પિતામહ જેવા પણ કેવળ કુલાભિમાનને લઈને વાગ્દત્તાનું યે અપહરણ કરી નાખે છે, દ્રૌપદીઓ જુગારમાં મુકાય છે, તારાઓ બજારમાં વેચાય છે. આપ નારીને સ્વાતંત્ર્ય–મૂલ્ય આપી નર-નારી વચ્ચે એકતા ઊભી કરી જાતિ અને જ્ઞાતિના ભેદથી મુક્ત ભારતનું સર્જન કરો. જરાસંધ, શિશુપાલ, વક્રદંત વગેરે આર્ય રાજાઓ પણ ઘમંડથી પ્રજાને પીડે છે અને લશ્કરોના જોરે જ સત્તાને સાચવે છે. આપ તેમને ય પદાર્થપાઠ આપી, તેમના ઘમંડ અને એકચક્રી સત્તા-નશાનો નાશ કરો. અરે, બીજું તો ઠીક આપની ફોઈના દીકરા સજ્જનતા અને સારપમાં માનવતાના અર્ક જેવાય દુર્યોધનના ત્રાસથી રિબાય છે. આપ સજ્જનોનું પરિત્રાણ કરો, દુષ્ટોને દંડો, ભક્તોને તારો અને અસુરોને મારો; તો જ ભારતની પછાત જાતિઓ આમ પ્રજા, સન્નારીઓ, સંતો, સતીઓ, દ્વિજો અને ભક્તો સદ્ધર્મની હવા લઈ

સદ્ધર્મની સ્થાપના કરી શકશે. ભગવાનની સંમતિ મેળવી નારદ કંસ પાસે પહોંચ્યા અને તેનેય ભંભેર્યો કે 'તારો કાળ તો વ્રજમાં બેઠો છે એને મથુરામાં આમંત્રીને તેનો ઘડો-લાડવો જ કરી નાખ. કંસે મંત્રીમંડળને પૂછી મલ્લકુસ્તી અને દંદનો અખાડો ગોઠવી ચાણૂર ને મુષ્ટિક દ્વારા બલરામ અને કૃષ્ણનો ધ્વંસ કરવાની યોજના ઘડી. અક્રૂરને કૃષ્ણને તેડવા મોકલ્યા. અક્રૂરમાં સત્યનિષ્ઠા-સભર મૃદુતા ભરી હતી. એથી વ્રજ તેનો વિશ્વાસ જ કરે છે ને રજા દે છે. વ્રજ-વૃંદાવનની વિદાય લઈ સૌને વિરહઘેલાં મૂકી કૃષ્ણ અક્રૂરને રસ્તામાં જ સ્થૂલ સત્યના ગર્ભમાં પડેલ બ્રહ્મજ્ઞાનનું દર્શન કરાવી તેમનું હૃદય જીતી લે છે. એ પછી સર્વસ્વ અપર્ણ કરનારા સાથીની નારાયણ-પરાયણ વૃંદસહિત મથુરામાં આવી પહોંચે છે, ત્યાંથી એમની વિરાટ વિશ્વલીલાનાં પગરણ શરૂ થાય છે.

## (અ) કંસવધ

દુષ્ટતાને દિયે દંડ, ને પૂજે સુષ્ઠુતા અતિ;
સર્વેશ્વર અહો કૃષ્ણ, દેવોના દેવ શ્રીપતિ!

(મંદાક્રાંતા)

મૃત્યુ પે'લાં મરણભયથી, કંસ શિથિલ કીધો;
જીતી લીધી નગરી મથુરા, સર્વને સ્નેહ દીધો. (પા. ૪૨૯)

ભગવાન કૃષ્ણ આવે તે પહેલાં જ મથુરામાં વાત તો પહોંચી જ ગઈ હતી. આમેય વ્રજનારીઓ મહી-માખણ સાથે જ મટકીમાં માધવનો સંદેશો લાવતી હતી. વ્રજમાં જે બનતું હતું તેને અહો-ભાવથી મથુરા જોતી હતી, પણ કંસની ધાક અને એના રાજ્યનાં વાજાં એટલે પ્રકાશન, પ્રબંધ, પ્રશિક્ષણ અને પ્રશાસન એવાં હતાં કે અસત્યને સત્યરૂપે પ્રસરાવી સત્યને ઢાંકી દેતાં હતાં; પણ પ્રભુએ પગ દેતાં જ મથુરાની નારીઓ ઘેલી બનીને અટારીમાં આવી તેમને પુષ્પો વરસાવી આશીર્વાદ દેવા સજ્જ બની. ઠેર ઠેર તેમનું સ્વાગત

કરવા માનવ-મહેરામણ ઊમટયો. શ્રીકૃષ્ણનું પહેલું કામ તો ધાકને તાપ કાઢી નાખવાનું હતું. પ્રચારણ અને પ્રકાશન ખાતાના પ્રતિનિધિ સમો ધોબી કૃષ્ણને સામો મળ્યો. એણે કંસની નીતિની પ્રસંશા કરી બલરામ-કૃષ્ણનું અપમાન કર્યું. પણ ભગવાને સૌની વચ્ચે એને એવો ઊધડો લીધો કે તે તો ભાગી છૂટયો. આયોજનના–પ્રબંધના પ્રતિનિધિ જેવો દરજી મળ્યો. તે તો શ્યામસુંદરનો ચાહક બની વ્રજના આયોજનની પ્રશંસા કરવા લાગ્યો. પ્રશિક્ષણના પ્રતિનિધિ જેવી કુબ્જા નવજાત શિક્ષિતોની બુદ્ધિને સામ, દામ, દંડ, ભેદ ને છળકપટની વક્ર રાજનીતિથી વક્ર બનાવતી હતી. તેને પ્રભુએ માધુર્યથી જીતી લીધી. જેવી તે ભગવાન અભિમુખ થઈ તેવી જ ભગવાને તેના ચરણ પર પોતાના પગ મૂકી દાઢીથી તેના શરીરને ઊંચકતાં તેનાં છાતી ગળું અને કમર વાંકાં મટી સર્વાંગસુંદર બની ગયાં. એની કેડનો ડાંડિયો વાળી કામ કરનારી બની; હૃદયમાં સહૃદય ભક્તિ અને ગળામાં સત્યનું ગાન ગાતાં ગાતાં એ પ્રશિક્ષણને બંધનને બદલે મુક્તિદાતા બનાવવા લાગી. કુબ્જાએ ભગવાનને પોતાને ઘેર આમંત્યા અને છેવટે પ્રશાસનના પ્રતીક સમુ ધનુષ ભાંગતાં ભયમાત્ર ભાંગી ગયો. મથુરામાં ઘોર અંધારા પછી નવજાગૃતિની ઉષા ઊગી. ભગવાને રાજ્યશાસનનાં ચારેય અંગોને સત્ય–પ્રેમથી સભર કર્યાં. કૃષ્ણે મથુરાનાં હૃદય જીતી લીધાં. કુબ્જા અને દરજીનાં હૃદયપરિવર્તન કર્યાં અને ખાસ કરીને ધનુષભંગ થયો ત્યારથી કંસ ગભરાઈ ગયો હતો. આખી રાત તેને ઊંઘ ન આવી. અપશુકનો અને ખરાબ સ્વપ્નાં તેને શિથિલ કરતાં હતાં; પરંતુ તેના મિત્રોએ અને મલ્લોએ તેને શીખવ્યું કે અખાડામાં આવતાં પહેલાં જ કુવલયાપીડ હાથી તેના પર છોડવો. તે જ તેને પૂરો કરી નાખશે. અને બીજે દિવસે બન્યું પણ એવું કે કૃષ્ણ પર હાથી તો છોડયો પણ હાથીને જ ભગવાને રમત કરતાં કરતાં મારી નાખ્યો. લોહી ભરેલે કપડે કૃષ્ણે રંગભૂમિમાં પ્રવેશ કર્યો ત્યારે સૌને કૃષ્ણ જુદા જુદા રૂપે દેખાવા લાગ્યા. છેવટે ચાણૂર-મુષ્ટિકનું મરણ

થતાં કંસ જ ક્રોધ અને ભયમાં કૃષ્ણ પર ધસી ગયો અને તે પણ મરણશરણ થયો. આમ બલમદના પ્રતિનિધિ સમો હાથી એટલે પરપીડક ગર્વનો, વિદ્યામદથી ઊભા થતા દ્વેષના પ્રતિનિધિ ચાણૂરનો, મુષ્ટિમદ એટલે સામર્થ્યમદથી જન્મતા મત્સરના પ્રતિનિધિરૂપ મુષ્ટિકનો અને સત્તામદના પ્રતિનિધિરૂપ કંસનો વધ કરી ભગવાન નમ્રાતિનમ્ર બન્યા. સમગ્ર સભાને નમસ્કાર કરી તે જ ક્ષણે જાહેર કર્યું કે મથુરાના ગાદીપતિ ઉગ્રસેનજીની આજ્ઞા મારે શિરોમાન્ય થશે; તે મારા શિરછત્ર છે. તેમને સૌથી પહેલાં જેલમુક્ત કર્યા. માતાપિતાને વંદન કરી પોતે આજ સુધી સેવા-શુશ્રૂષા કરી નથી શકયા તેની ક્ષમા માગી, મામા પ્રત્યેનો ભાવ છતાંય ભગવાન માટે તેનો વધ કર્તવ્યરૂપ થઈ પડયો. માટે જ કહ્યું છે :

સગો અન્યાયકારી હો, લોહીસંબંધીથી ભલે;
ક્ષત્રિયો શૌર્ય જોરે ત્યાં, તેનો દોષ તજાવશે. (પા. ૪૨૨)

## (આ) રણછોડનો સંકલ્પ

### (સવૈયા એકત્રીસા)

ધર્મયુદ્ધ જ્યાં અનિવાર્ય, ત્યાં અવશ્ય તે કરવું જ પડે;
કિન્તુ યુદ્ધ ન થાય કદીએ, તેવું સહુએ રે'વું ઘટે.
કારણ યુદ્ધે જાનમાલહાનિનાં, જોખમ ઘણાં રહ્યાં;
અહિંસક મર્ત્ય સમાજ રાખવા, અયુદ્ધ ભાવો પ્રિય ગણવા.
(પા. ૫૧૯)

કંસરાજાને બે રાણી હતી : અસ્તિ અને પ્રાપ્તિ. બંનેએ પોતાના પિતા મગધનરેશ પાસે જઈ કંસવધની વાત કરી. એથી એને મહાક્રોધ થયો. એણે દૃઢ નિશ્ચય કર્યો કે યદુવંશીને રહેવા જ ન દેવો. આથી ત્રેવીસ અક્ષૌહિણી સેના સાથે જઈ મથુરાનગરી ઘેરી. ચોમેરથી ઊભરાતા સમુદ્ર જેવી સેના જોઈને નાગરિકો ભયભીત બની

ગયા. કૃષ્ણ ને બલરામ પોતાની સાથે મહાકુશલ છતાં નાની નારાયણી સેનાને લઈને રથમાં આવી જેવો પંચજન્ય શંખ વગાડયો તેવા જ જરાસંધની સેનાના હાંજા જ ગગડી ગયા. તુમુલ યુદ્ધ થયું. જરાસંધની વિશાળ સેના છિન્નભિન્ન થઈ ગઈ. યુદ્ધ છોડી જરાસંધ પણ નાઠો. ભગવાને રણભૂમિમાંનું ધન, આભૂષણ વગેરે બધું જ ઉગ્રસેન મહારાજને ચરણે ધરી દીધું. આ પ્રમાણે સત્તર વાર જરાસંધે ચઢાઈ કરી અને બધી વાર હારીને નાસી છૂટયો. જ્યારે અઢારમો સંગ્રામ થવાનો હતો ત્યાં જ નારદજીએ સમાચાર આપ્યા કે કાલયવને ચઢાઈની તૈયારી કરી છે. ભગવાને વિચારી જોયું કે કાલયવન અને જરાસંધની સેના ભેગી થાય તો ભારતીય સંસ્કૃતિ પર યવન સંસ્કૃતિનો પ્રભાવ વધી જશે. ભારતીયો પરસ્પર લડીને પોતાની જ સંસ્કૃતિનો નાશ કરશે. એટલે યુદ્ધને બદલે યુક્તિથી જ કાલયવનને હણવો અને મગધરાજની સાથે લડવાને બદલે ઠેઠ પશ્ચિમમાં પહાડ અને દરિયાકાંઠે નવી નગરી વસાવી ત્યાં યાદવોને સ્થિર કરવા. અંતર તથા વ્યૂહની દૃષ્ટિએ જરાસંધ ફાવશે નહીં. સાથોસાથ વારંવારના યુદ્ધથી પ્રજામાનસ યુદ્ધખોર બનતું જાય છે એટલે ભાવિ સંસ્કૃતિની રચનાની દૃષ્ટિએ પણ પ્રજાને યુદ્ધખોરીના દૂષણમાંથી બચાવવી. માટે આપણે યુદ્ધભૂમિ–રણભૂમિ છોડી દેવી તે જ ઉત્તમ છે; કેમ કે

> ન જાણી બળ સામાનું, સાહસે જે ઝુકાવશે;
> પરાજિત થઈ પૂરો, પસ્તાશે અવશ્ય તેય. (પા. ૪૬૭)
> જ્યાં જેવો હોય હુમલાખોર, ત્યાં તેવો થાય સામનો;
> હુમલાકાર કક્ષાએ, અહિંસા-સત્યની ગતિ. (પા. ૪૬૨)

કાલયવન આવી પહોંચે તે પહેલાં તો સમુદ્રમાં દ્વારકાનું દુર્ગમ નગર રચાઈ ગયું. બલરામજીને મથુરામાં રાખી ઉગ્રસેન સહિત બધા યદુવંશીને દ્વારકા પહોંચાડી દીધા. કાલયવને નગરને ઘેરો ઘાલ્યો એટલે કૃષ્ણે વૈજયંતી માલા પહેરીને વિના શસ્ત્રાસ્ત્ર એકલા નગર બહાર

નીકળી પડ્યા અને કાલયવનને પડકાર્યો. 'વિના કારણે સેનાને શા માટે રગદોળવી? મને જ પહોંચી વળ તો બસ છે.' તેમ કહી ભગવાને દોટ મૂકી. કાલયવન પાછળ પડ્યો. ભગવાને એક બાજુથી કાલયવનના સામનાની તૈયારી કરી હતી ને બીજી બાજુથી પરદેશીના આક્રમણ સામે ભારતીય સંસ્કૃતિને જાગ્રત કરવા જાણે અથાગ પ્રયત્ન કર્યો હતો એ સંસ્કૃતિના પ્રાધનિધિસમા મુચુકુંદ જે ગુફામાં સૂતા હતા તે ગુફામાં પોતાનું વસ્ત્ર મુચુકુંદ પર ઓઢાડી પોતે સંતાઈ ગયા. કાલયવન પણ તે ગુફામાં આવ્યો અને સૂતેલ મુચુકુંદને જેવી લાત મારી તેવા પ્રથમ પ્રહારે જ તે જાગી ઊઠ્યા. તેમનો રોષ ભભૂકી ઊઠ્યો. જેવી તેમની ક્રોધભરી દૃષ્ટિ તેના પર પડી તેવી તેમાંથી પ્રગટેલી આગમાં કાલયવન બળીને ખાખ થઈ ગયો. ભગવાને તે પછી મુચુકુંદને દર્શન દીધાં. અને કાલયવનના ભસ્મ થયાની વાત સાંભળી યવનસેના પણ નિરાશ થઈ. રાજા વિનાની સેનાને હંફાવીને વેરવિખેર કરી નાખી. તેનું અઢળક ધન લઈ દ્વારકા જવા નીકળી પડ્યા. ત્યાં જ મગધરાજ અઢારમી વાર ચઢી આવ્યો. તેની સેનાનો વેગ જોઈ બલરામ અને ભગવાને પગપાળા ભાગી છૂટવાની ચાલ રચી અને જરાસંધ પણ તેમની પાછળ દોડવા લાગ્યો. દોડતાં દોડતાં કૃષ્ણ બલરામ પ્રવર્ષણ પર્વત પર ચઢી ગયા. જરાસંધે એ પર્વતને આગ લગાડી દીધી ને પર્વતને સેના દ્વારા ઘેરી લીધો, જેથી તેઓ નાસી ન જાય; પણ તેઓ દુશ્મનને ભ્રમમાં રાખી સિફતથી દ્વારકા પહોંચી ગયા અને જરાસંધ તેમને બળી ગયા માનીને મગધ પાછો ફર્યો. આમ ભગવાને યુદ્ધનો મહાસંહાર ટાળ્યો, જરાસંધને પણ ફાવવા ન દીધો અને અયુદ્ધના માનસની હવામાં દ્વારકામાં સત્ય અને પ્રેમનું અનુશાસન કેમ પ્રસરે તેવા પ્રયત્નો આરંભ્યા. રણછોડે રણમેદાન છોડ્યું તેમાં બહારથી તો પરાજય જેવો આભાસ લાગે, પણ એ તો એક મહા હિંસા ટાળવાની વ્યૂહરચના જ હતી, જેથી સુસત્ય અને અહિંસાને વિકસાવવા માટે ભૂમિકા ઊભી થાય. એ જ લક્ષ્ય

અને ભાવની દૃષ્ટિએ કૃષ્ણનું રણ છોડવાનું પગલું તે સત્ય–અહિંસાનો આરંભ જ ગણાય છે. માટે તો રણછોડ બિરુદ પામ્યા. એથી જ સંતબાલજી એ પ્રસંગને કવતાં કહે છે.

અહિંસા-સત્યમાં છે ના, પરાજિતપણું કદા;
કેમ કે આખરે જીતે, અહિંસા-સત્ય સર્વદા. (પા. ૪૬૭)

## (૨) દ્વારકાની ઐશ્વર્યલીલા

### (અ) શ્રીકૃષ્ણનો પ્રેમળ યોગપ્રબંધ

(માલિની છંદ)

શુચિ પ્રણય ધરાવે. વિશ્વવાત્સલ્ય–બીજ;
સકલ વનિતામાં, રોપવા હેતુથી જ;
પરમ પતિ પ્રભુશ્રી, કૃષ્ણજી અવતર્યા'તા;
નિખિલ અવનિ માંહે, ભુમિ આ ભારતીમાં (પા. ૪૯૬)

શ્રીકૃષ્ણને આઠ પટરાણી અને સોળહજાર એકસો સમર્પિત પત્નીઓ હોવા છતાં તેમની આંતરિક નિર્લેપતાથી તેઓ બ્રહ્મચારી ગણાતા. તેવો પ્રસંગ યમુનાએ માર્ગ દઈને સિદ્ધ કરી આપ્યો હતો. શ્રીકૃષ્ણે લગ્ન કર્યાં તેની પાછળ કામભોગની લેશ પણ ઇચ્છા ન હતી. પરંતુ એમને બે મૂલ્યો પ્રતિપાદિત કરવાં હતાં: એક તો સ્ત્રી એ મિલકત નથી. એનું જીવતું–જાગતું વ્યક્તિત્વ છે, માતૃશક્તિ છે. એના શુચિ હૃદયના પ્રણયમાં જે વાત્સલ્ય-બીજ પડ્યું છે તે તો સંસારનું અમૃત છે. એટલે એમનું હૃદય સ્વેચ્છાએ જ્યાં ઢળે ત્યાં તે પરણે. રૂઢિબંધન કે વડીલ ને સમાજની બળજબરીને પવિત્ર પ્રણયના વિકાસમાં સ્થાન જ નથી. સ્ત્રીસમાજમાં હીણી નથી, પણ જેવા પુરુષ છે તેવી જ તે છે. દેહની ભિન્નતા ભલે હો, પણ આત્મતત્ત્વ એકસરખું વિલસે છે માટે ભાવનાત્મક દૃષ્ટિએ નારી સાથે એકત્વ સાધવું જોઈએ. બીજું મૂલ્ય એ સ્થાપવાનું હતું કે જન્મથી કોઈ હીણું નથી. વર્ણ-વંશના

મિથ્યાભિમાને અને કુલમદે વર્ણવર્ણ વચ્ચે અને વંશો, કુલો અને ટોળીઓ વચ્ચે વેર-વૈમનસ્ય અને એવા તો ભેદભાવ ઊભા કર્યા હતા કે માનવ માનવ વચ્ચેની એકરાગતાનો અંશ પણ નહોતો દેખાતો. આ જન્મજાત કુલવંશના ભેદભાવો તોડી એમને માનવ માનવ વચ્ચેની ભાવાત્મક એકતા સાધવી હતી અને તે પણ મધુરાદ્વૈતથી–પ્રેમથી અને પ્રેમના સંબંધોને વિકસાવી–વિસ્તારીને. આ ભાવાત્મક ઐક્ય આડે જે કોઈ અંતરાયો, આવરણો કે ઘમંડો આવે તે બધાંને દૂર હટાવી માનવીય મૂલ્યોની સ્થાપના કરવાનો તેમનો સંકલ્પ હતો. અને માનવીય ઐક્યનો શંખ દ્વારકામાંથી જેવો બજાવ્યો તેવાં જ ભારતભરનાં માનવતાવિરોધી બળો ભડકી ઊઠયાં. કૃષ્ણને જીવતા-જાગતા અને પોતાના મહાકાર્યની ઉદ્‌ઘોષણા કરતા સાંભળીને જ જરાસંધ ખળભળી ઊઠયો. એણે ભારતમાંના ક્ષત્રિયો જેઓ કુલવંશનાં પરંપરાગત મૂલ્યોમાં અને ઉચ્ચનીચના ઘમંડમાં માનતા હતા તે સૌને એકત્ર કર્યા. શાલ્વ, દંતવક્ત્ર, વિદુરથ, પૌંડ્રક, શિશુપાલ, રુકમી, દુર્યોધન, દુઃશાસન વગેરે જરાસંધના સંઘમાં ભળ્યા અને કૃષ્ણવિરોધી મોરચો રચ્યો. પાપપ્રેમીઓ એકદમ એકત્ર થઈ ગયા, પણ પુણ્યપ્રેમીઓ તો હજી ભગવાનની પિછાન પણ નહોતા કરી શક્યા, એ પણ નવાઈ છે કે

> એકીસાથે બધા જેમ, પાપી એકત્ર થાય છે;
> તેમ શીઘ્ર ન એકત્ર, પુણ્યશાળી થઈ શકે. (પા. ૪૫૮)

## (આ) નારીહૃદયની પ્રતિષ્ઠા

દ્વારકાની સુવ્યવસ્થા ગોઠવાઈ ન ગોઠવાઈ ત્યાં એક પ્રસંગ બન્યો કે વિદર્ભરાજ ભીષ્મકની પુત્રી રુકિમણીએ બ્રાહ્મણ સાથે સંદેશો મોકલ્યો કે

(વંશસ્થ)

કદીયે ન જોયા નજરે પરસ્પલ, છે સાંભળ્યા માત્ર ગુણે ખરેખર;
બન્નેય તોયે દિલથી દિલે ભળ્યાં. ત્યાં જાણજો સત્ય પ્રણયી નિસર્ગતા.
(પા. ૪૬૯)

(અનષ્ટુપ)

પત્ની તુલ્ય પતિ તુલ્ય, તથા માબાપ તુલ્ય તું;
સુહૃદ તું, ભગિની ભ્રાતા, ગુરુ, પ્રભુ સમેત તું. (પા. ૪૭૨)
પતિ-પત્ની થવા જન્મ્યાં, તોયે કૃષ્ણ–રુક્મિણી;
સત્ પ્રણય પછી શુદ્ધ, પ્રેમ આપી શકે મહી (પા. ૪૭૯)

'મેં તો તમને જ મારા પતિ તરીકે નિરધાર્યા છે. માતાપિતા પણ રાજી છે; પરંતુ મોટો ભાઈ રુકમી જરાસંધ-પ્રેમી છે. તે તમારો દ્વેષી છે. તેની ચડામણીથી મને શિશુપાલ સાથે પરાણે વરાવે છે. તો આપ મારી રક્ષા કરવા ને વરવા આવી પહોંચજો.' કૃષ્ણ સમયસર પહોંચ્યા; જરાસંધ અને તેના સંઘ–મિત્રોની સેનાઓ વચ્ચેથી રુક્મિણીનું હરણ કર્યું, મિત્રરાજ્યોની સેનાને પરાજિત કરી. આથી ક્રોધનો માર્યો રુકમી મહાસેના લઈ ભગવાન સામે લડવા આવ્યો. ભગવાને તેનાં દાઢીમૂછ ખેંચી કાઢી એવો તો શરમિંદો બનાવી દીધો કે રાજધાનીમાં ન જતાં ભોજકટ વસાવી કૃષ્ણ પ્રત્યે વેર વાળવાની વાટ જોવા લાગ્યો. શિશુપાલ તો કૃષ્ણની ફોઈનો દીકરો થાય, પણ સ્ત્રી-સ્વાતંત્ર્યના મૂલ્યને પોષવા અને અન્યાયને રોકવાનું ક્ષાત્રકાર્ય કર્તવ્યરૂપ હતું એટલે 'તજ્યો ત્યાં મોહ, કર્તવ્ય–સંબંધો સાચવ્યા અહો!' એ જ રીતે અર્જુન સાથે અરણ્યમાં ફરતાં યમુનાતીરે કાલિન્દી તપ કરી રહ્યાં હતાં. અર્જુને તપનો હેતુ પૂછતાં તેણીએ કહ્યું: 'હું ભગવાન સૂર્યની પુત્રી છું: કૃષ્ણને વરવા તપ કરું છું'. કૃષ્ણે રથમાં બેસાડી દ્વારકા લઈ જઈ વિધિસર તેની સાથે લગ્ન કરી ચંદ્રવંશ અને સૂર્યવંશને પ્રેમના નાતે જોડી એકત્વ સાધ્યું. એવી

જ રીતે અવન્તીના રાજા વિંદ અને અનુવિંદ દુર્યોધન અને જરાસંધના મિત્રમંડળમાં હતા, પણ તેમાંથી એકની પુત્રી મિત્રવિંદાએ સ્વયંવરમાં તરીકે ભગવાન કૃષ્ણને સ્વીકાર્યાં. બંને બંધુ રાજાઓ તેને વારતા રહ્યા પણ ઘણા રાજાઓની વચ્ચેથી કૃષ્ણ તેને હરી ગયા. ભદ્રાએ કૃષ્ણને પરણવાની ઇચ્છા બતાવી, જેથી કેકય દેશના સંતર્દન વગેરેએ બહેનને દાયજા સહિત કૃષ્ણને વરાવી. આમ આઠમાંની ચારને પટરાણીઓ તરીકે આ રીતે સ્થાપી તેમની સ્વતંત્ર ઇચ્છા અને વ્યક્તિત્વનું મૂલ્ય પ્રભુએ સ્થાપિત કર્યું.

### (क) ભરત સાથે ભાવાત્મક ઐકય

સત્ય અને શૌર્યથી અંકિત પ્રેમ દ્વારા એમણે બીજી ચાર પટરાણી અને તેમના પરિવાર સાથે વ્યાપક પ્રેમસંબંધ જે રીતે બાંધ્યો તે જોઈને સૂર્યભક્ત સત્રાજિતનો મણિ પહેરી તેનો ભાઈ પ્રસેન શિકાર કરવા ગયેલો. ત્યાં સિંહે તેને મારી નાખેલ. સિંહને જાંબુવાન રીંછે મારીને મણિ પોતા પાસે ગુફામાં રાખ્યો; પરંતુ સત્રાજિતે શંકાથી કૃષ્ણે તેના ભાઈનો વધ કરી મણિ છીનવી લીધો છે તેમ કલંક મૂકયું. આ કલંક ધોવા કૃષ્ણ જાંબુવાન પાસે ગયા. જાંબુવાને મણિ અને પોતાની પુત્રી જાંબવતી તેમને પરણાવી. આર્યેતર રીંછ જાતિ સાથે લગ્ન સંબંધથી જોડાઈ કૃષ્ણે આર્ય–આર્યેતર વચ્ચે લોહીના સંબંધથી એકતા સાધવાની પહેલ કરી. મણિ સત્રાજિતને આપી તેનો વહેમ દૂર કર્યો અને સત્રાજિતે પોતાની પુત્રી સત્યભામા કૃષ્ણને પરણાવી બેય પરિવાર વચ્ચે કાયમી પ્રેમસંબંધ દૃઢ કર્યો. એ જ રીતે મહાશક્તિધર સાત બળદોને એકીસાથે વશ કરી કોસલપુત્રી નાગ્નજિતીને તેમ જ મત્સ્યવેધ કરી ભારતભરના રાજવીઓને હતપ્રભ કરી તેમને મનથી વરેલી મદ્રરાજા બૃહત્સેનની પુત્રી લક્ષ્મણાને પરણ્યા હતા. આમ દ્વારકાથી માંડી કોસલ, વિદર્ભ, અવંતી, કેકય, મદ્રપ્રદેશ વગેરેનાં અનેક રાજગૃહોને રીઝવી કે નમાવી શ્રીકૃષ્ણે પ્રેમપૂર્વક ભારતના

મોટા વિસ્તાર સાથે મૈત્રીસંબંધ સાધવા ઉપરાંત સૂર્ય, ચંદ્ર, કોસલ, વિદર્ભ જેવા વંશો વચ્ચે સુમેળ કર્યો. સાથોસાથ આર્યેતર જાતિઓ સાથે લગ્નમેળ કરી આર્ય-આર્યેતરને એક કરવાની ભારતીય પ્રક્રિયાને ગતિશીલ બનાવી સમગ્ર ભારતને ભાવાત્મક ઐકયથી એકરસ કર્યો. આ બધી પટરાણીઓ તનમનથી પ્રભુને અનુસરતી હતી; તેમની છાયાની જેમ વર્તતી હતી. એથી એમનાં સ્વજન-પરિજન પણ દ્વારકેશને છાયાની જેમ અનુસરવા લાગ્યાં ને સૌ પ્રેમરસે રસાવા લાગ્યાં.

સર્વત્ર સર્વ ભાવોમાં, છાયામાત્ર રહી કરી;
પતિદેવ તણી સાથે, ધર્મપત્ની જ તે ખરી. (પા. ૫૫૧)

ભગવાને આમ પટરાણીઓને પોતાનો પ્રણય આપીને સંતુષ્ટ કરી. પત્નીઓ પણ પ્રભુની સમગ્રતા વિસ્તારવાના સકલ કાર્યમાં સાથ આપતી. આવા સૌભાગ્યવંતા સંસારની દેવો પણ ઈર્ષા કરતા. છતાં કૃષ્ણ સંસારમાં જરાય લેપાયા ન હતા. એમાં જ એમની યોગસિદ્ધિ રહેલી હતી.

સામાન્ય જીવની જેમ, લાગે જ્ઞાની વર્તતા;
કિંતુ લેપાય ના જ્ઞાની, લેપાતા સર્વ અન્ય જ્યાં (પા. ૫૫૩)

આ પ્રકારે નિર્લેપ રહીને સ્નેહના બંધને સૌને બાંધી ભગવાને એક બાજુથી નારીનું સ્વતંત્ર મૂલ્ય સ્થાપ્યું અને બીજી બાજુથી માનવ માનવ વચ્ચે ભાવાત્મક એકતા સાધી.

### (લ) અપહૃતા ઉદ્ધાર

(માલિની)

નરક અસુર લાવ્યો, રાજકન્યા હજારો;
હરણ કરી પરાણે, રાખી'તી જેલમાંહે;
તરત છૂટી થતાં તે, મુગ્ધ હૈયાં થકી સૌ;
પ્રણય સહિત કૃષ્ણ સત્પતિને વરી છે. (પા. ૪૯૮)

ભૌમાસુરે અનેક રાજાઓને હરાવીને તેમની કન્યાઓનાં અપહરણ કરી ગયો હતો. એમાં કોઈ કુંવારી હતી, કોઈ વાગ્દત્તા હતી, કોઈ પરણીને પિયર આવી હતી, કોઈને પતિ પાસેથી પણ ખૂંચવી તેનું બળાત્કારે અપહરણ કરી ગયો હતો. તે બધીને તેણે કેદખાને નાખી હતી અને પારાવાર યાતનાથી તેઓ રિબાતી હતી. આવી સોળ હજાર એક સો કન્યાઓ પોતાના છુટકારા માટે પ્રાર્થના કરતી હતી. આ બધા વિજયથી છકી ભૌમાસુરે ઇન્દ્રનું મણિપર્વ અને અદિતિનાં કુંડળ પણ છીનવી લીધાં હતાં. આમ માનવો અને દેવોએ કૃષ્ણ પાસે આવી નરકાસુરના અત્યાચારમાંથી અબળા-સબળા સૌનો મુકત કરવા યાચના કરી. સત્યભામા સાથે શ્રીકૃષ્ણ પ્રાગજ્યોતિષપુર પહોંચ્યા. ચારે બાજુ પહાડોની જબરી કિલ્લેબંદીવાળી મૂરદૈત્ય અને તેના સાત પુત્રોના ચોકી પહેરાથી રક્ષિત રાજધાની જીતવી બહુ દુર્ગમ હતી. સૌ પ્રથમ તો પાંચેય પ્રમાદો જેના મુખરૂપ બન્યા છે તેવા મહા પ્રમાદી પ્રબળ મૂરદૈત્ય સાથે ભારે યુદ્ધ થયું, પણ ભગવાને સુદર્શન ચક્રથી કુંભાર જેમ માટલાં ઉતારે તેમ તેનાં પાંચેય મસ્તક ઉતારી નાંખ્યાં. પ્રમાદથી પોષાયેલા તેના પુત્રો સમા, વિષય, નિંદા, મત્સરાદિ સાતેય દોષરૂપી તેના સાત પુત્રો પીડ નામના દૈત્યના સેનાપતિ પદે પ્રચંડ શસ્ત્રોની વર્ષા કરવા લાગ્યા; પણ તે બધાને યમદ્વારે પહોંચાડી દીધા. પછી પ્રચંડ ક્રોધ સાથે ભૌમાસુરે પોતાના રુધળા સૈનિક સહિત એકસામટો હુમલો કર્યો; પણ ભગવાનના અદ્ભુત પરાક્રમથી પરાભવ પામી સૌ નાસી છૂટયા. છેવટે ભૌમાસુર અને શ્રીકૃષ્ણ વચ્ચે તુમુલ યુદ્ધ થયું, જેમાં ભૌમાસુર મરાયો. તેનાં સગાં હાય-હાય કરવા લાગ્યાં અને ઋષિઓ તથા દેવો પ્રભુના યશને વધાવવા લાગ્યા. અદિતિ માતાને કુંડલો, વરુણને છત્ર અને ઈંદ્રને મણિપર્વ પાછા આપ્યાં. ભગવાને સૌથી પહેલું કામ અંપહતાઓની મુક્તિનું કર્યું. ભગવાનનું સ્વરૂપ અને શૌર્ય જોઈ, એમની અનહદ ઉદારતા અને અમી વરસતી આંખો જોઈ અપહતાઓ આનંદથી નાચી ઊઠી. ભગવાને એમને મુકત તો કરી,

પણ તે બોલી ઊઠી: 'અમારા પતિ અને પિતા અમારું રક્ષણ નથી કરી શક્યા અને તેઓ એવા ઉદાર નથી કે અમને પારકે ઘેર રહેનારને અપનાવી શકે. અમે અબળા છીએ, અનાથ છીએ, નિરાશ્રિત છીએ તેથી ક્યાં જઈએ? તમે જ નિર્બળના રક્ષક, જગતના આશ્રયરૂપ અને અનાથના નાથ છો. તો આપ જ અમને આશ્રય આપી સનાથ કરો. શ્રીકૃષ્ણ ભારતના ક્ષત્રિયોની કુંઠિત મનોવૃત્તિને જાણતા જ હતા; પણ એમનેય ઔદાર્યનાં મૂલ્યો આપવાં પડશે, સુગ્રાહિતા શીખવવાં પડશે એમ વિચારી કેવળ એમને આશ્રય જ ન આપ્યો, પણ જે પદની દેવાંગનાઓ પણ ઈર્ષ્યા કરે એવું મહાપ્રતિષ્ઠિત કૃષ્ણપત્નીનું પદ તેઓને આપ્યું. અપહૃતાઓનો ઉદ્ધાર થયો ને ભગવાને પોતાની યોગવિભૂતિથી વ્યાપક બની સોળ હજાર એકસોનું પાણિગ્રહણ કરી વિધિવત્ તેમનો સ્વીકાર કર્યો. પ્રત્યેક રાણીને કૃષ્ણ પોતાની સામે જ હોય એવું લાગતું અને તે રીતે એ પ્રભુની સેવામાં મગ્ન રહેતી. પતિભાવથી તેઓ કૃષ્ણમય બનેલી. તેમની સાથે કૃષ્ણે પોતાનાં એટલાં સ્વરૂપો સર્જ્યાં હતાં કે એ પતિ-પત્નીરૂપે બધાં યુગલો કાર્ય કરતાં. એ બધી જ્યારે કૃષ્ણના જગવત્સલ સ્વરૂપનો અનુભવ કરતી ત્યારે પોતાનો દેહભાવ ભૂલી જઈને કેવળ પ્રેમરૂપ જ બની જતી હતી. બહારથી જ તેમનું દાંપત્ય દેખાતું હતું, અંદરથી તો કેવળ એકત્વ એટલે પ્રેમરસનું રમણ જ હતું. આવી આત્મરસે રસાયેલી રાણીઓનું સ્મરણ કરતાં સંતબાલ કહે છે:

> નારી-ઐક્ય વરી લીધું, અન્યાયાનિષ્ટ હરીને;
> અવતાર તણું કૃત્ય, આ રીતે પ્રભુ સાધતા. (પા. ૫૨૫)

આમ ભગવાને વ્રજમાં જે નિર્મળ નિર્દોષ પ્રેમલક્ષણા ભક્તિનો પ્રયોગ કર્યો હતો તે જ વ્યવહારમાં જ્યારે કર્તવ્યરૂપે ખડો થયો ત્યારેય તેમાં લેશ પણ મોહ-આસક્તિ કે રાગની છાંટ લાવ્યા વિના આઠેય પટરાણી અને સોળ હજાર એકસો સન્નારીઓ અને તેમનાં

સગાંવહાલાં સૌને સ્વજન બનાવી, સૌનો સ્નેહ જીતી, પારકાંને પોતીકાં બનાવી, વેરઝેરને સ્થાને એમણે પ્રેમ-મૈત્રીનું રસામૃત પીરસી જીવનને જાણવા-માણવા જેવું બનાવી દીધું. એની અદ્‌ભુતતાનું વર્ણન કરતાં સંતબાલ કવે છે:

(અનુષ્ટુપ)

સ્નેહ વિનોદ નિઃસંગી, શુદ્ધ શૃંગારી યૌવન;
જોયું, જાણ્યું અને માણ્યું, શ્રીકૃષ્ણ પ્રભુ જીવન
વ્રજ ને દ્વારકા વચ્ચે, પરાયાં પોતીકાં જનો;
ત્યાં તજ્યો મોહ, કર્તવ્ય-સંબંધો સાચવ્યા અહો! (પા. ૫૩૫)

## (૩) અવતારી કાર્યનો આરંભ

થાય છે ધર્મની ગ્લાનિ, ને ઉપાડ અધર્મનો;
ત્યારે ત્યારે હું આત્માને, ઉપજાવું છું ભારત.
દુષ્કૃતોના વિનાશાર્થે, રક્ષાર્થે સાધુઓ તણા;
ધર્મ-સંસ્થાપના માટે, સંભવું છું યુગે યુગે,
(ગીતા અ. ૪. શ્લો. ૭/૮)

ગોકુળ-વ્રજ-વૃંદાવનમાંથી આસુરી તત્ત્વોને હઠાવી ગ્વાલો અને ગોપજનો પરનો ત્રાસ નિવારી એમને પ્રેમાનુશાસનની છત્રછાયા નીચે અધ્યાત્મ-પુટવાળું ન્યાયનીતિશીલ અને ધર્મપૂર્વકનું જીવન જીવતા કર્યા. જીવન અને પોતાનું સર્વસ્વ શ્રીકૃષ્ણની આજ્ઞામાં અર્પણ કરનાર ગોપીઓ દ્વારા જ્ઞાતિ, જાતિ, પંથ ને પરાયાના ભેદથી મુક્ત કેવળ સર્વત્ર વાસુદેવને જોનારા દર્શનથી દીપતું કરી જીવનને સમતા ને પ્રેમના માધુર્યથી મઢનારી ગોપીઓએ ભગવાનના વિરહ વખતે સ્વયં ભગવાનની જેમ જીવીને વ્રજને જીવંત રાખ્યું હતું. દ્વારકાને પણ આક્રમણકારી આસુરી તત્ત્વોના ભયથી મુક્ત કરી મૂર અને નર્કાસુરના ત્રાસમાંથી છોડાવેલી સન્નારીઓ અને સારાયે ભારતની સજ્જન

શક્તિના સારાંશ સમી પટરાણીઓના પ્રેમથી અંકિત કરી અક્રૂરજી અને ઉગ્રસેનજીની છત્રછાયા નીચે એકત્વથી રસી દઈને પ્રભુએ સુધર્મની વ્યવસ્થાનો આરંભ કર્યો હતો. ભલે તેની અસર ભારત પર હતી છતાંય તે પ્રયોગ પણ દ્વારકાક્ષેત્રની આસપાસ પ્રવર્તતો હતો. હવે ભગવાને બૃહદ્ ભારત તરફ નજર ફેરવી. હસ્તિનાપુરની જ સ્થિતિ જોતાં ખ્યાલ આવ્યો કે કંચનત્યાગી, કેવળ બ્રહ્માર્થે જીવન જીવનાર વિદ્યાવિદ્ બ્રાહ્મણો રાજ્યાશ્રયના બદલામાં વિદ્યા વેચી રહ્યા છે. કૃપાચાર્ય રાજપુત્રોને વિદ્યાદાન આ રીતે દઈ રહ્યા છે. પોતાના અપમાનનો બદલો લેવાના ડંખથી દ્રોણાચાર્ય પણ રાજ્યાશ્રય લઈ એ જ માર્ગે વળી રહ્યા છે. દ્રુપદની વેરતૃપ્તિ માટેના યજ્ઞનું યજન સ્વીકારનાર બ્રાહ્મણો પણ તેના આશ્રયે હાજર હતા. આમ બ્રાહ્મણો યાચક, લાલચુ અને યજમાન-આશ્રિત બનતા જતા હતા અને તેઓ ક્ષત્રિયો પર પોતાનો પ્રભાવ રાખવાને બદલે એમના પ્રભાવ નીચે આવી ગયા હતા. વૈશ્યો, પ્રજાપાલન અને પોષણનું યજ્ઞકાર્ય ચૂકીને મયદાનવ જેવી વિદ્યા શીખી રાજ્યાશ્રય મેળવી જળને સ્થળ અને સ્થળને જળ બતાવનારી એટલે કે સાચાને જૂઠું અને જૂઠાને સાચું કહી કેવળ માયાના મોહમાં ફસાઈ માનવોને બદલે દાનવો બનતા જતા હતા. સેવકો અર્થના દાસ બનીને ક્ષત્રિયોના અન્યાયને પણ નભાવી લેતા હતા. આમ ક્ષત્રિયોનું વર્ચસ સર્વોપરી થતાં રજોગુણે ઘેરો ઘાલ્યો હતો. 'હું'' અને 'મારા વંશના' અભિમાનથી સામસામા પડકારો કરી તેઓ લડતા હતા. ભીષ્મ જેવા પણ પોતાના વંશમાં જ પ્રિય કન્યા જોઈએ તેમ કહી વાગ્દત્તા સહિત ત્રણેય કન્યાઓનું અપહરણ કરી જતા હોય, હજારો રાજકન્યાઓને અસુરો ગોંધી રાખતા હોય તો સામાન્ય સ્ત્રીજનની હાલત શી હશે? સ્ત્રીઓને ઢોરની જેમ મિલકત માની ગુજરી-બજારમાં વેચાય, જુગારમાં રમાય, તેમનું અપહરણ થાય, સવેલાં પણ ઊપાડી જવાય એવી અરાજકતા સામે પ્રજા એક અક્ષર પણ ન બોલે તેવી ભયભીત અને દીન બની

જવાથી પ્રજાધર્મનો હ્રાસ થયો હતો. જ્યાં રાજ્યના વડીલ સ્વાર્થમાં અંધ બની પક્ષપાતી બન્યા હોય ત્યાં ન્યાય શેનો મળે ? જ્યાં કેવળ સત્તા અને સંપત્તિ પ્રાપ્ત કરવાનું જ લક્ષ્ય રાખી દુષ્ટ આયોજનો નિર્માણ થતાં હોય તેને અનુરૂપ દુષ્ટ શાસન એટલે કાનૂનો ઘડાતા હોય ત્યાં રાજધર્મનો પણ હ્રાસ થઈ જાય છે. ક્ષાત્રધર્મ તો રહેતો જ નથી. આમ ચારેય વર્ણના અને રાજા-પ્રજા બધાના ધર્મો ક્ષીણ થયા હોય, ઊલટાનાં અસત્યો સત્યના વાઘા પહેરીને, અધર્મ ધર્મનું ઓઢું લઈને ધૂર્તતાની જ વૃદ્ધિ કરતા હોય, ધૃતરાષ્ટ્ર અને કૌરવગણ ભીમને ઝેર આપે. લાક્ષાગૃહમાં જીવતા પાંડવોને સળગાવી મૂકે અને તેમના નાશ માટે ને એમને ત્રાસ આપવા માટે ભયંકર કાવતરાં કરાય ત્યારે પણ જાહેરમાં વિદુરજી, ભીષ્મ, દ્રોણ કે કૃપાચાર્ય પણ વિરોધ ન કરે અને ન્યાયનીતિ ને સત્યમાં સ્થિર તેવા ધર્મરાજા યુધિષ્ઠિર મન, વચન, અને કાયાથી ધર્મરાજાની આજ્ઞા પ્રમાણે વર્તવામાં દઢ તેવો વજ્ર સંકલ્પી ભીમ, સરલ હૃદયી બાણાવળી અર્જુન, નમ્રતાના અવતાર સમા નકુળ પ્રભુ કે દેવ જિવાડે તેમ જીવનાર શ્રદ્ધાળુ સહદેવ વગેરે અને ભક્તહૃદયા કુંતાજી પર આવા ત્રાસ થતા હોય તો સામાન્ય સજ્જનોના શા હાલ હશે ? એ વિચારથી જ શ્રીકૃષ્ણે નિર્ણય કર્યો કે પાંડવોને સક્રિય કરી તેમના દ્વારા સજ્જનોને સંગઠિત કરી, વ્યવસ્થિત કરી તેમને માર્ગદર્શન આપી તેમની એક બાજુથી રક્ષા કરવી; બીજી બાજુથી દુર્જનોને એક પછી એક અને એકત્રિત રૂપે પણ તેમનાં દુષ્કૃત્યોનો પ્રતિકાર કરી દાંડ તત્ત્વોને દંડવાં ને તેમની બુદ્ધિને જ વધુ ભમાવી તેમના પાપે જ તે મરે તેવો વ્યૂહ રચવો. સાથોસાથ ભક્તો અને સજ્જનો અને સમ્યક્ દર્શનરૂપી સુદર્શન વડે ધર્મચક્રનો પણ વિસ્તાર વધારતા જવો.

## (ક) સજ્જનોની રક્ષા અને સહાય

આમ વિચારી ભગવાને અક્રૂરજીને હસ્તિનાપુરના સમાચાર

લેવા અને કુંતાજી તથા પાંડવોને સાંત્વન તથા સહાય આપવા માટે રવાના કર્યા. અક્રૂરજીના આગમનથી કુંતાજી–પાંડવોને ખૂબ સંતોષ થયો. એમણે પણ વિદુરજી, ધૃતરાષ્ટ્ર, દુર્યોધન તેમજ વિકર્ણ અને સમગ્ર રાજકારણીઓની મુલાકાતો લઈને અને પ્રજાનાં ભિન્ન ભિન્ન જૂથોમાં ફરીને પરિસ્થિતિનો પૂરો કયાસ કાઢી કૃષ્ણ ભગવાનને તેનાથી વાકેફ કર્યા અને કહ્યું :

સાવ નજીકની લોહીસગાઈ મમતામયી;
ન્યાયી કર્તવ્ય ચુકાવે જો મોટા નરનું તહીં;
તો ત્યાં નિમિત્ત નાનુંય મહાયુદ્ધ મચાવશે;
માટે ઘર થકી માંડી વિશ્વે સૌ સાવધાન હો. (પા. ૪૫૬)

અક્રૂરજીની સાવધાનીએ શ્રીકૃષ્ણને જાતે જઈને પાંડવોને સાથ દેવા સાબદા કર્યા. ભગવાન જઈને સૌને મળ્યા, ભેટયા એથી તેમને એટલું પ્રોત્સાહન મળ્યું કે પાંડવોની તમામ પીડા શાંત થઈ ગઈ. એટલું જ નહીં પણ તેમને ભારે મોટી પ્રતિષ્ઠાનું બળ પણ મળ્યું.

જાતે આવી હરે, પીડા, ભક્ત એ પાંડવો તણી,
પરોક્ષેય મળે તેમ, કૃષ્ણ સદાય કાયમી. (પા. ૪૯૨)

કૃષ્ણે સહાયની સાથેસાથે દૃષ્ટિ પણ આપી.

## (ખ) સંસ્કૃતિ–સમવાય અને જરાસંધ-વધ

મુખ્ય તમોગુણી જ્યાં હો, કિંવા રજોગુણી ઘણા;
સદ્ધર્મી પુરુષાર્થીઓ, અંતે જીતી જશે તિહાં, (પા. ૫૨૯)

ભગવાનની પ્રેરણાથી યુધિષ્ઠિર મહારાજે રાજસૂય યજ્ઞ કરવાની ઇચ્છા કરી. ભગવાને હાજર થઈ તેનું સ્વરૂપ સમજાવ્યું અને કહ્યું કે "જરાસંધ અને તેનું મિત્રમંડળ પોતાની એક–શાસનીય પરંપરા બધા પર લાદીને ધાક મારફત સરમુખત્યારી કરવા માગે છે. તે તમોગુણપ્રધાન છે. સાત્ત્વિક શાસનચક્રમાં ભિન્ન ભિન્ન પ્રજાઓને પોતાના રાજકર્તા

પસંદ કરવાની અને આંતરિક સાંસ્કૃતિક પરંપરા જાળવવાની પૂરેપૂરી સ્વતંત્રતા હોવી જોઈએ. ભિન્ન ભિન્ન પ્રજા પોતાની સ્વતંત્રતા જાળવીને અધર્મ અને આક્રમણનો સામનો કરવા એ ચક્ર નીચે નિર્ભયતાથી આવે. જે અભય ચક્ર પ્રેમ અને સમજાવટથી જ તેમની સાથે કામ લે તે સાત્ત્વિક પ્રધાન છે. જેમા વૈવિધ્યની મુક્તતા છતાં સંસ્કૃતિના સારગ્રાહી સંગમ માટે ભિન્ન ભિન્ન પ્રજાઓ પરસ્પરના લગ્નસંબંધથી સંકળાય, સંસ્કૃતિસંગમ સરલ બને. આમ સમન્વય અને સમવાયથી શોભતા સ્વતંત્રતા, સમાનતા અને સંયમપ્રધાન સાત્ત્વિક ચક્રની સ્થાપના માટે રાજસૂય યજ્ઞ કરી આપ ચક્રવર્તી બનો તે પહેલાં એક અધૂરું કામ બાકી રહ્યું છે તે જરાસંધ અને તેના મિત્રમંડળના એકચક્રી સરમુખત્યારી શાસનનો અંત આણવો જોઈએ. આ કાર્ય આપનાથી થાય તેમાં હું સર્વ પ્રકારે સાથ આપવા છતાં યશ તો આપને જ મળે એવી મારી કાર્યપ્રણાલી છે. એટલે આપને જ એની પહેલ કરવાની રહે છે. મારી ગુપ્ત મદદ મળશે, આ કાર્ય પાર પાડવા માટે ઉદ્ધવ વગેરેની સલાહ મુજબ અમે ભીમસેનને અમારી સાથે લઈ જઈશું. કામ યુદ્ધ કરતાં વધુ યુક્તિથી પાર પાડવાનું છે." યુધિષ્ઠિર મહારાજે રજા આપી તે પછી બ્રાહ્મણ વેશે ભીમસેન, અર્જુન અને કૃષ્ણ જરાસંધ પાસે આવ્યા. જરાસંધે માગવાનું કહ્યું એટલે ભીમે દ્વંદ્વ યુદ્ધ માગ્યું. જરાસંધને ભીમ લડવા લાગ્યા. ભીમ તેનાં ફાડિયાં કરે છતાં તે પાછાં સંધાઈ જતાં. કૃષ્ણે સંકેત કરી ભીમને યુક્તિ બતાવી દીધી અને જરા-સંધના ટુકડા કરી સંધાવા ન પામ્યા અને મૃત્યુ પામ્યો. આમ જરાસંધે કારાગારમાં રાખેલા વીસ હજાર આઠસો રાજાઓએ મુક્ત થઈ પાંડવોના ધર્મછત્ર નીચે, લક્ષ્મી અને સત્તાના મદના પંજામાંથી મુક્ત થઈ ધર્મરાજાની આજ્ઞા પ્રમાણે વર્તવા પ્રસન્નતા બતાવી. આમ ભગવાનની હાજરીથી ખૂબ વિકટ, મુશ્કેલ ને દુર્લભ લાગતાં

કામ પણ સાવ સુલભ થાય છે; કેમ કે

પોતે ગુપ્ત ઉપાદન, અને નિમિત્ત ઉભયે;
એમ બધું કરે પોતે, દે તોયે યશ અન્યને. (પા. ૫૨૫)
સહાય પ્રભુની હોય, ત્યાં થાતું સર્વ પાધરું;
કેમ કે જગસ્વામી જ્યાં, અધૂરું પૂર્ણ ત્યાં થતું. (પા. ૪૬૨)

આમ અધૂરુ કામ પૂરું કરી સૌ હસ્તિનાપુર આવ્યા અને સર્વત્ર રાજસૂય યજ્ઞનાં આમંત્રણો મોકલ્યાં.

## (ગ) રાજસૂય યજ્ઞ

કુમર્ત્યો પશુઓ દૈત્યો, જ્યારે તે એકઠાં થતાં;
ત્યારે લોકો દ્વિજો સંતો, એકત્રિત થવાં ઘટે.
તો કાયમ ટકે વિશ્વે, શાંતિ ને સમતોલતા;
જીતે સત્ય–અહિંસા, ને ફરકે ધર્મની ધજા. (પા. ૫૩૯)
કાળ પાકચે બધાં, પુણ્યશાળી એકત્ર સામટાં
થાયે પ્રભુકૃપાથી તો, અંતે સૌ પાપી હારતાં. (પા. ૪૫૮)

કૃષ્ણ, ભીમ અને અર્જુન જરાસંધનો વધ કરી વીસ હજાર આઠસો રાજવીને પોતાના અનુશાસન નીચે લાવ્યાના સમાચાર જ્યારે જાણ્યા ત્યારે યુધિષ્ઠિર નમ્રાતિનમ્ર બની ભગવાનને કહેવા લાગ્યા : “હે સચ્ચિદાનંદ સ્વરૂપ! આપ જે કંઈ કરો છો તે આપની જ લીલા છે. અમને યશ અપાવવો એ તો આપની કૃપાલીલાનો એક ભાગ છે. આપની આજ્ઞાનો અગાધ મહિમા છે. માટે આપ રાજસૂય યજ્ઞની આજ્ઞા આપો.” ભગવાને કહ્યું : “જયારે અસુરી ભાવવાળા કુમાનવો અને પાશવી ભાવવાળા દૈત્યો એકત્ર થઈ અધર્મનો પ્રચાર કરતા હોય ત્યારે સંતો અને દ્વિજોને અર્થાત્ સત્યનિષ્ઠ બ્રાહ્મણો ને ભક્ત-સેવકોને તેમ જ આર્ય-આર્યેતર તમામ પ્રજાને અને ગુણકર્મ પ્રમાણે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય ને સેવકના ધર્મ બજાવનારા ધર્મી લોકોને

એકત્ર કરવા માટે જ આવા યજ્ઞો યોજાય છે, જે દ્વારા અધર્મ હટાવી સત્ય–અહિંસાનો ધર્મધ્વજ ફરકતો કરી વિશ્વમાં શાંતિ અને ન્યાયની સમતુલા જળવાય છે. માટે જરૂર સાચો રાજ્યધર્મ સ્થાપન કરતો રાજસૂય યજ્ઞ કરો." ભગવાનની આજ્ઞા મળતાં જ એમના કહેવા પ્રમાણે ધર્મરાજાએ વ્યાસજી, ભરદ્વાજજી, ગૌતમ, વિશ્વામિત્ર, જૈમિની જેવા ઋષિઓ, દ્રોણાચાર્ય, કૃપાચાર્ય જેવા શ્રેષ્ઠ બ્રાહ્મણો, ભીષ્મપિતામહ, ધૃતરાષ્ટ્ર પરિવાર, વિદુરજી તથા બધા રાજવીઓને બહુમાનથી સન્માન્યા. શ્રીકૃષ્ણે ત્યારે તે સૌના ભોજન પછીનાં પાત્રો ઉપાડવાની સેવા માગીને નમ્રાતિનમ્રપણું દાખવ્યું. એથી તો બધાએ એક અવાજે યજ્ઞની અગ્રપૂજાના શ્રીકૃષ્ણને અધિકારી ઠેરવી દીધા. યુધિષ્ઠિર મહારાજ આંખમાં અશ્રુસહિત ભગવાનનાં ચરણ પખાળવા લાગ્યા અને સમગ્ર સભામંડપ 'નમોનમઃ'ના ઉચ્ચારોથી પોતાના અહોભાવની અભિવ્યક્તિ કરવા લાગ્યો.

## શિશુપાલવધ

કૃષ્ણનું મહામાન શિશુપાલથી સહન ના થયું. ભગવાનની શક્તિ તો તે જાણતો હતો પણ ઈર્ષાથી ધૂંધવાઈ તેજોદ્વેષથી લાલઘૂમ થઈ બરાડવા લાગ્યો : "મોટા મોટા તેજસ્વી ઋષિમુનિઓને છોડી દઈને જેને કોઈ કુળ કે વર્ણ નથી, જેણે બધાં કુળવર્ણોને એક કરી નાખ્યાં છે તેવા આ ગોવાળિયાની અગ્રપૂજા શી રીતે થાય?" એમ કહી એના મિત્રજૂથ સહિત ખલેલ કરવા લાગ્યો અને ભગવાનને ગાળો દેવા લાગ્યો.

જગે હોય જનો કેક, જાણે સાચુ, ન આચરે;
ને પડે સત્ય સામેય, હૈયે ધૂંધવ્યા કરે. (પા. પર૯)
સત્યાર્થી જૂથ સામે થૈ, તેજોદ્વેષ કરી લડે;
સમાજનો બને કાંટો, કાઢે કંટક તે પ્રભુ.

ભગવાનની નિંદા ન સાંભળી શકવાથી તેમના ભક્તરાજાઓ ઢાલતલવાર સહિત સભા બહાર નીકળવા તત્પર થયા. શિશુપાલે તેમનો પણ ખેધો લીધો તેથી ઝઘડો થવા લાગ્યો. એટલે ભગવાને જાતે ઊઠી પોતાનો પક્ષ લેનારાને શાંત કર્યા અને સુદર્શન ચક્રથી શિશુપાલનું માથું ઉતારી લેતાં જ શિશુપાલના હૃદયમાંનું તેજ શ્રીકૃષ્ણમાં ભળી ગયું. આ જોઈ બધાંને આશ્ચર્ય થયું.

## (ઘ) શાલ્વ, દંતવક્ત્ર, પૌંડ્રકનો નાશ

(ઉપજાતિ છંદ)

મદાંધને શુચિ ભાવ નાવે;
છે ક્ષુદ્ર પોતે પ્રભુ કૃષ્ણ સામે;
દંતવક્ત્ર, શાલ્વ, કરુષ કૂદ્યા,
ને મૃત્યુએ તેહને સદ્ય લૂંટયા. (પા. ૫૩૫)

શ્રીકૃષ્ણ રાજસૂય યજ્ઞમાં ઈંદ્રપ્રસ્થમાં હતા એ તકનો લાભ લઈ શિશુપાલનો મિત્ર શાલ્વ શંકરના વરદાનથી મળેલું વિમાન લઈ દ્વારકા પર ચડી આવ્યો. વિમાનમાંથી શસ્ત્રોની વૃષ્ટિ થઈ. બાગબગીચા, મહેલો, કિલ્લા અને દરવાજા તેના પ્રહારોથી ભાંગવા લાગ્યા. પ્રદ્યુમ્ન પ્રજાની રક્ષા માટે લશ્કર લઈને બહાર આવ્યો. શાલ્વ અને યાદવો વચ્ચે રોમાંચ ઊભાં કરે એવું યુદ્ધ ચાલ્યું. પ્રદ્યુમ્નની છાતી ગદાપ્રહારથી ફાટી જતાં તે મૂર્ચ્છિત થયો. તેના સારથિ દારુકપુત્રે તેને યુદ્ધથી દૂર લઈ જઈ મૂર્ચ્છામાંથી મુક્ત કરવા સારવાર કરી. જાગ્રત થતાં જ સારથિને યુદ્ધથી દૂર લઈ આવવા બદલ ઠપકો આપી દેહબચાવની નિંદા કરીને સીધો જ પ્રદ્યુમ્ને વિમાનનો સામનો કર્યો. તેવામાં કૃષ્ણાદિ આવી પહોંચ્યા અને શાલ્વ તથા તેના વિમાનને નષ્ટ કરી નાંખ્યાં.

પૌંડ્રક પોતાને સાચો વાસુદેવ મનાવતો અને કૃષ્ણને મારવા તે જયારે આવ્યો ત્યારે તેને પણ પ્રભુએ મારી નાખ્યો. શાલ્વ મરાયો જાણી

તેનો મિત્ર દંતવક્ત્ર મિત્રનું વેર લેવા એકલો જ કૃષ્ણ સામે ઊછળી ઊઠયો. ભગવાનની ગદાનો તેની છાતી પર પ્રહાર થતાં તે ચત્તોપાટ પડયો ને તેનું કાળજું ફાટી ગયું. તે લોહી ઓકતો ભગવાનમાં સમાઈ ગયો. એ જ રીતે ઘમંડી કરુષ કૂદી પડયો અને વિદુરથ પણ ઢાલતલવાર લઈ ભગવાનને મારવા દોડ્યો. ભગવાને તેમને ધરાશાયી કરીને દ્વારકામાં પ્રવેશ કર્યો.

## (ચ) શત્રુમંડળ અને અસુરદળ–સંહાર

શ્રીકૃષ્ણ તેમના પુત્રો અને પૌત્રોનો પરિવાર શૌર્ય, ઐશ્વર્ય અને પ્રભુએ સ્થાપેલાં મૂલ્યોને વિકસાવવા ને વિસ્તારવા તેમ જ આસુરી બળોને પરાસ્ત કરી અસુર વિનાની ધરા બનાવવાના શ્રીકૃષ્ણ-કાર્યમાં નિષ્ઠાથી લાગી ગયા.

## શંબરાસુરવધ

રુકિમણીની કૂખે કામદેવે પ્રદ્યુમ્નરૂપે જન્મ લીધો. તે જ્યારે દશ દિવસના હતા ત્યારે શંબરાસુર વેશ બદલી તેમનું અપહરણ કરી ગયો અને સમુદ્રમાં ફેંકી દીધા. સમુદ્રમાં તેમને મગરમચ્છ ગળી ગયો અને એ જ મચ્છ માછીમારોથી પકડાઈ ગયો. એને એમણે શંબરાસુરને ભેટ આપ્યો. એને તેણે રસોડામાં મોકલાવ્યો. તેને કાપતાં પ્રદ્યુમ્ન તેમાંથી નીકળ્યા. રસોઈયાએ દાસી માયાવતીને તે સોંપ્યા. માયાવતીએ એમને ઉછેરી મોટા કર્યા અને બધા પ્રકારની માયાવિદ્યા શીખવી અને તેમની સાથે લગ્ન પણ કર્યું. છેવટે શંબરાસુરનો વધ કરી પ્રદ્યુમ્ન દ્વારકામાં પહોંચી ગયા. ઘણાં વર્ષ પછી પુત્ર પાછો મળતાં રુકિમણીજીનાં સ્તનોમાંથી દૂધ ઝરવા લાગ્યું અને સૌના હર્ષનો પાર ન રહ્યો.

## રુકમીની હત્યા અને બલ્વલવધ

પ્રદ્યુમ્ને પોતાના મામાની દીકરી રુકમવતીનુ અપહરણ કર્યું.

બહેનને રાજી રાખવા રુકમીએ તે લગ્ન મંજૂર કર્યું અને એ પછી પ્રદ્યુમ્નપુત્ર અનિરુદ્ધ સાથે એની પૌત્રી રોચનાનું લગ્ન યોજ્યું એ પ્રસંગે બળદેવજી ત્યાં આવેલા. તેમની સાથે જુગારની રમતમાં જીત બાબત રુકમીને ઝઘડો થતાં બલદેવજીએ ગદા મારીને તેની હત્યા કરી. એ જ રીતે બલ્વલ નામના દૈત્યને મારીને યજ્ઞશાળાની પણ બલરામે રક્ષા કરેલી.

## (છ) બાણાસુર પર વિજય

બલિરાજાના મોટા પુત્રનું નામ બાણાસુર હતું. તેની પુત્રીએ સ્વપ્નમાં અનિરુદ્ધને જોયો. તે મનોમન તેને વરી. તેની સખી ચિત્રલેખાએ સિદ્ધિમય શક્તિથી પલંગસહિત અનિરુદ્ધને રાત્રે જ તેના મહેલમાં કોઈ જાણે નહિ તેમ હાજર કરી દીધો. બેયનાં હૃદય પ્રણયરસથી રસાઈ ગયાં. બાણાસુરને ખબર પડી એટલે અનિરુદ્ધને નાગપાશથી બાંધી દીધો. અનિરૂદ્ધને છોડાવવા બલરામ, પ્રદ્યુમ્ન, અને ભગવાન પોતે શોણિતપુર પહોંચ્યા. બાણાસુરની મદદમાં શિવજી અને તેમની સેના આવી પહોંચ્યાં. ઘમસાણ યુદ્ધ મચ્યું. શિવસેના વેરણછેરણ થઈ ગઈ. બાણાસુરની ભુજાઓ કપાઈ ગઈ. આખરે નમીને પોતાની કન્યાનો ગંધર્વ-વિવાહ મંજૂર કર્યો અને પોતે કૃષ્ણભક્ત બની ગયો. આમ શ્રીકૃષ્ણે નરાધમ રાજાઓ, ગર્વિષ્ઠ મદાંધો અને દૈત્યો તથા અસુરોનો પૃથ્વી પરનો ભાર હળવો કરી દ્વારકાને બધા પ્રકારના ભયથી મુક્ત કરી.

## (જ) યંદુવંશીઓનું નૈતિક આધિપત્ય

ભગવાન કૃષ્ણે અને તેમના વંશજોએ પૃથ્વી પરનો ભાર હટાવ્યો હોવાથી એમનો પ્રભાવ સારાય ભારત પર છાઈ ગયો. સર્વગ્રાસ સૂર્યગ્રહણ નિમિત્તે કુરુક્ષેત્રમાં મળેલા મહામેળામાં આ વિશે પૂરેપૂરો પરિચય થયો. કુરુક્ષેત્રમાં પોતાના પક્ષના, શત્રુપક્ષના અને

તટસ્થ એવા અનેક રાજવીઓ આવ્યા હતા. કુંતાજી, વસુદેવજી, દેવકી, ઉગ્રસેનજી, નંદ, યશોદા, ગોપીઓ, દ્રૌપદી અને કૃષ્ણની પટરાણીઓ સહિત ૧૬૧૦૮ રાણીઓ, પાંડવો, કૌરવો, ગાંધારી અને ઋષિમંડળ ત્યાં આવ્યાં હતાં. વસુદેવજીએ યજ્ઞમહોત્સવ કર્યો, નંદબાબા અને ગોપીઓને ભેટો આપી અને સૌએ એકબીજાના કુશળ સમાચાર પૂછી ભગવાન અને બલરામ પાસે બધાએ માર્ગ-દર્શન માગ્યું કે જે રીતે આપે વ્રજગોકુળ ને વૃંદાવનમાં ધર્મપરાયણ સમાજ રચ્યો છે, જે રીતે આપ દ્વારકામાં સ્વતંત્રતા, સમાનતા અને સમતાથી સર્વને સાચવી ઉગ્રસેન અને અક્રૂરજીની છત્રછાયામાં ગણતંત્ર વિકસાવી રહ્યા છો, એ રીતે સારાયે ભારતમાં ધર્મરાજ્યની સ્થાપના કેમ અને ક્યારે કરવી એ માટેની દોરવણી આપો. ભગવાને ઋષિમુનિઓ, સંતો અને સેવકોને વિનયપૂર્વક એમનો ધર્મ સમજાવતાં કહ્યું :

(ઉપજાતિ)

આ દેશની સંત – પરંપરાએ;
સાથે લીધી ભારતની પ્રજાને;
સદ્ધર્મ દ્વારા જગપ્રેમ જીતી;
યુગે યુગે વર્ણવિશુદ્ધિ કીધી. (પા. ૧૮૪)

બ્રાહ્મણોએ રાજ્યાશ્રય સ્વીકારવાથી, ક્ષત્રિયો મદાંધ થવાથી, વૈશ્યો લોભવશ વર્તતા હોવાથી અને સેવકો સ્વાર્થી થવાથી વર્ણવ્યવસ્થા-નો અનુબંધ તૂટી ગયો છે. તેનો ઉપાય એ છે કે ક્રાંત સંતના માર્ગ-દર્શન નીચે સંતો, ભક્તો ને સેવકો પ્રજાનું ઘડતર કરી તેના સ્તરને ઊંચો લઈ લોકનીતિનો ઉત્કર્ષ કરે અને લોકનીતિને શ્રુતિ દ્વારા પુષ્ટ કરનાર ધર્મિષ્ઠ રાજા પ્રજામાં અભય, સ્વાતંત્ર્ય, સંયમ અને સામાજિક ન્યાયપરસ્ત સત્યને સર્વત્ર પ્રતિષ્ઠિત કરે તો ગોકુળવ્રજની આદર્શ ગ્રામરચનાને લક્ષમાં રાખી, દ્વારકાની સુવ્યવસ્થાનો વ્યવહાર

જાળવી ભારત પણ આ માર્ગે પ્રયાણ કરી શકે. સૌ મનોમન સમજી ગયાં કે એવી પાત્રતા ધર્મરાજા યુધિષ્ઠિર જ ધરાવે છે. તે જ વર્ણવિશુદ્ધિ કરશે.

(૪)

## પાંડવવિજય અને ધર્મસંસ્થાપન

### (ક) યુદ્ધનું મૂળ

હાંસી–મજાક મર્મઘ્ન, છતાં જે મર્ત્ય આચરે;
તેનાં કુફળ ચાખે છે; વે'લાં–મોડાંય તે ખરે. (પા. ૫૩૨)

દુર્યોધન ધર્મ ને અધર્મ બંને જાણતો હતો, પણ તેને અધર્મમાં રાચવું ગમતું હતું. તે સત્તાલોભી અને મત્સરથી આંધળો બની ગયો હતો. એવામાં મયદાનવે રચેલી પાંડવસભામાં જ્યાં જળ સ્થળ જેવું દેખાતું હતું અને સ્થળ જાણે જળ જેવું, દુર્યોધને જ્યાં સ્થળ હતું ત્યાં કપડાં ઊંચાં લીધાં અને જળ હતું ત્યાં જમીન માનીને તેમાં તે લપસ્યો તેથી તેનાં કપડાં બગડયાં. આ દૃશ્ય જોઈ દ્રૌપદી અને ગોખમાં બેઠેલ સૌ હસી પડયાં. આ અપમાનથી તે ક્રોધ ભરાયો અને ચાલ્યા ગયો અને પાંડવો ઉપર તેનું વેર વાળવાની યોજના ઘડવા લાગ્યો. એણે યુધિષ્ઠિરને કપટથી જુગારમાં હરાવ્યા. રાજ-પાટ લઈ લીધું. બાર વર્ષ વનવાસ અને એક વર્ષ ગુપ્તવાસ મળ્યો તોય યુધિષ્ઠિર ન સમજ્યા. છેવટે દ્રૌપદીને હારી બેઠા. ભરીસભામાં દ્રૌપદીની નિર્લજ્જ મશ્કરી ને અપમાન કરી દુઃશાસને ને દુર્યોધને હાંસીનું વેર લીધું. સામે દ્રૌપદીએ દુઃશાસનના લોહીથી ચોટલો રંગવાની પ્રતિજ્ઞા લઈ વેર-અગ્નિમાં ઘી હોમ્યું. તેર વર્ષ પસાર થયાં અને યુધિષ્ઠિર મહારાજે રાજ્ય નહીં પણ કેવળ પાંચ ગામ આપે તોય યુદ્ધ ટાળવા શ્રીકૃષ્ણને વિષ્ટિકાર તરીકે મોકલ્યા. દુર્યોધને મચક ન આપી. યુદ્ધ અનિવાર્ય બન્યું ત્યારે યુધિષ્ઠિરે કહ્યું :

(સવૈયા એકત્રીસા)

ધર્મયુદ્ધ જ્યાં અનિવાર્ય, ત્યાં અવશ્ય કરવું જ પડે;
કિંતુ અહિંસક સમાજ રાખવા, અયુદ્ધ-ભાવો પ્રિય ગણવા.
(પા. ૫૧૯)

વિજય, સત્ય, સામાનું સન્માન અને યુદ્ધનાં ધોરણો જાળવીને લડવા છતાં મનમાં કયાંય યુદ્ધ-ઘેલછા આવે નહીં તેવી સાવધાનીથી યુધિષ્ઠિર મહારાજે યુદ્ધ પડકાર ઝીલ્યો. ભગવાન કૃષ્ણ એમના માર્ગ-દર્શક સારથિ રહ્યા અને યાદવોનું લશ્કર દુર્યોધનના પક્ષે કૃષ્ણના આદેશથી રહ્યું. યુદ્ધમોરચે જ અર્જુનના અયુદ્ધના ભાવોએ વિશાદનું રૂપ પકડ્યું. ભગવાને મોહ અને કર્તવ્યધર્મ સમજાવતાં ગીતાનો મર્મ સમજાવીને તેને યુદ્ધ માટે સજ્જ કર્યો. યુદ્ધમાં વિજય તો થયો, પણ ગમે તેટલી સાવધાની છતાં યુદ્ધને પોતાનું જે અનિષ્ટ હોય છે તે ભાગ ભજવી ગયું. યુધિષ્ઠિરના મિશ્ર સત્યે તેમના રથને હેઠે પાડ્યો. ભગવાન કૃષ્ણે શસ્ત્રને બદલે રથના પૈડાનો ઉપયોગ કર્યો. દુર્યોધનની જાંઘ પર ગદા મારવી પડી. અશ્વત્થામાએ નિર્દોષ સૂતેલા પાંડવપુત્રો હણ્યા ને બ્રાહ્મણત્વ વિરોધી નિંદ્ય કર્મ કર્યું. ભીષ્મ જેવા કંચન-કામિની-ત્યાગીએ પણ અર્થદાસત્વની લાચારી અનુભવી અને યાદવ-સેનાને યુદ્ધઘેલછાએ છાકટી કરી. પૃથ્વીને ભારરૂપ હતા તેવા મદાંધો રણમાં રોળાયા અને અનાથો ઊભરાયાં. આમ છતાં સામા-જિક સત્ય જીત્યું. યુધિષ્ઠિર મહારાજ ગાદીએ આવ્યા.

## નિષ્પક્ષ સત્યનિષ્ઠ ધર્મરાજ્ય

અવ્યક્ત નીતિ ને ન્યાય, ને વ્યક્ત વિશ્વશાંતિ છે;
મેળવ્યો તાલ બંનેનો, સત્પ્રયોગે યુધિષ્ઠિરે.

વનવાસ દરમિયાન જે વનવાસી પ્રજા અને સમગ્ર ભારત સાથે સાંસ્કૃતિક સંબંધો સાંધ્યા તે સંસ્કૃતિસંગમમાં કામ આવ્યા.

ભગવાન કૃષ્ણની જેમ જ નીચ–ઉચ્ચ ગોત્રના અભિમાનથી મુક્ત રહી યુધિષ્ઠિર મહારાજે પૌરવી સાથે, ભીમે હિડંબા રાક્ષસી સાથે, અર્જુને કાલી, નાગકન્યા અને મણિપુરની ચિત્રાંગદા તેમજ સુભદ્રા સાથે, સહદેવે પર્વતકુમારી વિજયા સાથે, નકુલે કરેણુમતી સાથે લગ્ન કરી નાગ, રાક્ષસ, ગાંધર્વ, પહાડી લોકો ઉપરાંત ઉત્તમ આર્ય કુટુંબો સાથે પાંડવોએ લોહીના સંબંધો બાંધ્યા, તેમના પુત્રો મોસાળમાં રહી આર્ય-સંસ્કૃતિના વાહકો બન્યા. રણમોરચે પણ ગટોરગચ્છ અને બભ્રુવાહનને અગ્ર સરદારી મળેલી, તેમાં શૌર્યથી સૌને તેમણે ચકિત કરી દીધેલા. આમ સંસ્કૃતિસંગમમાં અને અધિકારની અગ્રતામાં આર્ય–આર્યેતરને સમાન સ્થાન આપી સમગ્ર ભારતમાં ભાવાત્મક એકતાનું ભગવાને કાર્ય ઉપાડેલું હતું તેનાં બીજ રોપ્યાં અને એમના નિષ્પક્ષપાત અને ભગવાનવશ ધર્મશાસનથી પરિસ્થિતિમાં પરિવર્તન આણ્યું. વરસાદ નિયન્તિત થવા લાગ્યો, વનસ્પતિ; લતા, ઔષધિ ને ગાયો પ્રજા ખાતર સુફળ દેવા લાગ્યાં. દૈવિક, ભૌતિક અને આત્મિક ક્લેશ વિદાય થયા.

યુદ્ધઘેલછા અને સત્તાસંપત્તિથી મદોન્મત્ત બનેલા યાદવ યુવકો, તરુણો ને કુમારોમાંથી પણ વિનય વિદાય થવા લાગ્યો હતો ભગવાનને લાગ્યું કે એનોય ભાર પૃથ્વીને લાગે તે હળવો કરવો જોઈએ. એવામાં બન્યું એવું કે જાંબવતીના પુત્ર સાંબે સ્ત્રીવેશ ધરી સગર્ભાનો ડોળ કરી તેના પેટે શું જન્મશે એમ પૂછી મુનિઓની મશ્કરી કરી. મુનિઓએ કહ્યું : 'તે એક મુસલને જન્મ આપશે જે તમારા કુળનો નાશ કરશે.' જેમ કુરુક્ષેત્રમાં બંને પક્ષે આવેલા રાજાઓ એકબીજાના હાથે નાશ પામ્યા તેમ. દારૂના મદથી મદોન્મત્ત થઈ યાદવો પણ યાદવાસ્થલીમાં પરસ્પર કપાઈ મૂઆ. આમ ભગવાન ભૂમિને ભારરૂપ રાજાઓને નષ્ટ કરવાનું અને ધર્મરાજ દ્વારા ધર્મરાજ્યનાં બીજ વાવવાનું અવતારી કાર્ય પૂરી કરી સ્વયં પણ સ્વધામ સિધાવ્યા.

## (ખ) ભગવાનનો ધર્મસંદેશ

ભગવાનનું જીવન જ સ્વયં સંદેશરૂપ હતું. એમની વ્રજવૃંદાવનની લીલાએ વ્રજને વૈકુંઠથી પણ રમણીય બનાવે તેવાં નીતિ, ધર્મ, ન્યાય ને અધ્યાત્મરસ–સભર કરી આદર્શ ગ્રામનું ચિત્ર રજૂ કર્યું હતું. દ્વારકામાં એમની હાજરીએ નિષ્પક્ષ ને ધર્મશાસનની પરંપરા વિકસાવી હતી અને તેનું સાતત્ય જોખમાતાં પોતાની સાથે જ એમણે દ્વારકા અને દ્વારકાલીલાનુંય વિસર્જન કર્યું. યુધિષ્ઠિર દ્વારા એમણે ધર્મરાજ્યનું ઉદાહરણ ઊભું કરવા પ્રયત્ન કર્યો. વળી એમણે કુરુક્ષેત્રના યુદ્ધનિમિત્તે અર્જુનને સર્વ વેદ–વેદાંત, ઉપનિષદ અને સર્વધર્મના સાર જેવી ગીતાનું જે દાન કર્યું તે જગતને શાશ્વત ધર્મનો સંદેશો આપી રહે છે. એ જ રીતે યાદવોના સર્વનાશ વખતે ઓધવને બચાવી અગિયારમા સ્કંધમાં જે જ્ઞાનોપદેશ આપ્યો તે પણ શાશ્વત છે. ભાગવત જ્ઞાનીઓ, સંતો, ભક્તો અને તત્ત્વજ્ઞો, યોગીઓ અને વિભૂતિઓને સદાય માર્ગદર્શન આપતો ભગવાનનો તે અક્ષરદેહ છે અને ભગવાન વ્યાસે એમાં ભગવાનનાં યશ, ઐશ્વર્ય, વીર્ય, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય ને ધર્માદિ વૈભવોનું વર્ણન કરી, એને જ શ્રીકૃષ્ણના અવતાર રૂપે પ્રગટ કર્યો તે પણ કૃષ્ણસંદેશ રૂપે જગતના જીવોને સદાય ભક્તિરસામૃત પાતો જ રહેવાનો છે. ભગવાન સ્વધામ ગયા પછી દ્વારકાનો વિનાશ, અર્જુનનું લૂંટાવું, યુધિષ્ઠિરાદિનું સ્વર્ગગમન વગેરે દ્વારા ભગવાને એ સંદેશો પણ આપ્યો કે ભલે દેશકાળ ને પરિસ્થિતિને કારણે હિંસાનો માર્ગ લેવાઈ જાય તો પણ તે અંતે તો ધર્મસ્થાપના માટે વિઘ્નરૂપ નીવડે છે, કેમ કે જેવું સાધન વપરાય છે તેવો જ ચિત્તમાં સંસ્કાર ઊભો થાય છે. હિંસક યુદ્ધે જે કુસંસ્કાર ચિત્તમાં ઊભો કર્યો તેમાંથી અહિંસક સમાજ ખુદ ભગવાન પોતે પણ નિર્માણ કરી શક્યા નહીં. એ જ સૂચવે છે કે

હિંસાનો માર્ગ અંતે તો, નકામો નિષ્ફળ ઠરે;
જ્ઞાની તેથી કહે નિત્ય, સફળ અહિંસા ખરે.
આમૂલાગ્ર જગ–શુદ્ધિ, કાજે શસ્ત્ર પ્રયોગ જો;
જાતે પ્રભુ કરે તોયે, જગતશુદ્ધિ થતી ન તો. (પા. ૨૪૮)
શાને શસ્ત્રપ્રયોગોને, ચાલુ રાખો મનુસુતો ?
ધર્મ છે શ્રેષ્ઠ અહિંસા, તે માની સર્વ ચાલજો.
એવી શીખ દઈ વિશ્વે, સિધાવ્યા યુગવીર એ,
તેથી બન્યા પૂર્ણાત્મા ને જગના વિશ્વવંદ્ય તે. (પા. ૨૫૩)

શ્રીકૃષ્ણે જ બારમા સ્કંધમાં કરેલી આગાહી પ્રમાણે બુદ્ધાવતારમાં ભગવાન બુદ્ધ અને મહાવીરે એ સંદેશો ફેલાવ્યો કે,

'હણો ના પાપીને, દ્વિગુણ બનશે પાપ જગનાં;
લડો પાપો સામે, અડગ દિલના ગુપ્ત બળથી.

ગણરાજ્યો એ દિશામાં ચાલ્યાં ન ચાલ્યાં ત્યાં તો મહારાજ્યો તેમને ગળી ગયાં. પચીસમી સદી પછી મહાત્મા ગાંધીએ આત્મબળથી અહિંસાના પ્રયોગો કરી ભારતને મુક્તિ તો અપાવી પણ એમની સત્ય-અહિંસાની સાધના માટે જે સાત્ત્વિક વાતાવરણ જોઈએ તે ન રચાયું. તમોગુણ–સભર વિજ્ઞાનપ્રેમી પશ્ચિમે મહાસંહારક શસ્ત્રોથી આજે સૃષ્ટિનાશ ઊભો કર્યો છે અને રજોગુણરત ભારત સંપત્તિ ને સત્તાની સ્પર્ધામાં વીંખાઈ રહ્યું છે તેવે સમયે સત્ત્વ–સભર અહિંસક પ્રયોગ કરનાર અવતારી વિભૂતિનો પ્રકૃતિ રાહ જોઈ રહી છે કે ક્યારે કલ્કી પ્રગટે ?

## (ગ) કૃષ્ણનું વત્સલ કૃપાળુ સ્વરૂપ

સહી સંકટ પોતે જે, વિશ્વે વાત્સલ્ય પાથરે;
સર્જે સુધાભર્યું વિશ્વ, કૃષ્ણ ઝેર બધાં પીને. (પા. ૩૩૧)

અસુરોના કાળસ્વરૂપ, દુષ્ટોને દમનારા, પાપીઓના પ્રાણ લેનાર પ્રભુનું અસલ સ્વરૂપ તો કુસુમથી પણ કોમળ અને માખણથી પણ

અધિક મૃદુ હતું. અસલ તો તે વાત્સલ્ય અને કૃપારસના રસનિધિ જ છે. સહાયક પ્રત્યે તો સદ્ભાવ સૌને હોય પણ વેરભાવથી આવેલાં પૂતના, કંસ, શિશુપાલ, દંતવક્ત્ર–ને પોતાના પ્રકાશમાં સમાવી પાર્ષદ–પદ આપનાર પ્રભુની કૃપાને કોણ વર્ણવી શકે ? ! પિતાને ગળી જનાર અજગરને જેનો કૃપાસ્પર્શ શાપમુક્ત કરી સુદર્શન કરાવે છે, બાણુાસુરને ભક્તિનું દાન દે છે, એની કૃપાની અસીમતા જ અદ્ભુત છે ! એ પછી યશોદા માતાના દોરડાથી બંધાઈ જવામાં અને સોળ હજાર એકસો આઠ રાણીઓના હૃદયરંજન માટે સંસાર-બંધને એમનું બંધાવું પણ એમની અસીમ કૃપા જ હતી. ડંખ દઈ મૂર્ચ્છિત કરનાર કાલીનાગને જે સ્વાતંત્ર્ય આપે છે, તે નાગણી પ્રત્યેની અનોખી કૃપા જ છે ! અને ગોવાળોને સજીવન કરવામાં, અગ્નિપાન કરવામાં અને ગોવર્ધનધરણુના કષ્ટવેદનમાં તો તેમના વાત્સલ્યનાં પૂર હેલે ચડે છે. ગોપીઓના સ્વાત્માના સંગે ભાવાલિંગનમાં, ઉદ્ધવ–બલરામને સંદેશા લઈને મોકલવામાં અને યાત્રા-સમયની ઉર ઉરની એકતામાં ભગવાનની અસીમ કૃપા જ ગોપીઓને કૃષ્ણુમય બનાવી દે છે. કુબ્જા અને અક્રૂરને સત્સ્વરૂપના દાનમાં અને સામેથી એમને ઘેર પધારી એમને પ્રતિષ્ઠિત કરવામાં એમની વ્યવહારસિદ્ધ કૃપા જ છતી થાય છે. ગુરુદેવના પુત્રને યમદ્વારેથી પાછા લાવવામાં દેવકીમાતાને મૃત બાળકોનાં દર્શન કરાવવામાં અને અર્જુનની ટેક જાળવવા બ્રાહ્મણુપુત્રોને હાજર કરવામાં એમની વત્સલકૃપા અદ્ભત આશ્ચર્ય ઉત્પન્ન કરે છે. દ્રૌપદીનાં ચીર પૂરનાર, વિદુરની ભાજી જમનાર, સુદામાને હૃદય સરસા ચાંપી સ્વસંપત્તિના સ્વામી બનાવનાર, શ્રુતદેવ અને બહુલાશ્વના અતિથિ બની તેમનું બહુમાન કરનાર શ્રીકૃષ્ણુની કૃપા તો સદાય ભક્તોને આશ્વાસનરૂપ રહી છે. મનુષ્ય તો ઠીક પણ વૃક્ષોનેય પોતાના પ્રેમળ સ્વરૂપથી કુબેરપુત્રનું પુનર્પદ આપ્યું. કાચિંડાનેય નૃગનું નિજ સ્વરૂપ બક્ષનાર કૃષ્ણુની કૃપા તો માનવથી માંડીને પશુ ને વનસ્પતિ સુધી વિસ્તરી વ્યાપક ને વ્યાપક

બનતી જાય છે અને બીજાંને વ્યાપક વિભૂતિનાં દર્શન કરાવતી જાય છે. ખુદ બલરામના રોષનીય ચિંતા કર્યા વિના સુભદ્રાના હરણને માન્ય કરાવવામાં તેમની મિત્રકૃપાનાં દર્શન થાય છે. તેમ જ અભિમન્યુની રક્ષામાં, પરીક્ષિતના બચાવમાં એમની વત્સલતા રહેલી છે. પાંડવોની વંશવેલને જીવતી રાખવામાં, ઓધવને જ્ઞાનામૃત અર્પવામાં અને અર્જુનનો ગીતા દ્વારા વ્યામોહ દૂર કરવામાં રહેલી એમની કૃપા યુગયુગોના અર્જુનોના કર્તવ્ય–સંમોહ દૂર કરશે. જ્ઞાનીની ભક્તિને પુષ્ટ કરતાં ગીતા અને ભાગવતના અગિયારમા સ્કંધ દ્વારા એમણે વર્તમાન અને ભાવિ પેઢી પર પણ અપાર કૃપાની ગંગા વહેતી રાખી છે. તેથીય વિશેષ એમની કૃપાનાં દર્શન થાય છે નારદ દ્વારા વ્યાસજીને પ્રેરિત કરી ગ્રંથરૂપે સ્વયંને પ્રગટ કરવામાં. એમની કૃપા જ સાક્ષાત્ ભાગવતનો અક્ષરદેહ ધરીને અક્ષરરૂપે સાકાર બની છે. એમનું રસાત્મક સ્વરૂપ અવનિને પોતાની કૃપાથી રસી રસામૃતની રેલ રેલાવે છે. એ અમૃતરસની રસરેલી સદાય પ્રેમવેલીને પમરાવે છે, મુક્તિનાં પુષ્પ–પરાગથી મહેકતી કરે છે, જ્ઞાન-વૈરાગ્યના ફળથી ફલિત કરે છે અને મુક્તિના બીજને પુષ્ટિથી પરિશુદ્ધ કરી દુનિયાના ઝેરને અમૃતમાં ફેરવી નાખે છે.

## ભગવદ્દાવતાર ભાગવત

ભાગવતને ભગવાનનો વાણીદેહ કહ્યો છે. એ ભગવાનનો ગ્રંથાવતાર છે. ભાગવતની ભાષામાં એવી તો અદ્ભુત કળા કેળવાયેલી છે કે એમાં ભૂમિકા પ્રમાણે ચારેય પ્રકારની વાણીનું રસપાન થઈ શકે છે. ચૈતન્યદેવ જેવા પરાવાણીનું પ્રેમામૃત પીને સમાધિ ભાષાના ભાવોમાં રમમાણ રહી સર્વત્ર સર્વભાવે શ્રીકૃષ્ણનાં દર્શન કરે છે અને કરાવે છે. મહાપ્રભુ વલ્લભાચાર્ય એમાં સગુણ સાકાર કૃષ્ણનો સાક્ષાત્કાર કરી સમાધિરસની સાથે તત્ત્વ-પદાર્થ-સભર પશ્યંતીનો પ્રસાદ પીરસી પુષ્ટિનો પ્રવાહ વહેતો કરે છે. એકનાથ મહારાજ

તત્ત્વરસાયણ પી પીને સ્વાનુભવ-સભર જ્ઞાન, ભક્તિ ને વૈરાગ્યની જીવંત નિર્ઝરણી સરતી કરે છે. નરસિંહ તેની વૈખરી વાણીના પરાગ સમા નામકીર્તનના પ્રભાવે ભાવુકોનું ભજનસૃષ્ટિ દ્વારા ઊર્ધ્વારોહણ કરાવી ભાવભક્તિની મહેક પ્રસરાવે છે. સંતબાલજી મધ્યમાને માધ્યમ બનાવી ભક્તિનો પરિમલ પીરસતા પીરસતા ધર્મચ્યુત સમાજને ધર્મદૃષ્ટિએ વિચરવાના પ્રયોગ પ્રેરતી બોધભાષાને પ્રાધાન્ય આપે છે. આમ ભાગવત પરાવાણીથી સમાધિરસ, પશ્યંતિ વાણીથી સત્ત્વપુષ્ટિ, મધ્યમાથી ધર્મોત્થાન અને વૈખરીથી હરિકીર્તન દ્વારા પાપનું નિવારણ કરી મુક્તિ અપાવે છે ભાગવતના આવા વ્યાપથી શ્રીકૃષ્ણના જીવન દ્વારા અખંડાનંદ સરસ્વતીજી, ડોંગરેજી મહારાજ, કૃષ્ણશંકર શાસ્ત્રીજી, પાંડુરંગજી, નાનાભાઈ ભટ્ટ, ઈંદિરાબેટીજી વગેરેએ પોતાના ભગવત્-પરાયણ જીવનનાં અનુભવ-અમૃત પ્રગટ કરેલ છે. એના શ્રવણ-વાચનનો અલ્પ પ્રસાદ માણી સંતબાલજી મહારાજની ઉપસ્થિતિમાં કેટલીક શિબિરોમાં અને સ્વાધ્યાય ચર્ચાઓમાં પ્રાસંગિક ભાગવતના લેખનના આધારે કૃષ્ણચરિત્ર આલેખવા મેં બાળચેષ્ટા કરેલી. ગોપીઓ સાથેના મહારાસરમણ સુધીના આલેખનથી તેઓએ પ્રસન્નતા પ્રગટ કરેલી, એટલે એમાં એમની સંમતિ માનીને આ કૃષ્ણચરિત્ર રજૂ કરવાની મેં ચેષ્ટા કરી છે. દ્વારકાગમન પછીનું ચિત્રણ તેઓ જોઈ શક્યા નથી એટલે એમાં ક્ષતિઓ રહેવા પામી હોય તે મારી અલ્પજ્ઞતાને કારણે છે ચાર ફરમા જેવડી લગભગ પુસ્તિકા થાય તેવડા કૃષ્ણચરિત્રના આલેખનમાં ગુરુકૃપા-દર્શન અને શ્રીકૃષ્ણ પ્રત્યેનો અહોભાવ-સભર પ્રેમાનુભૂતિનો પ્રવાહ જ મુખ્ય રહ્યો છે અને તેથી જ બાળક જેવી કાલીઘેલી ભાષામાંય ભગવાનની ગુણ-પ્રશસ્તિની ધૂનમાં આ લખી નાખેલું છે. એ લખવા પાછળ સંતબાલજી મહારાજની સર્વધર્મ-ઉપાસનામાં રહેલી સુગ્રાહિતાએ સર્વત્ર સત્ રૂપ આત્મદ્રવ્યને નિહાળતી એકત્વ જોવાની સમ્યક્દૃષ્ટિ જે એમને સદ્‌ગુરુ શ્રી નાનચંદ્રજી મહારાજે આપેલી તે એમણે કેવી વિકસાવી છે તે બતાવવાના કૃતજ્ઞ ભાવે

મને પરાણે ઘસડયો છે એમ કહું તોયે ખોટું નથી. સંતબાલજી મહારાજ પ્રત્યેનો ભક્તિભાવ મને તેમ કરવા પ્રેરતો રહ્યો છે; એમાંયે શ્રીકૃષ્ણની મહેર જ મુખ્ય છે તેમ માની વીરમીશ. આ લેખનમાં મોટા ભાગના શ્લોકો–છંદો સંતબાલજી મહારાજે જેમ આપ્યા છે તેમ છે. એક બે ટકામાં કાવ્યશુદ્ધિની દૃષ્ટિએ પદફેર કર્યો છે અને અર્થ વ્યવસ્થિત સમજાવવા બે ટકામાં પાઠાંતર કરવાની છૂટ લેવા બદલ એમની ક્ષમા માગું છું, અને તેમ કરવા બદલ વાચક પણ ક્ષમ્ય ગણે.

—દુલેરાય માટલિયા 'સંતસાથી'

# અનુક્રમણિકા


| ક્રમ | પ્રકરણ | પાન નં. |
|---|---|---|
| ૧૨૩. | યદુવંશની ઉત્પત્તિ | ૩૦૫ |
| ૧૨૪. | યદુવંશ વર્ણન | ૩૦૬ |
| ૧૨૫. | પરીક્ષિતની કૃષ્ણલીલાજિજ્ઞાસા | ૩૦૮ |
| ૧૨૬. | પ્રભુને અવતાર લેવા પ્રાર્થના | ૩૧૧ |
| ૧૨૭. | આકાશવાણી અને કંસની ક્રૂરતા | ૩૧૩ |
| ૧૨૮. | દેવકીજીનું ગર્ભહરણ અને શેષાવતાર | ૩૧૮ |
| ૧૨૯. | દેવકી-કૂખે અવતરણ | ૩૨૦ |
| ૧૩૦. | અવતરણનો અવસર | ૩૨૪ |
| ૧૩૧. | પ્રભુ-પ્રાગટ્ય | ૩૨૬ |
| ૧૩૨. | યશોદાજીને ખોળે | ૩૨૮ |
| ૧૩૩. | યોગમાયાને આદેશ | ૩૩૧ |
| ૧૩૪. | નંદ-વસુદેવ મિલન | ૩૩૩ |
| ૧૩૫. | પૂતના-સ્તનપાન | ૩૩૫ |
| ૧૩૬. | પૂતનાનો મોક્ષ | ૩૩૮ |
| ૧૩૭. | શંકટભંગ | ૩૪૧ |
| ૧૩૮. | તૃણાવર્તવધ | ૩૪૩ |
| ૧૩૯. | નામકરણ સંસ્કાર | ૩૪૬ |
| ૧૪૦. | બલરામ અને કૃષ્ણ | ૩૪૯ |
| ૧૪૧. | કનૈયો વ્રજલાડકો | ૩૫૨ |
| ૧૪૨. | કૃષ્ણમુખમાં વિશ્વદર્શન | ૩૫૫ |
| ૧૪૩. | દામોદરલીલા | ૩૫૭ |
| ૧૪૪. | કુબેરપુત્રોની શાપમુક્તિ | ૩૬૦ |
| ૧૪૫. | કૃષ્ણની બાળલીલા | ૩૬૨ |
| ૧૪૬. | વૃંદાવનની પસંદગી | ૩૬૪ |
| ૧૪૭. | વૃંદાવન પ્રત્યે પ્રયાણ | ૩૬૬ |
| ૧૪૮. | અઘાસુરવધ | ૩૬૯ |
| ૧૪૯. | બ્રહ્માજી કસોટી કરે છે | ૩૭૨ |
| ૧૫૦. | ધેનુકાસુરનો નાશ | ૩૭૫ |

૧૫૧. ગોપબાળ સજીવન કર્યાં ૩૭૮
૧૫૨. કાલીયનાગ નાથ્યો ૩૮૦
૧૫૩. કૃષ્ણનું અગ્નિપાન ૩૮૩
૧૫૪. બલરામે પ્રલંબાસુર હણ્યો ૩૮૫
૧૫૫. બીજી વાર અગ્નિપાન ૩૮૯
૧૫૬. વસ્ત્રહરણ ૩૯૧
૧૫૭. બ્રાહ્મણપત્નીઓની સહૃદયતા ૩૯૪
૧૫૮. ઈંદ્રયજ્ઞની અવહેલના ૩૯૫
૧૫૯. ગોવર્ધનધરણ ૩૯૯
૧૬૦. શ્રીકૃષ્ણનો અભિષેક ૪૦૨
૧૬૧. પ્રેમસંન્યાસિની ગોપિકાઓ ૪૦૪
૧૬૨. મહારાસરમણ ૪૦૭
૧૬૩. રાસ-રહસ્ય ૪૧૦
૧૬૪. સુદર્શનની શાપમુક્તિ ૪૧૧
૧૬૫. માધવનું મધુરાદ્વૈત ૪૧૨
૧૬૬. અરિષ્ટાસુર-વ્યોમાસુર-વધ ૪૧૪
૧૬૭. અક્રૂરજીનું આગમન ૪૧૬
૧૬૮. ગોપીઓની વિરહવ્યથા ૪૧૯
૧૬૯. મથુરામાં આગમન ૪૨૨
૧૭૦. કાને મથુરાને ઘેલું કર્યું ૪૨૪
૧૭૧. કુબ્જાને સૌન્દર્યદાન ૪૨૭
૧૭૨. ધનુષ્યભંગ ૪૨૯
૧૭૩. અપશુકનોની અકળામણ ૪૩૧
૧૭૪. કંસવધ ૪૩૩
૧૭૫. કર્તવ્યપૂર્તિ ૪૩૫
૧૭૬. આશ્રમી શિક્ષણ અને ગુરુદક્ષિણા ૪૩૮
૧૭૭. ઉદ્ધવ-નંદ સંવાદ ૪૪૧
૧૭૮. ગોપીની દિનચર્યાને કુતૂહલતા ૪૪૬
૧૭૯. ગોપીઓની કૃષ્ણ પ્રત્યે તાલાવેલી ૪૪૮

| | | |
|---|---|---|
| ૧૮૦. | વ્રજવાસીઓની પ્રેમલક્ષણા ભક્તિ | ૪૫૧ |
| ૧૮૧. | કુબ્જા અને અક્રૂરને પ્રેમદાન | ૪૫૩ |
| ૧૮૨. | અક્રૂરજીની હસ્તિનાપુરની મુલાકાત | ૪૫૬ |
| ૧૮૩. | જરાસંધ સાથે યુદ્ધ | ૪૫૮ |
| ૧૮૪. | દ્વારિકાનિર્માણ અને કાલયવનનો નાશ | ૪૬૨ |
| ૧૮૫. | મુચુકુંદ કથા | ૪૬૪ |
| ૧૮૬. | રણછોડે રણ છોડયું | ૪૬૭ |
| ૧૮૭. | રુક્મિણીનો કૃષ્ણપ્રેમ | ૪૬૯ |
| ૧૮૮. | રુક્મિણીનો સંદેશો | ૪૭૩ |
| ૧૮૯. | શિશુપાલને વાગ્દાન અને કૃષ્ણનું આગમન | ૪૭૬ |
| ૧૯૦. | રુક્મિણી હરણ | ૪૭૯ |
| ૧૯૧. | યુદ્ધ અને વિજય | ૪૮૨ |
| ૧૯૨. | પ્રદ્યુમ્ન પ્રાગટ્ય | ૪૮૬ |
| ૧૯૩. | જાંબવતી અને સત્યભામા સાથે લગ્ન | ૪૮૯ |
| ૧૯૪. | શતધન્વા વધ | ૪૯૦ |
| ૧૯૫ | પાંડવભેરુ કૃષ્ણ ને કાલિંદીવરણ | ૪૯૨ |
| ૧૯૬. | સત્ક્ષત્રિયતા ને પ્રાણિગ્રહણ | ૪૯૫ |
| ૧૯૭. | ભૌમાસુરવધ ને અપહૃતાઓનો સ્વીકાર | ૪૯૮ |
| ૧૯૮. | રુક્મિણીના અહંકારનું મર્દન | ૫૦૨ |
| ૧૯૯. | અનિરુદ્ધ અને શત્રુવધ | ૫૦૪ |
| ૨૦૦. | ઉષાઅનિરુદ્ધ ગાંવર્ધવિવાહ | ૫૦૭ |
| ૨૦૧. | નૃગરાજ ચરિત્ર | ૫૧૦ |
| ૨૦૨. | બલરામનું વ્રજગમન અને પૌંડ્રકવધ | ૫૧૩ |
| ૨૦૩. | બલરામથી દ્વિવિદનો અંત | ૫૧૫ |
| ૨૦૪. | બલરામનું પરાક્રમ | ૫૧૯ |
| ૨૦૫. | એકની અનંતલીલા | ૫૨૧ |

| | |
|---|---|
| ૨૦૬. ભીમદ્વારા જરાસંધવધ | ૫૨૫ |
| ૨૦૭. શિશુપાલવધ | ૫૨૯ |
| ૨૦૮. ઈર્ષ્યા-આગમાં બળતા દુર્યોધનની હાંસી | ૫૩૨ |
| ૨૦૯. શાલ્વ અને દંતવક્ત્રનો વધ | ૫૩૫ |
| ૨૦૧. બલરામનો એકરાર અને બલ્વલવધ | ૫૩૯ |
| ૨૧૧. સુદામાચરિત્ર | ૫૪૩ |
| ૨૧૨, કૃષ્ણસુદામા મિલન | ૫૪૬ |
| ૨૧૩. કૃષ્ણસુદામા સંવાદ | ૫૪૮ |
| ૨૧૪. મૈત્રીનો પ્રસાદ | ૫૫૧ |
| ૨૧૫. યાત્રાવસરે પ્રેમીઓનાં મિલન | ૫૫૩ |
| ૨૧૬. શ્રીકૃષ્ણનો નિર્લેપ નિર્વિકારી પ્રેમ | ૫૫૬ |
| ૨૧૭. ૭ દેવકીપુત્રો યમદ્વારેથી પાછા લાવ્યા | ૫૫૮ |
| ૨૧૮. સુભદ્રાહરણ | ૫૬૧ |
| ૨૧૯. ભક્તવત્સલ | ૫૬૩ |
| ૨૨૦. વેદસ્તુતિ | ૫૬૫ |
| ૨૨૧. શિવજીનું સંકટ હર્યું | ૫૬૯ |
| ૨૨૨. ભગવાન વિષ્ણુનો સર્વોત્તમ શ્રેષ્ઠતા | ૫૭૨ |
| ૨૨૩. સખાવત્સલ શ્રીકૃષ્ણ | ૫૭૪ |
| ૨૨૪. શ્રીકૃષ્ણની જલકમલવત્ નિર્લેપતા | ૫૭૭ |
| ૨૨૫. કૃષ્ણપત્નીઓની કાંત કાંતભક્તિ | ૫૮૦ |
| ૨૨૬. અવતારીકાર્યની ઇતિ | ૫૮૨ |
| ૨૨૭. ભગવાન ઋષભદેવનો મોક્ષમાર્ગ | ૫૮૫ |
| ૨૨૮. ભક્તના પ્રકાર | ૫૯૧ |
| ૨૨૯. માયાનું સ્વરૂપ | ૫૯૪ |
| ૨૩૦. માયાતરણોપાય | ૫૯૮ |
| ૨૩૧. સત્યનારાયણ—પરમાત્માનું સ્વરૂપ | ૬૦૨ |

| | | |
|---|---|---|
| ૨૩૨. | કર્તવ્યકર્મ, વિકર્મ અને અકર્મ | ૬૦૫ |
| ૨૩૩. | ધર્મકથાનુયોગ | ૬૦૯ |
| ૨૩૪. | દત્તાત્રેયના ચોવીસ ગુરુ | ૬૧૩ |
| ૨૩૫. | આત્મવિદ્યા કેવી રીતે પ્રાપ્ત કરવી ? | ૬૧૮ |
| ૨૩૬. | સત્કર્મ, ભકિત અને જ્ઞાનયોગ | ૬૨૧ |
| ૨૩૭. | ચતુર્વિધ ધ્યાનનું સ્વરૂપ | ૬૨૬ |
| ૨૩૮. | પ્રભુનો સ્વધામવાસ | ૬૩૦ |
| ૨૩૯. | કલિપ્રવેશ અને કલિદમર્નનો ઉપાય | ૬૩૨ |
| ૨૪૦. | પૂર્ણાહુતિ | ૬૩૭ |

# ઈશ્વર

લાકડા પર ફરતો રંધો લાકડાને કડવો તો ખૂબ લાગે પરંતુ એ લાકડાનો દેહ રંધાથી છોલાઈને સુંવાળો બને, અવનવું ઘડતર પામે, અવનવાં રૂપરંગ પામે, કિંમત–યોગ્યતામાં અનેક ગણો વધારો થાય ત્યારે એ રંધાની કડવાશ છોલાઈ ચૂકેલા ફરનિચરને સાલતી નથી.

ઈશ્વરનું પ્રત્યેક વિધાન પણ આવી જ રીતે જીવના કલ્યાણના હેતુથી યોજાયું હોય છે, પરંતુ જીવ અજ્ઞાનવશ હોઈ ઈશ્વરના વિધાન સામે બબડયા કરે છે.

સુતારરૂપી ઈશ્વર દુઃખરૂપી રંધો લઈને માનવીના જીવનને ઘડે છે. જગતબજારમાં એની યોગ્યતાને વધારે છે.

ઈશ્વર જગતનો નિયંતા છે અને તેથી એ તટસ્થ છે. એ માત્ર પ્રિયકર જ નથી, ભયંકર પણ છે અને હિતકાર પણ છે. એનું પ્રત્યેય સર્જન અગર વિસર્જન વિશ્વની આંખમાં કલ્યાણનું અંજન આંજવા માટે જ યોજાયું હોય છે.

હા, એ નિયંત્રણ કડવું લાગે ખરું, પરંતુ તે તો ઓસડ જેવું. એ આરંભમાં કડવું લાગે, પરંતુ પરિણામ અતિ મીઠું, અતિ સુખદ હોય છે.

કૃષ્ણશંકર શાસ્ત્રી

# યદુવંશ ઉત્પત્તિ

અંતકાળે ગણાતા જે, સૌ નરોમાં નરાધમ,
અન્ય કાળે થતા પેદા, તેમાંથી યે નરોત્તમ. ૧

સુણીને સત્યનો સાદ, સ્વયં પ્રકૃતિ જાગતી;
એવું લાગે છતાં મૂળે, ત્યાંયે સંતો હશે કહીં. ૨

પ્રભુ જન્માવવા માટે, વાયુમંડળ જોઈએ;
તેમાં ય ભવ્ય મર્ત્યો ત્યાં, મુખ્ય રૂપે ઘણા થશે. ૩

હે પરીક્ષિત! હવે હું યયાતિના મોટા પુત્ર યદુના વંશનું વર્ણન કરું છું. આ વંશવર્ણન પોતે પરમ પવિત્ર છે, જગતનાં પાપોને નષ્ટ કરવાવાળું છે. જે માનવી ભાવથી આ સાંભળશે, તેનાં સૌ પાપો છૂટી જશે. એનું મુખ્ય કારણ એ છે કે આ વંશમાં સ્વયં પરમ બ્રહ્મ શ્રીકૃષ્ણે પોતે વારંવાર માનવજન્મ લીધો હતો!

યદુકુળમાં કૃતવીર્ય રાજા થયા. અને કૃતવીર્યને ત્યાં અર્જુનનો જન્મ થયો તે કાર્તવીર્ય અર્જુન. એ સાતે દ્વીપનો એકછત્રી સમ્રાટ બન્યો. તેણે ભગવાનના અંશાવતાર શ્રી દત્તાત્રેય મહારાજથી યોગ-વિદ્યા અને અણિમા–લઘિમા વગેરે મોટી મોટી સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી! એટલું સાચું કે જગતનો કોઈ પણ સમ્રાટ કાર્તવીર્ય અર્જુન-ની બરાબરી યજ્ઞ, દાન, તપસ્યા, યોગ, શાસ્ત્રજ્ઞાન, પરાક્રમ અને વિજય આદિ ગુણોમાં કરી શકે તેમ નહોતું. ઘણા લાંબા કાળ લગી એણે ભોગો ભોગવ્યા છતાં એના શરીરનું બળ ન ખૂટયું કે, ન તો ધન. અરે, એના પ્રભાવની તો વાત જ શી કરવી? એનું નામ

લીધાથી એ લેનારને ત્યાં પણ ધનની છોળો ઊડવા લાગતી અને ગુમાવેલું ધન આપોઆપ મળી આવતું. આમ તો તેને ઘણા પુત્રો હતા. તે પૈકી માત્ર પાંચ જ બચી શકેલા! બાકીના બધા મોટા ભાગે પરશુરામના જ ક્રોધાગ્નિથી નાશ પામેલા. બચેલા પાંચ પુત્રોનાં નામ ક્રમશઃ (૧) જયધ્વજ (૨) શૂરશેન (૩) વૃષભ (૪) મધુ અને (૫) ઊર્જિત હતાં. જયધ્વજના પુત્ર તાલજંઘના પુત્રો તાલજંઘ ક્ષત્રિય કહેવાયા. મહર્ષિ ઔર્વની શક્તિથી રાજા સગરે એ બધાનો સંહાર કરી નાખ્યો. એ પુત્રોમાં વીતિહોત્ર હતો. તેના પુત્ર મધુને પણ ઘણા પુત્રો હતા. તેમાં સૌથી મોટો પુત્ર વૃષ્ણિ હતો. આ મધુ, વૃષ્ણિ અને યદુને કારણે એ વંશ ક્રમશઃ માધવ, વાર્ષ્ણેય અને યાદવને નામે પ્રસિદ્ધ થયો.

## યદુવંશ વર્ણન

વસંતતિલકા

જે વંશમાં જનમતા શુચિ પુત્ર ઝાઝા;
જ્યાં ન્યાય નીતિ વળી ધર્મ પડે ન પાછાં;
તે વંશ પુણ્ય પરિપૂર્ણ બની જવાથી,
જન્મે તહીં વિભૂતિ કોઈ પ્રભુ દયાથી. ૧

વિભૂતિ એવાં સંકષ્ટો, આખા વિશ્વ તણાં સહે;
સર્જે સુધા ભર્યું વિશ્વ, પોતે ઝેર બધાં વહે. ૨

નૈષ્ઠિક બ્રહ્મચારી શુકદેવજી બોલ્યા: "પ્રિય પરીક્ષિત! યદુના વંશમાં જે શશબિન્દુ રાજવી થયો, તે પરમ યોગી, મહાન ભોગૈશ્વર્ય–સંપન્ન અને અત્યંત પરાક્રમી હતો. તે ચૌદ

રત્નનો સ્વામી, ચક્રવર્તી અને યુદ્ધમાં અજેય હતો. પરમ યશસ્વી એવા શશબિન્દુને દશ હજાર પત્નીઓ હતી. તેમને અનેક સંતાનો થયાં પણ તેમાં પૃથુશ્રવા આદિ છ પુત્રો મુખ્ય હતા. પૃથુશ્રવાનો પૌત્ર ઉશના નામે થયેલ. તેણે સો અશ્વમેધ યજ્ઞો કર્યા હતા ! ઉશનાના પાંચ પૌત્ર પૈકી સૌથી નાનેરો જયામઘ હતો. તેની પત્નીનું નામ શૈબ્યા હતું. એના પુત્ર વિદર્ભ સાથે સાધ્વી સમી ભોજ્યાનું લગ્ન થયેલું. તે પુત્રવધૂ ભોજ્યાની કૂખે ત્રણ પુત્રો થયા. તે પૈકીનો છેલ્લો પુત્ર રોમપાદ રાજા એ વિદર્ભવંશમાં ખૂબ પ્રખ્યાત થઈ ગયેલો. એમાંથી જ 'ચેદિ' નામનો વંશ ચાલ્યો જેમાં શિશુપાલ આદિ રાજાઓ થયેલા. પરીક્ષિતજી ! વૃષ્ણિ વંશમાં દેવક રાજા થયેલો તેની સાતેય કન્યાઓ વસુદેવજીને પરણેલી. ઉગ્રસેન રાજાના નવ દીકરામાં કંસ સૌથી મોટો હતો. વસુદેવજીના જન્મ સમયે નગારાં અને નોબત સ્વયં વાગેલાં તેથી વસુદેવજી 'આનક દુંદુભિ'ના નામે પણ મશહૂર થયા ! વસુદેવ જ શ્રી કૃષ્ણના પિતાજી ! કુંતી વસુદેવજીની બહેન હોવાથી [કુંતીજી–પૃથા] તે વાસુદેવ શ્રી કૃષ્ણનાં ફોઈ થાય. વસુદેવના પિતા શૂરસેનના એક મિત્રનું નામ કુન્તિભોજ હતું. પૃથાને કુંતિભોજની ગોદે શૂરસેન રાજાએ આપેલાં. પૃથા કન્યાએ દુર્વાસા ઋષિને પ્રસન્ન કરીને દેવોને બોલાવવાની વિદ્યા શીખી લીધેલી. એ રીતે ભગવાન સૂર્યને કુંતીએ બોલાવ્યા. સૂર્યે કહ્યું : 'મારું દર્શન નિષ્ફળ નહીં જાય ! માટે હું એક પુત્ર તારામાં જન્માવીશ. એ પુત્રને (કર્ણને) એ કન્યાએ લોકભયે નદીમાં નાખી દીધેલો. હે પરીક્ષિત ! પૃથાની નાની બહેન શ્રુતદેવાનું લગ્ન કરૂપ દેશના અધિપતિ વૃદ્ધશર્મા જોડે થયેલું. દંતવક્ત્રનો જન્મ એમાંથી જ થયેલો. આ જ તે દંતવક્ત્ર છે કે જે પૂર્વજન્મમાં શનકાદિ ઋષિઓના અભિશાપથી હિરણ્યાક્ષ(રાક્ષસ) રૂપે થયેલો. જ્યારે અસુરો રાજાના વેશે આ દુનિયામાં આવ્યા એટલે ભૂમિભાર ઓછો કરવા ભગવાન શ્રી કૃષ્ણે તેઓને દૂર કરવા આ જગતમાં જન્મકૃત્ય કર્યું.

તેઓ અને તેમના ભાઈ બલરામે વિશ્વભાર ઓછો કરી નાખ્યો !

પરીક્ષિતજી ! ભગવાને એ રીતે અવતાર ધરીને જગતનો ભાર ઓછો કરવાની સાથે સાથે કલિયુગના ભક્તો માટે એવું 'ગીતા' તત્ત્વ આપ્યું કે જેના ગાનથી અને સાંભળવાથી માનવતાયુક્ત માનવ-જાતનાં દુઃખ, શોક અને અજ્ઞાન બધું જ નષ્ટ થઈ જાય છે. એ ભગવાનનો યશ જ તીર્થ રૂપ છે. એક વાર પણ જાણ્યે-અજાણ્યે તે ભગવાનનો યશ સાંભળી લીધો, તો તે અમૃતપાન જેવો નીવડી શકશે. કર્મવાસના પણ ભગવાનનું સ્મરણ કરવાથી ખરી પડતી હોય છે. ખરેખર, એ ભગવાનનું મુખકમલ એવું તો શોભાયમાન હતું કે જાણે તે જોયા જ કરીએ ! તૃપ્તિ વળે જ નહી. તેઓ ઉત્પન્ન થયા મથુરામાં વસુદેવજીને ઘેર પરંતુ જન્મતાં જ સંયોગો એવા ઊભા થયા કે તેઓને નંદરાજાના વ્રજમાં જવું પડયું. કારણ કે તેઓને ગ્વાલબાલ, ગોપીઓ અને ગાયોને સુખી કરવાં હતાં. એ જન્મકૃત્ય પૂરેપૂરું બજાવી તેઓ મથુરામાં પાછા આવી ગયા. એમનું આખુંય જીવન વ્રજ, મથુરા અને દ્વારિકાપુરીમાં એમણે ગાળ્યું અને ફોઈ પુત્ર-પાંડવો અને કૌરવો વચ્ચે થયેલા કલહ નિમિત્તે પાંડવપક્ષે ન્યાય હોવાથી તેઓ પાંડવ-પક્ષપાતી બનીને અર્જુનને નિમિત્ત બનાવી એ મહાયુદ્ધમાં તેમને જ વિજય અપાવી દીધો. ઉદ્ધવનો ઉદ્ધાર કરી કાર્ય પૂરું થતાં પોતે પોતાના પરમ ધામમાં સિધાવી પણ ગયા !'

## પરીક્ષિતની કૃષ્ણલીલા-જિજ્ઞાસા

ભાગવતી પ્રભુવાણી બ્રહ્મનિષ્ઠ શુકાનન;
સેરવે જે સુધા-શી તે, જીરવે પાત્ર સજ્જન; ૧
મહાભારતનો જંગ, દુર્લંઘ્ય સિંધુ-શો છતાં;
તે સુલંઘ્ય થયો ન્યાય કાજે કૃષ્ણ-કૃપા થતાં.. ૨

રાજા પરિક્ષિતજીએ બ્રહ્મચારી શુકદેવજીને પૂછ્યું : 'ભગવન્! આપે ચંદ્રવંશ અને સૂર્યવંશના વિસ્તારનું અને એ બન્ને વંશમાં જન્મેલા રાજાઓનું અદ્‌ભુત ચરિત્રવર્ણન કર્યું. ભગવાનના પરમ પ્રેમી મુનિવર! આપે સ્વાભાવિક રીતે જ ધર્મપ્રેમી યદુવંશનું પણ વિશદતાથી વર્ણન કર્યું. તો હવે આપ કૃપા કરીને એ જ યદુવંશમાં પોતાના અંશરૂપ શ્રી બલરામજીની સાથે પોતે જન્મ્યા, એવા ભગવાન શ્રી કૃષ્ણનું પરમ પવિત્ર જીવનચરિત્ર પણ મને સંભળાવો! ખરેખર તો ભગવાન શ્રી કૃષ્ણજી સર્વજીવોના જીવનદાતા અને સર્વાત્મ સ્વરૂપ જ છે. એમણે યદુવંશમાં અવતાર ધારણ કરી જે જે મનોહર લીલાઓ કરી, તે બધીને પણ આપ સાવિસ્તરપણે અમને સંભાળવો! એ ભગવાન શ્રી કૃષ્ણના ગુણ અને એમની લીલાઓ; એટલી બધી મધુર અને સ્વભાવથી જ સુંદર છે કે જે વિરાગી મહાપુરુષોના હૃદયમાં લેશ સરખી લાલસા—તૃષ્ણા નથી, તેઓ તો તે કથાઓ પ્રત્યે આકર્ષિત થઈ; નિત્યનિરંતર એ લીલાઓનું ગાન કર્યા જ કરે છે! તો પછી જેઓ આ ભવરોગથી છૂટવા માગે છે, તેમને માટે ઓસડરૂપ છે જ અને જન્મમૃત્યુના ચક્કરમાંથી તે ઝટઝટ છોડાવી દે તેવી છે. અને જેઓ ઘણી ઘણી વિષયાસક્તિ ધરાવે છે, તેમનાં મન અને કાન પણ એ કથા સાંભળતાં એમાં જ આનંદમય બની જાય છે. એ પામરોને પણ એ કથાઓમાંથી ઊંડો રસ અને બહુ સુખ મળી શકે છે! આવી સુખની સ્થિતિમાં કાં તો પશુઘાતી સિવાય કોઈ પણ એવો જીવ નહીં જ નીકળે કે જે મુક્તિ ઝંખતો હોય અને આ ભગવાનની લીલાઓ સાંભળવામાં રુચિ ન કરે, ભગવત્‌કથા પ્રત્યે પ્રેમ ન કરે! વળી મારા કુળ સાથે તો ભગવાન શ્રી કૃષ્ણનો ઘણો મોટો સંબંધ છે જ! જ્યારે કુરુક્ષેત્રમાં મહાભારતનું યુદ્ધ થતું હતું અને દેવોને પણ જીતી લેવાવાળા દાદા ભીષ્મ આદિ અતિરથીઓ સાથે મારા દાદા પાંડવોનું યુદ્ધ થતું હતું, તે સમયે કૌરવોની સેના તો એમને અપાર સમુદ્ર જેવી લાગતી હતી! જેમાં દાદા ભીષ્મ જેવા મોટા મોટા મગર-

મચ્છોને પણ ગળી જનારા તિમિંગલ મચ્છોના સમાન ભયપ્રદ મહા-રથીઓ હતા ! એમ છતાં મારા દાદાજી સ્વનામધન્ય એવા પાંડવો ભગવાન કૃષ્ણચરણનૌકાના આશ્રયે જેમ કોઈ રસ્તે ચાલતો માનવી, ગાયના વાછડાની ખરીનો ખાડો સહજ સહજમાં ઓળંગી નાખે તેમ એ સેનાસમુદ્રને આસાનીથી પાર કરી ગયા.

અરે શુકદેવજી ! મારા એ મહાન દાદાજીઓની વાત હમણાં જવા દો તોય જે આપની સામે આ મારું શરીર છે કે જે પાંડવ–કૌરવ બંનેના વંશોના સહારારૂપ હતું પણ જે અશ્વત્થામાજીએ મૂકેલા બ્રહ્માસ્ત્રથી બળી ચૂકેલું હતું અને જે સમયે મારાં માતાજીના ગર્ભમાં પ્રવેશીને પણ મારું રક્ષણ કર્યું હતું, તેઓ મારા માટે જ નહીં, બલ્કે સમસ્ત શરીરધારીઓના ભીતરમાં આત્મારૂપે રહી અમૃતત્વનું દાન કરે છે અને બહાર વળી કાળરૂપ મૃત્યુનું દાન કરે છે, આ કાંઈ ઓછી અજાયબી છે ! મનુષ્યરૂપે પોતાની પ્રતીતિ આપવી, એ તો એમની એક નાની-શી લીલામાત્ર જ છે. આપ એવા મહાન એ પ્રભુનાં ઐશ્વર્ય અને માધુર્યથી પરિપૂર્ણ બધી લીલાઓનું વર્ણન કરો. તે ભગવાન મારા કુળદેવતા છે, જીવનદાતા છે. ઉપરાંત સમસ્ત જીવોના આત્મારૂપ છે.

ભગવન્ ! આપે હમણાં જ દર્શાવેલું કે બલરામજી રોહિણી-જીના પુત્ર હતા, જ્યારે બીજી બાજુ આપે એમ કહ્યું કે બલરામ તો દેવકીપુત્ર પણ હતા. તો બીજું શરીર ધારણ કર્યા વિના રોહિણી તથા દેવકી બન્ને માતાઓના બાળક થવું કેવી રીતે સંભવિત બની શકે ? વળી હે શુકદેવજી ! અસુરોને મુક્તિ અને ભક્તોને પ્રેમ આપ-નારા ભગવાન શ્રી કૃષ્ણને વાત્સલ્યપૂર્ણ માતા–પિતાનું ઘર છોડી વ્રજમાં જવાનું શાથી બન્યું ? ભક્તવત્સલ એવા એ પ્રભુ નંદ આદિ ગોવાળિયાઓ સાથે ક્યાં ક્યાં વસેલા ? બ્રહ્મા અને શંકર પર પણ શાસન કરનારા પ્રભુશ્રીએ વ્રજમાં તથા મધુપુરીમાં રહીને કઈ કઈ જાતની લીલાઓ કરી ? અને મહારાજ, એ તો બતાવો કે એમણે પોતાના સગા મામા કંસજીને કેમ મારી નાખ્યા ? તે કામ તો ઘણું

અયોગ્ય જ ગણાય ને? મનુષ્યરૂપે દ્વારિકાપુરીમાં યંદુવંશીઓ સાથે એમણે કેટલાં વર્ષો ગાળ્યાં? સર્વશક્તિમાન એ પ્રભુની પત્નીઓ કેટલી હતી? એમણે કેટલાં લગ્નો કર્યાં? આપ તો હરદમ એ પ્રભુલીલામાં મસ્ત રહો છો, તેથી આ મેં નામ લઈ લઈને જે પૂછ્યું તે ઉપરાંત પણ ઘણું ઘણું સંભળાવી શકશો! આપ પૂરા જાણકાર છો અને હું મહાજિજ્ઞાસુ છું. અન્ન તો શું, બલકે મેં પાણી પણ તજ્યું છે, છતાં જગતજીવોને અન્ન–પાણી વિના જે વેદના થાય તે, તે મને જરા પણ ત્રાસ આપતી નથી, થતી પણ નથી. એનું કારણ એ છે કે આપના પવિત્ર મુખકમળથી જે સુધામયી લીલાકથા કહેવાય છે તેમાં જ ક્ષુધાતૃષા મિટાવવાનું અમૂલું રસાયણ પડ્યું છે!' ત્યારે શ્રી સુતજીએ કહ્યું: 'શૌનકજી! ભગવતપ્રેમીઓમાં અગ્રણી એવા શુકદેવજીને પરીક્ષિતજીએ જ્યારે આમ પૂછ્યું ત્યારે શુકદેવજીએ તેમનું ખાસ અભિનંદન કર્યું અને સદા માટે સમસ્ત કલિમલ ધોનારી એ કથાલીલાઓનું ભવ્ય વર્ણન શરૂ કરી દીધું.'

## પ્રભુને અવતાર લેવા પ્રાર્થના

સવૈયા–એકત્રીસા

મર્ત્ય સમાજે ધર્મપ્રતિષ્ઠા, જેથી વ્યક્તિની સ્વતંત્રતા,
સાચે માર્ગે વ્યક્ત થતી ત્યાં નીતિન્યાયની વિશેષતા;
આવે કારણે જરૂર પડે છે વિરલ વિભૂતિની જ્યારે,
સુજન વ્યક્તિઓ સમાજ સાથે સફળ યત્ન કરતી ત્યારે. ૧

અનુષ્ટુપ

ઐશ્વર્ય પ્રભુનું જાણે, સાક્ષાત્ એવે સમે થતું;
પ્રત્યક્ષીભૂત એ માટે, કે'વાયે હિંદ શાશ્વતુ. ૨

શ્રી બ્રહ્મચારી શુકદેવજી બોલ્યા : "હે ભગવાનની લીલારસના રસિયા રાજર્ષિ ! તમે જે નિશ્ચય કર્યો છે, તે ઘણો જ સુંદર અને આદરપાત્ર છે. કેમકે હવે તમે ભગવાન શ્રીકૃષ્ણની લીલા-કથા સુણવા સ્વાભાવિક રીતે ઉત્સુક થયા છો. જેમ ગંગાજલ કે ભગવાન શાલિગ્રામનું ચરણામૃત બધાંને પવિત્ર કરી નાખે છે, તેમ ભગવાન શ્રીકૃષ્ણની કથા સંબંધમાં પ્રશ્ન કરવાથી જ શ્રોતા, વ્યક્તા અને પ્રશ્નકાર એ ત્રણેય વ્યક્તિઓ પવિત્ર થઈ જાય છે. રાજન્ ! તે સમયે શાસકગણ ઘમંડને લીધે ધર્મનું ઉલ્લંઘન કરી નાખતા હતા. ખરી રીતે તેઓ રાજાઓ નહોતા, પણ રાજાઓના રૂપે જન્મેલા અસંખ્ય દૈત્યો જ જાણે પ્રગટ થઈ ચૂક્યા હતા ! એમના અસહ્ય ભારથી ધરતીને બહુ બહુ પીડા થવા લાગી. તેથી પૃથ્વી પોતાના ભારની પીડા મટાડવા બ્રહ્માજી કને પહોંચી ગઈ. પૃથ્વીએ એ સમયે ગાયનું રૂપ ધારણ કરી રાખેલું અને એની આંખોમાંથી વહી વહીને આંસુડાંઓ મોઢા પર છાઈ રહ્યાં હતાં ! પૃથ્વીનું મન તો ખિન્ન હતું જ અને શરીર પણ બહુ જ કૃશ થઈ ગયું હતું, ને મોટા કરુણ સ્વરથી ભાંભરી રહેલી હતી, બ્રહ્માજી પાસે જઈ એણે પોતાની પૂરેપૂરી કષ્ટકથા સંભળાવી. બ્રહ્માજીએ ઊંડી સહાનુભૂતિની સાથે એ દુઃખ-કથા સાંભળી લીધી અને પછી તરત ભગવાન શંકર તથા સ્વર્ગના જુદા જુદા મુખ્ય દેવો તથા ગાય રૂપે પોતા પાસે આવેલી એ પૃથ્વીને સાથે લઈ ક્ષીરસાગરના કિનારા પર ગયા. ભગવાન પોતે તો દેવોનાય આરાધ્ય દેવ છે. તેથી ભગવાન પોતાના ભક્તોની સમસ્ત અભિલાષાઓ પૂર્ણ કરે છે અને તેઓ એમનાં સર્વકષ્ટોનો નાશ કરી છે. તેઓ જ જગતના એકમાત્ર સ્વામી છે.

ક્ષીરસાગરના તટે પહોંચીને બ્રહ્માજી અને દેવોએ 'પુરુષ સૂક્ત' દ્વારા એ પરમ પુરુષ સર્વાંતર્યામી પ્રભુની સ્તુતિ-પ્રાર્થના કરી. બ્રહ્માજી તો સ્તુતિ કરતાં કરતાં સમાધિસ્થ થઈ ગયા. બ્રહ્માજીએ સમાધિ-અવસ્થામાં આકાશવાણી સાંભળી ! એ પછી જગતના

નિર્માણકર્તા બ્રહ્માજીએ દેવતાઓને કહ્યું, દેવતાઓ! મેં ભગવાનની વાણી સાંભળી છે. તમે પણ મારા દ્વારા એ વાણીને તરત હમણાં જ સાંભળી લો અને પછી એમ જ કરો. એનું પાલન કરવામાં લગારેય વિલંબ ન થવો જોઈએ. જોકે આમ તો ભગવાનને ધરતીના દુઃખની પ્રથમથી જ ખબર છે, તેઓ જ ઈશ્વરોનાય ઈશ્વર છે, તેથી તેઓ પોતાની કાળશક્તિ દ્વારા પૃથ્વીનો ભાર હરણ કરતા કરતા જ્યાં લગી પૃથ્વી પર લીલા કરતા કરતા વિચરે, ત્યાં તમે પણ તમારા અંશો સાથે યદુકુલમાં જન્મ લઈને એમની (ભગવાનની) લીલામાં સાથ આપો. વસુદેવજીને ઘેર સ્વયં પુરુષોત્તમ ભગવાન પ્રગટ થશે. એમની અને એમના પ્રેયસી–પત્ની–વર્ગની સેવા માટે દેવાંગનાઓ પણ અવતાર ધારણ કરશે! સ્વયંપ્રકાશ ભગવાન શેષનાગ પણ જે ભગવાનની કલારૂપ હોવાને કારણે અનંત છે (કેમકે અનંતનો અંશ અનંત જ હોય છે.) અને જેમને હજાર મુખ છે. ભગવાનને વહાલું કામ કરવાને માટે ભગવાનના પહેલાં પણ એમના મોટાભાઈના રૂપમાં અવતાર ધારણ કરશે. ભગવાનની તે ઐશ્વર્યશાલિની યોગમાયા પણ જેમણે આખાયે જગતને મોહિત કરી રાખ્યા છે તે (યોગમાયા) સુધ્ધાં ભગવાનની આજ્ઞાથી ભગવાનનું લીલાકાર્ય સંપન્ન કરવા માટે અંશરૂપમાં જરૂર અવતાર ગ્રહણ કરશે. હે પરીક્ષિત રાજન્! આ પ્રમાણે બ્રહ્માજીએ દેવતાઓને આ પ્રકારે આજ્ઞા આપી અને પૃથ્વીને પણ સમજાવી–બુઝાવી હૃદય–સમાધાન આપ્યું. ત્યારબાદ તેઓ પોતાના ઉત્કૃષ્ટ ધામ સત્યલોકમાં ચાલ્યા ગયા!

## આકાશવાણી અને કંસની ક્રૂરતા

ડારનારો ડરે પોતે, તોયે નીડર માનીને;
ઘણા ઘણા અનર્થો તે, કરે ક્રૂર ક્ષણે ક્ષણે. ૧

ક્રૂરતા કાઢવી શીઘ્ર, વાયુમંડળ માંહ્યથી;
મર્ત્ય સમાજમાં તેથી, સહૃદયતા વધે ઘણી. ૨

વાણીમાં નિત્ય માધુર્ય, સાથે મૌલિક સત્ય હો;
ઝૂઝો અસત્ય સામે સૌ, વિશ્વપ્રેમ ન વીસરો. ૩

પ્રાચીનકાળમાં યદુવંશી શૂરસેન રાજા થઈ ગયા, જેઓ મથુરા નગરીમાં રહીને માથુરમંડળ અને શૂરસેનમંડળનું રાજ્યશાસન ચલાવતા હતા. એ જ સમયથી મથુરાનગરી સમસ્ત યદુવંશી રાજાઓની રાજધાની બની ગયેલી. મથુરાનો મહિમા અપરંપાર છે, ત્યાં તો સદાય ભગવાન શ્રી હરિ વિરાજી રહ્યા છે!

એક વાર મથુરામાં શૂરસેનના પુત્ર વસુદેવજી વિવાહ કરીને પોતાની નવવિવાહિતા ધર્મપત્ની દેવકીજીની સાથે ઘેર જવા માટે રથ પર સવારી કરી ચાલ્યા જતા હતા. ઉગ્રસેનનો પુત્ર કંસ રાજા હતો. તે રાજાએ પોતાની આ કાકાઈ બહેન દેવકીજીને પ્રસન્ન કરવા માટે, એના રથઘોડાઓની લગામ પકડી લીધી હતી અને તે પોતે જ રથ હાંકવા લાગ્યો! જોકે એની સાથે સોનાથી બનેલા સેંકડો રથો ચાલતા હતા! દેવકીજીના પિતા હતા દેવક. પોતાની પુત્રી દેવકી ઉપર તેમનો ઘણો પ્રેમ હતો. કન્યાને વિદાય કરતી વખતે દેવકે સોનાના હારોથી શણગારેલા ચારસો હાથીઓ, પંદર હજાર ઘોડાઓ અને અઢારસો રથ તથા સુંદરસુંદર વસ્ત્રાભૂષણોથી ઓપતી બસો સુકુમાર દાસીઓ દાયજામાં આપી હતી! વિદાય સમયે વરવહુના મંગળ પ્રયાણ માટે એકીસાથે શંખ, તુરાઈ, મૃદંગ અને દુંદુભિ વાજાં વાગવા લાગ્યાં. પેલો કંસ માર્ગમાં જે સમયે ઘોડાની લગામ પકડીને પોતે રથ હાંકી રહ્યો હતો, ત્યારે જ આકાશવાણીએ એને સંબોધીને કહ્યું: "અરે મૂરખ! જે બહેનને તું રથમાં બેસાડીને લઈ જઈ રહ્યો છે, તેણીનું આઠમા ગર્ભનું સંતાન જ તને

મારી નાખશે !" કંસ મોટો પાપી હતો. એની દુષ્ટતાને કોઈ સીમા ન હતી ! ખરેખર તો તે ભોજવંશના કલંકરૂપ જ હતો. આકાશ-વાણી સુણતાં વાર જ કંસે તલવાર ખેંચી પોતાની બહેનનો ચોટલો પકડી દેવકીજીને મારવા તૈયાર થઈ ગયો, તે ઘણો ક્રૂર તો હતો જ, પાપી કામો કરતાં નિર્લજ્જપણુ થઈ ગયેલો.

હવે વસુદેવજી રાજા કંસને કહે છે : 'રાજકુમાર ! આપ ભોજ વંશના તેજોમય વંશધર છો ! ! ! મોટા મોટા શૂરવીરો પણ આપના ગુણોથી પ્રશંસા અને સમર્થન કરે છે ! અહીં તમારી સામે એક તો નારી જાતિ, વળી તમારાં બહેન અને બીજું આ વિવાહનો શુભ અવસર ! આવી સ્થિતિમાં આપ એમનો વધ કેવી રીતે કરી શકશો ? વીરશ્રેષ્ઠ ! જે જન્મે છે તેની સાથે મૃત્યુ તો જોડાયેલું છે જ. તે તરત થાય કે સો વર્ષ બાદ થાય, પણ થાય તો છે જ. જ્યારે શરીરનો અંત આવી જાય છે, ત્યારે જીવ પોતાના કર્માનુસાર બીજા શરીરને ધારણ કરી લે છે અને પ્રથમના શરીરને છોડી દે છે. પર-વશપણે એને આમ કરવું જ પડે છે. જેમ ચાલતી વખત માનવી પ્રથમ પગ સ્થિર કરીને જ બીજો પગ ઉપાડે છે તેમ જીવ પણ પોતાના કર્મને અનુસાર બીજું શરીર એક અર્થમાં પામ્યા પછી જ પ્રથમનું શરીર છોડી દેતો હોય છે. જેમ કોઈ પુરુષ જાગ્રત અવસ્થામાં રાજાનું ઐશ્વર્ય દેખી અથવા દેવોના ઇન્દ્રનું ઐશ્વર્ય સાંભળીને એની અભિલાષા કરતો થઈ જાય છે અને એનું ચિંતન કરતો કરતો એ જ વાતમાં ઓતપ્રોત બની એકરૂપ થઈ જાય છે તથા સ્વપ્નમાં પોતાને જ રાજા કે ઇન્દ્રના રૂપમાં અનુભવ કરવા લાગે છે અને પોતાની ગરીબ અવસ્થાનાં શરીરને ભૂલી જાય છે; વળી કોઈ કોઈ વાર તો જાગ્રત અવસ્થામાં જ એ જ વાતોનું ચિંતન કરતો કરતો તન્મય બની જાય છે અને એને સ્થૂલ શરીરનો ખ્યાલ જ નથી રહેતો, તે જ રીતે જીવ કર્મકૃત કામના અથવા કામનાકૃત કર્મને અધીન થઈ પોતાના પ્રથમ શરીરને ભૂલી જાય છે અને બીજા

શરીરને પામી જાય છે.

મતલબ, આ જીવનું મન અનેક વિકારોનો પુંજ છે. દેહાંતને વખતે જીવ અનેક જન્મોનાં સંચિત અને પ્રારબ્ધ કર્મોની વાસનાઓને અધીન થઈને માયા દ્વારા રચાયેલા અનેક પાંચ ભૌતિક શરીરો પૈકી જે કોઈ શરીરના ચિંતનમાં તલ્લીન થઈ જાય છે અને માની બેસે છે કે 'તે શરીરરૂપ હું છું' એવા જીવને તેવું જ શરીર ગ્રહણ કરીને જન્મ લેવો પડે છે. જેમ સૂર્ય, ચંદ્ર વગેરે પ્રકાશમય પદાર્થો પાણી ભરેલા ઘડામાં અથવા તેલ આદિ તરલ પદાર્થોમાં પ્રતિબિંબિત થાય છે અને હવાના ઝપાટાથી તે ઘડાનાં જળ કે તેલ હાલવા-ચાલવાથી તેમાં પ્રતિબિંબિત ચીજો પણ જાણે હાલતી-ચાલતી હોય તેમ દેખાય છે, એ જ રીતે જીવ પણ પોતાના અજ્ઞાનથી રચેલા શરીરમાં રાગ કરીને એ શરીરને પોતાનું સ્વરૂપ માની બેસે છે અને મોહવશ એના આવવા-જવાને પોતાનું, એટલે કે શુદ્ધ આત્માનું આવવું-જવું માનવા લાગે છે. એ માટે જેઓ પોતાનું કલ્યાણ ચાહે છે એમણે ખરેખર તો કોઈનો મોહ નહીં કરવો જોઈએ। કેમકે જીવ કર્મને અધીન થઈ ગયેલ છે, અને તેથી તે જે કોઈ સાથે પણ દ્રોહ કરશે, તેણે આ જીવનમાં શત્રુથી અને મર્યા પછી પરલોકમાં પણ ભયભીત થવું જ પડશે. કંસરાજ! આ આપની નાની બહેન હજુ ઘણી નાની અને ઘણી રાંક છે. તે તો આપની દીકરી જેવી ગણાય! વળી તેણીનો હજુ હમણાં હમણાં જ વિવાહ કર્યો છે. હજુ વિવાહ-લગ્નનાં મંગલચિહ્નો પણ એના શરીર પરથી એણે ઉતાર્યાં નથી. આ પરિસ્થિતિમાં આપ જેવા દીનવત્સલ પુરુષે એ બાપડાનો વધ કરી નાખવો, જરા પણ યોગ્ય નથી.'

શુકદેવજીએ કહ્યું: "પરીક્ષિતજી! આ પ્રમાણે વસુદેવજીએ પ્રશંસા આદિ શામનીતિથી અને ભય આદિ ભેદનીતિથી કંસને

બહુ જ સમજાવ્યો, પરંતુ તે ક્રૂર તો રાક્ષસાનુયાયી થઈ ગયો હતો તેથી એણે પોતાના ભયંકર સંકલ્પને ન છોડયો. વસુદેવજીએ કંસની વિકટ વિષમ એવી હઠ જોઈને વિચાર્યું કે કોઈ પણ રીતે આ ટાણું તો ટાળી નાખવું જ રહ્યું ! ! ત્યારે તેઓ એ નિશ્ચય પર પહોંચ્યા કે બુદ્ધિમાન પુરુષે જ્યાં લગી બુદ્ધિ અને બળ સાથ આપે, ત્યાં લગી મૃત્યુને ટાળવાનો પ્રયત્ન કરવો જોઈએ. પ્રયત્ન કરવા છતાં પણ જો તે ન ટળે તો પછી તે પ્રયત્ન કરવાવાળાનો દોષ કશો રહેતો નથી. એ માટે આ મૃત્યુરૂપ કંસને પોતાનો પુત્ર આપવાની વાત કરીને પણ દેવકીને બચાવી લઉં. મારા પુત્રો પેદા થાય તે પહેલાં કદાચ કંસ પોતે જ મરી જાય. સંભવ છે કે ઊલટું જ થાય કે મારો પુત્ર જ કંસને મારી નાખે. વિધાતાનું વિધાન પ્રથમથી જાણી લેવું બહુ કઠણ છે ! ! જેમ કેટલીક વાર વનમાં આગ લાગે છે, તે સમયે પાસેનું બચી જાય છે અને દૂરનું બળી જાય છે એ બધી વાતોમાં અદૃષ્ટ સિવાય બીજું કોઈ મહત્ત્વનું કારણ જણાતું નથી; પ્રાણીનું ક્યારે શું થશે, તે જ્ઞાની સિવાય કોઈ જાણી શકતું નથી.

એમ વિચારી અંતે દુઃખ હોવા છતાં ઉપરથી હસતા હોય તેમ વસુદેવજી બોલ્યા : 'કંસરાજ ! તમારે તો આકાશવાણી થઈ છે, તેમ આપની બહેન દેવકીજી સાથે તે કાંઈ હરકત નથી, માત્ર એમના પુત્ર સાથે છે; તો એમના પુત્ર તો તમારે હવાલે સહેજે આવી જશે. કંસે વસુદેવજીની વાત માની લીધી, કારણ કે તે વાત કંસને યુક્તિ-સંગત લાગી અને દેવકીબહેનને મારવાની વાત કંસે છોડી દીધી. પરંતુ એવામાં નારદજીએ આવીને કંસને ચેતવ્યો કે તારી આજુ-બાજુ જે લોકો પેદા થાય છે, તે બધા તારા શત્રુઓ છે. એટલે એણે પોતાના પિતા ઉગ્રસેન સહિત અંધકવંશ તેમજ યદુ અને ભોજવંશના રાજાઓને પણ કેદમાં મૂકી દીધા. એ રીતે વસુદેવજી તથા પોતાની બહેન દેવકીને પણ જેલમાં કંસરાજાએ આખરે તો ગોંધ્યાં જ."

# દેવકીજીનું ગર્ભહરણ અને શેષાવતાર

આસુરી ભાવવાળાને, આસુરી મિત્ર સાંપડે;
તે સૌ ભેળા મળી હોંશે, સુરોનો નાશ આદરે. ૧

કિંતુ તે જ સમે સામે, પ્રભુ–અંશો સમુદ્‌ભવી;
કરીને સા'ય સુરોને, અર્પે જીત ખરેખરી. ૨

બ્રહ્મચર્યનિષ્ઠ શુકદેવજી કહે છે : "પરીક્ષિત ! એક તરફથી તો રાજા કંસ જાતે બળવાન હતો જ. સાથોસાથ મગધનરેશ જરાસંધની ઘણી મદદ એ કંસને સ્વાભાવિક મળતી રહેતી હતી. ઉપરાંત એના સાથીઓમાં (૧) પ્રલંબાસુર (૨) બકાસુર (૩) ચાણૂર (૪) તૃણાવર્ત (૫) અઘાસુર (૬) મુષ્ટિક (૭) અરિષ્ટાસુર (૮) દ્વિવિદ (૯) પૂતના (૧૦) કેશી અને (૧૧) ધેનુક તેમજ બાણાસુર અને ભૌમાસુર જેવા ઘણા દૈત્ય રાજાઓ એના સહાયકરૂપ હતા. એ બધાનો સાથ લઈ તે યદુવંશીઓને નષ્ટ કરવા લાગી ગયેલો. આથી યદુવંશીઓ ભયભીત થઈ કુરુ, પંચાલ, કેકય, શાલ્વ, વિદર્ભ, નિષધ, વિદેહ અને કોસલ આદિ દેશોમાં જઈ વસવા લાગ્યા હતા ! જ્યારે કંસે એક એક કરીને દેવકીજીનાં છ બાળકો મારી નાખ્યાં ત્યારે દેવકીજીના ગર્ભમાં ભગવાનના પોતાના અંશરૂપ શ્રીશેષજી–જેમને અનંત પણ કહેવાય છે, તેઓ–પધાર્યા. આનંદ સ્વરૂપ તેઓના ગર્ભપ્રવેશથી શ્રી દેવકીજીને સહજ સહજ અતિશય આનંદ થયો ! પરંતુ કંસ કદાચ એને પણ મારી નાખે ! એને લીધે દેવકીજીનો શોક પણ એટલો જ વધી ગયો !

વિશ્વાત્મા ભગવાને જ્યારે જોયું કે મને જ પોતાના સ્વામી અને સર્વસ્વ માનનારા યદુવંશીઓ કંસ મારફત ખૂબ સતાવાય છે, ત્યારે ભગવને પોતાની યોગમાયાજીને આદેશ આપી દીધો :

દેવી કલ્યાણી ! તું વ્રજમાં જા. તે પ્રદેશ ઘણો સુંદર છે. જ્યાં નજર નાખશો ત્યાં ગોવાળિયાઓ અને ગાયોની છટા દેખાશે. ત્યાં નંદબાબાના ગોકુલમાં વસુદેવ-પત્ની રોહિણી વસે છે. એમની બીજી પત્નીઓ પણ કંસથી ડરીને ગુપ્તવાસ સેવી રહી છે. આ વખતે મારો જે અંશ શેષરૂપે કહેવાય છે, તે દેવકીના ગર્ભમાં વિરાજમાન છે. એને ત્યાંથી તું રોહિણીને પેટે મૂકી દે. હે કલ્યાણી ! હવે હું મારું સમસ્ત જ્ઞાન, બલ, આદિ અંશોની સાથે હું દેવકીજીનો પુત્ર બનીશ અને તારે નંદબાબાની પત્ની યશોદાના ગર્ભથી જન્મ લેવાનો છે. તું લોકોને મોં-માગ્યાં વરદાન આપવામાં સમર્થ થઈશ ! મનુષ્યો તને પોતાની બધી ઇચ્છાઓ પૂરવાવાળી જાણી ધૂપ, દીપ, નૈવેદ્ય તેમજ અન્ય પ્રકારની સામગ્રીઓથી પૂજા કરશે. આ પૃથ્વીના લોકો તારે માટે જુદાં જુદાં સ્થાનો બનાવશે અને દુર્ગા, ભદ્રકાળી, વિજયા, વૈષ્ણવી, કુમુદા, ચંડિકા, કૃષ્ણા, માગધી, કન્યા, માયા, નારાયણી, ઈશાની, શારદા અને અંબિકા વગેરે નામોથી તને પોકારશે. દેવકીજીના ગર્ભમાંથી ખેંચવાને કારણે લોકો સંસારમાં એ શેષજીને 'સંકર્ષણ' કહેશે. લોકરંજન કરવાને કારણે 'રામ' પણ કહેશે અને બળિયાઓમાં સર્વોચ્ચ હોવાને કારણે ભવિષ્યમાં 'બલભદ્ર' પણ કહેશે, જ્યારે ખુદ ભગવાને યોગમાયાજીને આ પ્રકારનો આદેશ આપ્યો ત્યારે તેણીએ 'જેવી આજ્ઞા' એમ બોલી ભગવાનની વાત શિરોધાર્ય કરી લીધી. અને ભગવાનને પ્રદક્ષિણા કરીને તે પૃથ્વીલોકમાં આવી તથા ભગવાને જે આદેશ આપેલો તે મુજબ જ વર્તવા લાગી. જ્યારે યોગમાયાએ દેવકીજીનો ગર્ભ લઈ જઈને રોહિણીના ઉદરમાં રાખી દીધો ત્યારે પુરવાસી લોકો ઘણા દુ:ખ સાથે અંદરોઅંદર કહેવા લાગ્યા : 'હાય ! બિચારી દેવકીજીનો એ ગર્ભ તો નષ્ટ જ થઈ ગયો !'

પરીક્ષિતજી ! ભગવાન તો ભક્તોની ભીડ ભાંગી અભય આપનારા છે. ભગવાન સર્વત્ર બધાં સ્વરૂપોમાં છે અને આમ તો તેઓને

આવવા-જવાનું કશું યે નથી, તેથી તેઓ વસુદેવજીના મનમાં પોતાની સમસ્ત કળાઓની સાથે પ્રગટ થઈ ગયા. એમાં વિદ્યમાન છતાં પોતાના અવ્યક્ત સ્વરૂપને વ્યક્ત બનાવી દીધું ! ભગવાનનો પ્રકાશ ધારણ કરવાને કારણે વસુદેવજી સૂર્ય સમાન તેજસ્વી બની ગયા ! એમને નીરખીને લોકોની આંખો સહેજે બિડાઈ જવા પામતી. સમર્થમાં સમર્થ રાજા પોતાનાં બલ, વાણી અને પ્રભાવથી એમને જરા પણ નહોતા દબાવી શકતા. ભગવાનનો આ જ્યોતિર્મય અંશ કે જે જગતનું પરમ મંગલ કરનારો છે, તે વસુદેવજીએ ધારણ કર્યો. તે કારણે દેવી દેવકીજીએ ગ્રહણ પણ કર્યો, જાણે પૂર્વ દિશાએ ચંદ્રમા ધર્યો હોય તેવા શુદ્ધ સત્ત્વથી સંપન્ન એવાં દેવી દેવકીમાતાએ વિશુદ્ધ મન વડે સર્વાત્મા અને આત્મસ્વરૂપ ભગવાનને ગર્ભે ધારણ કર્યા. ખરી રીતે તો ભગવાન જ સારી દુનિયાનું નિવાસસ્થાન છે, છતાં દેવકીજી પોતે જ એ મહાસત્તાના નિવાસસ્થળરૂપ બની ગયાં ! બીજાં-ઓને દેવકીજીના આ તેજનો ખ્યાલ ન આવ્યો, પરંતુ દેવકીજીના ગર્ભમાં ભગવાન તો વિરાજમાન થઈ જ ગયેલા. તેમના મુખ પર પવિત્ર સ્મિત ફરકતું હતું અને દેહકાન્તિથી આખી જેલ પોતે જ જાણે ઝગમગવા લાગી હતી !"

## દેવકી-કૂખે અવતરણ

એનાં એ દેવકી તો યે, કૂખે પ્રભુ પધારિયા;
તેથી દેહ, વળી જેલ, આસપાસ સહુ દીપ્યાં. ૧

ભવ વૃક્ષ પરે પંખી બે બેઠાં જીવ ને શિવ;
દુઃખી માયા વશે જીવ, માયા તજ્યે સુખી શિવ ૨

અન્યાય-દુઃખથી મોટું, મર્ત્યને અન્ય ના દુઃખ;
તે કાઢો જો અહિંસાથી, તો સદા સર્વને સુખ. ૩

બ્રહ્મચારી શુકદેવજી કહે છે: "રાજા પરીક્ષિત! જ્યારે કંસે દેવકીજીનું કારાગારમાં સૂક્ષ્મ નિરીક્ષણ કર્યું તો એને લાગ્યું કે મારા પ્રાણોના ગ્રાહક એવા વિષ્ણુ આ બહેનના ગર્ભમાં આ વખતે આવી ગયેલા જણાય છે! નહીં તો બહેન દેવકીની કાયાનો ઝગમગાટ આટલો બધો પ્રબળ હોય જ નહીં. આ પહેલાં દેવકીની આવી કાયા મેં ક્યારેય બીજાં ગર્ભધાનો વખત નથી નીરખી! હવે મારે ઝટમાં ઝટ ચેતી જવું રહ્યું! વળી એક તો દેવકીજી પોતે એક સ્ત્રી, બીજી બાજુ બહેન છે અને ત્રીજી તે ગર્ભવતી પણ છે. આવી સ્થિતિમાં એક બહાદુર ક્ષત્રિય તરીકે મારાથી એને ઠાર તો નહીં મરાય. તો બીજી રીતે હવે મારે શું કરતા રહેવું? જો હું દેવકીને મારું તો મારી મેળવેલી કીર્તિ, લક્ષ્મી અને આખું આયુષ્ય બધું જ જાણે નષ્ટ થઈ જાય, તો પછી કરવું શું? જે ક્રૂરતાનો વ્યવહાર કરે છે, તે તો જીવવા છતાં મરેલો જ ગણાય. લોકો મૃત્યુ બાદ તો એવા માણસને સદા ગાળોથી જ વધાવતા હોય છે! એટલું જ નહીં, એ દેહાભિમાની હલકામાં હલકી એવી નરક ગતિમાં જ જાય છે. જો કે કંસ દેવકીજીને જરૂર મારી શકતો હતો, પરંતુ ન જાણે શાથી મારવાના અત્યંત ક્રૂર વિચારથી એ હવે સાવ નિવૃત્ત થઈ ચૂક્યો!!! ભગવાનના પ્રત્યે દૃઢ વેરભાવ મનમાં ગંઠીને તે સૂતાં-બેસતાં, ખાતાં-પીતાં, હાલતાં-ચાલતાં એ રીતે ચોવીસેય કલાક તે ભગવાનનો જ વિચાર કર્યા કરતો રહ્યો. જ્યાં એની આંખ પડે, અને જ્યાં કાંઈક ખટકો થાય કે તરત શ્રી કૃષ્ણ જ તે બધામાં એની નજરે પડતા હતા. આ રીતે કંસને આખુંયે જગત વેરભાવ હોવા છતાં એકંદરે કૃષ્ણમય જ બની ગયું.

તેવામાં અહીં ભગવાન શંકર અને બ્રહ્માજી કંસના

કેદખાનામાં આવી પહોંચ્યા !!! એમની સાથે એમના અનુચરો ઉપરાંત સમસ્ત દેવ-પ્રતિનિધિઓ અને નારદાદિ ઋષિ-મુનિઓ પણ હતા જ. તેઓ બધા સુમધુરવાણીથી સૌના મનોરથ પૂરનારા એવા ભગવાન કૃષ્ણની આ પ્રકારે સ્તુતિ કરવા લાગ્યા : 'પ્રભુ! આપ સત્ય સંકલ્પ છો, તેથી સત્ય પોતે જ આપની પ્રાપ્તિનું સર્વોચ્ચ સાધન છે. સૃષ્ટિના પહેલાં, પ્રલયના અંતે અને સંસારની હસ્તી એ બધી જ અવસ્થાઓમાં પણ આપ એક જ સત્ય સ્વરૂપે છો. દશ્યમાન એવાં પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ આ પાંચ સત્યોના આપ જ એકમાત્ર કારણરૂપ છો. આપ જ એ બધાંમાં અંતર્યામી રૂપે બિરજમાન છો. આપ પોતે જ આ દશ્યમાન જગતના પરમાર્થ સ્વરૂપ છો. આપ જ મધુરવાણી અને સમદર્શનના પ્રવર્તક છો. ભગવન્! આપ તો બસ, સત્ય સ્વરૂપ જ છો. અમે સૌ આપના શરણમાં આવ્યાં છીએ. આ સંસાર શું છે?

ખરેખર તો તે છે એક સનાતનવૃક્ષ. એ વૃક્ષનો આશ્રય છે એક પ્રકૃતિઃ એનાં બે ફળ છે : (૧) સુખ (૨) દુઃખ. ત્રણ એનાં મૂળ છે : સત્વ (૩) રજ અને (૪) તમ. ચાર એના રસ છે : (૧) ધર્મ (૨) અર્થ (૩) કામ અને (૪) મોક્ષ. એને જાણવાના પાંચ પ્રકારો છે : (૧) કાન (૨) ચામડી (૩) આંખ (૪) જીભ અને (૫) નાક. એના ૭ સ્વભાવો છે : (૧) પેદા થવું (૨) રહેવું (૩) વધવું (૪) બદલવું (૫) ઘટવું અને (૬) નષ્ટ થવું. એની છાલ રૂપે સાત ધાતુઓ છે : (૧) રસ (૨) લોહી (૩) માંસ (૪) મેદ (૫) હાડકાં (૬) મજ્જાઓ અને (૭) વીર્ય. એ વૃક્ષની આઠ ડાળીઓ છે : પાંચ મહાભૂતો (૬) મન (૭) બુદ્ધિ અને (૮) અહંકાર. તેમાં મોઢું આદિ નવદ્વાર અને દશ પ્રાણો રૂપી પાંદડાં છે : (૧) પ્રાણ (૨) અપાન (૩) વ્યાન (૪) ઉદાન (૫) સમાન (૬) નાગ (૭) કૂર્મ (૮) કૃકલ (૯) દેવદત્ત અને (૧૦) ધનંજય. આ સંસારરૂપી ઝાડ પર બે પંખી છે : (૧) જીવ

અને (૨) ઈશ્વર. આ સંસારરૂપી ઝાડની ઉત્પત્તિના આધાર તો એકમાત્ર આપ જ છો. આપમાં જ એ સંસારનો પ્રલય થાય છે, આપની જ કૃપાથી એનો રક્ષા પણ થાય છે.

જેનું ચિત્ત આપની માયાથી ઘેરાયેલું રહે છે, તેને આ સત્યને સમજવાની શક્તિ ગુમાવી બેઠેલો જ જાણવો! તે જ ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરવાવાળા બ્રહ્માદિ દેવતાઓને (એક-રૂપે નહીં પણ) અનેક રૂપે જુએ છે. તત્ત્વજ્ઞાની પુરુષ તો બધાંના રૂપમાં કેવળ આપનું જ દર્શન નિહાળે છે. આપ જ્ઞાનસ્વરૂપ આત્મા છો. સચરાચર જગતના કલ્યાણ માટે જ અનેક રૂપો ધારો છો. આપનાં તે રૂપો વિશુદ્ધ, અપ્રાકૃત અને સત્યમય હોય છે અને સંત પુરુષોને બહુ સુખ આપે છે. સાથે જ દુષ્ટોને એમની દુષ્ટતાનો દંડ પણ આપે છે અને એમને માટે અમંગલ પણ જ છે. સાચી રીતે જે આપને જાણે છે તે જ તરે છે, બાકી બધા ડૂબે છે. આપની પરમ પ્રીત ધરાવનાર ભક્તો ડરને પેલે પાર પહોંચે છે! સેવામાર્ગ ઘણો કઠણ છે. આપની પરમ કૃપાથી જ તે પમાય છે! આપે અનંતકાળથી યુગે યુગે જન્મ ધરીને જગતનું પરમ દુઃખ મટાડયું છે, તેમ આ વખતે પણ મટાડો. અમે આપને નમીએ છીએ. (પછી દેવકીજી તરફ જોઈને તેઓ બોલે છે.) માતાજી! આ ઘણી સુભાગી વાત છે કે આપનાં પવિત્ર કૂખે અમ સૌનું કલ્યાણ કરવાવાળા સ્વયં ભગવાન, પોતાનાં જ્ઞાન, બલ આદિ અંશો સાથે પધાર્યા છે. હવે આપ કંસથી જરાપણ ડરી શકશો નહીં. ...હવે તો કંસ થોડા જ દિવસોનો મહેમાન છે. આપનો (ભગવાન રૂપ) પુત્ર યદુવંશની રક્ષા જરૂર કરશે જ..."

# અવતરણનો અવસર

વાણી ગમ્ય નથી તો યે, સદા વાણી વડે સ્તવે;
બ્રહ્મા–મહેશને મુખ્ય રાખી દેવો પ્રભુ ભજે. ૧

પ્રભુ પણ ધરે દેહ અધર્મને દબાવવા;
ધર્મને તાજગી આપે, તે સાચું એક અર્થમાં. ૨

બ્રહ્મચારી શુકદેવજીએ કહ્યું : ''રાજન્ પરીક્ષિત ! ખરેખર તો ભગવાનનું સ્વરૂપ વાણીથી વર્ણવી શકાતું જ નથી, છતાં બ્રહ્માજી અને ભગવાન શંકરની આગેવાની તળે બધા દેવોએ પોતપોતાની રીતે પોતપોતાની કક્ષા મુજબ બુદ્ધિ દ્વારા વાણીથી વર્ણન કર્યું અને એ રીતે સંતોષ માન્યા પછી બ્રહ્મા–મહેશની આગેવાની તળે પોતપોતાને સ્થાને પ્રયાણ કર્યું."

ત્યારબાદ શ્રી શુકદેવજી કહે છે: "હવે બધા શુભ ગુણોથી સંકળાયેલ ઘણો સોહામણો સમય આવી પહોંચ્યો. તે સમયે રોહિણી નક્ષત્ર હતું. આકાશમાં બધાં નક્ષત્રો, ગ્રહ, તારાઓ શાંત સૌમ્ય શોભી રહ્યાં હતાં; દિશાઓ સ્વચ્છ અને પ્રસન્ન હતી. નિર્મળ આકાશમાં તારાઓ ઝગમગી રહ્યા હતા. પૃથ્વીનાં મોટાં મોટાં શહેરો તથા નાનાં નાનાં ગામોમાં આહીરોની વસતિઓ અને હીરા આદિની ખાણો મંગલમય દેખાઈ રહ્યાં હતાં. નદીઓનું પાણી પણ નિર્મળ બની ચૂકયું હતું. રાતને સમયે પણ સરોવરમાં કમળ ખીલતાં જણાતાં હતાં. વનમાં વૃક્ષોની હારની હાર રંગબેરંગી પુષ્પોના ગુચ્છાઓથી લદાઈ ગયેલી જણાઈ પડતી હતી. કયાંક કયાંક પક્ષીઓ ગીતડાં ગાતાં હતાં, તો કયાંક વળી ભમરાઓ ગણગણતા જણાતા હતા, તે વખતે પરમ પવિત્ર અને પુણ્ય ગંધથી ભરેલો વાયુ, કોઈને સ્પર્શી જાય તો તેને અત્યંત સુખનો અનુભવ થતો હતો. અલબત્ત, એવા પવનની

ગતિ ઘણી ધીમી હતી. બ્રાહ્મણોના અગ્નિહોત્રનો કદી ન બુઝાવા પામે તેવો અગ્નિ પણ કંસના અત્યાચારને લીધે બુઝાઈ ગયો હતો, પરંતુ આ સમયે તે આપમેળે સળગી ઊઠ્યો! સંતપુરુષો તો પ્રથમથી ચાહતા હતા જ કે અસુરોની ચઢતી ન થવા પામે, જેથી હવે તેઓ સૌનું મન એકદમ પ્રસન્નતાથી ભરાઈ ગયું! જે વખતે ભગવાનના આવિર્ભાવનો અવસર આવ્યો, તે અવસરે સ્વર્ગમાં દેવતાઓની નોબતો સ્વયમેવ વાગી ઊઠી! કિન્નરો અને ગંધર્વો ભગવાનના મંગલમય ગુણોનાં વખાણ કરવા લાગ્યા. વિદ્યાધરીઓ બધી અપ્સરાઓ સાથે નાચવા લાગી. મોટા મોટા દેવો અને ઋષિમુનિઓ આનંદ ભરી રીતે પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા...!

બરોબર મધરાતનો સમય થયો ત્યારે ચારે બાજુ અંધકારનું સામ્રાજ્ય હતું! ઉપરાંત ખુદ ભગવાનના આ અવતારને સમયે જળથી ભરેલાં વાદળો સમુદ્રની પાસે જઈને ધીરે ધીરે ગર્જના કરવા લાગ્યાં. એ જ સમયે સૌના (પ્રાણી માત્રના) હૃદયસ્થ ભગવાન વિષ્ણુ જેમ પૂર્વ દિશાથી સોળે કળાઓથી પરિપૂર્ણ ચંદ્રમાનો ઉદય થયો હોય તેમ દેવસ્વરૂપે દૈવકીજીના ગર્ભમાં પ્રગટ થયા. વસુદેવજીએ જ્યારે જોયું કે એમની સામે એક અદ્દ્ભુત બાળક છે, કે જેમની આંખો કમળ જેવી કોમળ અને વિશાળ છે, ચાર સુંદર હાથમાં (૧) શંખ (૨) ગદા (૩) ચક્ર (૪) કમલ ધારણ કર્યાં છે, છાતી પર શ્રીવત્સનું ચિહ્ન અત્યંત સુંદર સ્વર્ણમયી રેખાથી શોભી રહ્યું છે, ગળામાં કૌસ્તુભમણિ શોભી રહેલ છે, વર્ષાકાળના વરસાદની જેમ પરમ સુંદર શ્યામલ શરીર પર પીતાંબર પહેર્યું છે, બહુમૂલ્ય વૈડૂર્યમણિનાં મુકુટ અને કુંડળની કાન્તિથી સુંદર વાંકડિયા વાળ સૂર્યકિરણો સમાન શોભી રહ્યા છે, કમર પર ચમકતો કંદોરો લટકી રહ્યો છે, હાથ પર બાજુબંધ વગેરેથી કડાં શોભાયમાન બની ગયાં છે. બાળકના અંગેઅંગથી અનોખી છટા ભભકી રહી છે.

જ્યારે વસુદેવજીએ જોયું કે પોતાના પુત્રરૂપે તો ખુદ સ્વયં

ભગવાન જ પધારેલા છે, ત્યારે પહેલાં તો એમને અસીમ આશ્ચર્ય થયું. પછી આનંદથી એમની આંખો ખીલી ઊઠી. એમને રોમે રોમ પરમાનંદ પથરાઈ ગયો. શ્રીકૃષ્ણનો આત્મોત્સવ મનાવવાની ઉતાવળમાં એમણે એ જ સમયે બ્રાહ્મણોને માટે દશ હજાર ગાયોનો સંકલ્પ પણ કરી નાખ્યો. પરીક્ષિત ! ભગવાન શ્રીકૃષ્ણની અંગકાન્તિથી પ્રસૂતિગૃહ ઝગમગતું હતું. જ્યારે વસુદેવજીને એ સમજાઈ ચૂક્યું કે આ તો પરમ પુરુષ પરમાત્મા જ છે, ત્યારે ભગવાનનો પ્રભાવ જાણવાને લીધે એમનો બધો જ ભય જતો રહ્યો. એમની પોતાની બુદ્ધિ સ્થિર કરીને એમણે ભગવાનના ચરણોમાં પોતાનું માથું ઝુકાવી દીધું અને પછી હાથ જોડીને તેઓ તે ભગવાનની સ્તુતિ કરવા લાગી ગયા !"

## પ્રભુ-પ્રાગટ્ય

માયા વશ ન થાયે ને, માયા વશ કરે ખરે;
એવો વિકાસશીલાત્મા, અવતારી પ્રભુ ઠરે. ૧

અધર્મ આસુરી વૃત્તિ, તેને હટાવતા પ્રભુ;
માનવીય ગુણો ધર્મ, તેને ઉજાળતા પ્રભુ. ૨

વસુદેવજી બોલ્યા : "હું સમજી ગયો કે આપ પ્રકૃતિથી ઉપર અને અળગા એવા પુરુષોત્તમ છો ! આપનું સ્વરૂપ કેવળ આનંદ જ છે ! આપ સમસ્ત બુદ્ધિઓના એક માત્ર સાક્ષી છો ! આપ જ સંસારના આરંભમાં આપની પ્રકૃતિ મારફત આ ત્રિગુણાત્મક જગતનું સર્જન કરો છો અને પછી તેમાં નથી પ્રવેશતા તોય પ્રવેશેલા હો એમ જણાઓ છો ! મતલબ ગુણોનું આવરણ આપને ઢાંકી નથી શકતું. ખરી રીતે આપ નથી બહાર કે નથી અંદર ! પછી આપ

શામાં પ્રવેશ કરશો ? આથી જ આપ પ્રવેશ ન કરવા છતાં જાણે પ્રવેશી ગયા હો એમ લાગો છો ! આત્મતત્ત્વ સિવાય બીજી કોઈ પણ વસ્તુ યુક્તિ–સંગત નથી, કેવળ નામમાત્ર છે. જ્યાં બુદ્ધિ ન પહોંચે, ત્યાં બુદ્ધિથી નિર્ણય કરવામાં કઈ બુદ્ધિમત્તા છે ? આપ સ્વયં સમસ્ત ક્રિયાઓ, ગુણ અને વિકાસથી રહિત છો છતાંય આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયતા આપ થકી જ થાય છે. આ વાત પરમ ઐશ્વર્યશાળી, પરબ્રહ્મ પરમાત્મા ! આપને માટે જરા પણ અસંભવિત નથી. કારણ કે સત્ત્વ, રજ અને તમ એ ત્રણેયનું આશ્રયસ્થાન આપ પોતે જ છો. આથી જ તે ત્રણે ગુણોના કાર્ય વગેરેનું આરોપણ આપમાં જ થાય છે.

મતલબ કે, આપ જ ત્રણે લોકની રક્ષા કરવા માટે પોતાની માયાથી સત્ત્વમય સફેદવર્ણી ( પોષણકારી વિષ્ણુ ) રૂપ ધરો છો. ઉત્પત્તિ માટે રજોગુણપ્રધાન રાતા રંગના ( સૃજનકારક ) બ્રહ્મારૂપ અને પ્રલય સમયે તમોગુણપ્રધાન કાળારંગના ( સંહાર-કારક) રુદ્ર(શંકર)રૂપ પણ આપ જ સ્વીકારો છો. આપ સર્વ-શક્તિમાન અને બધાના સ્વામી છો ! આ સંસારની રક્ષા માટે જ આપે મારે ઘેર જન્મ લીધો છે. કારણ કે આજકાલ કરોડો અસુર સેનાપતિઓએ રાજા–નામ ધારણ કર્યું છે, પોતાને અધીન સેનાઓ સુદ્ધાં રાખી છે, પણ તે બધાંનો આપ સંહાર કરવાના છો. ઓ દેવતાઓના પણ આરાધ્ય દેવ ! આ કંસ ઘણો દુષ્ટ છે. એને જ્યારે ખબર પડી કે આપનો અવતાર મારે ઘેર થવાનો છે, એટલે આપના ભયે કરીને આપના મોટાભાઈઓની કંસે હત્યા કરી નાખી. હમણાં જ કંસના દૂતો આપના અવતારના સમાચાર કંસને સંભ-ળાવશે અને તે તરત તૈયાર થઈ હમણાં જ તે હાથમાં હથિયાર લઈને અહીં દોડ્યો દોડ્યો આવશે.

બ્રહ્મનિષ્ઠ શુકદેવજી કહે છે : "જેમ વસુદેવજીએ આ રીતે ભગવાનને તરત ઓળખી લીધા, એમ દેવકીજી તરત તો ભગવાનને

ન પિછાણી શક્યાં અને 'મા'ના હેતથી એ બાળકને જોઈ રાગમાં રંગાઈ ગયાં! પરંતુ તરત પાછો એ બાળકના ચહેરા પર માતા પ્રત્યેનો પ્રતિરાગ પોતા પરત્વે અનુભવવાને બદલે સત્પ્રેમ, પરમ વિશુદ્ધ પ્રેમ અથવા વીતરાગતાયુક્ત પ્રશાંત રસ જોઈ એમને પણ સમજાઈ ગયું કે, આ બાળક સામાન્ય બાળક નથી, અસાધારણ પુરુષ છે. અરે, ખુદ ભગવાને મારી કૂખે જન્મ ધર્યો છે, તેથી તેઓ હવે ખુદ પોતે પણ કંસથી નિર્ભય બની ગયાં એટલું જ નહીં બલકે પરમ કૃપાળુ આનંદઘન એ અવતારધારક ભગવાનની ગુણસ્તુતિમાં તેઓ પણ ગરકાવ થઈ ગયાં.

## યશોદાજીને ખોળે

પરમાત્મા બને આત્મા, સ્થિર જો આત્મલક્ષ્ય તો;
આત્મલક્ષ્ય થશે સ્થાયી, સાંપડે મનુજત્વ જો. ૧

મનુષ્યદેહ છે સાર્થ, પમાડે મનુજત્વ તો;
છે મનુજત્વ એ રીતે, ઈશ્વરી અંશ માનજો. ૨

ક્રમશઃ દંપતી આવું, સ્વપર–શ્રેયસાધક;
જ્યાં હોય ત્યાં જઈ ધારે, માનવી દેહ ઈશ્વર. ૩

માતા દેવકીજી હવે ભગવાનને ઉદ્દેશીને બોલ્યાં : 'વેદમાં આપના જે સ્વરૂપને અવ્યક્ત તથા સંસારમાં સર્વ કાંઈ જે છે તેનું મૂળ કારણ દર્શાવ્યું છે; ઉપરાંત જે અનંત જ્યોતિસ્વરૂપ, વિકારરહિત, ત્રિગુણાતીત છે, કેવળ અનિર્વચનીય અને માત્ર વિશુદ્ધ સત્તાના રૂપમાં જે કહેવાયું છે તે અને બુદ્ધિ આદિના પ્રકાશક આપ જ સ્વયં વિષ્ણુ છો. બધુય જ્યારે વિલય પામે ત્યારે પણ આપ એક શેષ સદા

રહો જ છો. તેથી આપનું એક નામ પણ 'શેષ' કહેવાય છે. કાળ ઇત્યાદિ તો આપની લીલામાત્ર છે. આપ સર્વશક્તિમાન અને પરમ કલ્યાણના આશ્રયસ્થાન છો. આથી હું આપનું શરણું લઉં છું. આ જીવ ક્યાંય અભય થયો નથી. આજે બહુ ભાગ્યને કારણે આ જીવને આપનું ચરણ–શરણ મળી ગયું છે, જેથી તે હવે સુખેથી સૂઈ શકશે. બીજાની તો વાત જ શી કરવી, પણ ખુદ મૃત્યુ પણ ડરીને ભાગી ગયું છે! આ કંસ મહા દુષ્ટ અને ભયંકર છે, તેનાથી આપ અમારી રક્ષા કરશો જ. આપનું આ ચતુર્ભુજ દિવ્યરૂપ માત્ર ધ્યાનની વસ્તુ છે. એને આપ દેહાભિમાન જીવોની સામે પ્રગટ ન કરો. મધુસૂદન! આ પાપી કંસને એ ખ્યાલ ન આવવો જોઈએ કે આપનો જન્મ મારા ગર્ભથી થયો છે. આપ આપનું એ સ્વરૂપ આટોપી સામાન્ય બાળકનું રૂપ ધરી લો.'

ભગવાન ખુદ બોલ્યા: 'સ્વાયંભુવ મન્વંતરમાં જ્યારે તમારો પ્રથમ જન્મ થયેલો ત્યારે તમારું નામ પ્રશ્નિ અને આ વસુદેવ સુતપ નામના પ્રજાપતિ હતા. તમારા બન્નેનાં હૃદય પરમ વિશુદ્ધ છે, તેથી બ્રહ્માજી તરફથી આપ બન્નેને ગર્ભ ધારણ કરવાની આજ્ઞા મળી. ત્યારે તમે બન્ને જણે ઇંદ્રિયોનું દમન કરીને ઉત્કૃષ્ટ તપસ્યા કરી. તમો બન્નેએ વર્ષા, વાયુ, ગરમી, ઠંડી વગેરે કામના જુદા જુદા ગુણોને સહન કર્યા અને પ્રાણાયામ દ્વારા પોતાના મનનો મેલ ધોઈ નાખ્યો, શાંત ચિત્તથી મારી આરાધના કરી. તે વખતે હું તમો બન્ને પર પ્રસન્ન થયો હતો અને વરદાન માગવાનું મેં કહેલું. ત્યારે તમો બન્નેએ મારા સમાન પુત્ર માગ્યો. ત્યાં લગી તમારા બન્નેનો ભોગો સાથે કશો સંબંધ પણ ન હતો, પણ મેં વરદાન આપ્યું ત્યાર પછી તમે લોકો વિષય-ભોગ સંયમપૂર્વક કરવા લાગ્યાં. એમાંથી હું તમો બન્નેનો પુત્ર થયો અને તે સમયે હું પ્રશ્નિગર્ભ નામથી વિખ્યાત થયો. પછી બીજા જન્મમાં તમે થયાં અદિતિ અને વસુદેવ થયા કશ્યપ. તે સમયે પણ હું તમારા બન્નેનો પુત્ર થયો. તે સમયે મારું નામ

હતું ઉપેંદ્ર, પણ શરીર નાનું હોવાથી લોકો મને 'વામન' પણ કહેતા હતા. તમારા ત્રીજા જન્મમાં પણ હું તમારો પુત્ર થયો. મેં તમને મારું સ્વરૂપ એટલા માટે બતાવ્યું કે તમો બન્નેને મારા પૂર્વાવતારો યાદ આવી જાય. તમો બન્ને મારા પ્રત્યે જેમ પુત્ર ભાવ રાખો, તેમ નિરંતર બ્રહ્મભાવ પણ રાખ્યા કરજો ! અંતે તમોને આમાંથી જ મારા પરમ પદની પ્રાપ્તિ થશે !'

હવે બ્રહ્મનિષ્ઠ શુકદેવજી કહે છે : "ભગવાન આટલું બોલી ચૂપ થઈ ગયા. હવે જોતજોતાંમાં પોતાની યોગમાયાથી એમણે એક સાધારણ બાળકનું સ્વરૂપ ધારણ કરી લીધું. ત્યારે વસુદેવજીએ ભગવત્પ્રેરણાથી આ પુત્રને લઈને સૂતિકાગૃહથી બહાર નીકળવાની ઇચ્છા કરી. આ બાજુ એ જ સમયે નંદપત્ની યશોદાજીના ગર્ભથી યોગમાયાનો જન્મ થયો. તે જ યોગમાયાએ ચોકીદારો અને સમસ્ત નગરવાસીઓની બધી ઇંદ્રિયો તથા વૃત્તિમાંથી ચેતના હરી લીધી. તેથી તેઓ બધાં અચેત થઈ ગયાં. કારાગારના બધા દરવાજા બંધ હતા અને કમાડ ઘણાં મોટાં હતાં. તે કમાડોને લોઢાની જંજીરો અને તાળાં જડયાં હતાં તેથી બહાર નીકળવું કઠણ હતું. પરંતુ વસુદેવજી ભગવાન કૃષ્ણને ગોદમાં લઈ જેવા દરવાજા નજીક ગયા કે તરત દરવાજા આપોઆપ ઊઘડી ગયા, જેમ સૂર્યોદય થતાં અંધકાર દૂર થાય છે તેમ. તે સમયે વાદળો ધીરેધીરે ગરજીને જલફુવારીઓ છોડી રહ્યાં હતાં. તેથી શેષ નાગ પોતાની ફેણોથી તે રોકતા રોકતા ભગવાનની પાછળ ચાલવા લાગ્યા. વારંવાર વર્ષાને કારણે યમુનાજીમાં પાણી–ભરતી ઘણી હતી, પણ સીતાપતિ રામને સમુદ્રે માર્ગ આપી દીધો તેમ યમુના મૈયાએ પણ ભગવાનને માર્ગ આપી દીધો. વસુદેવજીએ નંદબાબાના ગોકુળમાં જઈને જોયું તો બધાંય ગોપ–ગોવાલણો નિદ્રાથી અચેત બની ગયાં હતાં. ત્યારે ત્યાં યશોદાજીની શય્યા પર પોતાના પુત્રને વસુદેવજીએ સુવડાવી દીધો અને ત્યાંથી પેલી નવજાત કન્યા લઈ તેઓ કારાગારમાં પાછા ફરી ગયા. પછી વસુદેવજીએ પેલી યોગકન્યાને દેવકીની શય્યા

પર તરત જ સુવડાવી દીધી અને પહેલાંની માફક કારાગારના કેદી બનીને પોતાના પગમાં બેડીઓ નાખી દીધી. અહીં નંદપત્ની યશોદાજીને એટલું તો જણાયેલું જ કે પોતાને કાંઈ સંતાન થયું છે; પણ પુત્ર જન્મ્યો કે પુત્રી એનો ખ્યાલ ન રહ્યો ! કારણ એક તો તેમને પ્રસૂતિની પીડા હતી અને બીજું યોગમાયાને પ્રતાપે સર્વત્ર અચેતનતા છવાઈ ચૂકી હતી તેની અસર તેમના ઉપર પણ હતી જ."

## યોગમાયાનો આદેશ

આત્મજ્ઞાની ન હોયે તે, ચમત્કાર–પરાયણ;
ચમત્કારો થયા ગૌણ, જ્ઞાની જીવન તન્મય. ૧

કષ્ટો અપાર વેઠી જે, જગે વાત્સલ્ય પાથરે;
તેના સાથી જગે સૌએ, અવતારી પુરુષ તે. ૨

શુકદેવજી બોલ્યા : "પરીક્ષિત ! જ્યારે વસુદેવજી ગોકુલમાં કનૈયાને મૂકી કંસના બંદીખાનામાં પાછા આવ્યા કે તરત નગરના બહારના અને અંદરના બધા જ દરવાજાઓ પોતાની મેળે જ પહેલાંની જેમ બંધ થઈ ગયા ! ત્યારબાદ નવા જન્મેલા બાળકનો રડવાનો અવાજ સુણી દ્વારપાળોની નિદ્રા તૂટી અને તેઓ તરત શ્રી ભોજરાજ કંસ પાસે પહોંચી ગયા અને દેવકીજીના આવેલા સંતાનની વાત કરી. કંસ તો ઘણી જ વ્યાકુળતા અને ગભરાટની સાથે આવા કાંઈક સમાચારની વાટ જ જોતો હતો. દ્વારપાળોની આટલી વાત સાંભળતાં જ તે પલંગ પરથી ઊઠી શીઘ્રતાથી પ્રસૂતિગૃહ તરફ ઝડપથી દોડી આવ્યો. આ વખતે તો હવે મારો કાળ જ બહેન દેવકીના ગર્ભમાં જન્મ્યો છે તેમ વિચારી તે વ્યાકુળ થઈ ગયેલો, તથા તેને પોતાના વીખરાયેલા વાળનું પણ ધ્યાન ન રહ્યું ! રસ્તામાં

પણ ઘણી વાર લથડતો–લથડતો પડતાં પડતાં બચ્યો. જેવો તે બંદીખાને પૂગ્યો કે દેવકીજી બોલી ઊઠયાં : મારા હિતેચ્છુ બંધુ ! આ કન્યા તો સાવ ગભરુ બાલિકા છે. એ બિચારી અબળાને તમારે મારવી ન જોઈએ. મારા પ્યારા ભાઈ ! મારાં આગ જેવાં ચમકતાં તેજસ્વી કેટલાંય સંતાનો મારી નાંખ્યાં, પરંતુ એમાં તમારો દોષ હું શું કાઢું ? તમારો દોષ જ નથી. પ્રારબ્ધ જ એવું હતું હવે તમે આ કન્યા તો પાછી દઈ દો. મારાં ઘણાં સંતાન મરી ગયાં તેથી હું અત્યંત દીન છું. મારા વહાલા અને સમર્થ ભાઈ ! અવશ્ય હું તમારી નાની બહેન છું. તમે મંદભાગની એવી મને આ અંતિમ સંતાનરૂપ બાલિકા અવશ્ય પાછી આપશો.' પરીક્ષિત ! તે કન્યાને દેવકીજીએ પોતાની ગોદમાં છુપાવીને અત્યંત દીનતા સાથે રોતાં–રોતાં તેની યાચના કરી, પણ કંસ અતિ દુષ્ટ હતો તેથી તેણે તો દેવકીજીના હાથમાંથી એ માસૂમ અને તાજી જન્મેલી બાળકીને ઝૂંટવી લીધી. અને તેનો પગ પકડી એક પથ્થર પર–ખડક ઉપર–વજ્રને ઝીંકે તેમ ઝીંકી. સ્વાર્થકારણે સહૃદયતા તો એની પાસેથી પોબારા જ ગણી ગઈ હતી !! પણ ભગવાન કૃષ્ણની આ નાની બહેન સામાન્ય કન્યા નહોતી, દેવી હતી. તેથી તે કંસના હાથમાંથી છટકીને તરત આકાશમાં ઊડી ગઈ અને પોતાના મોટા મોટા આઠ હાથોમાં હથિયારો સાથે દેખાઈ ! તેણી દિવ્યમાળા, વસ્ત્ર, ચંદન અને મણિમય આભૂષણોથી વિભૂષિત હતી. હાથમાં ધનુષ્ય, ત્રિશૂલ, બાણ, ઢાલ, તલવાર, શંખ, ચક્ર અને ગદા એ આઠ આયુધો હતાં. સિદ્ધો, ચારણો, ગંધર્વો, અપ્સરાઓ અને કિન્નરો તથા નાગગણ પણ ઘણી ઘણી ભેટની સામગ્રી સમર્પિત કરીને એની સ્તુતિ કરી રહ્યાં હતાં. તે સમયે જ તે દેવીએ કંસને ઉદ્દેશીને કહ્યું : "રે મૂર્ખ ! મને મારવાથી તને શું મળવાનું હતું ? તારા પૂર્વજન્મનો શત્રુ તને મારવા માટે કોઈક સ્થાને પેદા થઈ ચૂકયો જ છે. હવે તું નિર્દોષ બાળકોને ન માર !" કંસને આ પ્રકારે કહીને ભગવતી યોગમાયા

ત્યાંથી અંતર્ધાન થઈ ગઈ અને પૃથ્વીનાં અનેક સ્થાનોમાં જુદે જુદે નામે તે મશહૂર થઈ......"

## નંદ–વસુદેવ મિલન

અધર્મી કે મહાપાપી, પસ્તાવે થાય સન્મતિ,
સન્મતિતા ટકે જેથી, અંતે પમાય સદ્‌ગતિ. ૧

રેલે ત્યાં રિદ્ધિ ને સિદ્ધિ, અધ્યાત્મ જ્યાં વધે ખરું;
જહીં જન્મે મહાસત્ત્વ, તહીં અધ્યાત્મ પાધરું. ૨

શ્રી શુકદેવજી બોલ્યા : "રાજા પરીક્ષિતજી ! યોગમાયા અથવા તે દેવીજી તો અંતર્ધાન થઈ ગયાં, પણ એમની વાત સાંભળીને કંસને અનહદ આશ્ચર્ય થયું. તેણે તરત વસુદેવજી તથા દેવકીજીને જેલમાંથી છોડી મૂક્યાં અને અતિશય નમ્રતાથી કહ્યું, "મારાં વહાલાં બહેન અને બનેવીજી ! ખરેખર હું ઘણો મોટો પાપી છું. તમારાં સંતાનોને મારીને મેં રાક્ષસથી પણ બદતર કુકૃત્ય-દુષ્કૃત્ય કર્યું છે. હવે કુકૃત્ય-દુષ્કૃત્યનો મને ઘણો ઘણો ખેદ થાય છે. મેં મારાં સાચાં કુટુંબીઓ અને હિતેચ્છુઓનો ત્યાગ કર્યો અને માનવજન્મ પામી જે અતિદુષ્ટ કામ કર્યાં, તેને લીધે મારે કયા અધમાધમ નરકમાં જવું પડશે તેની કલ્પના થઈ શકતી નથી. વાસ્તવમાં બ્રહ્મઘાતીથીયે મોટું કુકૃત્ય કરી હું જીવવા છતાં ખરેખર મુડદું બની ગયો છું. તમે બંને મહાન આત્માઓ છો. મને માફી આપો. જો કે ખરેખર તો આત્મા અમર જ છે, તે પોતે જન્મતો કે મરતો નથી અને છતાં જીવ શરીર (કે જે સાધનરૂપ છે) ને સાધ્યરૂપ માની ચાલે છે. બસ, મોટામાં મોટું અજ્ઞાન તે આ જ ! આ અજ્ઞાનને કારણે જ જન્મમૃત્યુના ફેરા ફરવા પડે છે.' આટલું બોલી કંસે પોતાનાં પ્યારાં બહેન ને

બનેત્રીના ચરણોમાં પોતાનું માથું નાખી દીધું !!! પરીક્ષિત ! આ રીતે દિલથી તે માફી માગીને મહેલમાં ચાલ્યો ગયો. સવારે કંસે પોતાના મંત્રીઓને બોલાવીને યોગમાયાએ કહેલી વાતો સાફ સાફ કહી બતાવી. મંત્રીઓ તો બધા મૂર્ખ જ હતા. તેમણે કહ્યું : 'ભોજરાજ ! જો આમ જ છે તો અમે આજે મોટાં મોટાં શહેરોમાં નાનાં નાનાં ગામડાઓમાં, આહીરોની વસતિઓમાં અને બીજાં સ્થાનોમાં જે જે બાળકો જન્મ્યાં છે, તે દશ દિવસથી વધુનાં હોય કે ઓછાનાં, તે બધાંનેય મારી નાખીશું અને દેવમાત્રને રંજાડી દઈશું.

પરીક્ષિત ! નંદબાબા ઘણા જ સજ્જન અને ઉદાર હતા. પુત્ર-જન્મ બાદ એમનું હૃદય અદ્દ્ભુત આનંદથી ઊભરાઈ ગયું. એમણે સ્નાન કરી દેહે-મને પવિત્ર થઈ સુંદર સુંદર વસ્ત્રાભૂષણ ધારણ કર્યાં. પછી વેદજ્ઞ બ્રાહ્મણોને બોલાવી સ્વસ્તિવાચન કરાવ્યું અને બાળકના જાત-કર્મ સંસ્કાર પણ કરાવ્યા. દેવો–પિતરોની વિધિપૂર્વક પૂજા સુધ્ધાં કરાવી, બ્રાહ્મણોને વસ્ત્રો, આભૂષણો અને હજારો ગાયો દાનમાં આપી દીધી. ચોમેર વાયુમંડળ શુભમંગલમય બની ગયું ! ભેરી અને દુંદુભિ વાગવા લાગ્યાં. આખા વ્રજમાં ઘેર ઘેર આનંદ પથરાઈ ગયો. ગ્વાલબાલ અને ગાયો પણ સારી પેઠે સજાવાયાં. ગોપીઓ જશોદાને ત્યાં સુંદર સુંદર સામગ્રી સાથે પહોંચી ગઈ અને સૌએ બાળકને 'ચિરંજીવી હો !' એમ આશીર્વાદ આપ્યા. નંદબાબાના વ્રજમાં ધન, ધાન્ય, દૂધ–ઘી અને ઋદ્ધિ–સમૃદ્ધિ છલકવા લાગી ગયાં ! આવે વખતે નંદબાબાને ત્યાં વસુદેવજી જઈ પહોંચ્યા. બંને મિત્રો ભેટી પડચા. આનંદથી બેસીને પછી બોલ્યા : 'મોટાભાઈ ! તમને બન્નેને આ મારું સંતાન હવે મા–બાપ માની લેશે અને એમ માની વર્તે તે મને અને દેવકીજીને પણ ગમે છે.' નંદબાબા બોલ્યા : 'એમાં આપ અને દેવકીજીની તો પૂરી ઉદારતા છે, પરંતુ જે છે, તે જ સાચું છે અને રહેવાનું છે. આપનાં કેટલાં બાળકો કંસને હાથે

માર્યાં ગયાં ! ખેર, પરંતુ અંતે ખુદ ભગવાનને પોતાને જન્મ ધરીને આપને ત્યાં આવવું પડ્યું !' વસુદેવે કહ્યું : 'મોટાભાઈ ! તમે રાજા કંસને કર ચૂકવ્યો તે ઠીક કર્યું. હવે તમારે વ્રજને બદલે ગોકુળમાં જવું ઘટે; કારણ કે ત્યાં મોટો ઉત્પાત મચી ગયો છે ! આ સાંભળી તરત નંદરાજાએ અને કેટલાક ગોપમિત્રોએ ગાડાં જોડાવી તરત વ્રજ છોડીને ગોકુળ તરફ પ્રયાણ આદરી દીધું.

## પૂતના સ્તનપાન

છુપાવે રાક્ષસીવૃત્તિ, દંભી માયા વડે ભલે !
કિન્તુ પ્રભુ કને અંતે, તેઓ ખુલ્લા પડી જશે. ૧

ત્યાં ચાલે રાક્ષસી જોર, જ્યાં કથા પ્રભુની નથી;
કિન્તુ પ્રભુકથા પોંચે, ન તહીં આસુરી ગતિ. ૨

બ્રહ્મનિષ્ઠ બ્રહ્મચારી શુકદેવજી કહે છે : "પરીક્ષિત ! નંદબાબા જ્યારે મથુરાથી ગોકુળ ભણી જતા હતા, ત્યારે તેમને વિચારો આવવા લાગ્યા કે વસુદેવજીનું કથન જૂઠું તો ન જ હોય. આથી એમના મનમાં ઉત્પાત મચવાની આશંકા ઊભી થઈ. એમ છતાં એમણે મનોમન 'ભગવાન એક જ શરણરૂપ છે, તે જ રક્ષા કરશે' એવો નિર્ણય કરી લીધો. પૂતના નામની એક મહા ક્રૂર રાક્ષસી હતી. બાળકો મારી નાંખવાં એ એક જ એનું કામ. કંસ–આજ્ઞાથી એ નગર, ગામડાં અને આહીરોની વસતિઓમાં બાળકોને મારવા માટે ફર્યા કરતી !! જ્યાંના લોકો પોતાનાં રોજનાં કામમાં રાક્ષસભયને દૂર ભગાડનાર, ભક્તવત્સલ ભગવાનનાં નામ, ગુણ અને એમની લીલાઓનું, શ્રવણ, કીર્તન અને સ્મરણ નથી કરતા, ત્યાં જ આવી રાક્ષસીઓનું બળ ચાલી શકે છે એ તો દેખીતી વાત છે. પેલી

પૂતના રાક્ષસી આકાશમાં પણ ઊડતી હતી અને પોતાની ઇચ્છ મુજબ વિવિધ પ્રકારનાં રૂપો પણ બનાવી લેતી હતી.

એક દિવસ નંદબાબાના ગોકુલ પાસે આવી માયાથી તેણીએ પોતાને એક સુંદર યુવતી બનાવીને ગોકુળમાં ઘૂસી જવાનું નક્કી કરી નાખ્યું અને તેણીએ ઘણું આકર્ષક એવું અતિ સુંદર સ્વરૂપ પોતાનું બનાવી લીધું !! એનો ચોટલો સુંદર વેલનાં ફૂલોથી ગૂંથી કાઢેલો, વસ્રો પણ તેણીએ સુંદર પહેરેલાં. જ્યારે એના કાનમાંનાં ફૂલ હાલતાં હતાં ત્યારે એમની ચમકથી મુખ તરફ લટકતા વાળનાં ઝૂમખાં અતિ શોભી ઊઠતાં હતાં. તેણીના નિતંબ અને સ્તન કળશ જેમ ઊંચા ઊંચા હતા અને કમર પાતળી હતી. તે પોતાના મધુર સ્મિતથી અને કટાક્ષપૂર્ણ નયનોથી વ્રજવાસીઓનાં ચિત્તને ચોરી લેતી હતી. તે રૂપરમણીને જ્યારે વ્રજમાં ગોપીઓ નિહાળતી ત્યારે જાણે લક્ષ્મીજી પોતાના પતિનાં દર્શન માટે આવી રહ્યાં હોય તેવું તેમને લાગતું હતું ! આ પૂતના રાક્ષસી બાળકોને માટે ગ્રહ સમાન હતી. તે રાક્ષસી બાળકોને શોધતી અનાયાસે નંદબાબાના જ ઘરમાં ઘૂસી ગઈ ! ત્યાં તેણીએ જોયું કે બાલક કૃષ્ણ શય્યામાં પોઢયા છે.

પરીક્ષિતજી ! ભગવાન તો દુષ્ટોના કાળારૂપ છે. પરંતુ જેમ આગ રાખના ઢગલા તળે છુપાઈ ગઈ હોય, તેમ તેમણે (ભગવાને) પોતાના પ્રચંડ તેજને છુપાવી રાખ્યું હતું. આમ તો ભગવાન કૃષ્ણ ચર અને અચર એવા બધાય જીવોના આત્મા રૂપ છે એથી એમણે તો એ જ પળે આને ઓળખી લીધી કે આ માત્ર સામાન્ય નારી નથી, પરંતુ બાળકોને મારી નાખનારો ખરેખર તો આ પૂતના–ગ્રહ જ છે. એમણે પોતાની આંખો તરત બંધ કરી દીધી. જેમ કોઈ પુરુષ ભ્રમવશ સૂતેલા સાપને દોરડું સમજીને એકાએક ઉપાડી લે તેમ તેણીએ (પૂતનાએ) પોતાના કાળરૂપી ભગવાન શ્રી કૃષ્ણને પોતાની ગોદમાં ઉઠાવી લીધા. પરંતુ મખમલના મ્યાનમાં છુપાયેલી તીક્ષ્ણ ધારવાળી તલવાર–સમી પૂતનાનું દિલ તો બહુ કુટિલ હતું

જ તેથી ઉપર-ઉપરથી પૂતના ઘણો મીઠો અને સુંદર વ્યવહાર કરતી હતી. દેખાવમાં એ એક ભદ્ર સન્નારી જેવી દેખાતી હતી, એથી રોહિણી અને યશોદાજી પણ એના સૌંદર્યથી પ્રભાવિત થઈ ગયાં. તેણીને તે બન્નેએ કશી રોકટોક ન કરી અને ઊભાં ઊભાં જોયા જ કર્યું, એટલામાં અહીં પૂતના રાક્ષસીએ એ ભગવાન શ્રીકૃષ્ણરૂપી બાળકને પોતાની ગોદમાં લઈને એના મોઢામાં પોતાનાં સ્તન આપી દીધાં કે જેમાં ઘણું ભયંકર અને કોઈ પણ પ્રકારથી ન પચી શકે તેવું વિષ લગાડેલું હતું. ત્યારે ભગવાને ક્રોધને પોતાનો સાથી બનાવ્યો અને બન્ને હાથોથી તેણીનાં સ્તનોને જોરથી દબાવી પૂતનાના પ્રાણોની સાથે સાથે તેણીનું દૂધ પીવા લાગ્યા અને પોતાનો સાથી ક્રોધ તેણીના પ્રાણ પીવા લાગ્યો.

હવે તો પૂતનાનું એકેએક મર્મસ્થાન તૂટવા લાગી ગયું. તે જોરથી પોકારવા લાગી: 'અરે છોડ! મને છોડ!! હવે બસ કર!!!' તે વારંવાર પોતાના હાથ અને પગ પટકી પટકીને રોવા લાગી. તેણીની આંખો જ જાણે ઊલટી થઈ ગઈ. તેણીનું આખું શરીર પરસેવાથી લોથપોથ થઈ ચૂક્યું! તેણીની શ્વાસોનો વેગ ભયંકર હતો, જેના પ્રભાવથી પહાડોની સાથે પૃથ્વી અને ગ્રહોની સાથે આખું અંતરિક્ષ ડોલી ઊઠ્યું, સાતેય પાતાળો અને દિશાઓ પણ ગાજી ઊઠી! ઘણા લોકો બાપડા વજ્રપાતની આશંકાથી નીચે પડી ગયા! પરીક્ષિત! આ પ્રકારે રાક્ષસી પૂતનાના સ્તનમાં એટલી બધી પીડા થઈ કે તે પોતાના મૂળ રાક્ષસી રૂપને છુપાવી ન શકી અને ખરેખરું તેણીનું રાક્ષસી રૂપ પ્રગટી ગયું એના શરીરમાંથી પ્રાણ નીકળી ગયા, મોં ફાટી ગયું, વાળો વીખરાઈ ગયા અને હાથ-પગ ફેલાઈ ગયા. જેમ ઈંદ્રના વજ્રથી ઘાયલ થઈ વૃત્રાસુર ભોં ભેગો થાય, તેમ તેણી બહાર ગોઠામાં આવી ઢળી પડી!"

# પૂતનાનો—મોક્ષ

**દુરાચારી મહાપાપી, અધર્મ હિંસ્ર હોય છો !**
**તોય પામ્યે પ્રભુ–સંગ, સદ્ધર્મી શીઘ્ર તે થતો. ૧**

**પ્રભુ મૂર્ત થતાં ત્યારે, બની માબાપ પૂજકો,**
**લડાવે લાડ હૈયામાં, રાખીને ભાવ પુત્ર–શો. ૨**

બ્રહ્મચારી શુકદેવજી બોલ્યા: "રાજન્ પરીક્ષિતજી! પૂતનાના શરીરે ભોંય પર પડતાં પડતાં પણ છ ગામનાં વૃક્ષોને કચડી નાંખ્યાં. આ એક ઘણી મોટી અદ્દ્ભુત ઘટના બની ગઈ. પરીક્ષિત! એ પૂતનાનું મોઢું હળના જેવી તીખી અને ભયંકર દાઢોથી બિહામણું હતું, એનું નાક પહાડની ગુફા જેવું ગંભીર હતું અને સ્તનો પહાડમાંથી પડેલી શિલાઓ જેવાં મોટાં મોટાં હતાં. ચારે તરફ વિખરાયેલા લાલ લાલ વાળ ઘણા જ વિકરાળ હતા, આંખો અંધારકૂવા જેવી ગહન, કૂલા 'નિતંબ' નદીની કરાડો જેવા ભયંકર, એ જ પ્રમાણે ભુજાઓ, જાંઘો અને પગો નદીના પુલ જેવાં અને પેટ સુકાઈ ગયેલા સરોવર જેવું જણાતું હતું. પૂતનાના આવા ભયંકર શરીરને જોઈ ગોવાળિયા —ગોવાલણો ડરી ગયાં. એની ભયંકર ચીસો સાંભળી એ બધાનાં હૃદય, કાન અને માથાં તો પહેલેથી જ સૂનકાર જેવાં થઈ ગયેલાં!

જયારે ગોપીઓએ જોયું કે, બાલક શ્રીકૃષ્ણ તો એની છાતી પર નિર્ભય થઈને ખેલી રહ્યા છે, ત્યારે મોટા ગભરાટ અને ઉતાવળની સાથે તેઓ ત્યાં પહોંચી ગઈ અને શ્રીકૃષ્ણને ઉપાડી લીધા, ત્યારબાદ યશોદાજી અને રોહિણીજીની સાથે ગોપીઓએ ગાયોનાં પૂછડાં બાલક પર ઘુમાવવાં વગેરે ઉપચારથી શ્રીકૃષ્ણનાં અંગોની બધી જ રક્ષાવિધિ કીધી. એ બધીઓએ પહેલાં તો શ્રીકૃષ્ણજીને ગોમૂત્રથી નવડાવ્યા. પછી બધાં અંગોમાં ગોરજ લગાડી દીધી. પછી બારેય

અંગોમાં છાણ લગાડી ભગવાનનાં કેશવ આદિ નામોથી રક્ષા કીધી. તે પછી ગોપીઓએ 'અજ' વગેરે અગિયાર બીજમંત્રોથી પોતાના અંગોમાં અંગન્યાસ અને કરન્યાસ કર્યો અને પછી એ બાળકનાં અંગોમાં બીજન્યાસ કર્યો.

તે બધી ગોપીઓ કહેવા લાગી: 'અજન્મા ભગવાન તારા પગોની રક્ષા કરે, મણિમાન ગોઠણોની, યજ્ઞપુરુષ જાંઘોની, અચ્યુત કમરની, હયગ્રીવ પેટની, કેશવ હૃદયની, ઈશ છાતીની, સૂર્ય કંઠની, વિષ્ણુ બાંયોની, ઉરુક્રમ મોઢાની અને ઈશ્વર માથાની રક્ષા કરે! ચક્રધર ભગવાન તારી આગળથી રક્ષા કરે, પાછળ ગદાધર–હરિ, બન્ને બગલોની તથા ક્રમશઃ ધનુષ અને ખડ્ગ ધારણ કરવાવાળા ભગવાન મધુસૂદન અને અજ, ચારેય ખૂણાઓમાં શંખધારી ઉરુગાય ગરુડ-વાહન, ઉપેંદ્ર ઉપર, હલધર પૃથ્વી પર અને ભગવાન પરમ પુરુષ તારી બધી બાજુ રહીને રક્ષા કરે! ઋષિકેશ ભગવાન ઇંદ્રિયોની અને નારાયણ પ્રાણોની રક્ષા કરે! શ્વેતદ્વીપના અધિપતિ ચિત્તની અને યોગીશ્વર મનની રક્ષા કરે! પ્રશ્નિગર્ભ તારી બુદ્ધિની અને પરમાત્મા ભગવાન તારા અહંકારની રક્ષા કરે! રમતી વખતે ગોવિંદ રક્ષા કરે! સૂતી વખતે માધવ રક્ષા કરે! ચાલતી વખતે ભગવાન વૈકુંઠ અને બેસતી વખતે ભગવાન શ્રીપતિ તારી રક્ષા કરે! ભોજનના વખતે સમસ્ત ગ્રહોને ભયભીત કરવાવાળા યજ્ઞભોક્તા ભગવાન તારી રક્ષા કરે! ડાકિની રાક્ષસી અને કુષ્માંડા વગેરે બાલગ્રહ, ભૂત, પ્રેત, પિશાચ, યક્ષ, રાક્ષસ અને વિનાયક, કોટરા, રેવતી, જ્યેષ્ઠા, પૂતના, માતૃકા આદિ શરીર, ઇંદ્રિય તથા પ્રાણોનો નાશ કરવાવાળા ઉન્માદ (પાગલ-પણું) અને મરકી આદિ રોગો, સ્વપ્નમાં જોયેલા મહાન ઉત્પાત, વૃદ્ધગ્રહ અને બાલગ્રહ વગેરે આ બધાં અનિષ્ટો ભગવાન વિષ્ણુનો નામોચ્ચાર કરવાથી ભયભીત થઈ નષ્ટ થઈ જાય છે. આ મુજબ ગોપીઓએ પ્રેમપાશમાં બંધાઈ શ્રીકૃષ્ણની રક્ષા કીધી.

માતા યશોદાજીએ પોતાના પુત્રને ધવડાવ્યો અને પછી પારણામાં સુવાડી દીધો. એ જ સમયે નંદબાબા પોતે અને એમના સાથે ગોવાળિયાઓ મથુરાથી ગોકુળમાં આવી પહોંચ્યા અને જ્યારે એ સૌએ પૂતનાનું ભયંકર શરીર જોયું ત્યારે તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા! તેમને સૌને થયું કે વસુદેવજી પૂર્વજન્મના યોગીશ્વર હોવા જોઈએ, કારણ કે એમણે કહેલ ઉત્પાત પ્રત્યક્ષ દેખાય છે! એટલામાં વ્રજવાસીઓએ કુહાડાઓથી પૂતનાના શરીરના ટુકડેટુકડા કર્યા અને ગોકુળથી દૂર લઈ જઈ લાકડાં પર, તે બધાને રાખી બાળી નાખ્યા ત્યારે તેમાંથી અગરુ ચંદન જેવી સુગંધ નીકળી, કારણ કે ભગવાને જાતે દૂધ પી તેનાં પાપ નષ્ટ કરેલાં. જો કે એ મહાઘાતી–મહારાક્ષસી હતી, ઘણાં બાળકોના પ્રાણ તેણીએ લીધેલા, ખુદ ભગવાનરૂપી આ વાસુદેવનેય મારવા ઇચ્છતી હતી, છતાં પૂતનાને સત્પુરુષોને માંડ મળી શકે તેવી પરમ ગતિ મળી ગઈ. તો પછી સમર્પિત થયેલાંઓને તો પરમ ગતિ પ્રાપ્ત થાય તેમાં નવાઈ જ શી? આ રીતે પુત્રરૂપે જોતી ગોપીમાત્રનો તો ઉદ્ધાર થાય, તે સ્વાભાવિક હતું. નંદબાબા સાથે આવેલા ગોવાળિયાઓએ દૂરથી સુગંધ અનુભવી. પૂછવાથી તરત આખુંયે વૃત્તાંત સ્થાનિક ગોપીઓ વગેરેએ કહી સંભળાવ્યું. પૂતનાનું મોત અને કુશળતાપૂર્વક કૃષ્ણનો બચાવ એ ખરેખર અદ્ભુત હતું! નંદબાબાના આનંદનો પાર ન રહ્યો. બાલકૃષ્ણને ગોદમાં લઈ તેમણે ખૂબ પ્યાર કર્યો! આ પૂતનામોક્ષ ભગવાન કૃષ્ણની અદ્ભુત બાળલીલા છે. જે માનવી શ્રદ્ધાપૂર્વક આ કથા સાંભળે છે એને ભગવાન કૃષ્ણ પ્રત્યે અવિચળ પ્રેમ પ્રાપ્ત થાય છે."

# શકટ—ભંગ

છો નાનો રાઈનો દાણો, ઉગ્રતા તોય છે ઘણી;
નાના કૃષ્ણ ભલે એક, કિંતુ શક્તિ અનંતની. ૧

આત્મા અને અધિષ્ઠાન, સંસારે તત્ત્વ બે સદા;
ચળે આત્મા જડાસંગી, અધિષ્ઠાને અડોલતા. ૨

જન્મ લેતું મહાસત્ત્વ, મહાનિમિત્ત તે થતું;
સંસારે અવ્યવસ્થામાં, વ્યવસ્થા એ જ લાવતું. ૩

રાજા પરીક્ષિતજીએ બ્રહ્મચારી શુકદેવજીને પૂછ્યું : 'પ્રભો ! સર્વશક્તિમાન ભગવાન શ્રી હરિ અનેક અવતારો ધરીને ઘણી સુંદર લીલાઓ કરે છે, તે બધી કર્ણમધુર અને મારા હૃદયને બહુ પ્રિય લાગે છે. એમને સુણવા માત્રથી ભગવાન સંબંધી કથા પ્રત્યેની અરુચિ અને વિવિધ વિષયો પરની તૃષ્ણા ભાગવા માંડે છે, માનવનું અંતઃકરણ શીઘ્રાતિશીઘ્ર સહજ શુદ્ધ બની જાય છે. ભગવાનનાં ચરણોમાં ભક્તિ અને ભગવાનના ભક્તજનોથી પ્રેમ પણ અનાયાસે પ્રાપ્ત થઈ જાય છે. જો આપ મને એવી લીલા-કથાઓનો શ્રવણાધિકારી માનતા હો, તો ભગવાનની એવી જ લીલાઓનુ આપ વર્ણન કરો ! ભગવાન શ્રીકૃષ્ણે મનુષ્યલોકમાં પ્રગટ થઈ મનુષ્યો જેવી લીલા કરી જ છે. અલબત્ત, તે ઘણી જ અદ્ભુત છે. એથી તો આપ એમની બીજી બાળલીલાઓનુંયે વર્ણન કરો.'

રાજાની આવી ઇચ્છા જાણી હવે બ્રહ્મનિષ્ઠ શુકદેવજી બોલ્યા : "પરીક્ષિત ! એકવાર ભગવાન શ્રીકૃષ્ણનો પડખું બદલવાનો મહોત્સવ થઈ રહ્યો હતો. તે દિને એમનું જન્મનક્ષત્ર પણ હતું જ. ઘરમાં ઘણી સ્ત્રીઓની ભીડ લાગી ગઈ હતી. ગાવું-બજાવવું ચાલુ હતું. બ્રાહ્મણો

મંત્રો બોલી બોલી નંદના નંદન એવા શ્રીકૃષ્ણનો અભિષેક કરી રહ્યા હતા. સતી યશોદાજી આ બધી બાબતોમાં જ વ્યસ્ત રહેલાં હતાં. નંદરાણી યશોદાજીએ બ્રાહ્મણોનું ખૂબ પૂજન-સન્માન કર્યું. એમને અન્ન, વસ્ત્ર, માળાઓ, ગાયો વગેરે મોં-માંગી વસ્તુઓ આપી.

જ્યારે સ્વસ્તિવાંચન અને અભિષેકકાર્ય સંપન્ન થઈ ગયું ત્યારે યશોદાજીએ જાણ્યું કે પોતાના લાડીલા દીકરાની આંખોમાં નિદ્રા આવી રહી છે. એટલે ધીરેથી શ્રીકૃષ્ણને એમણે શય્યા પર સુવાડી દીધા. ત્યાં થોડી જ વારમાં શ્યામસુંદરની આંખો ઊઘડી, તો તેઓ સ્તનપાન માટે રોવા લાગ્યા. પણ એ વખતે આવેલાં વ્રજવાસીઓની આગતાસ્વાગતામાં યશોદાજી સારી પેઠે તલ્લીન થઈ ગયાં હતાં તેથી યશોદાજીના કાને શ્રીકૃષ્ણ-રુદન સંભળાયું નહીં! ત્યારે શ્રીકૃષ્ણ રોતા રોતા પોતાના પગ ઉછાળવા લાગ્યા. તેઓ એક છકડાની નીચે સૂતેલા હતા. બાળક શ્રીકૃષ્ણના પગ હજુ લાલ કૂંપળોની જેમ ઘણા જ કોમળ અને નાના નાના હતા. પરંતુ એ નાનેરા પગ લાગતાંની સાથે જ; વિશાળ છકડો ઊલટો થઈ ગયો! એ છકડા ઉપર દૂધ, દહીં આદિ અનેક રસોથી ભરેલાં માટલાં અને બીજાં વાસણ રાખેલાં તે બધાં ફૂટી ગયાં અને છકડાના પૈડાં તથા ધોંસરી અસ્તવ્યસ્ત થઈ ગયાં. પડખું બદલવાની પ્રક્રિયાના ઉત્સવમાં આવેલાં જેટલાં બૈરાં હતાં તે બધાં તથા યશોદાજી, રોહિણી, નંદબાબા અને ગોવાળિયાઓ આ વિચિત્ર ઘટનાને નિહાળી વ્યાકુળ થઈ ગયા. તેઓ અંદરોઅંદર કહેવા લાગ્યા: "અરે, આ શું થઈ ગયું? આ છકડો પોતાની જ મેળે શી રીતે ઊંધો વળ્યો?" તેઓ પૈકી કોઈ આનું કારણ નિશ્ચિત ન કરી શક્યાં. પરંતુ તેવામાં ત્યાં રમી રહેલાં બાળકોએ ગોપ અને ગોપીઓને કહી દીધું કે આ કૃષ્ણે જ રોતાં રોતાં પોતાના પગની ઠોકરોથી એને (છકડાને) ઊલટાવી નાખ્યો છે, આમાં કશો સંદેહ નથી. પરંતુ ગોપીઓએ એ બાળકોની વાત ગણીને એ વાત ઉપર વિશ્વાસ ન કર્યો તે ઠીક જ છે. કારણ કે તે ગોવાળિયાઓને આ બાળકના

અત્યંત બળની ખબર જ ન હતી.

યશોદાજીએ તો માન્યું કે આ કોઈ ગ્રહ આદિનો ઉત્પાત છે. એમણે પોતાના રડતા લાડીલા લાલને ગોદમાં લઈને બ્રાહ્મણો મારફત વેદમંત્રોના શાન્તિપાઠ કરાવ્યા અને પાછાં તેઓ દૂધ પિવડાવવા લાગ્યાં. બળવાન ગોવાળિયાઓએ છકડાને ફરી સીધો કર્યો અને એના પર પહેલાંની બધી સામગ્રી રાખી દીધી. બ્રાહ્મણોએ હવન કર્યો અને દહીં, ચોખા, દર્ભ અને જળથી ભગવાનની પૂજા કરી. જેઓ કોઈના ગુણોમાં દોષ નથી કાઢતા, જૂઠું નથી બોલતા, દંભ, ઈર્ષ્યા અને હિંસા નથી કરતા અને નિરાભિમાની છે, તેવા સત્યશીલ બ્રાહ્મણોના આશીર્વાદો કદી નિષ્ફળ જતા નથી, એમ વિચારીને નંદબાબાએ બાળકને ગોદમાં ઊંચકી લીધું અને બ્રાહ્મણો દ્વારા સામ, ઋક્ અને યજુર્વેદનો મંત્રપાઠ કરાવી સંસ્કૃત અને પવિત્ર ઔષધિઓથી યુક્ત એવા પાણીથી અભિષેક કરાવ્યો. એમણે ઘણી જ એકાગ્રતાથી સ્વસ્ત્યયનપાઠ અને હવન કરાવી, બ્રાહ્મણોને અત્યુત્તમ અન્નનું ભોજન કરાવ્યું. એ પછી નંદબાબાએ પોતાના પુત્રની ઉન્નતિ અને અભિવૃદ્ધિની અભિલાષાએ બ્રાહ્મણોને સર્વગુણસંપન્ન એવી બહુ ગાયો આપી. તે ગાયો વસ્ત્ર, ફૂલમાળા અને સોનાના હારોથી સજાવેલી હતી. બ્રાહ્મણોએ આશીર્વાદ આપ્યા. પરીક્ષિતજી! તમો એ તો જાણો જ છો કે જે વેદવેત્તા અને યોગયુક્ત એવા બ્રાહ્મણો હોય છે, તેમના આશીર્વાદ કદી નિષ્ફળ જતા નથી."

## તૃણાવર્ત–વધ

પ્રભુ પણ બને દેહી, સર્વહિતાર્થ વિશ્વમાં;
તો રહે કેમ ધર્મિષ્ઠો વિશ્વ–શ્રેય કર્યા વિના? ૧

ચારિત્ર્ય જ્યાં વધે નિત્ય, ત્યાં ચમત્કાર સે'જમાં;
છે ચમત્કાર સૌ તુચ્છ, ચારિત્ર્ય એવના વિના. ૨

પુણ્યથી પાપ ઠેલાતું, તેમ સત્કૃત્યથી સદા,
નિસર્ગનાય આઘાતો, સે'વાય ધર્મથી બધા. ૩

બ્રહ્મચારી શુકદેવજી કહે છે : "એક દિવસની વાત છે. પરીક્ષિતજી! યશોદાજી પોતાના વહાલા બાળકને ગોદમાં લઈ લાડ કરી રહ્યાં હતાં ત્યાં એકાએક પહાડની જેમ ભગવાન કૃષ્ણ ઘણા ભારે થઈ ગયા, જેથી માતાજી તેઓનો ભાર ન ઝીલી શક્યાં, અને તે સ્વાભાવિક હતું. એટલે યશોદાજીએ પોતાના લાલને જમીન ઉપર જ તત્કાળ બેસાડી દીધો. આ નવી ઘટનાથી તે (યશોદાજી) ઘણાં ઘણાં ચકિત બનેલાં! તેઓએ તે વખતે ભગવાન પુરુષોત્તમનું સ્મરણ કર્યું અને બીજાં ઘરકામમાં પોતે લાગી ગયાં. એવામાં ત્યાં તૃણાવર્ત નામનો દૈત્ય દેખાયો. તે મામા કંસનો અંગત સેવક હતો. કંસની પ્રેરણાથી તે ગોકુલમાં તોફાન કરવા આવી પહોંચ્યો અને પેલા બેઠેલા બાળક શ્રીકૃષ્ણને ઉઠાવી તે આકાશ ભણી ઊડચો; એટલું જ નહીં પણ ધૂળ એવી તો ઉડાડી કે આખુંય વ્રજ જાણે ધૂળથી ઢંકાઈ ગયું. લોકોએ આંખો બંધ જ કરી દીધી. ત્યાં તો તૃણાવર્તના ભયંકર શબ્દોથી દશે દિશાઓ કંપી ગઈ! આખું વ્રજ જાણે બે ઘડી તો અત્યંત ઘોર અંધકારથી છવાઈ જ ગયું! યશોદાજીએ જ્યાં પોતાના લાડલા પુત્રને બેસાડેલો ત્યાં આવીને જોયું તો જણાયું કે ત્યાં પોતાનો બાળક નહોતો અને તૃણાવર્ત દૈત્યે ભયંકર રીતે એટલી બધી રેતી ઉડાડેલી કે બધાં લોકો અત્યંત ઉદ્વેગી અને બેશુદ્ધ બની ગયાં હતાં. એમને પોતાનું શું કે પારકું શું? એ કશું સૂઝતું નહોતું!

આ જોરની આંધી અને ધૂળની વર્ષામાં પોતાના કૃષ્ણને ન જોતાં યશોદાજી મોટા શોકમાં પડી ગયાં. મતલબ કે, યશોદાજી તો વાછડો મરતાં ગાયની જે દશા થાય, તેવાં દીનહીન બની ગયાં ને પૃથ્વી પર પછડાયાં. પણ જ્યારે તોફાન શાન્ત થઈ ધૂળનું ઊડવું બંધ થયું ત્યારે યશોદાજીના રડવાનો અવાજ સાંભળી વ્રજની ગોપીઓ તરત ત્યાં દોડી આવી. નંદનંદન શ્યામસુંદર શ્રીકૃષ્ણને ન જોવાથી ગોપીઓનાં હૃદયમાં પણ આગ લાગી ગઈ. તે સૌની આંખોમાંથી આંસુડાં વહેવા લાગ્યાં અને ખૂબ ખૂબ રડવા મંડી પડી. અહીં તૃણાવર્ત જ્યારે તોફાન મચાવી ભગવાન શ્રીકૃષ્ણને આકાશમાં ઉપાડી લઈ ગયો, ત્યારે ભગવાનના ભારે બોજાને ન સહી શકવાને કારણે તૃણાવર્તનો જે મહાવેગ હતો તે ધીરો પડવા લાગ્યો. તે બહુ આગળ ન વધી શક્યો ! ભગવાન તો તેના (તૃણાવર્તના) પોતાનાથીયે વજનમાં ભારે થઈ ગયેલા, તેથી તૃણાવર્તને એ મોટા પહાડ જેવા ભારે જણાતા હતા, જેથી તેણે ભગવાન કૃષ્ણને પાડી નાખવાની કોશિશ કરી. પરંતુ એમાં તે (તૃણાવર્ત) સફળ ન થઈ શક્યો. અદ્ભુત બાલ-સ્વરૂપ કૃષ્ણજીએ એના ગળાને જોરથી પકડી રાખેલું. ભગવાને એટલા બધા જોરથી એ દૈત્યનું ગળું પકડેલું કે આખરે તે અસુર થાકી ગયો, નિષ્ચેષ્ટ બની ગયો, એની આંખો બહાર નીકળી આવી, વાણી સાવ બંધ થઈ ગઈ, પ્રાણપંખેરું ઊડી ગયું અને બાળક શ્રીકૃષ્ણ સાથે તે વ્રજમાં ખૂબ ઊંચે આકાશમાંથી નીચે પટકાયો !

ત્યાં જે સ્ત્રીઓ એકઠી થઈને રોતી હતી, તે સૌએ જોયું કે એક મોટી શિલા પર પેલા દૈત્યનો દેહ પડીને જેમ ભગવાન શંકરનાં બાણોથી ઘવાયેલો ત્રિપુર નામનો રાક્ષસ પડતાં પડતાં ચૂરેચૂરા થયેલો, બરાબર તેમ જ તેના એકેએક અંગના ચૂરેચૂરા થઈ ગયા હતા. ભગવાન શ્રીકૃષ્ણ બાળક છતાં, તેવે વખતે તેની છાતી ઉપર લટકી રહેલા ! આ જોઈને ગોપીઓ આશ્ચર્યમુગ્ધ બની ગઈ ! એ બધીઓએ

તો ત્યાં ઝડપથી જઈને શ્રીકૃષ્ણને પોતાની ગોદમાં લઈ લીધા અને જઈને યશોદામાતાને સોંપી દીધા. આમ, બાળક કૃષ્ણ મૃત્યુના મોંમાં જઈને પણ પાછો હેમખેમ આવી ગયો. જોકે એ બાળકને રાક્ષસ આકાશમાં ઉપાડી લઈ ગયેલો, છતાં તે બચી ગયું. આ પ્રમાણે બાલક શ્રીકૃષ્ણને પામીને યશોદાજી આદિ ગોપીઓને તથા નંદ વગેરે ગોવાળિયાઓને અત્યંત આનંદ થયો. તેઓ કહેવા લાગ્યા : "અહો! આ તો ઘણા જ આશ્ચર્યની વાત છે. દેખો તો ખરા, આ કેવી અદ્ભુત ઘટના બની ગઈ કે આ બાળકને રાક્ષસ ઉપાડી ગયેલો છતાં મૃત્યુના મુખમાંથી તે બચ્યો અને એ રાક્ષસને (એ પાપીને) પોતાનાં પાપો જ ખાઈ ગયાં! એ સાચું છે કે સાધુપુરુષ પોતાની સમતાને કારણે સર્વ ભયોથી ઊગરી જાય છે. આપણે એવાં તે કયાં તપ, ભગવત્પૂજા આદિ સત્કૃત્યો અને જીવમાત્રની ભલાઈ કરી કે જેને પ્રતાપે આપણું આ બાળક બચી જઈ સ્વજનોને સુખી કરવા માટે મૃત્યુના મુખમાંથી હેમખેમ પાછું વળી આવ્યું? અવશ્ય આ ઘણા સૌભાગ્યની વાત છે." આ બાજુ ખુદ નંદબાબાએ જ્યારે જોયું કે બૃહદ્વનમાં ઘણી ઘણી અદ્ભુત ઘટનાઓ બની રહી છે ત્યારે આશ્ચર્યચકિત થઈને એમણે વસુદેવજીની વાતનું વારંવાર સમર્થન કર્યું..."

## નામકરણ સંસ્કાર

ઉપજાતિ

લે જન્મ તોયે નહિ લેપ પામે,
સંસારમાં જ્ઞાની રહી વિરામે;
સંધાઈ પોતે જગસ્નેહ સાંધે,
બંધાય ના માયિક વિશ્વબંધે. ૧

અનુષ્ટુપ

**વ્યવહાર મહીં ધર્મ અને સિદ્ધાંત-મૂર્તતા,**
**થાયે પ્રગટ સંપૂર્ણ, જ્ઞાનીની તે વિશેષતા. ૨**

બ્રહ્મનિષ્ઠ બ્રહ્મચારી શુકદેવજીએ આગળ ચલાવ્યું : "રાજન્‌ એક દિવસ યશોદાજી પોતાના અતિપ્રિય અને લાડીલા શિશુને ગોદમાં લઈ ઘણા જ પ્રેમથી સ્તનપાન કરાવી રહ્યાં હતાં. તેઓ એટલાં બધાં વાત્સલ્યરસમાં તરબોળ બનેલાં કે એમનાં સ્તનોમાંથી આપમેળે જ દૂધ ઝર્યે જતું હતું. પરીક્ષિતજી ! આ લગભગ તે વખતની વાત છે કે શ્રીકૃષ્ણ પ્રાયઃ દૂધ પી ચૂકયા હતા અને યશોદાજી શિશુના મંદમંદ હસી રહેલા મોઢાને ચૂમી રહ્યાં હતાં. બસ, તે જ વખતે શ્રીકૃષ્ણને બગાસું આવી ગયું. બગાસું ખાવાને લીધે શ્રીકૃષ્ણનું મોઢું ખૂલી જાય તે તો સ્વાભાવિક હતું. પરંતુ જેવું તે મોઢું ખૂલ્યું કે યશોદાજીએ એમાં આકાશ, અંતરીક્ષ, જ્યોતિર્મંડળ દિશાઓ, સૂર્ય, ચંદ્ર, અગ્નિ, વાયુ, સમુદ્ર, દ્વીપ, પર્વત, નદીઓ, વન અને સમસ્ત ચરાચર પ્રાણીઓને પણ જોયાં. આમ પોતાના એ પુત્રના મોંમાં આ પ્રમાણે એકાએક આખું જગત જોઈને યશોદાજીનું શરીર તો એકદમ કંપી જ ઊઠયું, યશોદાજીએ પોતાની મોટી મોટી આંખો બંધ કરી નાખી. તે અત્યંત આશ્ચર્યચકિત થઈ ગયાં !...

પરીક્ષિતજી ! યદુવંશીઓના કુલના પુરોહિત હતા શ્રી ગર્ગાચાર્યજી. તેઓ ઘણા તપસ્વી પણ હતા જ. તેઓ વસુદેવજીની પ્રેરણાથી એકદા નંદબાબાના ગોકુળમાં પધાર્યા. એમને જોઈને નંદબાબાને બહુ પ્રસન્નતા થઈ. તેઓ હાથ જોડીને તરત ઊભા થઈ ગયા, એમનાં ચરણોમાં પ્રણામ કર્યા. ત્યાર બાદ એમણે ખુદ તેઓ ભગવાન જ છે એવા ભાવે એમની પૂજા કરી. આમ જ્યારે ગર્ગાચાર્યજી આરામથી બેસી ગયા અને એમનો અતિથિસત્કાર થઈ

ગયો કે તરત નંદબાબાએ ઘણી જ મીઠી વાણીમાં એમનું અભિનંદન કરી પછી કહ્યું : 'ભગવન્ ! આપ તો સ્વયં પૂર્ણકામ છો. નથી તો આપ પાસે કોઈ ચીજનો અભાવ, તેમ નથી કોઈ આવશ્યકતા ! પછી હું આપની સેવા શી કરું ? આપનું તો અમારા જેવા ગૃહસ્થીને ત્યાં પધારવું એ જ પરમ કલ્યાણનું કારણ છે. અમે ગૃહસ્થીઓ તો ઘરમાં જ એટલા બધા ગૂંચવાયા છીએ અને આ પ્રપંચોમાં અમારું ચિત્ત જ એટલું બધું ગરીબ થઈ ગયું છે કે આપના આશ્રમ લગી પણ નથી આવી શકાતું. અમારા કલ્યાણ સિવાય આપના અહીંના આવાગમનનો બીજો કોઈ જ હેતુ નથી. પ્રભુ ! જે વાત ઇંદ્રિયગમ્ય નથી અથવા ભૂત અને ભવિષ્યના ગર્ભમાં પડી છે, તે પણ જ્યોતિષશાસ્ત્ર દ્વારા પ્રત્યક્ષની જેમ આપને જણાઈ રહે છે. એ સિવાય જ્યોતિશાસ્ત્રની રચના આપે કરી છે. આપ બ્રહ્મવેત્તાઓમાં પણ શ્રેષ્ઠ છો. માટે મારાં આ બન્ને બાળકોના નામકરણ-સંસ્કાર આપ જ કરી દો. આપ એમ જરૂર કહી શકો છો કે આ કામ તો તમારા પોતાના કુળગુરુ મારફત કરાવવું જોઈએ. પરંતુ આપ જાણો જ છો કે બ્રાહ્મણ પોતે જન્મથી જ માનવમાત્રનો ગુરુ છે !'

ત્યારે આચાર્યશ્રી પોતે બોલ્યા : 'નંદજી ! એ વાત તો તમે જાણો જ છો કે, હું બધી જગ્યાએ યદુવંશીઓના આચાર્યરૂપે મશહૂર છું. હવે જો હું તમારા પુત્રોના સંસ્કાર કરીશ તો લોકો સમજશે કે, આ તો દેવકીજીનો પુત્ર છે. કંસરાજાની નિયત બહુ જ ખરાબ છે. તે પાપનું જ ચિન્તવન કર્યા કરે છે. જ્યારથી કંસરાજાએ દેવકીજીની કન્યા પાસેથી એવું સાંભળ્યું છે કે એને મારવાવાળો બીજે કોઈ સ્થળે પેદા થઈ ગયો છે ત્યારથી તે એ જ ચિંતવ્યા કરે છે કે દેવકીજીના આઠમા ગર્ભથી કન્યાજન્મ તો થયો હોવો જ ન જોઈએ ! વસુદેવજી સાથે તમારી ઘનિષ્ઠ મૈત્રી

છે. હવે હું તમારા પુત્રનો આ સંસ્કાર કરું અને તે (કંસરાજ) આ બાળકને વસુદેવપુત્ર માની મારી નાખે તો અમારાથી મોટો અન્યાય જ થઈ બેસે!!' ત્યારે નંદબાબાએ કહ્યું: 'ગર્ગાચાર્યજી! આપ ચૂપચાપ આ એકાંત ગોશાળામાં કેવળ સ્વસ્તિવાચન કરી આ બાળકોના દ્વિજાતિ સમુચિત નામકરણ-સંસ્કાર માત્ર કરી આપો. બીજાંઓ તો શું, પણ મારાં સગાં-સંબંધીઓ પણ આ વાત ન જાણી જાય એટલી હદે આ વાત ગુપ્ત રહેશે.

## બલરામ અને કૃષ્ણ

અનુષ્ટુપ

ભગવદ્‌ભાવની સાથે, માનવીય રીતે રહ્યા;
બલરામ અને કૃષ્ણ, ક્રમે ક્રમે વયે વધ્યા.
અનોખી બાળચેષ્ટાઓ, બંને વત્સોની પેખતાં;
માતાઓ વ્રજવાસીઓ, સર્વે આનંદ પામતાં.

બ્રહ્મચારી શ્રી શુકદેવજી કહે છે: "અલબત્ત, ગર્ગાચાર્યજી તો આ બાળકોના સંસ્કાર કરવા ઇચ્છતા જ હતા. તેથી એકાંતમાં નામકરણ-સંસ્કાર કરવા નંદબાબાએ કહ્યું કે રાજીરાજી થઈ ગયા અને એકાંતમાં એ બન્ને બાળકોના નામકરણ-સંસ્કાર કરી દીધા. ગર્ગાચાર્યે કહ્યું: 'આ મોટો રોહિણીનો પુત્ર હોવાથી એનું નામ રૌહિણેય, જે પોતાનાં સગાં-સંબંધી તથા મિત્રોને પોતાના ગુણો વડે અત્યંત આનંદિત કરશે. રમણમાં હેતુ હોવાને કારણે એનું બીજું નામ 'રામ' કહેવાશે. બળ પણ હોવાથી તે 'બલ' પણ કહેવાશે અથવા 'બલરામ' રૂપે ઓળખાશે, ઉપરાંત તે યાદવોમાં અને વ્રજવાસીઓમાં ભેદભાવ નહીં જુએ. એટલું જ નહીં, લોકોમાં પણ ફૂટફાટ પડવા

લાગશે ત્યાં સુમેળ કરાવશે. એટલે એ પુરુષનું એક નામ 'સંકર્ષણ' પણ રહેશે અને આ જે બીજા નંબરનો (એનાથી નાનો) અને સુંદર છતાં એકંદરે કાળો કાળો છે તે પ્રત્યેક યુગમાં શરીર ધારણ કરે છે. પાછળના યુગોમાં તેણે અનુક્રમે સફેદ, લાલ અને પીળો તે ત્રણેય વિભિન્ન રંગોનો સ્વીકાર કરેલો. આ વખતે તે કૃષ્ણવર્ણી થયેલ છે. આ કારણે એનું નામ કૃષ્ણ કહેવાશે. નંદજી! આ તમારો પુત્ર પહેલાં કોઈ સમયે વસુદેવજીને ઘેર પેદા થયેલો એ કારણે એ રહસ્યને જાણનારા લોકો એને 'શ્રીમન્ વાસુદેવ' પણ કહે છે. એના જેટલા ગુણો છે અને જેટલાં કર્મ છે તે સૌને અનુરૂપ ઘણાં અલગ અલગ નામ પડી શકે છે. હું તો આ અથથી ઇતિ સુધી આ બધાં નામો જાણું છું, પરંતુ સંસારના સાધારણ લોક એવું જાણતા હોતા નથી. આ કૃષ્ણ તમારા લોકોનું કલ્યાણ કરશે. તે જ વ્રજની સમસ્ત ગોપીઓ અને ગાયોને ઘણાં ઘણાં આનંદિત પણ કરી મૂકશે અને એની મદદથી તમે લોકો મોટી મોટી વિપત્તિઓને પણ આસાનીથી પાર કરી જશો. વ્રજરાજ! આ પહેલાંના યુગની વાત છે...એક વાર આ પૃથ્વીમાં કોઈ રાજા રહ્યો નહોતો. ડાકુઓએ ચોમેર લૂંટાલૂંટ મચાવેલી ત્યારે તમારા આ જ સાંવરિયા દીકરાએ સજ્જન પુરુષોની રક્ષા કરેલી અને આ જ બાળકનું બળ પામીને સામાન્ય આમજનતાએ પણ તે લૂંટારાઓને જીતી લીધેલા. નંદબાબા! હું તમને સાચું કહું છું કે જે માનવી આ તમારા સાંવરિયાની સાથે હેતપ્રીત કરશે તે ખરેખર મોટો ભાગ્યશાળી ગણાશે! જે રીતે વિષ્ણુ ભગવાનના કરકમળોની છત્રછાયામાં રહેવાવાળા દેવતાઓને અસુરો નથી જીતી શકતા, તે રીતે આની સાથે પણ પ્રેમ કરવાવાળાઓને ભીતરનો કે બહારનો કોઈપણ પ્રકારનો શત્રુ જીતી શકતો નથી. નંદજી! ચાહે તે દૃષ્ટિથી જોઈએ – ગુણમાં, સંપત્તિમાં અને સૌંદર્યમાં તથા કીર્તિમાં કે પ્રભાવમાં–તમારો આ બાળક સાક્ષાત્ ભગવાન નારાયણની સમાન જ છે! તમે ઘણી સાવધાનીથી અને તત્પરતાથી તેઓની રક્ષા કરો.'

આ પ્રમાણે નંદરાજાને સમજાવી—આદેશ દઈને ગર્ગાચાર્ય પોતાના આશ્રમમાં ફરી સિધાવી ગયા. એમની વાત સાંભળીને નંદબાબાને ઘણો જ આનંદ થયો. તેઓ એમ સમજ્યા કે મારી બધી આશા-લાલસાઓ પૂરી થઈ ગઈ. હું ખરેખર હવે કૃતકૃત્ય થઈ ચૂકયો. પરીક્ષિતજી ! થોડા જ દિવસમાં રામ અને શ્યામ બન્ને ગોઠણો અને હાથોના બળથી વાંકા વળી ચાલીને ગોકુળમાં રમવા લાગ્યા. બન્ને ભાઈઓ પોતાના નાના નાના પગોને ગોકુળમાંના કીચડમાં ઘસડતા ઘસડતા ચાલતા ત્યારે એમના પગનાં ઝાંઝર અને કેડના ઘૂઘરા ઝણ-ઝણ વાગવા લાગતા. તે અવાજ ખૂબ સારા જણાતા. તે બે બાળકો પોતે પણ એ અવાજ સુણીને ખીલી ઊઠતા. કોઈ-કોઈ વખતે રસ્તે ચાલતી કોઈ અજાણી વ્યક્તિની પાછળ ચાલવા લાગતા, પણ જ્યારે જાણતા કે આ તો કોઈ બીજા છે, ત્યારે એકદમ રોકાઈ જઈ પોતાની માતા રોહિણી અને યશોદાજી પાસે દોડી આવતા. આ બધું જોઈને માતાઓ તો ખુશ-ખુશ થઈ જતી. સ્નેહ-વાત્સલ્ય વધવાને કારણે તેમની દૂધની ધાર વહેવા લાગતી. જ્યારે એમનાં આ બાળકો કીચડથી રંગાયેલાં અંગ સાથે પાછાં ફરતાં ત્યારે એ બાળકોની શોભા ઓર વધી જતી. તે બન્નેને એમ જ ગોદમાં લઈ માતા સ્તનપાન કરાવતી. બાળકો પણ તેમને જોઈ રહેતાં અને તેઓ પણ જોતી. જ્યારે બન્ને બાળકો ઘર બહાર વ્રજમાં આ લીલા કરતાં ત્યારે તો જાણે ગોપીઓ આ લીલાઓ જોવામાં જ પડી જતી. કોઈક વાર બેઠેલા વાછડાનું પૂંછડું પકડતા અને વાછડાને ઘસડતા દોડવા લાગતા ત્યારે તો પોતાનો કામધંધો મૂકી એ બધી ગોપીઓ બાળચેષ્ટા જોઈ, હસી-હસીને ઊંધી જ પડી જતી !"

# કનૈયો વ્રજ-લાડકો

કષ્ટ આપે છતાં લીલા ભગવદ્ભાવથી ભરી;
પેખી રાજી થતાં સૌએ શ્રીકૃષ્ણ-બલરામની. ૧

પ્રાણીમાત્રે રહ્યો જાણે શરીરી તોય ન ચૂક્યો;
જમે સૌને જમાડી એ, કનૈયો વ્રજ-લાડકો. ૨

શુકદેવજી બોલ્યા : "પરીક્ષિત ! કૃષ્ણ અને બલરામ એ બન્નેય ખરેખર ઈશ્વર અને ઈશ્વરના મહાઅંશરૂપ હતા તેથી ખૂબ બાળ-લીલા કરતા અને સૌને વ્રજમાં આનંદ-આનંદથી મગ્ન કરી દેતા. ઘડીકમાં જેમ પૂંછડું ઝાલી વાછડાને દોડાવે, તેમ ઘડીકમાં પંખાને પકડવા દોડે અને ઊડી જાય તો છાયા દેખી તેને પણ ગોઠણના બળે પકડવા દોડે. કાંટા અને દાભડાની તો જાણે એ બન્નેને બીક જ નહોતી. બન્ને બાળકો ખૂબ ચંચળ અને રમતિયાળ જણાય છે. માતાઓ ઠપકો આપે પણ ગાંઠે કોણ ? હા; સારું રમકડું આપે તો તરત માની જાય અને રાજી રાજી થઈ જાય ! આવી સ્થિતિમાં માતાઓ ઘરનું કામ પણ સમયસર કરવા ન પામતી અને બાળકોને સાચવવા-સંભાળવામાં જ આખો દહાડો વીતી જતો. એમનું મન મોટેભાગે આ બાળકોને ખવડાવવા-પિવડાવવામાં જ અને એમને ભયકારક ચીજોથી બચાવવામાં જ ચોંટેલું રહેતું. પરીક્ષિત ! આમ ગોકુલમાં સમયનો તો પતો જ ન લાગતો થોડા જ દિવસોમાં હવે ગોઠણને બદલે પોતાના પગ ઉપર જ ચાલવા એ બાળકો લાગી ગયા. પરીક્ષિત ! આ વ્રજવાસીઓનો કનૈયો સ્વયં ભગવાન છે, પરમ સુંદર અને પરમ મધુર ! હવે તો તેઓ બલરામ અને પોતાની ઉમ્મરના ગોવાળિયા બાળસાથીઓને લઈને રમવા માટે વ્રજમાં નીકળી પડે છે અને વ્રજની ભાગ્યશાળી ગોપીઓને ન્યાલ કરવા જુદી

જુદી જાતના ખેલ કરે છે. કનૈયાની ખૂબ અનોખી જણાઈ રહેતી બચપણની ચંચળતાઓ ગોપીઓને તો ઘણી ઘણી સુંદર અને મધુર લાગે છે.

એક દિવસ બધી જ ગોપીઓ ભેગી મળીને નંદબાબાને ત્યાં પહોંચી ગઈ અને યશોદામાતાને વારંવાર સંભળાવી-સંભળાવી કનૈયાની ચાલાકીઓ વર્ણવવા લાગી ગઈ!

"અરે મા! આ તારો કાનુડો બહુ નટખટ થઈ ગયો છે. ગાયને દોહવાનો સમય થતા પહેલાં જ વાછડાંઓને પરાણે છૂટાં મૂકી દે છે. જો અમે એને ઠપકો આપીએ, તો તે વારંવાર જોરથી હસાહસ કરી મૂકે છે. એટલું જ નહીં બલકે અમારું મીઠું દૂધ-દહીં ચોરીને તરત ખાવા જ મંડી પડે છે. અરે! આને ચોરી કેમ કરવી એના ઘણા ઘણા ઉપાયો આવડે છે! તેથી મોટે ભાગે તો કાંઈપણ બચવા પામતું જ નથી. અરે! કેવળ પોતે ખાતો હોય, તો હજુય સમજ્યાં, પણ આ તો બધું દહીં-દૂધ વાંદરાંઓને વહેંચી દે છે! અને જ્યારે બધાં વાંદરાઓ ભરપેટ ખાઈ લે, એકની પણ ભૂખ બાકી ન રહે, ત્યારે આ અમારાં માટલાં જ ફોડી નાખે છે! જો ઘરમાં કોઈ વસ્તુ આને નથી મળતી તો ઘરવાળાંઓ ઉપર બહુ ખિજાઈ જાય છે અને બોલી ઊઠે છે: "ઘરનો માલિક તો હું છું અને તમે મારી બધી વસ્તુઓ ક્યાં છુપાવી દીધી છે?" અને જ્યારે એનુ કાંઈ ચાલતું નથી તો, યશોદારાણી! આ તમારો લાડકો અમારાં બાળકોને રોવડાવીને ભાગી જાય છે. જ્યારે અમે દૂધ–દહીંને શીકાં પર રાખી દઈએ છીએ તો એના નાના-નાના હાથ ત્યાં લગી પહોંચી શકતા નથી, ત્યારે મોટા મોટા ઉપાયો રચી કાઢે છે. ક્યાંક બે ચાર પાટલા એકની ઉપર એક રાખી દે છે, ક્યાંક ઊખલ પર ચઢી જાય છે અથવા ક્યાંક ઊખલ પર પાટલો રાખી દે છે, ક્યારેક તો પોતાના સાથી–બાળકની ખાંધ ઉપર જ ચઢી જાય છે. જો

૨૩

આટલું કર્યા છતાં કામ ન સરે તો નીચેથી જ એ શીકાં પર રહેલાં વાસણોને જ છીંડાં પાડી દે છે. આ નટખટને પૂરેપૂરી ખબર જ હોય છે કે કયા શીકાં પરના કયા વાસણમાં શું રાખ્યું છે? અને એવા ઢંગથી એ છીંડું કરવું જાણે છે કે કોઈને ખબર પણ ભાગ્યે જ પડે! જો અમે અમારી વસ્તુઓને ઘણા અંધારાંમાં છુપાવી દઈએ છીએ તો, હે નંદરાણી! તમે આને ઘણાં હીરામોતી પહેરાવ્યાં છે તેના પ્રકાશથી એ આપમેળે બધું જ જોઈ લે છે. પરંતુ જો જો હો, આ અમારી વાત પરથી રખે તમે એનાં ઘરેણાં ઉતારી લેતાં! આના શરીરમાં જ લાગે છે કે કોઈક એવો પ્રકાશ છે કે જેના અજવાળે એ બધું તરત જોઈ શકે છે! તે એટલો તો ચાલાક છે કે કોણ ક્યાં રહે છે, એની ખબર રાખે છે અને જ્યારે અમે ઘરના કામ–ધંધામાં પરોવાઈ ગયાં હોઈએ ત્યારે એ પોતાનું કામ પતાવી લે છે. યશોદાજી! તમે તો ભલાં ભોળાં છો એટલે તમને આનાં કરતૂકની ખબર જ નથી હોતી. આ બાળક એટલી તો ધૃષ્ટતા કરે છે કે એ અમારાં લીંપ્યાં-ગૂંપ્યાં ઘર પણ ગંદાં બનાવી મૂકે છે. જરા દેખો એની તરફ. એ તો જુદી જુદી જાતની ચાલાકી મારફત ચોરીના અનેક પ્રકારો શોધી કાઢે છે, પણ અહીં તમારી સામે તો જાણે પથ્થરની મૂર્તિ કાં ન હોય ને કાંઈ જ ન જાણતો હોય તેમ ઊભો રહ્યો છે! વાહ રે ભોળાભલા સાધુપુરુષ!' આમ ગોપીઓ એક તરફ યશોદાજીને કહેતી જાય છે અને બીજી તરફ ભયચકિત આંખોવાળા ભગવાનના મુખકમળ તરફ વારંવાર જોતી જાય છે. ગોપીઓની આ દશા જોઈ નંદરાણી યશોદાજી ગોપીઓનો મનોભાવ પારખી લે છે અને આ બધું સાંભળી તેમના હૈયામાં સ્નેહ અને આનંદની ભરતી આવી જાય છે. પોતાના લાડીલા કનૈયાને ઠપકો પણ નથી આપી શકતાં તો ડાંટવાની કે ફટકારવાની તો વાત જ ક્યાંથી હોય?"

# કૃષ્ણમુખમાં વિશ્વદર્શન

નિર્માયો નિત્ય આત્મા જે, માયામય કદી બને;
દેખાડે રંગ માયાનો, કોક' વાર તેમાં સગાંને ૧

રંગાયેલાં સગાં કિન્તુ, માયાથી શીઘ્ર ભૂલતાં;
શીઘ્ર આત્મત્વ મત્યોઁ, સંસારે આ વિચિત્રતા. ૨

બ્રહ્મનિષ્ઠ શુકદેવજી કહે છે: "રાજન્ પરીક્ષિતજી! એક દિવસ ગોવાળપુત્રો શ્રીકૃષ્ણ સાથે રમતા હતા. ત્યાં તે બાળકોએ માતા યશોદા પાસે આવીને ફરિયાદ કરી: "માતાજી! કનૈયાએ માટી ખાધી છે!' યશોદારાણી ડર્યાં. કારણ કે માટી ખાવાથી કાનુડાને રોગ થશે. માતાજીએ કનૈયાનો હાથ પકડી લીધો. એ વખતે ભગવાન શ્રીકૃષ્ણની હાલત વિચિત્ર હતી. એમની આંખો ભયને લીધે નાચી રહેલી. માતાજીએ ઠપકો આપતાં કહ્યું: 'કેમ રે, નટખટ! તું બહુ ધૃષ્ટ થઈ ગયો છે, ખરું ને? તેં છુપાઈને માટી કેમ ખાધી? જો આ તારા મિત્રો શું કહી રહ્યા છે? કેવળ આ બીજાં બાળકો જ નહીં, ખુદ તારો મોટો ભાઈ બલદેવ પણ આ બાળકોની વાતમાં સાખ પૂરી રહેલ છે!' પણ ભગવાન કૃષ્ણે કહ્યું: 'મા! મેં માટી ખાધી જ નથી. બધા ખાલી એમ કહી રહ્યા છે. જો ને, તું એમની જ વાત પર મદાર બાંધતી હો તો મારું મોઢું તારી સામે જ છે. તું તારી પોતાની આંખોથી જ જોઈ લે!' યશોદાજીએ કહ્યું: 'ઠીક, સારી વાત છે. જો એમ જ છે તો તારું મોં ખોલ.' માતાના કહેવાથી કનૈયાએ પોતાનું મોઢું ખોલી નાખ્યું. પરીક્ષિત! ભગવાન શ્રીકૃષ્ણનું ઐશ્વર્ય અનંત જ છે! તેઓ તો કેવળ લીલાને સારુ મનુષ્ય બાળક થયા છે. યશોદાજીએ જોયું કે, એમના મુખમાં તો ચરાચર આખું યે જગત્ વિદ્યમાન છે! આકાશ, દિશાઓ, પહાડો, દ્વીપો અને સમુદ્રો

સહિત આખી પૃથ્વી, વહેવાવાળો વાયુ, વીજળી, અગ્નિ, ચંદ્રમા અને તારાઓની સાથે સંપૂર્ણ જ્યોતિમંડળ–એમ બધું જ એ શ્રીકૃષ્ણના મુખમાં દેખાઈ રહ્યું! પરીક્ષિત! કયાં લગી કહું આ નાનાશા કૃષ્ણમુખમાં જીવ, કાલ, સ્વભાવ, કર્મ, કર્મવાસના અને શરીર વગેરે દ્વારા વિભિન્ન રૂપોમાં દેખાવાવાળું આ બધું માતા યશોદાએ પ્રત્યક્ષ જોયું અને તે ખરેખર શંકામાં પડી ગયાં અને વિચારવા લાગી ગયાં કે આ કોઈ સ્વપ્ન છે કે ભગવાનની માયા? મારી બુદ્ધિમાં તો ભ્રમણા નથી થઈ ને? સંભવ છે, આ મારા બાળકમાં કોઈ જન્મજાત સિદ્ધિ હોય! આમ વિચારતાં વિચારતાં યશોદાજીની સમજમાં વાત આવી ગઈ અને તેણીએ કહ્યું: "આ આખું યે જગત્ જેઓનું આશ્રિત છે, વળી જે ચિત્ત, મન, કર્મ અને વાણી દ્વારા ઠીકઠીક અને સરળતાથી તો અનુમાનનો વિષય પણ નથી બની શકતા, જે અખિલ વિશ્વના પ્રેરક છે અને જેમની હસ્તીને લીધે આ બધાંની પ્રતીતિ થાય છે, જેનું સ્વરૂપ તો સર્વથા અચિન્ત્ય જ છે એ પ્રભુને હું (યશોદા) પ્રણામ કરું છું. આ હું છું, આ મારા પતિ છે તથા આ મારું સંતાન છે. સાથે જ હું આ વ્રજરાજની સમસ્ત સંપત્તિઓની સ્વામિની અને ધર્મપત્ની છું. આ ગોપીઓ, ગોપો અને ગોવાળ મારે આધીન છે. જેમની માયાથી મને આ પ્રકારની કુમતિ ઘેરી રહી છે તે આ ભગવાન મારા એકમાત્ર અને અજોડ આશ્રયરૂપ છે. હું એમને જ શરણે છું." ભગવાન શ્રીકૃષ્ણે જોયું કે, આ મારી મા તો મારું અસલી તત્ત્વ જ જાણી ગઈ! હવે હું એમનું વાત્સલ્ય–સ્નેહ–પીયૂષ શી રીતે પામી શકીશ? બસ, તે જ વખતે એમણે પોતાની યોગમાયા કે જે એમની પોતાની શક્તિ છે તેને, પુત્રસ્નેહી પીયૂષના રૂપમાં યશોદાજીના હૃદયમાં જાગૃત કરી દીધી, એટલે યશોદાજી તરત જોયેલી આ આખી અદ્દભુત ઘટના સાવ ભૂલી જ ગયાં અને પોતાના આ લાડકા દીકરાને ગોદમાં ઉઠાવી લીધો! એમનામાં પહેલાં હતો એવો જ માતૃપ્રેમનો સમુદ્ર

ઊભરાઈ જવા લાગ્યો ! મતલબ કે બધા દેવો, ઉપનિષદો, સાંખ્ય-યોગ અને ભક્તજનો જેમના ગુણયશ ગાતાં ગાતાં થાકતા નથી, એમને જ યશોદાજી પોતાનો પુત્ર માનતાં હતાં એમ જ માનવા લાગી ગયાં. કેવું આશ્ચર્ય... !

## દામોદર લીલા

જેની કૂખે-ઘેર જન્મે ઐશ્વર્યવંત જીવ તે;
છે માબાપ સુસૌભાગી, સર્વ યોગીથી ઉચ્ચ તે. ૧

વળી નિર્દોષ બાલત્વ, શુચિ તે જે સ્થળે વીત્યું;
તે પણ મોક્ષ મોઘેરું, ભક્તોને માત્ર સોહ્યલું. ૨

રાજા પરીક્ષિતજીએ પૂછ્યું : 'હે શુકદેવજી ! નંદબાબાએ એવી કઈ મંગલમય સાધના કરેલી અને યશોદાજીએ તો વળી એવું કયું વિશિષ્ટ તપ કર્યું હતું કે એમના સ્તનોનું પાન ખુદ ભગવાને જાતે કર્યું ? ઉપરાંત ભગવાન કૃષ્ણની જે બાળલીલાઓ ગોવાળિયાઓનાં બાળકો સાથે (પોતાનાં ઐશ્વર્ય અને મહત્તા ગુપ્ત રાખી) થઈ તે પણ એટલી તો પવિત્ર અને આનંદદાયિની છે કે જેમનાં માત્ર શ્રવણ-કીર્તનથી પણ લોકોનાં પાપ-તાપ શાન્ત થઈ જાય છે, ત્રિકાલદર્શી જ્ઞાની પુરુષ આજે પણ એમનું મંગલગાન કર્યા કરે છે, એમાંનું કંઈ પણ બાળજીવનનુંસુખ એમનાં સગાં માબાપ દેવકી-વસુદેવજીને તો જોવા જ ન મળ્યું ! ઊલટું એ બધું સુખ તો આ નંદબાબા અને મહાભાગી એવાં યશોદાજી જ કેમ લૂંટી રહ્યાં છે ? આનું કારણ આપ કહો.'

બ્રહ્મચારી શુકદેવજી કહ્યું : "નંદરાજા પૂર્વજન્મમાં એક શ્રેષ્ઠ

વસુ હતા. એમનું નામ દ્રોણ હતું અને એમનાં ધર્મપત્નીનું નામ ધરા હતું. એમણે બ્રહ્માજીના આદેશોનું પાલન કરવાની ઇચ્છાથી બ્રહ્માજીને વીનવ્યું કે 'ભગવન્! જ્યારે અમે પૃથ્વીપટ પર જન્મ લઈએ ત્યારે જગદીશ્વર ભગવાન શ્રીકૃષ્ણમાં અમારી એવી અનન્ય પ્રેમભરી ભક્તિ હો, કે જે ભકિત દ્વારા અનેક સંસારી લોકો સહેજે સહેજે દુર્ગતિઓને પાર કરી જાય છે.' બ્રહ્માજીએ કહ્યું : 'હા, એવું જ થશે.' તેઓ જ આ છે, નંદ અને યશોદા ! નંદયશોદાનો ભગવાન પ્રત્યે અત્યંત પ્રેમ થયો. બ્રહ્માજીનું વચન ખરું પાડવા માટે જ ભગવાન શ્રીકૃષ્ણ બલરામજીની સાથે વ્રજમાં સમસ્ત વ્રજવાસીઓને બાળલીલાઓનો આનંદ કરાવવા આવીને રહ્યા."

આ વાતને આગળ લંબાવતાં શુકદેવજી બોલ્યા : "પરીક્ષિત ! એકદા નંદરાણી યશોદામાતાએ ઘરની દાસીઓને તો બીજાં કામોમાં લગાડી દીધી હતી અને પોતે પોતાના બાળલાલાને માખણ ખવડાવવા માટે દહીંનું વલોણું કરવા લાગેલાં. પરીક્ષિતજી ! મેં તમારી સાથે ભગવાનની જે જે બાળલીલાઓનું વર્ણન કર્યું છે એ બધીનું સ્મરણ કરતાં કરતાં એ લીલાઓને યશોદા પોતાના મધુરકંઠે ગાતાં પણ જતાં હતાં અને દહીં પણ ઝેરતાં જતાં હતા. યશોદાએ આ ટાણે પોતાના સ્થૂળ કેડના ભાગને સૂતરથી બાંધેલ તથા તેણીએ રેશમી ઘાઘરો પહેર્યો હતો. યશોદાજીના પુત્રસ્નેહે કરી સ્તનોમાંથી દૂધ ઝર્યે જતું હતું અને તે કંપતાં પણ હતાં જ. નેતરાં ખેંચતાં ખેંચતાં એમની બાવડાં તો થાકી જ ગયેલાં. હાથનાં કંકણો અને કાનનાં કર્ણફૂલ હાલીચાલી રહ્યાં હતાં. મોઢા પર પરસેવાનાં ટીપાં ચળકી રહેલાં અને ચોટલામાં ગૂંથાયેલાં સુંદર માલતી ફૂલો ત્યાંથી નીચે પડી રહ્યાં હતાં. એ સુંદર ભમરવાળાં યશોદાજી આ રીતે દહીં વલોવી રહ્યાં હતાં એ જ વખતે ભગવાન કૃષ્ણ દૂધ પીવા, વલોણું કરતી મા પાસે આવ્યા અને માતાજીના હૃદયના પ્રેમ અને આનંદ વધારતાં વધારતાં દહીંનું વલોણું જ પકડી લીધું અને વલો-

વતાં માતાજીને રોકી રાખ્યાં. તરત માતા યશોદાએ બાળક કૃષ્ણને પોતાની ગોદમાં ઉઠાવી લીધા. વાત્સલ્યસ્નેહની અધિકતાથી યશોદાનાં સ્તનોમાંથી દૂધ તો સ્વયં ઝરતું જ હતું એટલે બાલક કૃષ્ણ તે ધાવવા લાગી ગયા અને યશોદાજી મંદ મંદ સ્મિત કરતાં એના મુખારવિંદને જોવા લાગ્યાં. એટલામાં જ બીજી બાજુ ઊકળતા દૂધમાં ઊભરો આવ્યો. તે જોઈ યશોદાજી એને અતૃપ્ત મૂકીને જ જલદી જલદી ઊકળતું દૂધ ઉતારવા ચાલ્યાં ગયાં. આથી બાલક શ્રીકૃષ્ણને કાંઈક ક્રોધ આવી ગયો અને એના લાલ લાલ હોઠ ફફડવા લાગી ગયા. એમને દાંતોથી દબાવી બાલ શ્રીકૃષ્ણે પાસે જ પડેલા લોઢાથી દહીંનું માટલું ફોડી નાખ્યું, બનાવટી આંસુ આંખોમાં ભરાઈ આવ્યાં અને બીજા ઘરમાં જઈ એકાંતમાં માખણ ખાવા લાગ્યા.

યશોદાજી ઊકળેલા દૂધને ઉતારી આ ઘરમાં આવે છે ત્યાં તો દહીંનું માટલું ટુકડે ટુકડા થયેલું જોયું. તે સમજી ગયાં કે આ કરતૂક પોતાના લાલાનાં જ છે. સાથે જ યશોદાજીએ જોયું કે પાછો એ લાલો રફુચક્કર થઈ ગયો છે ત્યારે તો યશોદાજીનું હસવું રોકયું રોકાયું જ નહીં. આસપાસ શોધતાં દેખાયું કે શ્રીકૃષ્ણ તો એક ઊંધા વાળેલા ઊખલ પર ઊભા છે અને શીકાં પરનું માખણ લઈ લઈને વાંદરાંઓને ખૂબ ખૂબ લૂંટાવી રહ્યા છે. વળી એને એ પણ ભય છે કે કદાચ પોતાની ચોરી ઉઘાડી પડી જશે, એથી ચોકી ચોકીને ચારે બાજુ તાકતા રહે છે! આ જોઈ ધીમે ધીમે યશોદાજી એમની પાસે જઈ પહોંચ્યાં. જ્યારે બાળકે આ જાણ્યું કે માતા યશોદા હાથમાં લાકડી લઈ મારી તરફ આવી રહ્યાં છે, ત્યારે ઝટઝટ ઊખલ પરથી કૂદી ડરીને ભાગ્યા. પરીક્ષિતજી! યશોદા માંડ માંડ પકડી તો શક્યાં, પણ ડરી ગયેલા બાળકને જોઈ તેણીએ લાકડી તો ફેંકી દીધી. પછી તેણીને લાગ્યું કે એક વાર એને બાંધવો જોઈએ એમ વિચારી ઊખલ સાથે બાંધવા લાગ્યાં કે પેલી રસ્સી બબ્બે આંગળ નાની નાની પડતી જ ગઈ. બીજી રસ્સીઓ પણ જોડતાં ગયાં તોય નાની નાની

પડતી ગઈ. આ જોઈ ગોપીઓ હસવા લાગી. માતાને થાકેલાં જોઈ સ્વયં શ્રીકૃષ્ણ બંધાઈ ગયા. પ્રભુની અહૈતુકી કૃપા તે આનું જ નામ."

# કુબેરપુત્રોની શાપમુક્તિ

ઐશ્વર્ય સંપદા સંગી નૃનારી વાસના વડે;
પડે ત્યાં નર નિર્લજ્જ, બચે સ્ત્રી માત્ર હા ગુણે. ૧

આત્મભાન થકી યુક્ત, યશોદા-નંદનંદન,
કરે વાત્સલ્યનું પાન, વ્રજે કૃષ્ણ સનાતન. ૨

બ્રહ્મચારી શુકદેવજી બોલ્યા : "પરીક્ષિત ! આ રીતે ઊખલ (ખાંડણિયા) સાથે બંધાઈ ગયેલા ભગવાન કૃષ્ણને એમ છોડી દઈ નંદારાણી યશોદાજી તો ઘરના કામધંધાઓમાં ગૂંથાઈ ગયાં. તેવે સમયે ભગવાન શ્યામસુંદરે નજીકનાં બે અર્જુન વૃક્ષોને મુક્તિ આપવાનું વિચારી લીધું. એ બે ઝાડ પૂર્વજન્મમાં યક્ષરાજ કુબેરના પુત્રો હતા. એમનાં નામ હતાં નલકુબર અને મણિગ્રીવ. એમની પાસે ધન, સૌંદર્ય અને ઐશ્વર્યની પૂર્ણતા હતી. આ બધું હોય ત્યાં ઘમંડ આવ્યા વિના કેમ રહે ? એ ઘમંડ આ બન્નેમાં આવી ગયો અને એ બન્નેનો ઘમંડ જોઈને જ દેવર્ષિ નારદે એમને શાપ આપી દીધો. એ બન્ને નારદજીના શાપને લીધે વૃક્ષ બની ગયા. ત્યારે રાજા પરીક્ષિતે પૂછ્યું : 'ભગવન્ ! કૃપયા આપ એ દર્શાવો કે દેવર્ષિજીએ એ બન્નેને શાપ શા માટે આપ્યો ? એ બન્નેએ એવું કર્યું નિંદ્ય કામ કર્યું કે જેથી પરમ શાંત એવા નારદ ઋષિજીને આવો ક્રોધ આવી ગયો ?'

બ્રહ્મપ્રેમી શુકદેવજી બોલ્યા : "પરીક્ષિતજી ! એક તો આ બન્ને બાળકો ધનપતિ કુબેરના લાડીલા બાળકો હતા અને એમની

ગણના થઈ ગઈ રુદ્ર ભગવાનના અનુચરોમાં !! આ કારણે એમનો ઘમંડ વધી ગયો. અને તમે સહેજે સમજી શકશો કે ઘમંડી-જન તો ધર્મનું ઉલ્લંઘન કરે જ છે! એ જ કારણ છે કે તે બન્ને જણ મંદાકિનીના તટ ઉપર કૈલાસના રમણીય ઉપવનમાં મદોન્મત્ત થઈને વિહરી રહ્યા હતા. એક દિવસ તે વારુણી (મદિરા) પીને બેઠેલા. નશાને કારણે એ બન્નેની આંખો ચોમેર ઘૂમી રહી હતી. ઘણી બધી સ્ત્રીઓ એમની સાથે ગાઈ-બજાવી રહી હતી અને તેઓ બન્ને ફૂલોથી લચી પડેલા વનમાં તે સ્ત્રીઓની સાથે વિહરી રહ્યા હતા. એ સમયે ગંગાજીમાં ભાતભાતનાં કમલ ખીલેલાં હતાં. તે બન્ને પેલી સ્ત્રીઓ સાથે એ રીતે ત્યાં ઘૂસી ગયા કે જાણે હાથીઓનું ટોળું હાથણીઓની સાથે જલક્રીડા કરી રહ્યું હોય! તેમ જ તે બન્ને પેલી યુવતીઓ સાથે જુદી જુદી જાતની ક્રીડા કરવા લાગી ગયા. પરીક્ષિત રાજન્! સંયોગવશ પરમ સમર્થ દેવર્ષિ નારદજી ત્યાંથી નીકળ્યા. તેમણે આ યક્ષ-યુવકોને જોઈને સમજી લીધું કે આ તો બન્ને અત્યારે મદમસ્ત બનેલા છે. અચાનક દેવર્ષિ નારદને દેખીને વસ્ત્રહીન અપ્સરાઓ તો શરમાઈ ગઈ અને ઝટઝટ એમણે તો પોતપોતાનાં કપડાં પહેરી લીધાં, પરંતુ આ યક્ષોએ કપડાં ન પહેર્યાં. જ્યારે દેવર્ષિ નારદજીએ જોયું કે આ દેવતાઓના પુત્રો થઈને પણ સ્ત્રી-મદથી આંધળા અને મદિરાપાનથી ઉન્મત્ત થઈ ગયા છે, ત્યારે એમણે એ બન્ને ઉપર અનુગ્રહ કરવા માટે નીચે મુજબ શાપ આપી દીધો :

આમ તો બધા મદો ખરાબ જ છે પણ તેમાં ય નારી વિષયક લંપટપણાનો મદ અને સંપત્તિ ઐશ્વર્યાદિનો મદ ખૂબ જ ખરાબ છે એમ મનમાં લાવી તેમણે શાપ એ પ્રકારનો આપ્યો કે 'જાઓ! તમે બન્ને અત્યારે નાગા છો, તો નાગા વૃક્ષરૂપ બની જાઓ. અલબત્ત, તમને વૃક્ષ થવા છતાં મૂળ ભાન તો રહેશે જ અને ભગવાન કૃષ્ણનો ભેટો થતાં જ પાછા તમો તમારી મનુષ્ય તરીકેની મૂળ સ્થિતિમાં આવી જશો.' એ રીતે બાલકૃષ્ણજી ઊખલ

(ખાંડણિયો) અને દોરી બન્ને સાથે ઘસડાતા ઘસડાતા એ બે વૃક્ષ હતાં ત્યાં પહોંચ્યા અને એ બન્ને વૃક્ષોને જોતજોતામાં એવો સ્પર્શ કર્યો કે તેમાંથી તરત આ નલકુબર અને મણિગ્રીવ અસલ સ્વરૂપે આવી ભગવાનને નમી પડયા અને સ્તુતિ કરવા લાગી ગયા. ભગવાને કહ્યું: 'જુઓ, મારા પરમ ભક્ત દેવર્ષિ નારદજીએ તમારા મદને દૂર કરવા આટલું તમને વેઠાવ્યું છે. હવે તમો કદી અહંકારી નહીં બની શકો અને તમોને મુક્તિનું પરમ સુખ પ્રાપ્ત થશે.' તેઓ આ બાલ-ભગવાનની પરિક્રમા કરી પોતાના મૂળ સ્થાન પર જવા ઉત્તર દિશા ભણી ચાલી નીકળ્યા."

## કૃષ્ણની બાળલીલા

ભક્તાધીન છું સૌ રીતે, એવું શ્રીકૃષ્ણ દાખવે;
બીજી બાજુ બતાવે છે, સૌનો વિશ્વેશ હું જ તે. ૧

ભલું બૂરું સદા જોવું, ન લેપાવું કદી ફળે;
એવું જીવી દીએ બોધ, માટે વિશ્વેશ છે ખરે. ૨

બ્રહ્મનિષ્ઠ બ્રહ્મચારી શુકદેવજી બોલ્યા : " પરીક્ષિતજી ! બન્ને વૃક્ષોના એકાએક પડવાથી જે મહાભયંકર અવાજ થયો, તેથી નંદ-રાજા સહિત ગોવાળિયાઓને શંકા પડી કે કદાચ વીજળી પડી હશે ! બધા જ એકાએક વૃક્ષોની પાસે ગભરાયેલા સ્વરૂપે આવી પહોંચ્યા. કારણ તો સ્પષ્ટ જ હતું. પેલો, ખાંડણિયાને ખેંચી રહેલો, રસ્સીથી બંધાયેલો એવો કનૈયો સામે જ હતો. વળી બાજુમાં રમી રહેલાં બાળકોએ પણ કહ્યું : 'બાળકનૈયાની જ આ કરામત છે. વચ્ચેથી ઊખલથી બંધાયેલો તે હતો તે કારણે જ આ બે વૃક્ષ પડયાં. તેમાંથી બે જુવાન માણસો નીકળ્યા.' પરંતુ તેમનું માને કોણ ? નંદબાબાએ

જોયું, પોતાનો આ પ્રાણપ્યારો નાનેરો બાળ રસ્સીથી બંધાઈ ખાંડણિયાને ઢસડતો ઢસડતો ચાલે છે. ત્યારે તરત તેમણે હસતાં હસતાં જલદી જલદી એ રસ્સીની ગાંઠ છોડી કાઢી.

પરીક્ષિત ! ભગવાન કૃષ્ણની આમ એકથી એક વધી જાય તેવી તો અનેક લીલાઓ છે. સર્વ શક્તિમાન એ ભગવાન ક્યારેક ક્યારેક તો ગોપીઓને ફોસલાવવા સાધારણ બાળકની માફક નાચવા લાગી જાય, તો કોઈ વાર ભોળા-ભલા અજાણ બાળકની માફક ગાવા લાગી જાય ! ક્યાં સુધી કહું ? તેઓ ગોપીઓના હાથની કઠપૂતળી બની ગયા હતા. ક્યારેક ગોપીઓની આજ્ઞાથી પીઢિઓ લઈ આવે, તો કોઈ વાર બશેરી વગેરે તોલવાનાં વજનો ઉપાડી લાવે, તો વળી કોઈ વાર પોતાનાં પ્રેમી ભક્તજનોને રિઝવવા માટે પહેલવાનોની માફક તાલ ઠોકવા લાગી જાય. આ પ્રમાણે એ સર્વ શકિતમાન ભગવાન પોતાની બાળલીલાઓથી વ્રજવાસીઓને આનંદ પમાડતા અને સંસારમાં જે લોકો ભગવાનને યથાર્થ જાણે છે તેમને એ સમજાવતા હતા કે જુઓ, હું મારા ભકતોને આધીન છું. ક્યારેક કોઈ દિવસ 'ફળ લો ભાઈ ફળ !' એમ બોલતી બોલતી ફળ વેચવાવાળી નીકળતી તો સમસ્ત કર્મો અને ઉપાસનાઓનું ફળ આપનારા એ અચ્યુત ભગવાન તે ફળ ખરીદવા પોતાના નાનકડા ખોળામાં અનાજ લઈ એકદમ દોડતા. જો કે અનાજ તો રસ્તામાં વેરાઈ જતું, પણ પેલી ફળ વેચવાવાળી બાઈ તો એમના બન્ને હાથ ફળોથી સહેજે સહેજે ભરી જ દેતી હતી. અહીં વળી એવી લીલા ભગવાનની થતી કે એ બાઈની ફળો રાખવાની ટોપલી સ્વયં રત્નોથી જ ભરાઈ જતી ! એવી જ રીતે બાળકો સાથે રમતાં રમતાં મોડું થાય તો પ્રથમ રોહિણી મનાવવા જાય પણ તેમના બોલાવ્યા ન આવે એટલે યશોદાજી જઈ સમજાવે : 'બેટાઓ ! ભૂખ્યા થયા હશો, ચાલો, નંદરાજા જમવા બેસી ગયા છે, તેઓ તમારી વાટ જુએ છે. ચાલો, તમારાં અંગ માટીથી ખરડાયાં છે. માટે ન્હાઈ, ધોઈ કપડાં બદલો

ઘરેણાં પહેરો, જમીને પછી પાછા રમવા આવજો.' એમની સાથે રમતાં બાળકોને પણ ઘેર જવા સમજાવતાં. માતા યશોદાજી તો ભગવાન કૃષ્ણના પ્રેમથી સંપૂર્ણપણે પ્રાણ અને મનથી બંધાયાં હતાં. બાળકો સમજીને માતા એક હાથથી બલરામ અને એક હાથથી શ્રીકૃષ્ણને પકડીને ઘેર ખેંચી લાવતાં અને બન્નેના મંગલ માટે જે કાંઈ કરવું ઘટે તે બધું જ કરી છૂટતાં..."

## વૃંદાવનની પસંદગી

વંશસ્થ

ગજા પ્રમાણે પરખાય મર્ત્યથી,
અમર્ત્યનાં આચરણો અનોખડાં;
કસોટીઓમાં વધુ ધૈર્ય ધારવા,
ભાગ્યે રહે સુસ્થિર બુદ્ધિ એમની. ૧

અનુષ્ટુપ

તોયે શ્રદ્ધા અને પ્રેમ, ઊણપો સર્વ એમની
પૂરી, નિસર્ગ આપે છે સફળતા પૂરેપૂરી. ૨

બ્રહ્મનિષ્ઠ બ્રહ્મચારી શુકદેવજી કહે છે: "પરીક્ષિતજી! નંદબાબા વગેરે બુઝુર્ગોએ જ્યારે જોઈ લીધું કે બૃહદ્ વનમાં તો મોટા મોટા ઉત્પાત થવા લાગ્યા છે, ત્યારે એ બધાઓએ એકઠા થઈને, હવે વ્રજવાસીઓએ શું કરવું ઘટે, એ વિષય પર વિચાર કર્યો. એ બુઝુર્ગો પૈકી એક ઉપનંદ નામના ગોવાળિયા હતા. તે ઉમ્મરમાં તો મોટા હતા જ, સાથોસાથ અનુભવ, જ્ઞાન અને સૂઝમાં પણ બુઝુર્ગ હતા. એમને કયે સમયે, ક્યાં, અને શું કરવું જોઈએ, એ બધો જ ખ્યાલ

હતો. સાથેસાથે એ બુઝુર્ગ એમ પણ ઇચ્છતા હતા કે, રામ અને શ્યામ બન્નેય સુખી રહે, એ બન્ને બાળકો પર કોઈ વિપત્તિ ન આવવા પામે. તેઓ બોલ્યા : 'મારા ભાઈઓ ! હવે બૃહદ્‌વનમાં ઉત્પાતો થવા લાગ્યા છે તે બાળકો માટે તો ઘણા અનિષ્ટકારી છે. એટલે આપણે જો ગોકુળવાસીઓનું ભલું ચાહતા હોઈએ તો હવે આપણે અહીંથી આપણા ડેરા–ડંડા ઉઠાવી કૂચ કરી દેવી જોઈએ. જુઓ, આ સામે બેઠેલો નંદરાયનો લાડીલો સૌથી પહેલાં તો કાલ સ્વરૂપિણી અને હત્યારી પૂતના રાક્ષસીની ચુંગાલથી માંડ બચ્યો, અને ભગવાનની બીજી વાર કૃપા થઈ કે એ કનૈયા ઉપર આટલો મોટો છકડો પડતાં પડતાં માંડ ઊગરી ગયો ! અને એ પછી ઘણીયે વિપદાઓ આવી. પેલો વંટોળ રૂપધારી દૈત્ય તો આ વહાલા કિસનિયાને આકાશમાં જ સીધો ઉઠાવીને લઈ ગયેલો, અને ત્યાંથી જ્યારે એ પહાડ પર પડ્યો ત્યારે તો આપણા કુલદેવતાઓએ જ આ બાળકની રક્ષા કરેલી. યમલાર્જુન વૃક્ષો પડ્યાં ત્યારે પણ એ બે ઝાડની વચ્ચે આ કનૈયો કે બીજું કોઈપણ બાળક આવી ન ગયું એ આપણાં સૌનાં સદ્‌ભાગ્ય જ માનવાં જોઈએ.

'આ બધામાંથી ભગવાને જ આ બન્ને બાળકોની અને આપણી સૌની રક્ષા કરી છે. તેથી હવે જ્યાં લગી મોટું અનિષ્ટકારી અરિષ્ટ આપણને અને આપણા આ વ્રજને નષ્ટ ન કરી નાખે ત્યાં લગીમાં આપણે લોકો આપણાં બાળકો અને અનુચરોને લઈને અહીંથી કોઈ બીજે સ્થળે ઝટ ઝટ ચાલી જ નીકળીએ. જુઓ, અહીંથી થોડે જ દૂર વૃંદાવન નામનું વન છે. એમાં વળી નાનાંનાનાં અને ઘણાં નવાંનવાં હર્યાંભર્યાં વૃક્ષો છે. ત્યાં ઘણો પવિત્ર પર્વત, ઘાસ અને લીલવણીભરી લતાઓ અને વનસ્પતિઓ પણ છે. આપણાં પશુઓ માટે તો તે ઘણી જ ઉપકારક છે. ગોવાળિયા અને ગોવાલણો તથા ગાયો માટે તે કેવળ સગવડરૂપ જ નથી, બલકે ખૂબ ખૂબ

સેવવા યોગ્ય પણ છે જ. તમને બધાંને જો મારી આ વાત જચતી હોય તો આજે જ અહીંથી આપણે કૂચ કરી જઈએ; વખત ન લગાડીએ.' પરંતુ સૌથી પ્રથમ આપણી સંપત્તિરૂપ ગાયો જ છે. ગાડાંઓ અને છકડાઓ જોડીએ અને સૌથી પહેલાં તો એમને જ મોકલી દઈએ. ઉપનંદની વૃંદાવનવાળી વાતનો સૌએ એક મતે 'એ બહુ ઠીક છે!' એમ કહી સ્વીકાર કર્યો અને તરત ને તરત તૈયારી કરી લીધી!

## વૃંદાવન પ્રત્યે પ્રયાણ

અનુષ્ટુપ

**આત્માની દિવ્ય શક્તિથી, હારે સૌ તત્વ આસુરી**
**ભલે હો બળુકાં તોયે, અંતે છે હાર તેમની. ૧**

**વાયુમંડળ નૈસર્ગી, ગાયોનાં ઝુંડ જ્યાં વળી;**
**વિશુદ્ધ મન લોકોનાં, ધન્ય વૃંદાવન ભૂમિ! ૨**

શુકદેવજી કહે છે: "પરીક્ષિત! ઉપનંદની વાતો સાથે સૌએ સંમત થઈને વૃંદાવન પ્રત્યે પ્રયાણ આદર્યું હતું. બાળકો વૃદ્ધો અને ગોપીઓ સજધજ બની ગીત ગાતી એકા પર બેઠી હતી. તેમાં યશોદાજી અને રોહિણીજી પણ પોતાના બાળકો શ્યામ–રામની તોતલી બોલી સાંભળતી હોંસથી એકામાં બેસી જતાં હતાં. ગોવાળિયાઓ વાજિંત્રો વગાડતા વગાડતા અને ધનુષ્યબાણ સાથે પુરોહિતો સહિત સૌનું રક્ષણ કરતા કરતા ચાલતા હતા. વૃંદાવન ખરેખર સુંદર અને હર્યુંભર્યું વન છે. અત્યંત મનોહર એવો ગોવર્ધન પર્વત ત્યાં છે. યમુના જેવી મધુર નદી વહે છે. યમુનાના નાના નાના પુલો

અને કુદરતી દશ્યો જોઈ શ્રીકૃષ્ણજી અને બલરામજી પ્રસન્ન પ્રસન્ન થઈ ગયા. તેઓ પોતાની અલૌકિક છતાં બાલોચિત લીલાઓથી ગોકુલની જેમ વૃંદાવનમાં પણ સૌને ખૂબખૂબ આનંદ આપી રહ્યા હતા. તેઓ બીજા ગોવાળિયા બાળકોની જેમ રમવાની બહુવિધ સામગ્રી લઈને સાથે સાથે નીકળી પડતા. જેમ એક બાજુ વાછડાંઓ તેઓ ચરાવતા, તેમ ક્યાંક વાંસળી (બંસરી) વગાડતા. ક્યારેક પોતાના પગના ઘૂઘરા પર તાન છેડતા, ક્યાંક બનાવટી ગાયો—બળદો બનાવી ખેલ કરતા. એક બાજુ જોઈએ તો તેઓ સાંઢ બની આપસ-આપસમાં ગરજતા ગરજતા લડે છે તો બીજી બાજુ મોર, કોયલ, વાંદરા આદિ પક્ષી-પશુઓની વાણી બોલવા લાગી જાય છે !

પરીક્ષિત ! આ પ્રકારે સર્વશક્તિમાન ભગવાન સાધારણ બાળકની જેમ વર્તી રહેલ છે. તેવામાં એક દિવસ બેય ભાઈઓ પોતાના ગોવાળિયા બાળમિત્રો સાથે વાછડાં ચરાવતા હતા ત્યારે એક દૈત્ય ત્યાં વાછડા રૂપે આવી બીજા વાછડાંઓના જૂથ ભેળો ભળી ગયો. કૃષ્ણજી આંખના ઇશારાથી બલરામને સમજાવી પેલા દૈત્યરૂપી વાછડા પાસે પહોંચી ગયા. વાછડાને એમ કે મારી સુંદરતા જોઈ આ બન્ને બાળકો મુગ્ધ બન્યા છે, પણ તેની પાસે લપાઈને ભગવાન કૃષ્ણે તો પોતે બાલસ્વરૂપ હોવા છતાં તેને એકાએક પકડી લીધો અને પૂંછડા સાથે એના બેય પાછલા પગ પકડીને એકદમ આકાશમાં ઘુમાવી એક ઝાડ પર એવો તો પટક્યો કે પ્રાણ જ નીકળી ગયા ! પણ એનું શરીર વાછડાનું નહીં, પરંતુ દૈત્યનું હતું. તેથી જ્યારે તે પૃથ્વી પર પડ્યો કે સાથોસાથ કેટલાંય ઝાડ પડી ગયાં. આ જોઈ ગોવાળિયા બાળકોના આશ્ચર્યનો પાર ન રહ્યો. તેઓ 'વાહ, વાહ,' કહીને પ્યારા કનૈયાની તારીફ કરવા લાગ્યા. દેવો પણ ફૂલ વરસાવવા લાગી ગયા. કેવી નવાઈ છે !

ખુદ ભગવાન કૃષ્ણ અને ભગવાનના અંશ રૂપ બલરામજી આજે વાછડાંઓના પાલક બન્યા છે. સવારના વહેલા ઊઠી નાસ્તાની સામગ્રી

લઈને વાછડાંઓને ચરાવતા ચરાવતા એક વનમાંથી બીજા વનમાં ઘૂમ્યા કરે છે. એવામાં એક દિવસની વાત છે, બધાંય ગોવાળ બાળકો પોતાનાં ઝુંડનાં ઝુંડ એવાં વાછડાંઓને પાણી પિવડાવવા એક સરોવરના કિનારા પર લઈ ગયાં. પ્રથમ વાછડાંઓને પાણી પિવડાવ્યું અને પછી પોતે પીધું. ત્યાં એક એવું પક્ષી જોયું કે, જાણે ઇંદ્રવજ્રથી તૂટેલો કોઈ પહાડનો ટુકડો પડયો હોય ! તેથી ગોવાળિયા બાળકો ડરી ગયાં. ખરેખર તો તે 'બક' નામનો અસુર હતો. તે સ્વયં ઘણો બળુકો હતો. એણે ઝપટ મારીને કૃષ્ણને ગળવા માંડચા. આ ભયંકર દશ્ય જોઈને બલરામજી અને ગ્વાલબાલો બધાં અચેત જેવાં બની ગયાં. હે પરીક્ષિત ! પણ શ્રીકૃષ્ણ ભગવાન તો લોકપિતામહ બ્રહ્માના પણ પિતારૂપ છે. તેઓ તો ખાસ લીલાર્થે જ જગતમાં આવ્યા છે. જેવા તેઓ પોતે તાળવા લગી પહોંચ્યા કે તરત આગના માફક એ અસુરનું તાળવું બળવા લાગી ગયું ! એ દૈત્ય શ્રીકૃષ્ણજીને કશી ઈજા પહોંચાડયા વિના ઝટપટ ગળવા ગયેલો, પણ તેણે ગળ્યા વિના જ કૃષ્ણને વમી નાખ્યા અને પછી ક્રોધથી પોતાની કઠોર ચાંચથી એ બાળકૃષ્ણ પર ટૂટી પડયો. પણ કૃષ્ણે તરત પોતે ઝડપ મારી આ કંસમિત્ર–દૈત્યની ચાંચના બેય ભાગ પકડી લીધા અને જોત-જોતામાં તો એવી રીતે તેને ચીરી નાખ્યો કે જાણે ચીયાના પાનને ચીરી નાખે ! આ જોઈ દેવતાઓને બહુ આનંદ થયો. તેઓએ બાલકૃષ્ણ પર નંદનવનનાં ફૂલ વરસાવ્યાં, શંખ–નગારાંઓનો નિનાદ કર્યો અને શ્રીકૃષ્ણને પ્રસન્ન કરનારાં સ્તોત્રો પણ બોલવા માંડયાં ! આ જોઈ બલરામ અને ગોવાળિયા બાળકો ખુશખુશાલ થઈ ગયાં. સૌએ કૃષ્ણ પર હેત કર્યું અને વૃંદાવનમાં પાછાં ઘેર આવી આ અદ્દભુત બનાવને બધાંઓની સામે કહી બતાવ્યો. આ બકાસુરવધની વાતથી નાનાંમોટાં સૌ વૃંદાવનવાસી પ્રસન્ન પ્રસન્ન થઈ ગયાં ! તે સૌ આતુરતાથી (જાણે કૃષ્ણ ફરી સજીવન થઈ આવી ગયા હોય તેમ)

એમની તરફ નીરખી રહ્યાં! વાતો ઘેરઘેર અને ઠેરઠેર એવી ચાલી: આને કષ્ટ આપવા જનારાં સૌ પોતે જ પોતાની મેળે કષ્ટ પામે છે. આ તો નવલું આશ્ચર્ય! ગર્ગાચાર્યજી કહેતા હતા એમ જ બધી બાબતો બને છે.' વૃંદાવનવાસી ગોવાળિયાઓ આ બધું જોઈ પોતે આનંદમગ્ન બનતા અને બીજાને બનાવતા. કારણ કે ભગવાનની આ ભવ્ય અને રંગીલી બાળલીલાઓ સૌને આનંદદાયક હતી જ. આ રીતે ભગવાનનું બચપન વીત્યે જતું હતું.

## અઘાસુર–વધ

અનુષ્ટુપ

રીઝે દેવો તથા મર્ત્યો, ખીજે દૈત્યો પરાજયી;
ત્યારે જાણો પ્રભુ જન્મ્યા અવતાર ધરી હરિ. ૧

વ્યક્તિ સમાજ બન્નેય, વિકસે જ્યાં વ્યવસ્થિત;
મર્ત્ય સમાજ માંહે ત્યાં, માનો પ્રભુ થયા સ્થિત. ૨

બ્રહ્મચારી શુકદેવજીએ કહ્યું: "પરીક્ષિત! એક દિવસ પોતાના બાળસાથીઓને જગાડી વહેલી સવારે નંદનંદન શ્યામસુંદર શ્રીકૃષ્ણજી સેંકડો વાછડાંઓ સાથે વ્રજમંડળથી બહાર નીકળી પડ્યા. સ્થાન-સ્થાન પર બાલોચિત ખેલ ખેલતાં ખેલતાં સૌ બાળકો ચાલ્યાં જાય છે. વનની શોભા નીરખવા જ્યારે શ્રીકૃષ્ણ જરા આગળ થઈ જાય છે, તો 'હું અડીશ! પે'લો હું એમને અડીશ!!' એ રીતે આપસમાં સ્પર્ધાની દોટ લગાવી ભગવાન શ્રીકૃષ્ણને સ્પર્શી–સ્પર્શી ગ્વાલબાલ સૌ આનંદમગ્ન થઈ જતાં હતાં. કોઈ બંસી બજાવે છે, તો કોઈ રણશીંગું ફૂંકે છે. કોઈ બાળક વળી ભમરાઓ સાથે ગણગણાટ કરે

છે, તો કોઈ વળી કોયલના સ્વરમાં સ્વર મેળવી 'કુહૂ કુહૂ' કરે છે; તો બીજી બાજુ કેટલાક બાળગોવાળિયા આકાશમાં ઊડતાં પંખીઓની છાયાની સાથે દોડવા માંડે છે, તો વળી ત્રીજી બાજુ હંસની સાથે હંસની ચાલની નકલ કરી સુંદર ગતિ કરવા લાગે છે. કોઈ બગલાની માફક એમની જ પેઠે આંખો બંધ કરીને બેસી રહે છે, તો વળી કેટલાંક બાળકો મોરનું નૃત્ય જોઈ પોતે પણ નાચવા માંડે છે. કોઈ બાળક વળી વાંદરાના બચ્ચાને જોઈ તેને પકડીને ખેંચવા માંડે છે, તો કોઈ વળી વાંદરાઓને જોઈ એક ઝાડથી બીજા ઝાડ ઉપર ચડવા માંડે છે. કોઈ બાળક વાનરબાળ પ્રત્યે "વાંદરા વાંદરા હૂક..." કરે છે, તો કોઈ વળી વાંદરાની જેમ એક ડાળેથી બીજી ડાળ પર છલાંગ મારે છે. ઘણાં ગોવાળિયા બાળકો તો નદીને કાંઠે ખેલ્યા–કૂદ્યા કરે છે, તો વળી કેટલાંક બાળકો દેડકાની માફક પોતે પણ 'ડ્રાઉં ડ્રાઉં" બોલવા લાગે છે. કોઈ વળી પાણીમાં પોતાનો પડછાયો જોઈને એના પર હસે છે, તો વળી કોઈ પોતાના શબ્દ (પડઘાઓ)ને જ સારા–માઠા કહે છે. પરીક્ષિતજી! ભગવાન શ્રીકૃષ્ણ પોતે જ સંતોને માટે સ્વયં મૂર્તિમાન બ્રહ્માનંદના સાક્ષાત્કાર રૂપ છે. ચાકરભાવથી યુક્ત એવા ભકતોને માટે તેઓ ખુદ આરાધ્ય દેવરૂપ છે, પરમૈશ્વર્યશાળી ખુદ પરમેશ્વર જ છે, પરંતુ માયામોહિત વિષયાંધોને માટે તો તેઓ એક નાનાશા માનવીય બાળકરૂપ જ છે! એ જ ભગવાન સાથે આજે ગોવાળિયા બાળકો રમી રહ્યાં છે. પરીક્ષિત! બીજું તો શું કહું, શ્રમથી ઇંદ્રિયોને વશ જેમણે કરી છે, જેમણે બહુ તપ, યોગ, ધ્યાન વગેરે કર્યાં છે, એમને પણ ભગવાનની ચરણરજ દુર્લભ છે. તે જ ખુદ ભગવાન નિર્દોષ ગ્વાલબાલ સાથે રમતો કરે છે. એવાં એ ગોવાળિયાનાં બાળકોના સૌભાગ્યનું તો કહેવું જ શું?

આ બધાં બાળકો રમતથી આનંદ લૂંટી રહ્યાં છે. તેવામાં

કંસની પ્રેરણાથી એક મહા દૈત્ય ત્યાં આવ્યો. તે માસી પૂતના અને બકાસુરનો નાનો ભાઈ અઘાસુર હતો. તે એટલો તો ભયંકર હતો કે અમૃતપાન કરી અમર થયેલા દેવો પણ પોતાના જીવનની રક્ષા માટે તેને કારણે ચિંતિત રહેતા અને ઇચ્છતા હતા કે કોઈ પણ પ્રકારે આનો મૃત્યુ અવસર ઝટ આવી જાય. આમ, શ્રીકૃષ્ણ–સુદામા વગેરે બાળકોની આનંદમય રમતો જોઈ કે તરત તે અઘાસુરના હૃદયમાં ઈર્ષ્યાનો દાવાગ્નિ સળગી ઊઠ્યો અને મનોમન વિચારવા લાગ્યો કે આ કાનુડો જ મારા સગા ભાઈને મારવાવાળો છે. એટલે આજ હું આ ગ્વાલબાલ સાથે એનેય મારી જ નાખું, જેથી તે બધાંને લીધે મારાં એ ભાઈબહેનનું સાચું તર્પણ થઈ જશે. તેને લીધે બધાં વ્રજવાસીઓ પણ મરવા જેવાં થઈ જશે, કારણ કે સંતાનો મરતાં માબાપ પણ મરી ગયાં હોય તેવાં આપોઆપ બની જાય છે. આમ ધારી તે અજગરનું રૂપ ધરી રસ્તામાં જ પડ્યો! એ અજગરનું શરીર ઘણું લાંબું અને પર્વત જેવું મોટું વિશાળ હતું. તે અજગર ખરેખર અચંબો પમાડે તેવો હતો. એની નેયત તો આ બધાં બાળકોને ખાઈ જવાની હતી એ કારણે પોતાનું ગુફા જેવડું મોટું મોઢું ફાડીને રાખ્યું હતું. જાણે એ અજગરનો એક હોઠ આસમાનને અડતો હોય, એવો ભયંકર તે હતો! એને જોઇ ગોવાળિયા બાળકો હાસીમજાક કરવા લાગ્યાં, પણ ભગવાન કૃષ્ણ તો એ જ સમયે મોઢામાં પેસી ગયા! દેવતાઓમાં હાહાકાર મચી ગયો અને કંસ વગેરે અસુરો તો રાજી રાજી થઈ ગયા. પણ તરત કનૈયાએ પોતાનું શરીર એવું મોટું બનાવી દીધું કે પેલો અઘાસુર શ્વાસેય ન લઈ શક્યો, ત્યાં ને ત્યાં જ મરી ગયો અને તરત જ એમાંથી પ્રકાશ નીકળી કનૈયામાં સમાઈ ગયો. દેવો રાજી રાજી થઈ ગયા અને ફૂલો વરસાવ્યાં.

# બ્રહ્માજી કસોટી કરે છે

અનુષ્ટુપ

બ્રહ્માની ક્ષણ જે માંડ, સાલ તે મર્ત્યલોકની;
બ્રહ્મ-લીલા અહીં એક, ત્યાં ઘણી મૃત્યં કૃષ્ણની. ૧

સર્જકથી ય મોટો છે, મહા સર્જક તે પ્રભુ;
ગુણપર્યાય વચ દ્રવ્ય, તે રહસ્યે બને પ્રભુ. ૨

રાજા પરીક્ષિતે બ્રહ્મચારી શુકદેવજીને પૂછ્યું: 'ભગવન્ આપની પાસેથી હું એ વાત જાણવા ઇચ્છુક છું કે બ્રહ્માજીએ એક વાર ભગવાન કૃષ્ણની કસોટી શું કરેલી અને ભગવાને તે શી રીતે નિવારેલી ?'

બ્રહ્મચારી શુકદેવજી કહે છે: "પરીક્ષિત! તમે બહુ ભાગ્યશાળી છો, કારણ કે તમારા હૃદયમાં ભગવાન પ્રત્યેનો પરમ પ્રેમ છે તેથી જ તમે આવો પ્રશ્ન પૂછી શકયા છો. આમ તો તમને વારંવાર ભગવાનની લીલા-કથાઓ સાંભળવા મળે છે, તોય તમે એ સંબંધે પ્રશ્ન કરીને તે લીલાકથાઓને વધુ ને વધુ સરળ, રસદાર અને નિત્ય-નૂતન જેવી બનાવી રહ્યા જણાઓ છો. રસિક સંતોની વાણી, હૃદય, કાન (ત્રણેય) ભગવાનની લીલાઓનાં ગાયન, ભાવચિંતન અને શ્રવણને માટે જ હોય છે. એ રસિક સંતોનો સ્વાભાવ જ એવો હોય છે કે જેઓ ક્ષણ-પ્રતિક્ષણ ભગવાનની લીલાઓને અપૂર્વ રસમયી અને નિત્ય નિત્ય નવા સ્વરૂપે બરાબર અનુભવે છે. જે પ્રમાણે જાણે કે લંપટ પુરુષોને સ્ત્રીઓની વિવિધ ચર્ચામાં નવો નવો રસ જામી પડતે. હોય છે તેમ પરીક્ષિતજી! તમે એકાગ્ર ચિત્તથી સાંભળો છો. જો કે ભગવાનની આ લીલા અત્યંત રહસ્યમયી છે, તોય તમને હું સાદી સીધી રીતે સંભળાવું છું, કારણ કે દયાળુ આચાર્ય ગુણપ્રેમી શિષ્યને

ગુપ્ત રહસ્ય પણ બતાવી દેવા ખેંચાય છે. એ તો મેં તમને કહ્યું જ કે ભગવાન શ્રીકૃષ્ણે ગોવાળિયા-બાળકોને મૃત્યુરૂપ અઘાસુરના મોઢામાં પડતાં ઉગારી લીધાં, પછી તેઓ તે ગ્વાલ-બાળકોને યમુના કાંઠે લઈ આવ્યા અને એમને કહેવા લાગ્યા : 'પ્યારા મિત્રો ! યમુનાજીનો આ કાંઠો કેવો રમણીય છે, જુઓ તો ખરા ! એની રેતી પણ કેટલી બધી ચોખ્ખી અને કોમળ છે ! આપણને રમવા માટેની તો અહીં બધી સામગ્રી મોજૂદ છે. દેખો, એક બાજુ રંગબેરંગી કમળો ખીલ્યાં છે, કે જેમની સુગંધથી ખેંચાઈ આ ભમરાઓ ગુંજારવ કરી રહ્યા છે; તો વળી બીજી બાજુ લીલાં હરિયાળાં વૃક્ષો ઉપર સુંદર-સુંદર પંખીઓ ઘણો ઘણો મીઠો કલરવ કરી રહ્યાં છે, જેમનો પડઘો જાણે પાણીમાં પણ સંભળાયા કરે છે ! હવે આપણે અહીં ભોજન કરી લેવું જોઈએ કેમ કે હવે દિવસ ઘણો જ ચઢી ગયો છે અને આપણને બધાને ભૂખ લાગી જ ચૂકી છે. વાછડાંઓની ચિન્તા ન કરો તેમને પાણી પિવડાવી ખુલ્લાં મૂકી દો. તે નજીકમાં જ લીલું લીલું મજાનું ઘાસ ખાયા કરવાનાં જ.'

બધાં જ ગોવાળિયા – બાળકો બરાબર સંમત થઈ ગયાં. 'હા, બરાબર છે.' કહી એમણે વાછડાંઓને મજાના લીલા લીલા ઘાસ આગળ છોડી મૂકયાં અને પોતપોતાનાં ભથાયણાં ખોલી ખોલી ભગવાનની સાથે ખૂબ આનંદપૂર્વક ભાતું ખાવા લાગી ગયાં. ભગવાન કૃષ્ણ એ બધા ગોવાળિયા-બાળકોની વચ્ચોવચ્ચ બેસી ગયા. બધાં ગોવાળિયા-બાળકો પણ બરાબર ગોળાકાર નાની નાની મંડળીઓ બનાવી ભગવાન કૃષ્ણની ફરતાં બેસી ગયાં. બધાંનાં મોં ભગવાન તરફ હતાં અને બધાંની આંખોમાં પ્રસન્નતા ચમકતી હતી. આ વનભોજન સમયે બધાં ગોવાળિયા-બાળકો એવાં તો શોભાયમાન દેખાતાં હતાં કે જાણે કમલકર્ણિકાની ચારેકોર એની નાની-મોટી બધી પાંખડિયો શોભી રહી હોય ! કેટલાંક બાળકોએ તો ફૂલનું જ પતરાળું બનાવ્યું, તો વળી કોઈ બાળકો પાંદડાંની કુંપળો પર પોતનું

ભોજન પીરસીને ખાવા લાગી ગયાં, તો કેટલાંક બાળકોએ વળી અંકુરો ઉપર ખાવાનું જ ગોઠવી દીધું. કેટલાંક બાળકોએ નીચે ફળો જ બિછાવી દીધાં, તો ઘણુંએ ભથાયણુંમાં જ ખાવાનું શરૂ કરી દીધું. કેટલાંક વળી વૃક્ષોની છાલ ઉપર, તો વળી કેટલાંક બાળકો પથ્થર ઉપર જ પોતાના ભોજનની સામગ્રી સજાવી ખાવા લાગ્યાં ભગવાન કૃષ્ણ અને ગોવાળિયા–બાળકો સૌ પોતપોતાની રુચિ, ભોજન અને સ્વાદનું વર્ણન કરવા લાગ્યાં. સૌ પોતપોતાના ભોજનનો મહિમા વર્ણવતાં એમાં જ લયલીન થયાં, તેવામાં દૂર–સુદૂર લીલું ઘાસ ચરતાં વાછડાં જોવામાં ન આવતાં બધાં ગોવાળિયા–બાળકો વ્યાકુળ બની ગયાં. પણ ભગવાન કૃષ્ણે તે સૌને 'ખાવામાં મસ્ત રહો, તમે !' એમ કહીને દહીં, ઘી મિશ્રિત ભાત ખાતાં ખાતાં પોતે જ વાછડાં-ઓને શોધવા નીકળી પડ્યા. પરંતુ બ્રહ્માજીને માયા કરવાનું મન થઈ ગયું. વાછડાંઓને જ નહીં પણ ભગવાન કૃષ્ણ જ્યારે વાછડાંઓને ગોતવા નીકળ્યા, ત્યારે પેલાં ગોવાળિયા – બાળકોને પણ છુપાવી દીધાં. પણ ભગવાનરૂપે તેમને પોતાથી શું અજાણ્યું હોય ? એટલે બ્રહ્માજીની એક ક્ષણ કે અડધી ક્ષણ પણ અહીં તો એક વર્ષ જેવી બની પણ ત્યાં લગી ભગવાન કૃષ્ણે વાછડાં, ગ્વાલબાળકો અને સૌને પોતાના જ વ્યાપક શરીરથી હંમેશ જેવાં સર્જી તે સમય પાર કરાવી નાખ્યો. આથી બ્રહ્માજી પસ્તાયા અને બાલરૂપ શ્રીકૃષ્ણની સ્તુતિપૂર્વક ક્ષમા માગીને સત્યલોકમાં જતા રહ્યા. ગ્વાલ–બાળકોએ યશોદાજી સહિત આખાયે વ્રજમાં (અઘાસુર) અજગરનો બાલસ્વરૂપ શ્રીકૃષ્ણે મોક્ષ કરેલો, તે બધું સવિસ્તર જણાવેલું અને એ મહાન અજગરથી પોતાની સૌની કેવી રીતે અને કેવા સંયોગોમાં રક્ષા થઈ તે વિગતવાર જણાવ્યું ત્યારથી તો બસ 'જય કનૈયાલાલ કી' એ ધૂન સૌને હૈયે આખાયે વ્રજમાં બરાબર જામી ગઈ !"

# ધેનુકાસુરનો નાશ

અનુષ્ટુપ

વર્તમાન તથા ભૂત ભવિષ્ય એક રૂપ જે;
તે સર્વજ્ઞ જુએ જાણે, એવું કાળ–સ્વરૂપ છે. ૧
વ્યક્તિ–સમાજમાં ધર્મ, એકશો દીપી ઊઠતો;
સમષ્ટિ – વિભૂતિયોગ, ત્યાંયે જરૂર જાણવો. ૨

વ્રજવાસીતણો સ્નેહ, નિજ સંતાનથી વધુ;
શ્રીકૃષ્ણ પ્રભુમાં તેથી વ્રજ સુભાગી છે ઘણું. ૩

રાજા પરીક્ષિત બોલ્યા : 'મને એક મુખ્ય શંકા એ થાય છે કે શ્રીકૃષ્ણજી વ્રજવાસીઓનું સંતાન ન હોવા છતાં તેમના પર તેઓને આટલું બધું હેત થયું તેનું મૂળ કારણ શું ? પોતાનાં સગાં સંતાન કરતાંય તે વ્રજવાસીઓ આ કૃષ્ણને વધુ કેમ ચાહતાં હતાં?'

શુકદેવજી બોલ્યા : "પરીક્ષિતજી ! ઊંડું વિચારતાં તરત જ જણાશે કે માણસને જેટલાં પ્રેમ અને મમતા પોતાના શરીર પ્રત્યે છે, તેટલાં તો પોતાનાં કહેવાતાં કુટુંબીજનો કે પોતાની સ્ત્રી ઉપર પણ નથી જ. અને ઊંડાણથી વિચારતાં તો પોતાના ખુદ શરીર પર પણ જે પ્રેમ અને મમતા છે, તે તો શરીર જેને લીધે વ્યવસ્થિત સક્રિયતા દાખવે છે, તે આત્માને લીધે જ હોવાથી આત્મા જેવાં પ્રેમ અને મમતા કોઈ પર હોઈ શકતાં નથી. એમ માયાને લીધે દેહધારણ કરતો એ શુદ્ધ આત્મારૂપી શ્રીકૃષ્ણ વ્રજવાસીઓને ખૂબ જ વહાલો કુદરતી રીતે લાગે, તે સ્વાભાવિક જ છે ! કારણ કે જગતમાં જે કાંઈ ચરાચર છે, તે બધામાં મુખ્ય તો ભગવાન પોતે જ છે. પછી એમને વ્રજવાસીમાત્ર ચાહે – સૌથી વધુ ચાહે – એમાં શી નવાઈ છે ? ખેર તેથી જ વ્રજમાં બ્રહ્માજીની એ એક ક્ષણ પણ

વર્ષ સમી ભગવાન શ્રીકૃષ્ણે જ બધામાં વાસ કરી આખાયે વ્રજને પોતામય બનાવી સહેજે વિતાવી નાખી. મતલબ, વ્રજબાળકો રૂપે પણ પોતે બનીને એ વર્ષમાં જે આત્માનાય આત્મારૂપ પરમાત્માનું વ્યાપક સ્વરૂપ બતાવ્યું અને વ્રજવાસીજનોને તે અનુભવાવ્યું તેને લીધે આખા વ્રજમાં સૌની એમની સાથે ઓતપ્રોતતા થઈ ચૂકી. હવે પરીક્ષિતજી, બલરામે અને શ્રીકૃષ્ણે બન્નેએ પૌગણ્ડ અવસ્થામાં એટલે કે છઠ્ઠા વર્ષમાં પ્રવેશ કર્યો. તેથી એમને વાછડી–વાછડા રૂપ નાનાં ગાય-બળદોને બદલે મોટેરાં ગાય–બળદોને પણ ચરાવવાની સંમતિ મળી ગઈ. તેઓ પોતાના મિત્રો ગ્વાલ–બાલો સાથે ગાયો ચરાવવા વૃંદાવનમાં જતા હતા. આથી વૃંદાવનની ભૂમિ એમનાં ચરણચિહ્નોથી વધુ ને વધુ પવિત્ર બન્યે જતી હતી. એક દિવસ ભાઈ બલરામ સાથે પોતે વાંસળી વગાડતા વગાડતા ઘણી સુંદર લીલા કરવાની ઇચ્છાએ પરમ મનોહર એવા વનમાં પ્રવેશ કર્યો. એ વનનું એક એક ઝાડ અને એક એક લતા પુષ્પભરપૂર હતાં. ગાયોને માટે ચારેકોર લીલું લીલું ઘાસ પથરાયેલું હતું. ભગવાનની આગળ આગળ ગાયો ચાલી રહી હતી અને એ ગાયોની પાછળ એમની કીર્તિનું મધુર ગાન કરતા ગોવાળિયા – બાળકો ચાલતા હતા. એ વનમાં ક્યાંક ભમરાઓ મોટો અને મીઠો ગુંજારવ કરી રહ્યા હતા, ક્યાંક ઝુંડનાં ઝુંડ હરણાઓ દોડતાં હતાં અને ક્યાંક સુંદર સુંદર પક્ષીઓ ગાઈ રહ્યાં હતાં. ત્યાં ઘણું જ સુંદર સરોવર હતું. એ સરોવરનું પાણી સાચા સંતના અંતઃકરણની જેમ સ્વચ્છ અને નિર્મળ હતું. એ સરોવરમાં ખીલેલાં કમળોની સુવાસથી સુવાસિત બની શીતલ, મંદ અને સુગંધિત વાયુ એ વનની સેવા કરી રહ્યો હતો. એ વન એટલું તો મનમોહક હતું કે મનરહિત એવા ભગવાને પણ વનવિહાર કર્યો. તે વખતે ફળોથી લચી પડતાં ઝાડ વગેરે જોઈ સ્મિત કરતાં કરતાં શ્રીકૃષ્ણે પોતાના મોટાભાઈ બલરામજીને કહ્યું : 'મોટાભાઈ ! જુઓ, દેવો તો તમને નમે પણ વૃક્ષો પણ કેવાં તમને

નમી પડે છે! કેમ ન નમે; કારણ કે પોતાનાં પાપ નષ્ટ કરવા માટે તો અહીં વૃંદાવનમાં વૃક્ષો રૂપે તેઓ જન્મ્યાં છે! જુઓ, આ મોર આપનાં દર્શન કરી આનંદિત થઈ નાચે છે મૃગનયની એવી ગોપીઓની માફક આ હરિણીઓ પણ આપ તરફ તિરછી નજરથી જોઈ આપને ખુશ કરી રહેલ છે. જુઓ, આ કોયલ પણ ટહુકાર કરી તમારું સ્વાગત કરે છે. આ ભૂમિ પણ હસીને જાણે આપનું સ્વાગત કરી આનંદ પ્રગટ કરી રહેલ છે. આમ સુણતાંસુણતાં ક્યારેક બલરામ ગોવાળિયા–બાળકોના ખોળામાં માથું મૂકી સૂઈ જતા, તો ભગવાન કૃષ્ણ એમનાં પાવન ચરણો દબાવી સેવા કરતા હતા. આમ પુષ્કળ આનંદભરી લીલાઓ ચાલતી. એ બલરામ અને કૃષ્ણના એક પરમ મિત્રનું નામ શ્રીદામા હતું. એક દિવસ એમણે તથા સુબલ વગેરે ગોવાળિયા બાળકોએ બલરામ અને કૃષ્ણને કહ્યું: પાસે એક મોટું તાડવન છે. પણ ત્યાં એક ધેનુ નામનો મોટો દૈત્ય રહે છે. ત્યાં તાડ પરનાં પાકેલાં ફળને જો કોઈ લેવા જાય, તો તેનો લેવા જ દેતો નથી. તે દૈત્ય ગધેડાના રૂપમાં રહે છે. તે પોતે તો ઘણો બળુકો છે અને બીજા બાળુકા દૈત્ય એની જેમ ગધેડા રૂપે ત્યાં રહે છે. એ બધા દૈત્યોએ ઘણાં માણસોનો કચ્ચરઘાણ વાળ્યો છે! આથી મનુષ્યો તો ડરે પણ પક્ષીઓ પણ ડરે છે. તો આપ બન્ને ભાઈઓ એ ત્રાસને મટાડો. તરત એ બંને ભાઈઓ ત્યાં ગયા અને ધેનુકાસુર વગેરે દૈત્યો મારી આખુયે એ વન સાફ કરી નાખ્યું. દેવોએ ફૂલ વરસાવ્યાં અને લોકો અને પશુપંખી બેફિકર બની ફળ, ઘાસ વગેરે નિરાંતે ખાવા લાગી ગયાં અને આનંદ આનંદમય વાતાવરણ થઈ ગયું.''

# ગોપબાળ સજીવન કર્યાં

પીડા મટાડી, સુખ શાન્તિ અર્પે,
બહાર ને ભીતર બેય રૂપે
આત્મા અજન્મા જગદર્થ જન્મે,
તહીં કહો શ્યે સદ્ભાગ્ય ખૂટે. ૧

સ્વયં આત્મા ચમત્કારી, ચારિત્ર્ય–રત્ન–ખાણ જે;
કયો અન્ય ચમત્કાર તેને માટે વિશેષ છે? ૨

બ્રહ્મચારી શુકદેવજી પોતાની વાક્‌ધારાને આગળ ચલાવતાં બોલ્યા : "જ્યારથી એ ધેનુકાસુર મર્યો ત્યારથી આમજનતા નીડર બનીને તે વનનાં તાલવૃક્ષનાં મીઠાં ફળો ખાવા લાગી ગઈ અને પશુઓ પણ નિર્ભયપણે એ તાલવૃક્ષ વનમાં ઘાસ ચરવા લાગી ગયાં. હવે કમલનયન ભગવાન પોતાના વડીલબંધુ બલરામ સાથે વ્રજમાં પધાર્યા ત્યારે પ્રશંસા કરતાં પેલાં ગોવાળિયા–બાળકો પણ તેમની પાછળ પાછળ ચાલ્યાં આવતાં હતાં. ગોપીઓ પણ બહાર નીકળી ખુશખુશ થતી પોતાની વિરહવ્યથા એમને નીરખી નીરખીને ભૂલવા લાગી. ભગવાન કૃષ્ણ પણ એમનાં લજ્જાભર્યાં હાસ્ય અને મીટ માંડીને જોતી એમની આંખો જોઈ સ્મિતભર્યા મુખે ઘેર ગયા. શ્રી કૃષ્ણજી પોતાની મીઠી મીઠી તાન મોરલીમાં છેડતા ત્યારે એકીસાથે એ સૌ ગોપીઓ મુગ્ધ બની ઘર બહાર નીકળી પડતી. યશોદા–રોહિણી માતાઓએ દિવસભરનો થાક ઉતારવા તેલ વગેરે લગાડી એ બન્ને બાળકોને સ્નાન કરાવ્યું અને સુંદર વસ્ત્રો પહેરાવી દિવ્ય ફૂલોની માળા સજાવીને ચંદન લગાડયું. પછી એ બન્ને માતાઓએ હાથથી પીરસી બહુ સ્વાદિષ્ટ ભોજન કરાવ્યું. એ પછી લાડપ્યારથી મધુર

શબ્દો બોલી સુવડાવી દીધા. શ્યામ અને રામ બન્ને આરામથી પોઢી ગયા. ભગવાન શ્રીકૃષ્ણ આ રીતે પોતાની અનેક લીલાઓ વૃંદાવનમાં કરતા હતા.

એક દિવસ ગ્વાલબાળકો સાથે ભગવાન કૃષ્ણ યમુનાતટ પર આવેલા તે વખતે સાથે મોટાભાઈ બલરામ નહોતા. તે વખતે જેઠ–અષાઢના ધામથી ગાયો અને બાળકો અત્યંત પીડિત થઈ રહેલાં, પાણી વિના એમનું ગળું સુકાઈ રહેલું. એથી એમણે જમનાજીનું ઝેરીલું પાણી પી લીધું. પરીક્ષિત ! બસ, જોતજોતામાં તેઓ બધાં નિષ્પ્રાણ શાં બની ગયાં, પરંતુ ભગવાન કૃષ્ણે તરત પોતાની અમૃત વરસાવતી દષ્ટિ વડે એમને સજીવન બનાવી મૂકયાં ! ખરેખર, ત્યારે આ બધાનું રખેવાળું કરનાર એકમાત્ર આ કિશોર–કૃષ્ણ સિવાય ત્યાં હતું પણ (એમના સિવાય) બીજું કોણ ? પરીક્ષિતજી ! ચેતના આવ્યા પછી એ બધાં ગોવાળિયા–બાળકો યમુનાતટ પર ઊઠીને બેઠાં થયાં અને આશ્ચર્યચકિત થઈ એકમેક પરત્વે જોવા લાગ્યાં. એમને એ ખબર તો પડી જ ચૂકી કે તેઓ બધાં ઝેરીલું પાણી પીને મરી ચૂકેલાં. પરંતુ આ એમના બાલસખા શ્રી કૃષ્ણે અમૃતભરી દષ્ટિ ફેંકી એ બધાને જીવતાં બનાવી મૂકયાં છે. તરત ઉત્સુક ભાવે બ્રહ્મચારી શ્રી શુકદેવજીને પરીક્ષિત રાજાએ પૂછ્યું :

'ભગવન્ ! આપ તો એ બધું સારી પેઠે જાણતા જ હશો, તો કહો ને, ભગવાન શ્રીકૃષ્ણે જમનાજીના અગાધ જલમાં વસતા એ મહા વિષધર કાલિયનાગના ત્રાસથી આખરે બધાંય (નાનાંમોટાં) વ્રજવાસીઓને શી રીતે બચાવી લીધાં ? બીજું મારે આપ જ્ઞાની પાસેથી એ પણ જાણવું જ છે કે અનેક યુગો સુધી એ કાલિયનાગ જલચર પ્રાણી ન હોવા છતાં જમનાના પાણીમાં એ (જીવ) રહી શી રીતે શકયો ?' આ બધી વાતો ગૂઢ અને છતાં આનંદદાયિની અને શ્રીકૃષ્ણલીલારૂપ સુંદર અને મધુર પણ છે જ. વળી તે જો કે અમૃતથી પણ અધિક સ્વાદિષ્ટ છે, તો ભલે ને વારંવાર આપ કહો, એનાથી

ભલા, કોણ તૃપ્ત થાય ? એટલે જ એ બધું વિગતવાર આપની પાસે સાંભળવાનું મન થાય તે સ્વાભાવિક જ છે.'

## કાલિયનાગ નાથ્યો

મા યમુના પ્રભુપત્ની થયાં જે વ્રજવાસીથી;
તે વ્રજ, ગાય–ગોપી સૌ, બન્યાં છે તીર્થભારતી. ૧

ખરી રીતે પ્રભુ પોતે, સદેહી થઈ ને વ્રજે;
પધાર્યા ત્યારથી ગાય જાગતિક બની ખરે. ૨

બ્રહ્મવિહારી શ્રી શુકદેવજી બોલ્યા : "પરીક્ષિત ! યમુનાજીમાં કાલિયનાગનો એક કુંડ હતો. એ કુંડનું પાણી એના ઝેરના ગરમાથી એવું રહેતું કે એ પાણીના ઉપરથી ઊડતાં પંખીઓ પણ ગરમીની અસરથી ગભરાઈને એમાં પડી જતાં હતાં. તે કુંડના ઝેરીલા પાણીનો સ્પર્શ કરીને તથા એ પાણીનાં નાનાં નાનાં ટીપાં લઈને, જો વાયુ બહાર આવીને એટલા કાંઠા પરનાં ઘાસ પાન, ઝાડ, પશુપક્ષી આદિનો સ્પર્શ કરી લેતો તો તે જ સમયે તે બધાં મરી જતાં હતાં. પરીક્ષિત ! ભગવાનનો અવતાર તો દુષ્ટોનું દમન કરવા થાય છે. એટલે જ્યારે ભગવાન કૃષ્ણે જોયું કે કાલિયનાગનું ઝેર ઘણું પ્રબળ અને ભયંકર છે તથા એ કારણે મારું વિહારસ્થળ એવાં જમનાજી પણ દૂષિત થઈ ગયાં છે, ત્યારે તે ભગવાન કૃષ્ણે પોતાની કમર ખૂબ કસીને બાંધી ને એક બહુ ઊંચા એવા કદંબવૃક્ષ ઉપર ચઢી ગયા અને ત્યાંથી ઝેરીલા પાણીમાં કૂદી પડ્યા. યમુનાજીનું પાણી સાપના ઝેરને કારણે પહેલેથી જ ઝેરી બની ગયું હતું. એના તરંગો લાલ –પીળા અને અત્યંત ભયંકર ઊઠી રહ્યા હતા. પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણના કૂદી પડવાથી તેનું પાણી ખૂબ ઊછળવા લાગ્યું અને એ

સમયે તો કાલિયકુંડનું પાણી અહીંતહીં ઊછળીને ચારસો હાથ લગી ફેલાઈ ગયું! અચિંત્ય અને અત્યંત બલશાળી ભગવાન શ્રીકૃષ્ણ માટે આમાં કાંઈ નવાઈની વાત નહોતી.

પ્રિય પરીક્ષિત! ભગવાન શ્રીકૃષ્ણ કાલિયકુંડમાં કૂદી પડી અતુલ બલવાળા હાથની જેમ પાણી ઉછાળવા લાગી ગયા. આ પ્રકારે જલ-ક્રીડા કરવાથી એમના હાથની થપાટોથી પાણીમાં બહુ મોટા જોરથી શબ્દ થવા લાગ્યા. આંખથી જ સાંભળવાવાળા કાલિયનાગે આ અવાજ સાંભળ્યો અને જોયું કે, કોઈ મારા નિવાસસ્થાનનો તિર-સ્કાર કરી રહ્યું છે. એટલે એનાથી એ સહન શી રીતે થાય? તરત એ ચિડાઈને ભગવાન શ્રીકૃષ્ણની સામે આવી ગયો. જોયું કે સામે તો એક સાંવરિયું સલૂણું બાળક છે! એનાં અંગે અંગ અતિશય સુંદર અને મોં પર મધુરું સ્મિત છે! એ છોકરો જરાપણ ડરતો નથી અને આ ઝેરીલા પાણીમાં મોજથી રમી રહ્યો છે! ત્યારે એનો ક્રોધ ઘણો વધી ગયો. એણે શ્રીકૃષ્ણ ભગવાનના શરીરમાંનાં મર્મસ્થાનો પર પોતાના જોરદાર ડંખ મારવા માંડ્યા અને પોતાના બળવાન શરીરથી ભગવાન કૃષ્ણના શરીરને ભરડો લઈ લીધો. આને લીધે શરૂઆતમાં તો નાગપાશમાં બંધાયેલા તે શ્રીકૃષ્ણજી નિષ્ચેષ્ટ રહ્યા. આ દશ્ય જોઈને એમનાં પ્યારાં મિત્ર ગોવાળિયા—બાળકો બહુ કષ્ટ પામ્યાં અને એ જ સમયે દુઃખ, પસ્તાવા અને ભયથી મૂર્છા પામી ભોંય પર પડી ગયાં!

પરીક્ષિત! આમ થવું અસ્વાભાવિક નહોતું. કારણ કે તેમણે પોતાનું બધું જ ભગવાન શ્રીકૃષ્ણને સમર્પિત કર્યું હતું. ગાય, બળદ અને વાછરડી—વાછરડાંઓ દુઃખપૂર્વક ભાંભરવા લાગી ગયાં! શ્રીકૃષ્ણ તરફ જ એ સૌની મીટ હતી. તેઓ પશુ હોવા છતાં ડરીને એવી રીતે ઊભાં રહી ગયાં કે જાણે ખૂબ રડી રહ્યાં હોય! એમનું શરીર પણ જાણે હાલતું–ચાલતું નહોતું. અહીં વ્રજમાં પણ અપશુકનો થવા

લાગ્યા! કારણ કે આજે બલરામને લીધા વિના એકલા શ્રીકૃષ્ણ ગોવાળબાલકો સાથે ગયેલા તેથી જાણે રખે ભગવાન કૃષ્ણનો દેહાંત થયો હોય તેમ માની યશોદાજી સહિત ગોપીઓ વગેરે સૌ યમુનાને કાંઠે પહોંચ્યાં અને ત્યાં આ મહા ભયંકર દૃશ્ય જોયું કે તત્કાળ તેઓ પણ કુંડમાં કદી પડવા આતુર થયાં, પણ તે પહેલાં તો મૂર્છિત થઈ ગયાં. પરીક્ષિતજી! બસ, આટલી વાર જ્યાં પોતે મનુષ્યનો સ્વાભાવિક ભાવ બતાવ્યો તેમાં તો ભગવાન કૃષ્ણે આખાય વ્રજની આ દશા જોઈ એટલે તરત એ મહા ભયંકર અને અતિ ઝેરીલા કાલિયનાગના શરીરને આંચકો મારી તરત કૂદીને એની ફેણ પર ચઢીને નાચવા લાગી ગયા. આખરે નાગપત્નીઓની પ્રભુ-પ્રાર્થનાથી ભગવાન શ્રીકૃષ્ણે કાલિયા-નાગને મુક્ત કર્યો અને તે પણ ભગવાનને શરણે થયો એટલે ભગવાને દયા લાવી એને કહ્યું:

'અહીંના યમુનાજલનો ઉપયોગ કરી આ પ્રસંગને સંભારશે, તેમને સર્પનો કોઈ દિવસ ભય જ નહીં રહે. અને મેં આ કાલિય-કુંડમાં ક્રીડા કરી છે, માટે જે આ કુંડમાં સ્નાન કરી આ જ જળથી દેવો-પિતરોનું તર્પણ કરી મારું સ્મરણ કરીને મારી પૂજા કરશે તે જરૂર બધાં પાપોથી મુક્ત બની જશે. કાલિય! તું ગરુડથી ડરી રમણકકુંડમાંથી અહીં આવેલો પણ હવે તને ગરુડ કદી ઈજા નહીં કરે. જા, ખુશીથી ત્યાં પાછો ચાલ્યો જા.'

આ સાંભળી પરીક્ષિતજી! કાલિયનાગ અને નાગપત્નીઓએ આનંદ સભર થઈ ખૂબ ભાવથી ભગવાનકૃષ્ણની પૂજા કરી અને એ બધાં પોતાના મૂળ સ્થાન પર જવા ત્યાંથી ચાલી નીકળ્યાં. ત્યારથી આ યમુનાજી પણ ભગવાનનાં પરમભક્તરૂપ બની ગયાં અને સંપૂર્ણ રીતે સાવ મીઠાં પણ બની રહ્યાં..."

# કૃષ્ણનું અગ્નિપાન

અનુષ્ટુપ

બૂઝવે પ્રેમથી સે'જે, ક્રોધાગ્નિ અતિક્રોધીનો;
ગણાયે સંત તેથી જ, પ્રભુથીયે મહત્તમો. ૧

અગ્નિપાન કર્યું પોતે, ભક્ત–સંત ઉગારવા;
એમાં ન કાંઈ આશ્ચર્ય, પ્રભુતા પ્રભુની તહીં. ૨

હવે પરીક્ષિત રાજા શુકદેવજીને પ્રશ્ન કરે છે: 'ભગવન્! કાલિય નાગે રમણકુંડનું પોતાનું સ્થાન શા માટે છોડયું અને એણે એકલાએ જ એવો કયો અપરાધ કરેલો કે જેને લીધે ગરુડજી એના એકલા પર જ નારાજ થયા ?'

શુકદેવજી બોલ્યા: "પરીક્ષિતજી! બધા સર્પોએ માંહોમાંહે સંપ કરીને ગરુડજીને બલિ આપવાનો રિવાજ પાડેલો. પણ તેમાં કદ્રુપુત્ર કાલિયનાગ પોતાના જ મિથ્યાભિમાનથી સામે થયો. ગરુડ સામે એ અભિમાનીનું જોર કેટલું ચાલી શકે? આમ, આખરે તો તે થાકી–હારીને ત્યાંથી નાસીને આ યમુનાકુંડમાં આવી પોતાની નાગપત્નીઓ સાથે વસેલો.' યમુનાજીનો આ કુંડ ગરુડજી માટે ખરેખર અગમ્ય હતો. તે અહીં આવી શકે તેમ નહોતા. વળી એ કુંડ એટલો તો ઊંડો હતો કે ત્યાં બીજાં પણ કોઈ જઈ શકતાં ન હતાં! એક વખત ગરુડજી અહીં આવી પહોંચ્યા અને કુંડના કિનારા પર એક મોટા મગરમચ્છને મારી નાખ્યો. આથી બધી જ માછલીઓ આકુળ–વ્યાકુળ થઈ ગઈ! સૌભરિ મહર્ષિ યમુનાકાંઠે તપ કરતા હતા. તેઓને આ ખબર પડી અને એમને બહુ દયા આવી. અને ત્યારથી ગરુડજીને માટે એમના મુખથી એ જાતનો શ્રાપ સરી પડયો કે, હવે જો તમે અહીંનાં માછલાંઓને ઉપદ્રવ કરશો તો ત્યાંને ત્યાં

મરી જશો. બસ, આ રીતે નિર્ભયપણે કાલિયનાગ અહીં પોતાનું સુરક્ષિત સ્થળ માની રમણકકુંડ છોડીને અહીં વસેલો, ત્યારથી એ કાલિયકુંડ ગણાતો હતો. હવે, ખુદ ભગવાન શ્રીકૃષ્ણે એને નિર્ભય બનાવી રમણક દ્વીપમાં જ પાછો મોકલી આપ્યો.

પરીક્ષિત! અહીં ભગવાન શ્રીકૃષ્ણ દિવ્યમાલા, ગંધ, વસ્ત્ર, મહામૂલ્ય મણિ અને સુવર્ણમય આભૂષણોથી વિભૂષિત થઈને એ કાલિયકુંડમાંથી બહાર નીકળ્યા. એમને જોઈને બધાં જ વ્રજવાસીઓ એ પ્રકારે ઊઠી ઊભાં થયાં કે જેમ પ્રાણોને મેળવી ઇંદ્રિયો સચેત થઈ જાય. બધા જ ગોવાળિયાઓનાં હૈયાં આનંદથી ભરાઈ ગયાં. તેઓ ઘણા પ્રેમ અને પ્રસન્નતાથી પોતાના કનૈયાને હૃદય સાથે લગાડવા લાગી ગયા. પરીક્ષિત! યશોદાજી, રોહિણીજી, નંદબાબા, ગોપીઓ અને ગોવાળિયાઓ બધાં ભગવાન શ્રીકૃષ્ણના આવવાથી સચેત થઈ ગયાં. એમના મનોરથ સફળ થઈ ગયા. હા, બલરામજી તો ભગવાનનો પ્રભાવ જાણતા જ હતા. તેઓ તો ભગવાન શ્રીકૃષ્ણને હૈયે લગાડીને હસવા લાગી ગયા. મતલબ, શ્રીકૃષ્ણના બહાર આવવાથી આખીયે જડચેતન સૃષ્ટિ પૂરબહારમાં ખીલી ઊઠી. પર્વત, વૃક્ષ, ગાય, બળદ, વાછરડાં બધાં જ આનંદમગ્ન થઈ ગયાં. ગોવાળિયાઓના કુલગુરુ બ્રાહ્મણોએ પોતાની ધર્મપત્નીઓ સાથે નંદબાબા પાસે આવીને કહ્યું : 'નંદજી! તમારા પુત્રને કાલિયનાગે પકડી લીધેલો. તે છૂટીને આવી ગયો એ કેટલા સૌભાગ્યની વાત છે!' આ સુણી નંદજીના હર્ષનો પાર જ ન રહ્યો. એમણે બ્રાહ્મણોને ખૂબ ખૂબ દાન કર્યું. યશોદાજીએ તો પોતાના આ લાલને હૈયા સરસો ચાંપી દીધો. એમની આંખોમાંથી આંસુધારાઓ વારવાર ટપકી પડતી હતી.

પરીક્ષિતજી! આ બાજુ વ્રજવાસી અને ગાયો વગેરે સૌ થાકી ગયેલાં. ઉપરથી ભૂખ પણ લાગી હતી. તે રાતે તેઓ વ્રજમાં ન જતાં યમુનાતટ પર જ સૂઈ ગયાં. આ ગરમીના દિવસો હતા. વન સુકાઈ ગયેલું. બરાબર અડધી રાતે ત્યાં આગ લાગી અને એ આગે

પેલાં સૂઈ રહેલાં વ્રજવાસીઓને ચોમેરથી ઘેરી લીધાં. તેથી બધાં બળવા લાગ્યાં. આગનો સ્પર્શ થતાં જ તેઓ બધાં ઊઠી ઊભાં થઈ ગયાં. અને શ્રી કૃષ્ણ-શરણમાં જઈ બોલવા લાગ્યાં: 'પ્યારે શ્રીકૃષ્ણ! ! શ્યામસુંદર ! અને મહાભાગ્યવાન બલરામ ! તમારા બન્નેનું બલ-વિક્રમ અનંત છે. જુઓ, જુઓ, આ આગ અમ સરીખાં તમારાં આત્મીજનોને બાળી રહી છે. તમારામાં બધું જ સામર્થ્ય છે. અમે તમારાં સુહ્રદ છીએ માટે આ પ્રલયકારી અપાર આગથી અમને ઉગારી લો. પ્રભો ! અમે મોતથી જરાય ડરતાં નથી. પરંતુ આ માનવ રૂપે અમારી સાથે આવી પડેલા આપ સમર્થનાં ચરણ-કમળો અમારાથી છૂટતાં નથી. માટે ગોવિંદ ! તમે અમને આપનાં નિર્ભય ચરણોમાં જ રાખો !' જ્યારે ભગવાન શ્રીકૃષ્ણે જોયું કે મારાં આ સ્વજનો આમ વ્યાકુલ થયાં છે. કે તરત ભયંકર આગને તેઓ પી જ ગયા. મતલબ, એમણે અગ્નિપાન કર્યું. પરીક્ષિતજી ! ભગવાન તો અનંત છે. એમને માટે આ જરાય મોટી વાત નથી. આત્માની અનંત શક્તિ અને એના સામર્થ્ય આગળ આ ચમત્કારની કશી જ કીમત નથી."

## બલરામે પ્રલંબાસુર હણ્યો

વસંતતિલકા

દૈત્ય પ્રલંબ છળવા પ્રભુને ગયો તો,
પીઠે ચઢાવી બલરામ વહી રહ્યો તો,
ત્યાં તો પડચો બલભર્યો બલરામ ગુમ્મો,
માથા પરે ઝટ મર્યો ભૂમિ ભાર છૂટચો. ૧

અનુષ્ટુપ

છળે તે જ છળાઈને, અંતે રિબાઈને મરે;
માટે સરળ ને શુદ્ધ, બની સૌ ધર્મ આચરે. ૨

બ્રહ્મચારી શુકદેવજી બોલ્યા: "રાજન્ પરીક્ષિતજી! ભગવાન શ્રીકૃષ્ણ કુશળક્ષેમ કાલિયકુંડમાંથી અગમ્ય રીતે બચી આવી ગયા અને દાવાગ્નિથી પણ એમણે બધા લોકોને બચાવી લીધા. આ કારણે સૌ વ્રજવાસીને ઘણી ઘણી પ્રસન્નતા થઈ. અને આમ બનવું સ્વાભાવિક જ હતું. બીજી સવારે ભગવાન શ્રીકૃષ્ણે વ્રજપ્રવેશ કર્યો, ત્યારે સુંદર સુંદર ગાયો શોભતી હતી અને એ ગાયો સાથે નાનાંનાનાં ગોવાળિયા–બાળકો કૃષ્ણની કીર્તિનું ગાન કરી રહ્યાં હતાં. આ રીતે પોતાની યોગમાયાથી ગોવાળિયા–બાળકોનો વેષ ભજવી રામ અને શ્યામ બન્ને બંધુઓ વ્રજમાં રમત રમી રહ્યા હતા. જોકે તે દિવસોમાં ગ્રીષ્મઋતુ ચાલતી હતી. એ ગરમીની મોસમમાં લોકો કાંઈ બહુ પ્રસન્ન કે બહુ સુખી નથી રહેતા, પરંતુ આ વૃંદાવનમાં તો એ ઋતુની પણ છટા કાંઈક નિરાળી અથવા અનોખી જ હતી! કારણ કે અહીં ભગવાન કૃષ્ણ અને બલરામ સ્વયં વિરાજમાન હતા. ભમરાનો તીખો ધ્વનિ ઝરણાંના મીઠા એવા ઝરઝર નાદમાં છુપાઈ જતો હતો. ઝરણાંઓની ફુવારીઓ ઊડયાં કરતી હતી, જેથી ત્યાંનાં વૃક્ષોનું હરિયાળું વાતાવરણ મીઠું, રમ્ય અને રળિયામણું લાગ્યા કરતું. સરોવર અને ઝરણાંની લહેરીઓને સ્પર્શ કરતો વાયુ વિવિધ કમલોના પરાગ સાથે ઊડતો–સ્પર્શતો આનંદદાયક લાગતો હતો. આ શીતલ, મંદ અને સુગંધીદાર વાયુને કારણે વનવાસીઓને ગરમીનો ખેદ સહન કરવો જ નહોતો પડતો, દાવાગ્નિનો તાપ અને સૂર્યનો ઘામ લાગતો જ નહોતો. નદીઓમાં અગાધ જલ ભર્યું જ રહેતું હતું. મોટા મોટા તરંગો નદી–કાંઠાને જાણે વારંવાર ચૂમ્યા જ કરતા

જણાતા હતા ! આ બધા હરિયાળા વાયુમંડળને કારણે ત્યાંની પૃથ્વીને તથા હર્યાભર્યા ઘાસને સૂર્યનાં ઉગ્ર અને તીખાં કિરણો પણ સૂકવી શકતાં નહીં ! ચારે બાજુ લીલવણી છાઈ રહેલી જણાતી હતી. વનવૃક્ષોને પાંદડે પાંદડે ફૂલો લહેરાઈ રહેતાં હતાં ! મતલબ જ્યાં દેખો ત્યાં સુંદરતા સુંદરતા જ ખીલી પડેલી આંખે ચઢતી હતી ! ક્યાંક રંગબેરંગી પંખી ઊડતાં, તો ક્યાંક રંગબેરંગી હરણાંઓ ચોકડી ભરી રહેલાં જણાતાં હતાં. તો વળી ક્યાંક મયૂરોના ટહુકા થતા સંભળાતા, તો વળી ક્યાંક ભમરાઓના ગુંજારવ સંભળાતા. તો વળી ક્યાંક કોયલના ટહુકાર તો વળી ક્યાંક બાજુમાં જ સારસપંખી અલગ અલગ પોતાના આલાપ છેડી રહ્યાં હતાં.

આવું સુંદર વન નીરખીને શ્યામસુંદર શ્રીકૃષ્ણ અને ગૌરસુંદર બલરામજીએ એ વનમાં વિહરવાની ઇચ્છા કીધી. આગળ આગળ ગાયો, પાછળ પાછળ ગ્વાલબાલ (ગોવાળિયા–બાળકો) અને વચ્ચે પોતાના વડીલ ભાઈ બલરામની જોડે જોડે બંસીની મીઠી મધુરી તાન છેડતા શ્યામસુંદર શ્રીકૃષ્ણજી જઈ રહ્યા હતા. ગોવાળિયા બાળકોએ પણ મજાના લાલફેંટા, મોરપાંખના ગુચ્છા, સુંદર સુંદર ફૂલોના હાર અને ગેરુ વગેરે ધાતુઓથી પોતપોતાને જુદી જુદી રીતે સજાવી લીધેલાં હતાં. પછી કોઈ આનંદ તરબોળ બની નાચે છે તો કોઈ વળી જાંઘ પર તાલ ઠોકતાં કુસ્તી કરવા લાગે છે. કોઈ કોઈએ તો વળી રાગ આલાપવો પણ શરૂ કરી દીધો. જે સમયે ખુદ શ્રી કૃષ્ણ નાચવા લાગે, ત્યારે કેટલાંક ગોવાળ–બાળકો ગાવા લાગે છે, કોઈ બંસરી વગાડવા લાગે છે તો વળી કોઈ રણશીંગું ફૂંકવા લાગી જાય છે. કોઈ વળી હથેલીનો તાલ આપે છે, તો કોઈ મોંથી 'વાહ વાહ' બોલવા લાગી જાય છે. પરીક્ષિત ! આ મંગલ પ્રસંગે તો જેમ નટો નાયકની પ્રશંસા કરવા માંડે, તેમ દેવો ખુદ ગોવાળિયાનાં બાળકો બની આવી શ્રીકૃષ્ણ–બલરામની સ્તુતિ કરવા લાગી જાય છે. આમ વિવિધ પ્રકારની રમતો ચાલ્યાં જ

કરતી હતી. ક્યાંક રસ્સીઓના હીંચકા કરતાં, તો ક્યારેક બે બાળકોને ઊભાં રાખી, એમની બાંયોના બલ પર બાળકો લટકવા લાગી જતાં હતાં.

એક દિવસ બલરામ અને કૃષ્ણ બન્ને જણ પેલાં ગ્વાલ બાળકો સાથે રમતાં રમતાં ગાયો ચરાવતા હતા, તેવામાં ગોવાળિયા-વેશે એક પ્રલંબ નામનો અસુર આવી પહોંચ્યો. એની ઇચ્છા એવી ખરી કે પોતે વાસુદેવ, બલરામ બન્નેનું અપહરણ કરી જાય.

ભગવાન સર્વજ્ઞ હોવાથી, તે એ વેશધારીને જોઈને તરત ઓળખી ગયા. એમ છતાં એનો મિત્રતાનો મીઠો પ્રસ્તાવ ભગવાન શ્રીકૃષ્ણે તરત સ્વીકારી લીધો. મનોમન એ વિચારી રહ્યા જ હતા કે એનો વધ કઈ યુક્તિથી અને શી રીતે કરવો. એમણે ગોવાળ બાળકોને બોલાવી કહી દીધું : 'મારા વહાલા મિત્રો ! આજે આપણે સૌ ખુશીથી બે દલમાં વહેંચાઈ જઈએ અને પછી આનંદ સાથે રમીએ. આ બે પૈકી એક દલના મુખિયા બન્યા પોતે અને બીજા દલના બલરામ; જેમાં એક દલના લોકોને પીઠ પર બેસાડી એક ચોક્કસ સ્થાન પર બીજા દલે લઈ જવાના હતા. એમ રમતાં રમતાં આ બધાં બાળકો ભાંડીર નામના વડ પાસે પહોંચી ગયાં.

પરીક્ષિત ! એક વાર તો બલરામજીના દલવાળા શ્રીદામા, ઋષભ આદિ ગોવાળિયા બાળકોએ બાજી મારી લીધી. ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને પોતે જાતે પોતાની પીઠ પર શ્રીદામાને ચઢાવ્યો. ભદ્રસેને વૃષભને પોતાની પીઠ પર ચઢાવ્યો અને પ્રલંબાસુરે જોયું કે ભગવાન કૃષ્ણ ખૂબ બળુકા હોઈ, ત્યાં મારું કાંઈ નહીં ચાલે, પણ આ બલરામને હરી લઈ જાઉં. આમ વિચારી તે નિયત સ્થાન કરતાં આગળ ને આગળ જ ઝટઝટ એમને પીઠ પર ચઢાવી લઈ ચાલ્યો. પરંતુ બલરામે પોતાનું બળ સમયસર ખૂબ વધારી દીધું, જેથી પ્રલંબાસુરે હવે મૂળ દૈત્ય રૂપ ધરી લીધું. ગૌરસુંદર બલરામજીને લીધે તેનું કાળું શરીર પણ શોભી ઊઠ્યું, કાળું વાદળ જાણે કે વીજળી વેગે

ચંદ્રમાને ધારણ કરીને દોડતું હોય! એ ભયાનક દૈત્યને વેગથી જતો જોઈ પ્રથમ તો બલરામજી ગભરાઈ ગયા પણ બીજી જ ક્ષણે સ્વસ્વરૂપની યાદ આવી ગઈ અને ભય જતો રહ્યો. પોતાનું અપહરણ થઈ રહેલું જાણી તરત દૈત્યના માથા પર એવો તો જોરથી ઘુમ્મો માર્યો કે તેનું માથું ચૂરેચૂરા થઈ ગયું. તે લોહીની ઊલટી કરવા લાગ્યો અને ઇંદ્રના વજ્રે પર્વત પડી જાય, તેમ તે પ્રલંબાસુર પ્રાણહીન બની પૃથ્વી પર પડી ગયો. ગોવાળ-બાળકો બલરામનું બળ જોઈ 'વાહવાહ' કરવા લાગી ગયાં. સૌએ બલરામજીને ગળે વળગાડી દીધા અને જાણે સૌ મૃત્યુના મુખમાંથી પાછાં ફર્યાં હોય એવો અનુભવ કર્યો. બલરામજી ઉપર ફૂલોનો વરસાદ સૌએ ધન્ય બની વરસાવી નાખ્યો.!

## બીજી વાર અગ્નિપાન

અનુષ્ટુપ

પ્રાણી માત્ર તણું વાલી, માનવી જગ ભૂલતું;
તેને સદ્ધર્મ સમજાવી, પ્રભુ કૃત્ય પૂરું થતું. ૧

અવતાર ધરી જાતે, ચમત્કારો સ્વયં કરે;
અગ્નિપાન કર્યું તેમ દૈત્યતા પશુતા હરે. ૨

આ રીતે જ બન્યા કૃષ્ણ, ગોપી-ગોપજન-પ્રિય;
વ્રજ તજી ન વૈકુંઠ ચાહતું જેમનું હિય. ૩

બ્રહ્મનિષ્ઠ શુકદેવજી બોલ્યા: "પરીક્ષિત! જ્યારે ગોવાળિયા-બાળકો ખેલકૂદમાં લાગી ગયાં ત્યારે એમની ગાયો રોકટોક વગર ઘાસ ચરતી ચરતી ઘણે દૂર નીકળી ગઈ. લીલા-લીલા ઘાસની લાલચે

એક ગહન વનમાં તે બધી ઘૂસી ગયેલી. વ્રજવાસીઓ માટે આ ગાયો જ આજીવિકાનું સાધન હતી, એટલે શ્રીકૃષ્ણ અને બલરામ બંને જણ બકરીઓ, ગાયો અને ભેંસોને શોધવા લાગી ગયા. સૌને ગરમીને લીધે તરસ પણ જોરથી લાગી હતી. થાક પણ સાથે સાથે હતો. આવે વખતે બલરામે અને કૃષ્ણે ગાયોને મીઠી વાણીથી નામ લઈ લઈને પોકારવા માંડી. આથી ગાયો તો હરખાઈ ગઈ! પણ એવામાં જ એકાએક ચોમેર દાવાનળ લાગી ગયો, જે વનવાસીજનો માટે તો કાળરૂપ ગણાય! આમ એક બાજુ દાવાનળ તો બીજી બાજુ આંધી પણ પવનની બહુ જોરથી સાથેસાથે ચાલવા લાગી! આને લીધે અગ્નિ ચોમેર ફેલાયો અને એની જવાળાઓએ તો વધુ ને વધુ ભયંકર રૂપ ધરી લીધું. એને લીધે લતાઓ, ઝાડ, પશુઓ, પંખીઓ, મનુષ્યો પળવારમાં જાણે ભસ્તીભૂત થવા લાગ્યાં. ત્યારે સૌ એકી અવાજે 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' અને 'બલરામઃ શરણં મમ' એમ પોકારવા લાગ્યાં. બસ, આવે અણીને સમયે ભગવાન કૃષ્ણ બોલ્યા સિવાય ન રહી શક્યા અને કહ્યું : 'મિત્રો, સાથીઓ! જરાપણ ડરો નહીં. તમે બધાં પોતપોતાની આંખો બંધ કરી નાખો. ભગવાનની આજ્ઞા સાંભળી ગોવાળ–બાલુડાં બોલી ઊઠ્યાં : 'બહુ સારું.' એમ કહી જેવી આંખો મીંચી કે તરત યોગેશ્વર કૃષ્ણ તે ભયંકર આગને પોતાના પવિત્ર મોંથી પી ગયા અને આ રીતે એ ભયંકર સંકટમાંથી બધાંને તરત છોડાવ્યાં! જેવી એ ગોવાળ–બાળકોએ પોતાની આંખો ખોલી ત્યાં તો બધાં જાણે ભાંડીર વડ પાસે આવી પહોંચ્યાં જણાયાં. આમ, એ બધાંને પોતે અને પોતાની બધી ગાયો દાવાનળથી એકાએક ઊગરી ગયાં છે એમ જાણી ભારે આશ્ચર્ય થયું! આમ, એ બધાંએ ભગવાનની અગમ યોગસિદ્ધિ અને યોગમાયાના પ્રભાવે દાવાનળથી પોતાને બચેલાં જાણી શ્રીકૃષ્ણને તો સર્વશક્તિમાન દેવસ્વરૂપ છે, એમ માની લીધું. કારણ કે આ બધું તો એમણે હાજરાહજૂર જોયું હતું!

બસ, આમ સાંજ પડતાં ગોવાળિયા–બાળકોએ ગાયોને વ્રજ તરફ પાછી ફેરવી. શ્રીકૃષ્ણે પણ પોતાની વાંસળી વગાડતાં વગાડતાં ગાયોની પછવાડે પછવાડે વનયાત્રા કરી લીધી. એમની મોંફાટ સ્તુતિ કરતાં કરતાં સૌ બાળકો સાથે આવી રહ્યાં હતાં. અહીં વ્રજની ગોપીઓને તો ભગવાન કૃષ્ણ વિનાની એક ક્ષણ સો સો યુગ સમી લાગી રહી હતી. જેવા એ પ્રભુ આ બધાં સાથે વ્રજમાં પાછા ફર્યા કે તરત એ ભગવાનનાં દર્શન કરી પરમાનંદમાં મગ્ન બની ન્યાલ ન્યાલ થઈ ગઈ હતી!!!...

## વસ્ત્રાહરણ

મર્ત્યદેહ છતાં કૃષ્ણ–મર્ત્યેતર સુરેંદ્ર છે;
હવે સૌ વ્રજવાસીઓ, માની વર્તે નિ:શંક તે. ૧

ક્રમે ગોપાંગના સર્વે, ઉત્કૃષ્ટ ભાવથી પતિ
રૂપેય માની શ્રીકૃષ્ણે, વાસનાક્ષય પામતી. ૨
પિતા માતા સખા સ્વામી, સંબંધો પ્રભુમાં બધા;
આમ ગોપી તણું સર્વ, સમાતું માત્ર કૃષ્ણમાં. ૩

બ્રહ્મચારી શુકદેવજી કહે છે: 'પરીક્ષિત! શ્રીકૃષ્ણે ગ્રીષ્મઋતુમાં અગ્નિપાન કર્યું અને પ્રલંબ નામના અસુરને માર્યો વગેરે વર્ણન ગોપ–બાળકોએ પોતાનાં મા–બાપ અને વડીલો પાસે વિગતે કર્યું. વ્રજમાં સૌ હવે એમ જ માનતાં થઈ ગયેલાં કે કૃષ્ણ અને બલરામનો વેશ ધરીને કોઈ મહાદેવતાઓ જ પધાર્યા છે.'

પછી વર્ષાઋતુ આવી. વાદળાં એવાં (આકાશમાં) થવા લાગ્યાં કે બ્રહ્મસ્વરૂપ હોવા છતાં ત્રણ ગુણો–સત્ત્વ, રજ અને તમ–ના દબાવથી જીવની જેવી દશા થાય છે તેવી સૌને અકળામણ થવા

લાગી. સૂર્યે રાજાની માફક પૃથ્વીરૂપ પ્રજા પાસેથી આઠ માસ લગી પાણીનો કર ગ્રહણ કરેલો. હવે તે વહેંચવા ઉત્સુક થયો. મતલબ વરસાદ વરસવો શરૂ થયો. વૈશાખ–જેઠમાં પૃથ્વી સુકાઈ ગયેલી, તે પાછી હરીભરી બની. પાક અઢળક પાકચો. એ જોઈ ખેડૂત ખૂબ ખૂબ રાજી થતો હતો. વર્ષાને કારણે મોરલાઓ ટહુકાર અને નૃત્યો દ્વારા આનંદોત્સવ મનાવતા જણાતા હતા. ગાયો પણ ભરપેટ ઘાસ ખાઈ, બેઠી વાગોળ્યા કરતી હતી. આમ તો એક દૃષ્ટિએ આ ભગવદ્‌લીલાનો જ વિલાસ હતો. તોય આ બધું જોઈ ભગવાન કૃષ્ણ જાતે પ્રસન્ન થઈ આ બધાંની તારીફ કરવા લાગી જતા.

વર્ષા પછી તરત શરદ ઋતુની સવારી આવી પહોંચી. હવે આકાશનાં વાદળાં વીખરાઈ ગયાં. શરદ ઋતુમાં સમુદ્ર પણ નિઃસંકલ્પ થયેલા આત્મારામ જેમ કર્મકાંડના ઝમેલાઓ છોડી શાન્ત થઈ જાય છે, તેમ શાંત થઈ ગયો. મતલબ, બધાને જગતમાં શાન્તિ થઈ જતી હતી; પણ ગોપીઓ તો પોતાનાં મન–તન કૃષ્ણે ચોરી લીધેલાં, તેથી અશાન્તિ વેદી રહેલી. છેવટે શ્રીકૃષ્ણ–બલરામ વાંસળીની તાન છેડતા અને ગોપીઓ પરસ્પર એ વેણુગીતની ચર્ચા કરી ખૂબ ખૂબ આનંદ લૂંટચા કરતી હતી. પોતે તો ચેતનમય છે પણ જડચેતન સૌને પ્રેમ–સ્વરૂપ ભગવાનની બંસીની અસર થઈ રહી છે, તેમ ગોપીઓ જણાવ્યા કરતી હતી. એવું ભગવદ્‌લીલા વર્ણન કરવામાં ગોપીઓને અનેરો આનંદ આવતો હતો. તેઓ બધી યમુનામાં સ્નાન કરી બહાર વાલુકામયી દેવી બનાવી વિનંતિ કરતી કે, 'હે કાત્યાયનિ ! હે મહામાયે ! હે મહાયોગિનિ ! તું આ અમારા શ્રી કૃષ્ણને અમારા પતિ જ બનાવી દે તો અમારો આખો જન્મ સાર્થક થઈ શકે.

ભગવાનથી શું અજાણ્યું હોય ? આથી એક વખત તેઓ જાતે યમુનાતીરે આવી, કાંઠા પર વસ્ત્ર મૂકી પેલી સ્નાન કરતી ગોપીઓનાં વસ્ત્રો ઊંચકી એક પાસેના કદંબ વૃક્ષ પર ચઢી ગયા અને ગોપીઓને

કહેવા લાગ્યા: "સુંદરિયો ! હું તમને સાચેસાચું કહું છું કે જો તમારી ઇચ્છા હોય તો એક એક અહીં આવી પોતપોતાનાં વસ્ત્રો જે હોય, તે ઓળખી ઓળખીને લઈ જાઓ અથવા તમારી સૌની મારી પાસે એકસાથે મળીને આવવાની ઇચ્છા હોય તોય મને વાંધો નથી." આ વાત બધી ગોપીઓને ખૂબ ગમી, કારણ કે સામેથી આવું ભગવાન શ્રીકૃષ્ણે જાતે જ કહ્યું હતું. શરૂશરૂમાં તો બહાર સાવ નગ્નપણે જવામાં અને વસ્ત્ર માગવામાં સંકોચ થાય તે દેખીતી વાત હતી, પરંતુ આખરે જે જગજ્જનની આગળ ભગવાન કૃષ્ણની પતિરૂપે માગણી પોતે જ કરેલી અને જ્યારે ખુદ ભગવાન જ નગ્નપણે પોતાને નિમંત્રે છે, તો સંકોચ હવે શા માટે રાખવો ? એમ છતાં પુરુષ-દેહી આગળ સ્ત્રી-દેહી નગ્ન જાય, ત્યારે સંકોચ તો થવાનો જ ને !

પરંતુ યમુનાનદીની બહાર આવ્યા પછી, જેમ જેમ ભગવાન કૃષ્ણ ભણી પગલાં તે ગોપીઓ ભરતી ગઈ, તેમ તેમ ભગવાન પોતે જ જાણે જેમ પુરુષદેહે જગત્પિતા-સ્વરૂપ દેખાય તેમ સ્ત્રીદેહે જગજ્જનેતા-સ્વરૂપ ભગવતી રૂપે પણ તે દેખાતા ગયા અને બધો સંકોચ ગોપીઓનો છૂટી ગયો. સાથોસાથ આજથી તે બિલકુલ ભયરહિત પણ થઈ ચૂકી. ગીતામાં દૈવી સંપદવાળાઓનું પ્રથમ લક્ષણ અભય બતાવ્યું છે તે સાચું ઠર્યું. આજથી વ્રજની એ બધી ગોપીઓ દૈવી સંપત્તિવાળી પણ અનાયાસે બની ગઈ ! ભગવાન તરત બોલી ગયા: 'જાઓ ગોપીઓ, હવે બધાં કામ પહેલાંની જેમ જ કર્યા કરો. સંસારમાં ભલે રહો પરંતુ હવે તમે બધી જ સંપૂર્ણપણે મારી જ થઈ ચૂકી છો. મતલબ, હવે તમારી કામનાઓ અને વાસનાઓ પૂરેપૂરી બળી ચૂકી સમજજો. તમારી સાધના હવે સહેજે સિદ્ધ થઈ ગઈ છે.' પરીક્ષિતજી ! ભગવાનનું આ વેણ સાંભળ્યા સ્થૂળ રીતે પણ હવે અળગાં થવાની ગોપીઓની ઇચ્છા નહોતી થતી, પણ હવે તો ભગવાનની ખુદની આજ્ઞા વ્રજમાં જવાની થતાં, તે

બધી વ્રજમાં પહોંચી; પણ એ સર્વ ગોપીઓનું મન તો ભગવાન-મય જ બની ગયું હતું. આથી જ કહેવાયું છે : 'વ્રજ વહાલું રે, વૈકુંઠ નહીં આવું !'

## બ્રાહ્મણપત્નીઓની સહૃદયતા

ઓધે વૃક્ષો મનુષ્યોને, અમારી જેમ સૌ તમે,
સદિલ સાધનો અર્પો, મર્ત્યતા સાર્થ તો થશે. ૧

સ્ત્રીઓ સહૃદયી તેથી, પે'લેથી ભાવ પરખે;
બુદ્ધિશૂરા દિલે બૂઠા, તે પુરુષો પાછા પડે. ૨

શુકદેવજી કહે છે : 'પ્રિય પરીક્ષિતજી ! એક દિવસની વાત કહું. ભગવાન શ્રીકૃષ્ણ બલરામજી અને ગોપ બાળકો સાથે બહુ દૂર નીકળી ગયા. ગ્રીષ્મ ઋતુ હતી. સૂર્યકિરણો ખૂબ ગરમાગરમ હતાં. પરંતુ ગીચ ઝાડ ભગવાન શ્રીકૃષ્ણ ઉપર છત્રનું કામ સહેજે કરી રહ્યાં હતાં. આ છાયા નીરખીને સ્તોકકૃષ્ણ, અંશુ, શ્રીદામા, સુબલ, અર્જુન, વિશાલ, ઋષભ, તેજસ્વી દેશપ્રસ્થ અને વરૂ-થલ વગેરે ગોવાળિયા–બાળકોને સંબોધીને ભગવાન કૃષ્ણે કહ્યું : 'મારા પ્યારા મિત્રો ! જુઓ આ ઝાડ કેટલાં બધાં ભાગ્યશાળી છે ! એમનું આખું જીવન બીજાઓની ભલાઈ કરવા માટે છે. ઝાડ પોતે તો હવાનાં ઝોકાં, વર્ષા, ગરમી, હીમ વગેરે જે કંઈ એમના પર દુઃખ આવે તે સહી લે છે, પરંતુ આપણને સૌને તે બધાંથી તેઓ બચાવી લે છે. ધન્ય છે એમને ! હું કહું છું, એમનું જીવન સર્વશ્રેષ્ઠ છે. કારણ કે એમના દ્વારા બધાં પ્રાણીઓને સહારો મળે છે અને સૌના જીવનનો નિર્વાહ થાય છે. જેમ સજ્જન

પુરુષોના ઘેરથી કોઈ યાચક ખાલી હાથે પાછો ફરતો નથી, તેવું જ આ વૃક્ષોથી પણ બધાંને કાંઈ ને કાંઈ મળે જ છે. તે બધાં પોતાનાં પાંદડાં, ફૂલ, ફળ, છાયા, મૂળિયાં, છાલ, લાકડાં, ગંધ, રાખ, કોલસા, અંકુર અને કૂંપળોથી પણ લોકોની મનઃકામના પૂરી કરતાં હોય છે જ. મિત્રો. જગતમાં જીવો તો અનંત છે, પરંતુ એમના જીવનની સફળતા બસ એટલામાં જ છે કે, જ્યાં લગી થાય ત્યાં લગી પોતાના ધનથી, વિવેક–વિચારથી, વાણીથી અને પ્રાણથી પણ કામ એવાં જ કરે કે જે દ્વારા બીજાની ભલાઈ જ થઈ જાય.' પરીક્ષિત ! બન્ને બાજુનાં આ વૃક્ષો નવી નવી કૂંપળ, ગુચ્છાઓ, ફળ, ફૂલ અને પાંદડાંઓથી ચિક્કાર છે. એમની ડાળીઓ ઠેઠ પૃથ્વી લગી ઝૂકેલી છે. આવું મીઠું મધુરું સંભાષણ કરતા કરતા ભગવાન શ્રીકૃષ્ણ એમની જ વચ્ચે યમુનાકિનારે નીકળી આવ્યા. યમુનાજીનુ પાણી ઘણું જ મીઠું, શીતલ, સ્વાદિષ્ટ અને ચોખ્ખું હતું. એ લોકોએ પહેલાં પોતાની વહાલી ગાયોને એ પાણી પિવડાવ્યું અને પછી પોતે પણ પેટ ભરીને પીધું. પરીક્ષિત ! જે સમયે તેઓ યમુનાજીના તટ પર લીલાછમ ઉપવનમાં ખૂબ સ્વતંત્રતાથી પોતાની ગાયો ચરાવતા હતા, તે જ વખતે કેટલાક ભૂખ્યા ગોવાળિયાઓએ ભગવાન કૃષ્ણ અને શ્રી બલરામજી આગળ આમ વાત કરી: 'નયનાભિરામ બલરામ! તમે ઘણા પરાક્રમી છો. અમારાં ચિત્ત ચોરનારા શ્યામસુંદર કૃષ્ણ ભગવાન ! તમે મોટા મોટા દુષ્ટોનો સંહાર પળવારમાં કરી નાખ્યો છે. તો આજે આ દુષ્ટ ભૂખ બહુ સતાવી રહી છે. માટે આપ બન્ને જણ એને ઠારવાનો યત્ન કરો.' પરીક્ષિત ! જ્યારે ગોવાળિયા–બાળકોએ આવી વિનંતી કરી કે તરત ભગવાને મથુરાની પોતાની ભક્ત બ્રાહ્મણ–પત્નીઓ પર અનુગ્રહ કરવા માટે આમ કહ્યું :

'મારા પ્યારા મિત્રો ! અહીંથી થોડે જ દૂર વેદવાદી બ્રાહ્મણો સ્વર્ગકામનાવશ આંગિરસ નામનો યજ્ઞ કરી રહ્યા છે. તમે બધા

એમની યજ્ઞશાળામાં જાઓ. એમાં સંકોચ કરવાની કોઈ જરૂર નથી. ભલા, તમે તો અમારા મોકલેલા જ જાઓ છો ને! ત્યાં જઈને મારા મોટાભાઈ બલરામનું અને મારું નામ બોલીને થોડો ભાત માગી લાવો!' જ્યારે ખુદ ભગવાને આવી આજ્ઞા આપી ત્યારે ગોવાળિયાનાં બાળકો તે બ્રાહ્મણોની યજ્ઞશાળામાં ગયાં. ભગવાનની આજ્ઞા અનુસાર અન્ન માગ્યું. એ બધાંએ પૃથ્વી પર પડીને દંડવત્ પ્રણામ કર્યા અને હાથ જોડીને કહ્યું: 'પૃથ્વીના મૂર્તિમાન્ દેવતા સમાન બ્રાહ્મણો! અમે વ્રજના ગોવાળિયાઓ છીએ. ભગવાન શ્રીકૃષ્ણ અને બલરામની આજ્ઞાથી અમે આપની પાસે આવ્યા છીએ. આપ અમારી વાત સાંભળો. આપનું કલ્યાણ થાઓ! ભગવાન શ્રીકૃષ્ણ અને બલરામ થોડે જ દૂર છે અને ગાયો ચરાવે છે. અમે ઇચ્છીએ છીએ કે આપ થોડો ભાત આપો. હે બ્રાહ્મણો! આપ ધર્મનો મર્મ જાણો જ છો.' પરીક્ષિત! આમ સાંભળવા છતાં એ બ્રાહ્મણોએ તો કંઈ ધ્યાન ન આપ્યું. કારણ કે એમને (બ્રાહ્મણોને) સૌને પારલૌકિક સ્વર્ગની તુચ્છ ઇચ્છા હતી. ખરી રીતે જ્ઞાનમાં તો એ બધા બાળકો રૂપ જ ગણાય! તેમનું આવું નકારાત્મક વલણ જોઈ નિરાશ બની બધાં ગોવાળિયા બાળકો પાછાં ફરી ગયાં અને એ બધી વાતો એમણે ભગવાન શ્રીકૃષ્ણ તથા બલરામને કહી. તેથી તે વાત સાંભળીને જગતના સ્વામી ભગવાન શ્રીકૃષ્ણ હસવા લાગ્યા અને ગોવાળિયા બાળકોને ધીરજ આપી નિરાશ ન બનવા કહ્યું. અને એમણે આ વખતે એ બ્રાહ્મણોની પત્નીઓ પાસે જઈ જરૂર યાચના કરવાનું પણ કહ્યું. તેઓ ગયાં અને કહ્યું. તે સાંભળીને જ તે બ્રાહ્મણ-પત્નીઓ આનંદમાં આવીને બધા પ્રકારનાં મીઠાં ભોજન લઈ સજધજ થઈ જાતે ભગવાનને આપવા ગઈ. ભગવાને એમનું પ્રેમભર્યું સ્વાગત કરી ભોજન લઈને તેમને તરત પાછી યજ્ઞશાળામાં જવા કહ્યું. ભગવાન માંડ જાતે મળ્યા હોય એટલે તરત દિલ તો જવા કેમ કરે? માંડ માંડ ઘણા કાળે જાતે ભગવાન મળ્યા હતા, છતાં ભગવાનનું કહ્યું માનીને એ પાછી ફરી

ગઈ! અહીં બ્રાહ્મણો ખૂબ પસ્તાવો કરવા લાગી ગયા પણ હવે પસ્તાયે શું વળે?"

## ઇંદ્રયજ્ઞની અવહેલના

ઉપજાતિ

સુધન્ય જે સ્ત્રી શુચિ ઊર્મિમગ્ન તે,
સ્નેહાળ હૈયું પ્રભુભક્તિ-લગ્ન છે;
હૈયે ખુટ્ટા પુરુષ તર્કરક્ત જે,
છે ભક્તિ હીણો પશુતુલ્ય મર્ત્ય તે. ૧

અનુષ્ટુપ

'સ્વર્ગની લાલચે કિંવા, ડરથી ઇંદ્રને યજો;
યજ્ઞ તે કરતાં સાચો, ઉપકારી નિમિત્તનો' ૨

એ કૃષ્ણવાક્યને માથે, ચઢાવી વ્રજનાં જનો.
ગિરિરાજયજ્ઞે ખોર્ક, વહોરે શીઘ્ર ઇંદ્રનો. ૩

બ્રહ્મચારી શુકદેવજી બોલ્યા : "પરીક્ષિત! બ્રાહ્મણો બુદ્ધિશાળી ખરા, પણ બુદ્ધિ કરતાં હૃદય હંમેશાં મહાન હોય છે, એવી હૃદય-પ્રધાન બુદ્ધિને મેધા કહેવાય છે. તે અનાયાસે નારીજાતિમાં સવિશેષ હોઈ શકે છે. હૃદય વહેલું જાગી જાય છે. તે રીતે જોતાં બ્રાહ્મણ પત્નીઓ ભગવાનનો અને ભગવાનના અંશરૂપ બલરામનો સંદેશો તરત સમજીને અમલમાં મૂકી શકી.

જ્યારે એ બ્રહ્મપત્નીઓના પતિદેવ બ્રાહ્મણો પાછળથી સમજ્યા અને ખૂબ ખૂબ પસ્તાયા. ત્યારે બોલવા લાગ્યા : 'આપણે ભગવાન

કૃષ્ણ અને બલરામની આજ્ઞાને અવગણીને ઘણો મોટો અપરાધ કર્યો છે. ભલે તેઓ દેહધારી રૂપે હોય, પણ મૂળે તો તેઓ પ્રભુ છે–પરમાત્મા છે. આપણે ગાયત્રી મંત્રો, પાઠ અને યજ્ઞ તો બહુ કર્યાં, પણ ઈશ્વરાર્પણ ન હોય, તો નકામું જ. આપણને કરોડો કરોડો ધિક્કાર છે! આપણે ઊંચા કુળમાં જન્મ્યા, યજ્ઞપ્રવીણ પણ થયા, પરંતુ માયા-મોહમાં તો વધુ ફસાયેલા છીએ. આપણા કરતાં તો આપણી સ્ત્રીઓ ઘણી આગળ છે. કારણ કે વિદ્યા જાણવી કે ન જાણવી, યજ્ઞાદિ, જપાદિ કરવાં કે ન કરવાં, એ બધું તો ઠીક. પણ ઈશ્વરને જાણ્યા વિનાનાં આ બધાં નિરર્થક જ છે! જગતના મનુષ્યો આપણને ભલે ગુરુ માને પણ આપણે તો ગુરુપદમાં સરાસર નિષ્ફળ જ નીવડચા છીએ. સારું થયું. ભગવાને ગોવાળિયા–બાળકોને મોકલી અત્યંત કૃપા કરી આપણને ચેતવ્યા. આપણે તો મૂર્ખાઓ યદુવંશી-ઓમાં અવતરેલા ભગવાન કૃષ્ણને અત્યાર લગી સાંભળ્યા હતા, પણ ખરો વખત આવ્યો ત્યારે સાવ ભૂલી જ ગયા! એ રીતે આપણે સદ્-ભાગી ગણાઈએ કે આપણને આવી મહાન પત્નીઓ મળી. હે પ્રભુ! અમને ક્ષમા કરો.' પરીક્ષિતજી! આમ, પસ્તાવો તો પૂરેપૂરો અને દિલથી કર્યો. પણ બ્રાહ્મણ-પત્નીઓ જેમ પ્રભુ પાસે પહોંચી ગયેલી, તેમ બ્રાહ્મણો ખુદ ભગવાન પાસે પહોંચી શકચા નહીં.

આમ, ભગવાન વ્રજમાં વસી વ્રજવાસી ગોવાળિયા–કુટુંબોની ખરેખાત સેવા બજાવતા હતા; તેમને નિર્ભય બનાવતા હતા. એક વાર વૃંદાવનના આ બધા ગોવાળિયાઓ ઇંદ્ર–યજ્ઞની તૈયારી કરી રહ્યા હતા. એક દિવસ ભગવાન કૃષ્ણે નંદબાબાને ખાસ પૂછયું : 'હે બાબા! જો કર્મ પ્રમાણે જ ફળ મળે છે, તો ઇંદ્રયજ્ઞની જરૂર શાથી? ખરી રીતે તો ગાય એ જ આપણી જન્મજાત સેવાપાત્ર અને પૂજા-પાત્ર છે! એટલે ગાયો, ગુરુઓ અને ગિરિરાજ ને જ પૂજીએ. ભગવાન ઇચ્છતા હતા કે ઇંદ્રનું વધી ગયેલું અભિમાન ચૂરેચૂરા થઈ જાય. સદ્ભાગ્યે નંદબાબા અને ગોવાળિયાઓને પણ એમની (ભગ-

વાનની) આ વાત પૂરેપૂરી જચી ગઈ. તે દિવસે મજાનું હરિયાળું ઘાસ ગાયોને ખવડાવ્યું. વળી સ્વસ્તિવાચન કરાવી ગિરિરાજ તથા બ્રાહ્મણોને સાદર ભેટો આપી દીધી અને બ્રાહ્મણોના હાર્દિક આશીર્વાદ લીધા. તેમ જ નંદબાબા વગેરે ગોવાળિયાઓએ ગાયોને આગળ કરીને એ ગિરિરાજની પ્રદક્ષિણા પણ પ્રેમથી કરી લીધી. ઘણાખરા ગોવાળિયાઓ બળદવાળા એક્કાઓ પર બેસી ગયા. ગોપીઓ પણ શણગાર સજી ગાડીઓ પર ભગવાનની લીલાઓનાં ગીત ગાતી ગાતી પર્વતની પરિક્રમ્મા કરવા લાગી ગઈ।

ત્યારે ભગવાન કૃષ્ણ એક પોતાનું વિશાળ શરીર સજી ગોવાળિયાઓને વિશ્વાસ આપવા માટે એ ગિરિરાજ પર ચઢીને બેસી ગયા અને 'હું પોતે જ ગિરિરાજ છું. મને બધી જ સામગ્રી પીરસો.' એમ કહીને બધું પોતે જ આરોગવા મંડી પડયા. બીજાં વનવાસી ગોપ-ગોપીઓની જેમ પોતે પણ પોતાના પર્વત પર ચઢીને બેસી ગયેલા વિશાળ સ્વરૂપને પ્રણામ કર્યા અને કહ્યું: 'જુઓ, કેવું મોટું આશ્ચર્ય છે કે ખુદ ગિરિરાજે સાક્ષાત્ પ્રગટ થઈને આપણા સૌ ઉપર કૃપા કરી! આ ગિરિરાજ ચાહે તેવું સ્વરૂપ ધારણ કરી શકે છે. આમ, ગાય અને બ્રાહ્મણોનું વિધિપૂર્વક યજન–પૂજન કરીને પછી ભગવાન કૃષ્ણની સાથે બધાં પાછા ફરીને વ્રજમાં આવી ગયાં!"

## ગોવર્ધનધરણ

દેવેંદ્રનેય સત્તાનો, નશો અંધ બનાવી દે;
પ્રભુ સામે પડે તોયે, પ્રભુ ધૈર્ય ન છોડશે. ૧
આખાયે વિશ્વનાં પ્રેય–શ્રેય પેખે અહોનિશી;
પ્રેમાવતાર ધારી તે, વિશ્વેશ્વર વ્રજે વસી. ૨

બ્રહ્મનિષ્ઠ બ્રહ્મચારી શુકદેવજી કહે છે: "પરીક્ષિતજી! જ્યારે ઇંદ્રને ખબર પડી ગઈ કે મારી પૂજા વ્રજવાસીઓએ બંધ કરી દીધી છે, ત્યારે તે નંદબાબા તથા બીજા ગોવાળિયા–આગેવાન પર ઘણો ક્રોધિત થયો. પણ એના ક્રોધ કરવાથી કાંઈ વળે તેમ ન હતું, કારણ કે ગોવાળિયાના રખેવાળ ખુદ ભગવાન શ્રીકૃષ્ણ પોતે જ હતા! ઇન્દ્રને પોતાના પદનો ઘણો ઘમંડ હતો. એને એમ લાગતું હતું કે 'હું જ ત્રણેય લોકનો ઈશ્વર છું.' આ ઘમંડને કારણે વરસાદના સાંવર્તક નામના જૂથને વ્રજ પર ચઢાઈ કરવા ઇન્દ્રે પ્રેરણા કરી અને કહ્યું: 'અરે, આ જંગલી ગોવાળિયાઓને ખરેખર આટલો બધો ગર્વ આવી ગયો છે! અરે, જુઓ તો ખરા, આ એક સાધારણ માનવી એવા શ્રીકૃષ્ણના બળ પર મુસ્તાક રહી મારા જેવા દેવોના રાજા–દેવરાજ–નું ઘોરાતિઘોર અપમાન કરી નાખ્યું! ખરેખર, મને લાગે છે કે આ ધનનો નશો છે. જેમ આ જગતમાં ઘણા મંદબુદ્ધિવાળા લોકો ભવસાગર પાર કરવાના સાચા સાધનરૂપ બ્રહ્મવિદ્યાને તો છોડી દે છે અને નામમાત્રની ટૂટીફૂટી આ સ્થૂળ યજ્ઞની નાવડીથી ભયંકર, ઊંડા અને વિશાળ સંસારસાગરને પાર કરવા માગે છે, તેમ આ કાલ સવારનો બકવાદ કરનારો કૃષ્ણ નાદાન, અભિમાની તથા બાળક હોવા છતાં પોતાને જ્ઞાની માની બેઠો છે. તે મૃત્યુના કોળિયારૂપ છે, તોય એ શ્રીકૃષ્ણની ઓથ લઈ આ ગોવાળિયાઓએ, એટલે કે મૂર્ખા આહીરોએ મારી અવહેલના કરી છે. એક તો તેઓ ધનના નશામાં ચકચૂર હતા, તેવામાં આ કૃષ્ણે તો આવીને એમના ઘમંડને સાવ વકરાવીને જબરો ઉમેરો કરી દીધો છે. ઓ મેઘરાજાઓ! આ વ્રજવાસીઓના ઘમંડ વગેરેને ધૂળ ભેગાં ભંડારી દો અને એઓના પશુધનનો સંહાર કરાવી નાખો. હું પણ તમારી પાછળ પાછળ ઐરાવત–હાથી પર ચઢી નંદના વ્રજનો નાશ કરાવવા મહાપરાક્રમી મરુદ્ગણોની સાથે ઝટપટ આવી પહોંચું છું.'

શુકદેવજી કહે છે: "પરીક્ષિત! આ પ્રમાણે ઇંદ્રે પ્રલયના મેઘોને આજ્ઞા આપી અને એમનાં બંધનો ખોલી નાખ્યાં. હવે ઘણા મોટા વેગથી મેઘો નંદબાબાના વ્રજ પર ચઢી આવ્યા અને મુસળધારાએ વરસાદ વરસાવી આખાયે વ્રજને પીડવા માંડ્યું. ચારેકોર વીજળીઓ ચમકવા લાગી ગઈ. વાદળો અરસપરસ ટકરાઈને ગડગડાટ કરવા મંડી ગયાં. અને પ્રચંડ આંધીની પ્રેરણાથી મોટા મોટા જામેલા બરફના ટુકડા વરસવા લાગ્યા. આ પ્રકારે જ્યારે દળોનાં દળો એવાં વાદળાં આવી આવી થાંભલા સમાન મોટી મોટી ધારાઓ પાડવા લાગ્યાં ત્યારે વ્રજભૂમિનો ખૂણેખૂણો પાણીથી ભરાઈ ગયો. ક્યાં ઊંચું છે અને ક્યાં નીચું છે એનો પણ પતો લાગવો કઠણ થઈ ગયો!

આ પ્રકારે મુસળધાર વર્ષા તથા ઝંઝાવાતના ઝપાટાથી એક-એક પશુ થીજીને કંપવાં લાગ્યાં. ગોવાળિયા અને ગોવાલણો પણ ઠંડીનાં માર્યાં, અત્યંત વ્યાકુળ થવા લાગ્યાં. ત્યારે તે સૌનાં સૌ, ભગવાન શ્રીકૃષ્ણને શરણે જવા મુસળધાર વરસાદની સતામણીને કારણે બધાંએ પોતપોતાનાં માથાં અને બચ્ચાંઓને પડતા કરાથી બચાવવા જે સાધન મળ્યું, તે ઓઢીને કંપતાં કંપતાં પહોંચી ગયાં અને કહ્યું: 'પ્યારા શ્રીકૃષ્ણ! આપ ઘણા ભાગ્યવાન છો. હવે તો માત્ર તમારા જ ભાગ્યને કારણે અમારી રક્ષા થશે. આ આખાયે ગોકુલના સ્વામી અને સંરક્ષક આપ એકલા જ છો. ભક્તવત્સલ! ઇન્દ્રના ક્રોધથી હવે તમે એક જ બચાવી શકો તેમ છો.' ભગવાન પણ તરત સમજી ગયા કે દેવો સાત્ત્વિક ભાવ રાખવો ભૂલ્યા છે અને તેથી આમની આ દશા થઈ છે. તો એ બધાનો ઉદ્ધાર યોગમાયાથી કરવાનો સમય હવે પાકી ગયો ગણાય. રમતગમતમાં તેમણે ગિરિરાજ ગોવર્ધનને છત્રરૂપ બનાવ્યો અને સૌને કહ્યું: 'તમારી ગાયો, વાછડાં, બળદો અને બધી સામગ્રી આ પર્વત તળે

લઈ આવો. જાઓ, શંકા ન કરશો કે મારા હાથમાંથી આ પર્વત પડી જશે.' સાત સાત દિવસ લગી વરસાદ અને આંધી રહી, પણ આખરે ઇંદ્ર હાર્યો અને બાળભગવાન શ્રીકૃષ્ણ જીતી ગયા. આ વિજયથી તો શ્રીકૃષ્ણનાં યશ અને આદર માત્ર વ્રજવાસીઓ અને ગોપીઓમાં જ નહીં, દેવો–માનવો સૌમાં ફેલાયાં."

## શ્રીકૃષ્ણનો અભિષેક

અચાનક ઘણી આવે, જીવનમાં મુસીબતો;
પ્રભુકૃપા ગણી ત્યારે પ્રવર્તે સત્ય સાધકો. ૧

પેખી પ્રભુ–અભિષેક, સર્વે જીવો થતાં ખુશી;
રસકસ ધરા કેરાં, ત્યારે સે'જે જશે વધી. ૨

શ્રી શુકદેવજી કહે છે : "પરીક્ષિત ! વ્રજના ગોવાળિયા હવે ભગવાન શ્રીકૃષ્ણના બચપણથી માંડીને અત્યાર સુધીનાં–આમ તો હજુ પોતે માંડ કિશોર અવસ્થામાં આવે છે, તે છતાં–અનેક સાહસપૂર્ણ સત્કાર્યો વારંવાર સંભારી સંભારી વર્ણવ્યા કરતા થયા છે. ત્યારે નંદબાબા પાસેથી મહર્ષિ ગર્ગે એ બાળકનો જન્મ થતાં જ જે ભવિષ્ય ભાખેલું તે સોએ સો ટકા સાચું પડ્યું છે એમ સાંભળ્યા પછી બધાં જ ગોપગોપીઓને જે આશ્ચર્ય થયેલું, તે હવે જતું રહ્યું અને આ બાળક ખુદ ભગવાન છે, એવો નિશ્ચય સૌને થઈ ગયો. આથી નંદબાબા અને એ નંદના લાલા પર સૌનો ગાઢ અને સાત્ત્વિક-ત્યભર્યો અપાર પ્રેમ થયો. ઈંદ્ર પોતે પણ સ્વર્ગથી આવી ઘમંડ છોડી આ ભગવાન કૃષ્ણને ભાવથી વંદન કરવા લાગ્યો ત્યારે ભગવાને ઈંદ્રને કહ્યું : 'જે મને ચાહે છે, તેના ઉપર હું કૃપા કરું છું અને

તેથી તેનાં (સૌથી પહેલાં તો) સંપત્તિ અને ઐશ્વર્ય બન્ને નષ્ટ કરી નાખું છું. ઈંદ્ર! તારું પણ શ્રેય ઇચ્છીને જ મેં તારો પ્રભાવ તોડી નાખ્યો છે. હવે તું ખુશીથી તારી રાજધાની અમરાપુરીમાં જા અને મને સતત યાદ રાખી આજ્ઞાપાલન કરવામાં જ ધ્યાન આપ.'

આમ ઈંદ્ર સાથે વાતો પૂરી થતી હતી તેવામાં જ કામધેનુએ ત્યાં ઉપસ્થિત થઈને ઘણા ભાવથી વાંદીને, 'બ્રહ્માજીએ આપને અભિષેક કરવા માટે જ પોતાને આ વખતે મોકલી છે' તેમ સંભળાવ્યું. કામધેનુએ પોતાના દૂધથી તથા ઈંદ્રે પોતાના ઐરાવત હાથીની સૂંઢથી ભગવાન કૃષ્ણને અભિષેક કરી દીધો. આ વખતે ભગવાનનું ખરું નામ ગોવિંદ વધુ પ્રચલિત થવા માંડયું! એ વખતે ત્યાં નારદ, તુંબુરુ આદિ ઋષિગણ, ગંધર્વો, વિદ્યાધરો, સિદ્ધો અને ચારણો તો પહેલેથી આવી ગયા હતા. તેમણે સૌએ ભગવાનનાં ગુણગાન ગાવા માંડયા અને સ્વર્ગીય અપ્સરાઓ આનંદભેર નાચવા લાગી ગઈ. મુખ્ય મુખ્ય દેવો ભગવાન પર નંદનવનનાં દિવ્ય ફૂલોની વૃષ્ટિ કરવા લાગ્યાં, જાણે ત્રણેય ભુવનના જીવમાત્રમાં આનંદની ભરતી આવી ગઈ! ગાયોમાં દૂધ, નદીઓમાં મધુર જળ, વૃક્ષોમાં મીઠાં ફળ, અને પૃથ્વીનાં રસ–કસ તથા અન્ન એકાએક વૃદ્ધિ પામ્યાં. પર્વતોનાં મણિમાણિક્ય પણ ઊછળી આવ્યાં. ભગવાનના આવા અભિષેક ટાણે ક્રૂર પ્રાણી પણ ક્રૂર ભાવ તે સમય પૂરતો ભૂલી જ ગયાં! સૌ જીવોની પારસ્પરિક મૈત્રી વધી. આમ અભિષેક કાર્ય પૂર્ણ કરી દેવો વગેરે સૌએ પોતપોતાને સ્થાને જવા વિદાય લઈ લીધી!...'"

# પ્રેમસંન્યાસિની ગોપિકાઓ

ઉપજાતિ છંદ

વાત્સલ્ય ભાવો પ્રકટી ઊઠ્યા જ્યાં,
સમસ્ત જીવો પ્રતિ શુદ્ધતાએ;
વિકારની છાંટ અતિ આકરી ત્યાં,
આવી કહીંથી શુચિભંગતા હે. ૧

અનુષ્ટુપ

કેમ કે વિશ્વવાત્સલ્યે, પ્રભુની પ્રાપ્તિ સાધવા;
વાસનાક્ષય પૂર્ણાર્થે, આવી દશા સહેજમાં ૨
આવતી એવું ગોપીની, અનોખી સાધના વદે;
અંતે નૃનારી છે એક આત્મા આત્મા મહીં ભળે. ૩

શુકદેવજી કહે છે : "એક વખત નંદબાબાએ એકાદશીનો ઉપવાસ કરેલો અને રાતના બારસ લાગી જવાને કારણે સાંજે જ યમુનાસ્નાન કરવા જઈ ચઢ્યા. વરુણના એક સેવક અસુરને આ નંદબાબાનું વર્તન ન ગમ્યું, તેથી તેમને તે પોતાના વરુણસ્વામીને ત્યાં એકદમ ઉપાડી ગયો. નંદબાબા અચાનક આ રીતે ખોવાતાં વ્રજમાં તો હાહાકાર મચી રહ્યો! તે જોઈ ભગવાન શ્રીકૃષ્ણ પોતે વરુણજી પાસે એકાએક જઈ ચઢ્યા. વરુણજી તો લળી લળીને અત્યંત આભાર માની ભાવથી પગે પડી ગયા અને ક્ષમા લાગવા લાગી ગયા. આ રીતે નંદબાબાને પાછા જ્યારે તેઓ વ્રજમાં લાવ્યા, ત્યારે વ્રજવાસીઓ આગળ નંદબાબાએ શ્રીકૃષ્ણરૂપ પુત્રની આવી વિશેષતા વિગતથી વર્ણવી બતાવી. બાદ તો આખુંયે વ્રજ હવે માત્ર 'આ કોઈ ચમત્કારિક બાળક નથી. પરંતુ ખુદ

ભગવાન પોતે છે.' એમ માનીને એમને પૂજવા લાગી ગયું !

હવે તો વ્રજવાસી ગોપ–ગોપીઓનાં મન એક વાર ભગવાનના ધામને જોવા તલપાપડ થઈ રહ્યાં ! મનની વાતને જાણનારા એવા ભગવાને ખરેખર તે બધાંની ઇચ્છા એકદા પરિપૂર્ણ કરી નાંખી. આમ અનંતકાળની યોગધ્યાનની સાધના અને જપતપ ત્યાગાદિની સિદ્ધિ સાધ્યા બાદ પણ જે ભાગ્યે જ મળે, તે વસ્તુ વ્રજવાસીજનોને અનાયાસે સહજમાં લાધી ગઈ. આમ નારાયણે ખુદ નંદબાબાને ત્યાં અવતાર ધર્યા પછી બચપણથી આવીને આખાયે વ્રજનાં સૌ ગોપ-ગોપીઓને આવું પરમ ધામનું સહજ સુખ આપી દીધું. પછી ગોપીઓ શા માટે એમ ન કહે કે 'વ્રજ વહાલું રે, વૈકુંઠ નહીં આવું ?' આ દાખલા પરથી પરીક્ષિત ! સમજવાનો મુદ્દો એટલો છે કે જો સમર્પણભાવ એક વાર પૂરેપૂરો આવી જાય, તો બીજી કોઈ સાધનાની કડાકૂટ કરવાની જરૂર રહેતી નથી !

પરીક્ષિત ! હજુ મારે આગળની બીજી વાત કહેવી છે. એવામાં એક દિન શરદઋતુની પૂર્ણિમા આવી પડી. ચંદ્રમાએ ચાંદની અને શીતળતા બન્નેને એવાં તો રસમય બનાવી દીધાં હતાં કે ન પૂછો વાત ! દિવસના સૂર્યનાં ઉગ્ર કિરણોથી ઉદ્વેગ પામેલાં ગોપગોપીઓ આજની રાત્રિએ તો રાત્રિ છતાં શીતલ દિવસ જાણે જાણી–માણી રહ્યાં હતાં; બસ, તેવામાં ભગવાન કૃષ્ણે એવો બંસીનાદ છેડયો કે ગોપીઓ કશા જ ભાન વિના પોતાના એ સાચા પ્રિયતમને મળવા ઘર છોડી કોઈ સાહેલીનેય જાણ કર્યા વિના એકલી એકલી એકે એક ઘેરથી સૌ જાણે એકાએક નીકળી જ પડી. અરે, પતિ, પુત્ર, ગાયો પ્રત્યેનું બધું કર્તવ્ય છોડીને નીકળી પડી ! જેમને પતિ, પુત્ર વગેરેએ પરાણે રોકી, તે ત્યાં જ ધ્યાનમગ્ન બની ગઈ. અલબત્ત, આ ધ્યાન પતિભાવનું હતું પણ ભગવાન પોતે ત્રિગુણાતીત હોવાથી ભગવાનમાં ધ્યાન લાગી જવાથી આસક્તિ આપમેળે વિખૂટી પડે છે. આથી પરીક્ષિતજી ! જેમ ગંદું વસ્ત્ર પણ પાણીથી આપોઆપ ગંદકી રહિત બને છે.

તેવું જ આમાં સમજવું. મેં તમને પહેલાં પણ ચેદિરાજ શિશુપાલના દાખલાથી સમજાવ્યું જ હતું કે દ્વેષભાવી હોવા છતાં, ભગવાન કૃષ્ણ સાથે દ્વેષભાવે પણ તે એકાગ્ર થયો કે દ્વેષભાવ તરત એનો નીકળી ચૂકયો. અને દ્વેષભાવ નીકળી જતાં એ ભગવાનનો જ પડખિયો બની ચૂકયો! તો પછી પતિભાવે ભલે પણ ભગવાન પ્રત્યે તેઓ એકાગ્ર થઈ એટલે એ પ્રણયભાવ મોહમાં પરિવર્તિત થતાં અટકી જઈ વિશુદ્ધ પ્રેમની ઉચ્ચતર ભૂમિકાએ પરિવર્તિત થઈ પ્રભુમાં અને પ્રભુનાં વિશ્વસંતાન રૂપ પ્રાણીમાત્રમાં ઓતપ્રોત બની ચૂકયો!! એમાં કશી નવાઈ નથી જ. સાર એ છે કે એક વાર સાચા ભગવાન સાથે ઊંડો અને સાચો સંબંધ થવો જોઈએ, પછી એ સગપણ ગમે તે ભાવે હો, એની ચિંતા કરવાની જરૂર જ નથી.

જોકે ભગવાને પહેલો તો ખૂબ ઠપકો આ રીતે એમને આપ્યો : 'રાતને સમયે ઘર, પતિ, સંતાન, માબાપ વગેરે બધું છોડી સ્ત્રીદેહે મારી પાસે આવવું સારું કેમ કહેવાય ?' પણ જ્યારે ગોપીઓએ કહ્યું, 'ભલા! આપ રૂપી પ્રાણ ન હો, તો જગતના પતિ, પુત્ર, માતા, પિતા શૂન્ય સિવાય બીજું કશું નથી. અમે તમને બરાબર હવે ઓળખી ગઈ છીએ, પૂરેપૂરું આકર્ષણ કરવું અને પછી સહેજે અમે આકર્ષાઈએ એટલે ઠપકો આપવા મંડવું, આ ઠગાઈ હવે અમારો પાસે નહીં ચાલે હો!' ત્યારે ભગવાને સ્પર્શ–આલિંગનરૂપ પૂરું પ્રણય-સુખ આપી દીધું. પરંતુ પરીક્ષિતજી! આ બધી ચેષ્ટા અને લીલા જોઈ ગોપીઓમાં સ્ત્રીદેહ હોવાને કારણે પાછો જરા આસક્તિભાવ આવી ગયો. ભગવાનને તો આ ભક્તોની પોતા પ્રત્યેની આસક્તિ પણ છેવટે તો છોડાવવી જ હતી. પ્રશસ્ત રાગ પણ છેવટે તો છોડવો જ પડે છે. એટલે હજુ જ્યાં આલિંગન અને સ્પર્શાદિ સુખનો પૂરો અનુભવ કરી એ સુખ માણવા લાગે ત્યાં તો ભગવાન ગોપીઓની વચ્ચે રાસલીલા રમતાં રમતાં એકાએક અંતર્ધાન થઈ ગયા, એટલે કે અલોપ થઈ ગયા!''

# મહારાસ–રમણ

**વંશસ્થ**

**ખેંચાયલાંને વધુ ખેંચવા ચહી,**
**કસોટી પૂરી કરતી વિભૂતિ તે;**
**તેવે સમે દોષિત જેમ વર્તતી,**
**સ્વ-ચાહકોને નિર્દોષિતા દિએ. ૧**

**એવી વિભૂતિનું કો'દિ, અનુકરણ ના કરો;**
**વર્તજો ફક્ત આજ્ઞાથી, તો પરંશ્રેય પામશો. ૨**

બ્રહ્મચારી શુકદેવજી કહે છે: "પરીક્ષિત! ભગવાન જેવા અંતર્ધાન થયા, તેવી જ ગોપીઓ ભગવાનના વિરહથી જેમ એક બાજુ વ્યથાભરપૂર બની ગઈ, તેમ બીજી બાજુ શ્રીકૃષ્ણમાં એકાગ્રતા પૂરી જામી જવાથી પોતે કૃષ્ણમય સુધ્ધાં બની ગઈ, ભગવાન કૃષ્ણને શોધવા લાગી ગઈ. તે બધી દીવાની થઈને મોટાંમોટાં ઝાડને પૂછે છે: 'અરે પીપળા! અમારું ચિત્ત ચોરી શ્રીકૃષ્ણ પલાયન થઈ ગયા છે. તેં એમને જોયા છે? પણ પીપળો માનવવાણીમાં શ્યે બોલે? એટલે અશોક, નાગકેસર અને નાનામોટા ચંપાઓ પાસે થોકબંધ રીતે ઊભી રહીને પૂછ્યા કર્યું, પણ જવાબ ન મળ્યો. એટલે પૃથ્વી માતાને પૂછ્યું. તેણીએ પણ જવાબ ન આપ્યો. એટલે હરિણીઓને પૂછવા લાગી ગઈ. આમ, પરીક્ષિત! બધી મતવાલી ગોપીઓ ભગવાન શ્રીકૃષ્ણને શોધતાં શોધતાં ભાવાવેશમાં આવી જઈને ભગવાનની જુદી જુદી લીલાઓનું અનુકરણ કરવા મંડી પડી. કોઈ પૂતનારૂપ બની, તો કોઈ ભગવાન કૃષ્ણરૂપ થઈ એનું દૂધ પીવા લાગી ગઈ. કોઈ વળી બલરામ બની, તો કોઈ વળી ખુદ શ્રીકૃષ્ણ બની. કોઈ વળી

ગોપીને ગળે હાથ નાખી, 'મિત્રો ! હું પોતે ખુદ શ્રીકૃષ્ણ છું. મારી ચાલને તમે સૌ દેખો.' એમ બોલવા લાગી ગઈ. તો વળી કોઈ ગોપી ખુદ યશોદા બનીને બીજી ગોપીને કૃષ્ણરૂપ માની હેતપ્યાર કરવા લાગી ગઈ. પરીક્ષિતજી! આ પ્રકારે લીલા કરતાં કરતાં એ ગોપીવૃંદ વૃંદાવનનાં વૃક્ષો તથા લતાઓ વગેરેને ફરી ફરીવાર 'શ્રીકૃષ્ણ ક્યાં છે ?' પૂછવા લાગી.

બરાબર એ જ સમયે એક સ્થાન પર એ ગોપીઓને ભગવાન શ્રીકૃષ્ણનાં ચરણચિહ્નો દેખાયાં. તેઓ આપસઆપસમાં કહેવા લાગી : 'અવશ્ય જ આ ચરણચિહ્ન ઉદાર શિરોમણિ નંદનંદન શ્યામસુંદરનાં છે. કેમકે આમાં ધજા, કમલ, વજ્ર, અંકુશ, જવ આદિનાં ચિહ્નો સ્પષ્ટ દેખાય છે!' આથી એ દિશામાં ગોપીઓ આગળ વધી. ત્યાં તો વળી નંદનંદન શ્યામસુંદરની સાથે એમની કાંધ (ખરડા) પર હાથ રાખી ચાલનારી કોઈ બડભાગિની વ્રજનારીનાં પગલાં પણ દીઠાં. એટલે બોલવા લાગી : 'જુઓ રે જુઓ, આ આરાધિકા કેટલી ભાગ્યશાળી છે કે અમારા વહાલા અમને બધાંને છોડી, એને એકલીને પોતાની કાંધ પર બેસાડી લઈને એકાંતમાં ચાલ્યા ગયા જણાય છે.' પરીક્ષિત ! આમ ને આમ આગળ જાય છે, ત્યાં તો એક ગોપી અચેત થઈને પડેલી જોઈ. એને જગાડી તો એ કહેવા લાગી : 'મને અભિમાન આવી ગયું અને મનેય છોડી તેઓ પાછા અંતર્ધાન થઈ ગયા.' આમ બધી જ ગોપીઓ બસ, શ્રીકૃષ્ણની લીલા અને શ્રીકૃષ્ણની વાત સિવાય કશું બોલતી ન હતી. નહોતી જ્યાં શરીરની સુધ, ત્યાં ઘરબાર તો યાદ આવે જ શાનાં ? તેઓ બધી તો પોતાના પ્રિયતમ પ્રભુના વિરહાવેશમાં જુદા જુદા પ્રકારનાં ગાન અને પ્રલાપ કરવા લાગી હતી અને છેવટે ખૂબ ખૂબ રડવા લાગી.

બરાબર એ જ સમયે ગોપીઓની વચ્ચોવચ્ચ સ્મિત કરતા કરતા ભગવાન શ્રીકૃષ્ણ પ્રગટ થઈ ગયા. કરોડો કામદેવો શરમાઈ જાય એવી એ મનોહર મૂર્તિ હતી ! એમને જોઈને ગોપીઓનાં રુદન

ક્યાંય પલાયમાન થઈ ગયાં. સર્વ ગોપીઓનાં નેત્ર પ્રેમ અને આનંદથી ખીલી ઊઠયાં. તે બધી ગોપીઓનાં પ્રાણહીન શરીરોમાં જાણે દિવ્ય પ્રાણોનો સંચાર થઈ ગયો. શરીરના એક એક અંગમાં નવીન ચેતના—નવીન સ્ફૂર્તિ આવી ગઈ. ભગવાનના એક એક અંગે સ્પર્શ કરવા લાગી ગઈ. પરંતુ સ્થૂળ સ્પર્શ કરતાં પ્રભુનો મર્મ સ્પર્શ—હૃદયસ્પર્શ ગોપીઓને ખાસ ભાવી ગયો. છેવટે એ બધી ગોપીઓએ મળીને પૂછ્યું: 'આપે અમને વિરહદુઃખ કેમ આપ્યું?' ભગવાન શ્રીકૃષ્ણ કહે છે: 'હું તો તમારી વચ્ચે જ હતો, પણ તમારામાં સ્વચ્છંદ, અહંકાર, મમતા વગેરે આવી ગયેલાં તેથી આમ થયેલું. બસ, તમે મારાં છો અને હું તમારો છું.'

'હે પરીક્ષિત! પછી તો થોડી જ વાર પછી આ રીતે એક ગોપી સાથે એક શ્રીકૃષ્ણરૂપી જોડાંઓનો યમુનાકાંઠે મહારાસ રચાઈ ગયો જે જોવા દેવો—ગાંધર્વોનાં ટોળાં ઊમટી પડયાં.' અહીં પરીક્ષિતજીએ શંકા કરી: 'હે શુકદેવજી! ભગવાન કૃષ્ણ તો નિષ્કામ છે અને સદ્ધર્મ સ્થાપક છે. છતાં પરાઈ સ્ત્રીઓ સાથે આવું વર્તન પોતે કેમ કર્યું?' શુકદેવજી કહે છે: 'સૂર્ય, અગ્નિ અને સમર્થ વિભૂતિ જેવાં ઈશ્વરી તત્ત્વો પોતે જેવાં નિર્દોષ હોય છે, તેવાં જ પોતાનાં આત્મીયજનોને નિર્દોષ કરવા માટે પોતાને માથે સામાના દોષો વહોરી લેતાં હોય છે. એટલે જ કહ્યું છે કે 'સમર્થને દોષ હોય જ નહીં.' હા, એટલી વાત સાચી કે આવી સમર્થ વિભૂતિનું અવિભૂતિવંત નરનારી અક્ષરશઃ અનુકરણ કરી શકે નહીં. ઝેર તો શિવજી જ પચાવી શકે. એટલે એમનાં વચન અને આચરણ એકસાં હોય તેટલાંનું જ અનુકરણ કરવું. બાકીનાં આચરણોનું અનુકરણ ન કરતાં તેઓ કહે તેમજ કરવું જોઈએ. ત્યાં તેમની આજ્ઞાને જ ધર્મ માનવો જોઈએ."

# રાસ–રહસ્ય

નારી ને નર ખેંચાણો, પરસ્પર રહે ઘણાં;
તે ખેંચાણો શરીરોથી, મુક્ત થઈ નિજાત્યમાં ૧

લાવવા વ્રજે જન્મી, કૃષ્ણે પ્રયોગ જે કર્યા;
તત્પ્રયોગસુ શ્રદ્ધાળુ, જીતશે કામવાસના. ૨

ગણે તેથી જ ગોપીઓ, વ્રજ વૈકુંઠથી પ્રિય,
નિર્દોષ સુખ સાથે જયાં, સે'જે છે મુક્તિ નિષ્ક્રિય. ૩

શુકદેવજી કહે છે: "પરીક્ષિત! ભગવાન શ્રીકૃષ્ણ નિષ્કામ હોવાથી એમની કામચેષ્ટાઓ ગોપીઓ સાથે થઈ, તથા શ્રીકૃષ્ણ તો સકામ ન થયા પરંતુ ગોપીઓને ભગવાનની કામચેષ્ટાઓએ નિષ્કામ-પણાની દિશા ચીંધી દીધી. આશ્ચર્યની છતાં પરમ શ્રદ્ધાની બાબત એ છે કે ગોપીઓના પરિણીત પતિઓની શ્રદ્ધા પણ ભગવાન કૃષ્ણ ઉપરથી ડગી નહીં, ઊલટી વધુ નક્કર બની ગઈ. કારણકે તેઓ સમજી ગયા કે મૂળે તો કામની પછેવાડે રામ છે. એ રામને મુખ્ય રાખવામાં આવે તો કામ પણ ધર્મમય અને ઈશ્વરમય બની શકે છે! ભગવાને પણ ગોપીઓની આવા કામસ્વરૂપ ભગવાનની પાસેથી જરાપણ વેગળાં થવાની અનિચ્છા પર જબરો પ્રહાર કરી, તેમને પોતાના પતિ અને સંતાનો તથા ગાયો અને ગોસંતાનો તરફ વ્રજમાં જવાનું દબાણ કર્યું. આખરે ત્યાંથી ખસવાની અનિચ્છા છતાં ગોપીઓ પણ ભગવાનને હૈયામાં સંઘરી કર્તવ્યભાવે તરત વ્રજ ભણી રવાના થઈ ગઈ. પરીક્ષિત જે ધીર પુરુષ આ વ્રજ-યુવતીઓ સાથેના ભગવાન શ્રીકૃષ્ણના તેમના આ વ્યવહારની પાછળ રહેલું પરમ તત્ત્વ પરખી લઈ શ્રદ્ધા સાથે વારંવાર શ્રવણ અને વર્ણન

કરશે તે ધીર પુરુષને ભગવાનના ચરણુપરની પરમ ભક્તિ તો મળશે જ, સાથોસાથ કામવાસના પણ એવા પુરુષની ક્ષીણુ થતી જશે. આ છે આ પ્રકારે ભાગવત-શ્રવણુનું રહસ્ય. ત્યાં ભગવાન વાત્સલ્યમૂર્તિ અને એક અર્થમાં સકલ જગતની જનેતા બને છે, તો બીજા અર્થમાં વિશ્વની માતૃજાતિના વહાલસોયા શ્રી બાલકૃષ્ણુ બને છે.”

# સુદર્શનની શ્રાપમુક્તિ

શુકદેવજી કહે છે: “પરીક્ષિત ! એક વાર નંદબાબા વગેરે ગોવાળિયાઓએ શિવરાત્રીના દિવસે બળદગાડાંઓ પર બેસી અંબિકાવનની યાત્રા કીધી અને સરસ્વતી નદીમાં સ્નાન કરી ભગવાન શ્રી શંકર તથા ભગવતી અંબિકામાતાનું ઘણી હાર્દિક ભક્તિ સાથે ભાવથી પૂજન કર્યું. તે દિવસે પરમ ભાગ્યવાન નંદ, સુનંદ વગેરે ગોવાળિયાઓએ શિવરાત્રીના ઉપવાસ કરેલા. પાણીથી પવિત્ર એવી સરસ્વતી નદીને કિનારે તેઓ ખટકો રાખ્યા વિના નિશ્ચિંતપણે સૂઈ ગયા. એવામાં એક અજગરે આવી નંદબાબાને ગળવાનું શરૂ કર્યું. ગોવાળિયાઓએ બળતાં લાકડાં એ અજગરના દેહ પર ઠોકવા તો માંડ્યાં, પણ એથી તો એ અજગરે બેવડું જોર કર્યું ! બસ તેવામાં ખુદ ભગવાન કૃષ્ણુ આવી પહોંચ્યા અને તેને સ્પર્શ કરતાં જ તે અજગરમાંથી જ્યોતિપુંજ પુરુષ બની ગયો. ભગવાન શ્રીકૃષ્ણે પૂછ્યું તેથી તે પોતે સુદર્શન નામનો વિદ્યાધર ખૂબ સંપત્તિવાન હતો, એમ પરિચય આપ્યો અને કહ્યું: ‘એકદા ફરતાં ફરતાં મેં અંગિરા ગોત્રના ઋષિઓને દીઠા. તે ખૂબ કદરૂપા હતા અને મને મારા રૂપનો ઘમંડ હતો. એથી મેં એમની હાંસી કરી નાખી, તેથી તેમણે શાપ આપી દીધો અને મને અજગર બનાવી મૂકયો. આપ તો જગત-ઉદ્ધારક છો તેથી આપના ચરણુસ્પર્શને લીધે મારા

શાપ સહેજે સહેજે દૂર થઈ ગયો. હવે આપ મને મારા પોતાના દેવસ્થાનમાં જવાની રજા આપો.' એમ કહી પરિક્રમ્મા કરીને પ્રણામ પણ કર્યા. આમ સહેજ સહેજ નંદબાબા, મોટી (અજગરી) આફતમાંથી ઊગરી ગયા."

## માધવનું મધુરાદ્વૈત

અનુષ્ટુપ

મન–ચિત્ત હરાયાં છે, જેમ ગોપીગણો તણાં;
મન–ચિત્ત હરાયાં એ, તેમ જ પ્રાણી માત્રનાં. ૧

પ્રેમપૂર્ણ છતાં તેઓ, કાળ સૌ દૂષિતો તણા;
કરો એ કૃષ્ણની સૌએ, સર્વાંગીણ ઉપાસના. ૨

શુકદેવજી બોલ્યા : "પરીક્ષિત ! એક દિવસની વાત છે. અલૌકિક કર્મો કરવાવાળા ભગવાને પોતે અને એમના અંશરૂપ બલરામે એક દિવસ એકીસાથે રાગ આલાપ્યો. તે આલાપથી ગોપીઓ મુગ્ધ થઈ ગઈ. પોતાનાં વસ્ત્રોનું કે શરીરનુંયે એમને ભાન ન રહ્યું. જ્યારે બંને ભાઈઓ ઉન્મત્તના જેવી અને વ્રજગોપીઓમાં રાસની રંગત જમેલી તેવામાં એક શંખચૂડ નામનો યક્ષ આવ્યો અને બંને રાસ રમતા ભાઈઓના દેખતાં દેખતાં તે જરાય સંકોચ કે ખટકા વગર તે ગોપીઓને લઈને ઉત્તર તરફ ભાગ્યો. જે વ્રજગોપીઓને સાચા અને મુખ્ય સ્વામીનાથ આ ભગવાન શ્રીકૃષ્ણ જ છે, તે ગોપીઓ રોતી રોતી તેમને પોકારવા લાગી ગઈ. તે જ સમયે પોતાની એ પ્રેયસીઓને લઈ જનારા યક્ષ તરફ બન્ને ભાઈઓ સાલનું વૃક્ષ હાથમાં લઈ દોડ્યા અને ગોપીઓને સંબોધીને કહ્યું : 'ડરશો નહીં', તમે

જરાય ડરશો નહીં.' એમ કહેતાંક તેઓ યક્ષ પાસે પહોંચ્યા. પોતા તરફ તે બન્ને ભાઈઓને આવતા જોઈ યક્ષપુરુષ મૂઢ થઈને ગભરાઈ ગયો. ગોપીઓને ત્યાં ને ત્યાં છોડી, તે ભાગવા લાગ્યો. ભગવાન કૃષ્ણે તેના માથા ઉપર મુક્કો મારી ચૂડામણિ (જે તેના માથા પર હતો, તે) છીનવી લીધો અને શંખચૂડને મારી નાખ્યો. પછી પેલો ચૂડામણિ કૃષ્ણે ગોપીઓ સમક્ષ પોતાના મોટાભાઈ બલરામજીને આપી દીધો.

આમ હે પરીક્ષિત! ભગવાન તો ગાયો ચરાવવા વન ચાલ્યા જતા હતા. ગોપીઓનું ચિત્ત એમનામાં જ ચોંટેલું અને ચોરાયેલું રહેતું. ગોપીઓ પરસ્પર કહેતી : 'અરે સખી! સિદ્ધપત્નીઓ પણ ભગવાનનાં ગાન અને તાન ઉપર મુગ્ધ થઈ કામવશ થાય છે. એમનાં વસ્ત્રો ખસી જાય છે તે પણ એમને ખ્યાલ રહેતો નથી. શ્યામસુંદર પણ કેવા ચિત્તમોહક છે! અરે, પશુઓ પણ ઘાસ ખાવાનું છોડી એમની પાસે આવી જાય છે. એટલું જ નહીં, પણ ચોરાયેલા ચિત્તને લીધે તે એ ઘાસને નથી તો ગળે ઉતારી શકતાં કે નથી તો બહાર કાઢી શકતાં! એ ઘાસ એમના પવિત્ર મુખારવિંદમાં એમને એમ ઘાસરૂપે જ પડ્યું રહે છે અને તેઓ બંને કાન ઊભા રાખીને તરત સ્થિર ભાવે મૂંગા મૂંગા ઊભાં રહી જાય છે. કેમકે બંસરીએ તે સૌનું દિલ પૂરેપૂરું ખેંચી સ્વવશ બનાવી મૂક્યું છે!

અરે બેના! હવે તો નંદદુલારા પોતાના માથા પર મોરપીંછ મુકુટ બાંધી લે છે. વાંકડિયા વાળમાં ફૂલગુચ્છો ખોસી લે છે, રંગીન ધાતુઓથી પોતાનાં અંગો રંગી લે છે અને એવો વેશ પહેરે છે કે જાણે મોટા પહેલવાન જ એ બે ભાઈઓ હોય! ગાયો પણ એમના પર કેવી મુગ્ધ છે! અમારી માફક એ પણ એમને આલિંગન આપવા જતાં આનંદવિભોર બની જાય છે! મતલબ, જગતમાં જેટલી સુંદર વસ્તુઓ છે, તેમાં સૌથી મનમોહક આપણા આ ભગવાન શ્રીકૃષ્ણ

છે! યશોદા રાણી કેવાં સદ્‌ભાગી છે કે એમને આવાં બે બાળકો એકીસાથે સાંપડી ગયાં છે! અરે, એમના બંસીધ્વનિ પર તો બ્રહ્મા–વિષ્ણુ–મહેશ મુગ્ધ થઈ જાય છે!' આ રીતે પરીક્ષિતજી! આ બડભાગિની એવી ગોપીઓનું મન ભગવાન શ્રીકૃષ્ણમાં સતત ચોંટેલું રહે છે. જ્યારે એ નંદનદન વનમાં ગાયો ચરાવવા જાય છે ત્યારે આ જાતનું એમનું લીલાઓ રૂપી ગાન કરી ગોપીગણ મસ્ત બની જાય છે! અને એ રીતે એમના દિવસો વીતી જાય છે."

## અરિષ્ઠાસુર વ્યોમાસુર વધ

અનુષ્ટુપ

દૈત્યો નિત્ય મનુષ્યોને, દેવોનેય હણે પણ;
ઉગારે, દેવ સુમર્ત્યો, પ્રભુ કેરું કૃપાધન. ૧

માનવીય અસુરો કે, અસુરો સુરના અરિ;
સ્વકૃત્યોથી મરી અંતે, જશે સૌ દુષ્ટતા સરી. ૨

શુકદેવજી કહે છે: "આ બાજુ ગોપીઓનાં હૈયાં જિતાઈ ગયાં છે. ગોવાળિયાઓ અને એમનાં બાળકો ભગવાન કૃષ્ણ અને ભાઈ બલરામની મહાશક્તિઓની પ્રશંસા કરતાં થાકતાં નથી! તેવામાં અરિષ્ટાસુર નામનો દૈત્ય બળદનું રૂપ ધારણ કરી પોતાની નિષ્ઠુર ગર્જનાથી સૌ વ્રજવાસીઓને પજવવા લાગ્યો. ભગવાન શ્રીકૃષ્ણે એને પડકાર્યો: 'મૂર્ખ! આ ગાયો, ગોવંશ અને ગોપ–ગોપીઓને શું રંજાડી રહ્યો છે. આવ ને મારી સામે.' આ સાંભળી ગુસ્સામાં ને ગુસ્સામાં ધરતી ખોદતો અને અવાજ કરતો તે ભગવાન શ્રીકૃષ્ણને સામાન્ય કુમાર સમજી તેમના પર તૂટી પડ્યો, પણ રમત રમતમાં એને બન્ને શીંગડે પકડીને અઢાર પગલાં પાછળ પટકી પાડ્યો. ફરી

જોર કરવા લાગ્યો, પણ ફરી પટકી પાડચો અને મોંમાંથી લોહીની ઊલટી કરતો ત્યાં ને ત્યાં તે અસુર મરણશરણ થઈ ગયો. દેવોએ ફૂલ વરસાવ્યાં.

આ જ સમયે મહર્ષિ નારદ કંસ પાસે પહોંચ્યા અને 'તારાં પાકાં દુશ્મન બે બાળકો તો વ્રજમાં છે, તું અહીં શું કરે છે ?' એમ ઉશ્કેર્યો. એટલે કંસે કેશીને અને વ્યોમાસુરને આ કામ માટે મોકલ્યા, પણ તેઓની સુધ્ધાં આખરે એવી જ દશા થઈ. મારવા ગયા શ્રીકૃષ્ણને અને બલરામને પરંતુ ભગવાન શ્રીકૃષ્ણે જ તેઓને એ પાઠ આપી દીધો કે 'મારનારા જ મરે છે !...' તે જ સમયે મહર્ષિ નારદજીએ ભગવાનની સ્તુતિ કરતાં કહ્યું : 'આપ એક પછી એક આસુરી અસુર અને માનવીય અસુરોને નષ્ટ કરી આખાયે જાગતિક માનવોને માટે વસવા લાયક અને ધર્માચરણ કરી શકવા લાયક આખાયે જગતને બનાવી રહ્યા છો. હવે ટૂંક સમયમાં આપના જ શુભ હાથે ચાણુર, મુષ્ટિક, કંસના વફાદાર પહેલવાનો અને કુવલયાપીડ હાથી અને સ્વયં કંસની પણ આ જ દશા થવાની છે. ત્યારબાદ શંખાસુર, કાલયવન, મુર અને નરકાસુરની પણ એ જ દશા થવાની છે.' એમ કહી 'યુવાનીમાં હવે પછી જે આઠ પટરાણીઓની સાથે લગ્ન થશે—ત્યાં પણ એ યુવતીઓને અને એ યુવતીઓનાં વડીલો ઉપરાંત આખાયે જગતનું હિત જેમનાં મૃત્યુએ સાથે સંકળાયેલ છે તેમનો નાશ કરશો. ટૂંકમાં આપ દ્વારકાધીશ પણ બનશો તથા નૃગને શાપમુક્ત કરશો અને ઘણાં ઘણાં પરાક્રમો કરી બતાવશો. એમ છેવટે સમગ્ર પૃથ્વીનો ભાર ઉતારવા અર્જુનના સારથિ બની કુરુક્ષેત્રમાં પણ માત્ર આપની હાજરીનો જ સર્વોચ્ચ મહિમા જગતમાં પ્રસ્થાપિત કરશો. આમ તો આપ માયામુક્ત છો અને છતાં જગતજીવોનો ઉદ્ધાર કરવા માયા ને કાયાના બંધ બાંધો છો. એ રીતે આપે જગતનો ભાર ઉતારવા ભગવાન શ્રીકૃષ્ણ રૂપે આજે દેહધારીનો અવતાર ધર્યો છે. આપને ચરણે મારા કોટિકોટિ નમસ્કાર છે.'

આમ પ્રાર્થના કરીને નારદજી ગયા પછી ભગવાન કૃષ્ણને ખબર મળ્યા કે વ્યોમાસુર ગ્વાલબાલ બનીને એમની સાથે રમતો રમતાં ગોવાળિયાનાં બાળકોને ચોરી ચોરીને ગુફામાં નાખી આવે છે અને અને મોટી શિલાના બારણાથી ગુફાને બંધ કરી મૂકે છે. એટલે એને ઠેકાણે પાડીને ગ્વાલબાળકોને ગુફાઓમાંથી ભગવાન કૃષ્ણ છોડાવી લાવ્યા. આમ વ્રજવાસીઓને પરમાનંદ ચખાડતા ભગવાન કૃષ્ણ અને શ્રી બલરામ વિહરી રહ્યા છે, તેવામાં કંસના કહેવાથી મથુરામાં ભગવાનને લઈ જવાના નિમિત્તે અક્રૂરજી વ્રજમાં આવવા નીકળ્યા ! રસ્તામાં તેઓ ભગવાનના ભક્ત હોઈ આ રીતે પણ ભગવાનનાં દર્શન પામશે એવા ભાવમાં તલ્લીન બની ગયા છે. એવામાં જ ભગવાનનાં ચરણકમલોનાં ચિહ્ન(જેમાં કમલ, જવ, અંકુશ આદિ ચિહ્ન હતાં, તે) નીરખીને રથ ઉપરથી નીચે ઊતરી તે ચિહ્ન પર જ વિહ્વળ બની લોટી પડે છે ! આમ ધીરેધીરે તે ભગવદ્ભક્ત અક્રૂરજી બરાબર સંધ્યાકાળે વ્રજમાં પહોંચી ગયા…"

## અક્રૂરજીનું આગમન

અનુષ્ટુપ

વહાલાં વેરી બની જાય, ક્ષણે વેરીય પ્રિય હો;
એવા વિચિત્ર સંસારે, રાચવું શ્યે ગમે કહો ? ૧

ન્યાય, નીતિ તથા ધર્મ, આધ્યાત્મપુટવંત જો;
વ્યક્તિ સમાજ બંનેના, જીવને ઓતપ્રોત તો; ૨

સંસાર સાર એ ખેંચી, સાધક ભ્રમરો રૂપે;
તત્ત્વમધુ સુપ્રેમીને, ચખાડવા સદા મથે. ૩

શુકદેવજી બોલ્યા : "પરીક્ષિત રાજન્ ! વ્રજમાં અક્રૂરજીએ પહોંચી ગાય દોહવાના સ્થાનમાં વિરાજેલા ભગવાન શ્રીકૃષ્ણ તથા બલરામજીને દીઠા. શ્યામસુંદર શ્રીકૃષ્ણે પીતાંબર અને ગૌરસુંદર બલરામે નીલાંબર પહેરેલ હતાં. બંનેને અગિયારમું વર્ષ ચાલતું હતું. બંને બંધુઓ સૌંદર્યભંડાર હતા. શરદ કાળના કમળ જેવાં નેત્રો ઘૂંટણ લગી પહોંચતી લાંબી લાંબી ભુજાઓ, મનોહર મુખડાં અને લલિત ગતિવાળા બંને ભાઈઓ ઉદાર હતા. તેઓ ચાલે ત્યારે તેમનાં શુભ લક્ષણોવાળાં પગલાં પડતાં. મીઠું સ્મિત કરતા ચાલતા બંને ભાઈઓની ગતિ સૌને માટે આકર્ષક બની જતી ! ગળામાં વનમાળા અને મણિહાર ઝગમગતાં હતાં. એમણે હમણાં જ સ્નાન કરીને ચોખ્ખાં વસ્ત્રો પહેરેલાં હતાં. શરીર પર અંગરાગ અને ચંદનનો લેપ હતો. એ બંને અવતારી સ્વરૂપ બંધુઓને જોતાંવેંત અક્રૂરજી પ્રેમાવેગમાં આવી જઈ અધીરા બની રથમાંથી કૂદી જ પડયા અને એ બંને ભાઈઓનાં ચરણોમાં લોટી પડયા. ભગવાનનાં દર્શન થતાં અક્રૂરજીની આંખો આંસુથી છલકાઈ ગઈ. આખું શરીર રોમાંચિત થઈ ગયું. ઉત્કંઠાવશ ગળું ભરાઈ જતાં, તેઓ પોતાનું નામ પણ ન દર્શાવી શકયા.

ભગવાન અક્રૂરજીના મનોભાવ પારખી ગયા. એમણે પ્રસન્નચિત્તથી પોતાના શુભ હાથે તેમને ઉઠાડયા અને હૈયા સરસા ચાંપી દીધા ! બન્ને ભાઈઓ, એ અક્રૂરજીનો એક એક હાથ પકડીને એમને ઘેર લઈ ગયા. ભગવાને એમનું ખૂબ સ્વાગત કરીને કુશલ-મંગલ પૂછીને શ્રેષ્ઠ આસન પર બેસાડયા. અતિથિ તરીકે એમના પગ પખાળીને મધયુક્ત દહીં વગેરે સામગ્રીથી પૂજા કરી. ત્યારબાદ અતિથિજીને એક ગાય ભેટમાં આપી અને પગ દબાવીને અક્રૂરજીનો થાક દૂર કર્યો. તે પછી આદરશ્રદ્ધા સાથે અન્નભોજન કરાવ્યું. ભોજન પછી બલરામજીએ પાનબીડું આપ્યું અને સુગંધીદાર માળા

વગેરે આપી ખૂબ રાજી કર્યા. આમ પૂરું સ્વાગત થયા બાદ નંદરાય બાબાએ પૂછ્યું. 'અક્રૂરજી! નિર્દય કંસ પાસે દિવસો વિતાવવા એ તો જીવતા જીવે ઘેટાંબકરાનું કસાઈ પાસે જ રહેવા જેવું! વધુ તો શું કહું, પણ પોતાની સગીબહેન વિલાપ કરતી રહી અને એનાં બાળકોને એ પાપીએ મારી નાખ્યાં માત્ર પોતાના પ્રાણ બચાવવા માટે. આથી વધુ કઈ દુષ્ટતા હોઈ શકે? જે રાજાએ પોતાની બહેનની આ દશા કરી, એ પ્રજાની તો શી દશા ન કરે! આમ નંદબાબાની કુશલમંગલ-પૃચ્છાથી અક્રૂરજીનો બધો થાક સહજમાં ઊતરી ગયો.

શુકદેવજી કહે છે: 'સાયંકાલના ભોજન પછી ખુદ ભગવાને પણ કંસરાયનો પોતાનાં સગાંસંબંધી સાથેનો વ્યવહાર કેવો છે અને હવે કંસ શું ઇચ્છે છે, એ વિષે પૂછ્યું અને કહ્યું: 'ચાચાજી, મારે કારણે મારાં નિર્દોષ નિરપરાધી માતા-પિતાને કેટલી બધી યાતના વેઠવી પડી! હું ઘણા વખતથી ઇચ્છતો જ હતો કે મથુરાથી કોઈ આવીને આ સમાચારો સંભળાવે. હવે બોલો, આપ અહીં અત્યારે શા કારણે પધાર્યા છો?' ત્યારે અક્રૂરજીએ કહ્યું: 'ભગવન્! કંસ યદુવંશીઓને તો બરબાદ કરી નાખવા માગે છે. આ તો નારદજીના કહેવાથી જ વસુદેવજી બચી ગયા છે! પણ કંસની નિયત હજુ ઠીક નથી. અત્યારે કંસે સંદેશો તો એવો મોકલ્યો છે કે આપ ધનુષયજ્ઞમાં પધારો પણ ખરી રીતે આપ બન્નેને તે પાપી રાજા પહેલવાનો સાથે લડાવી મારી નાખવા જ માગે છે.' આ સાંભળી નિર્ભય એવા બન્ને કુમારો જોરથી હસી પડ્યા અને ત્યારબાદ એ બન્ને ભાઈઓએ પોતાના પિતાસ્વરૂપ નંદજી આગળ અક્રૂરજી અમને મથુરામાં કંસ બોલાવે છે તે માટે પધાર્યા છે, એમ પણ કહી દીધું. ત્યારે નંદરાજાએ ગોરસ ભેળું કરવા ગોવાળિયાઓને તરત કહ્યું: 'ભેટ-સામગ્રી લઈ એક્કાઓ જોડી આવતી કાલે સવારે મથુરામાં આપણે સૌ જઈશું અને કંસને ગોરસ આપીશું.

મથુરાજીમાં મોટો ઉત્સવ થઈ રહ્યો છે. તેમાં જવાનું છે’ આ ઘોષણા નંદબાબાએ આખાયે વ્રજમાં કરાવી દીધી!”

# ગોપીઓની વિરહવ્યથા

ભ્રાતા, માતા, ગુરુ, સુહૃદ, સ્વામીનાથ સગું બધું;
નિજાત્મા રૂપ જે પ્રેમી–પાત્ર; ત્યાં શેષ શું રહ્યું? ૧

દેહ હૃદય ચૈતન્ય, અર્પાયું સર્વ જેહને;
વિના મોતે થતું મૃત્યુ, તેહના વિરહાગ્નિએ. ૨

એક હોવા છતાં જેમાં, અનંતરૂપ ભાસશે;
અધિષ્ઠાન હરિ ઓમ્ તે, કર્તા–ભોક્તા નથી જગે. ૩

શુકદેવજી બોલ્યા : ‘જ્યારે ગોપીઓએ સાંભળ્યું કે અમારા મનમોહન શ્યામસુંદર અને ગૌરસુંદર બલરામ(બન્ને)ને મથુરા લઈ જવા સારુ અક્રૂરજી વ્રજમાં આવ્યા છે, ત્યારે એમનાં હૈયામાં ઘણી જ વ્યથા થઈ. તેઓ બધી વ્યાકુળ થઈ ગઈ. વાત સાચી છે કે આ એ જ ગોપીઓ છે કે જેની ક્ષણેક્ષણ એ કિશોરો (ખાસ કરીને મનમોહક શ્રીકૃષ્ણજી) વિના યુગયુગો જેવી થઈ પડતી હતી, ભગવાન કૃષ્ણ મથુરામાં જશે–એ સાંભળીને જ ઘણીખરી ગોપીઓના દિલમાં જાણે આગ લાગી ગઈ. તેને લીધે તેમનો ગરમ શ્વાસોચ્છ્વાસ ચાલવા લાગ્યો, મુખકમલ કરમાઈ ગયા, એમનાં અંગપરથી સરકતાં ઘરેણાં કે કપડાંનુંય એમને ધ્યાન ન રહ્યું. એવી એ ચેતનાહીન બની ગઈ કે જાણે શરીર અને સંસાર એ કશાનો ખ્યાલ ન રહેતાં આત્મામાં ઊંડી જ ઊતરી ગઈ. એ સૌને ભગવાન કૃષ્ણનો પ્રેમ, મધુર સ્મિત, હૃદયસ્પર્શી વાણી, એ બધું યાદ આવતાં એમાં તલ્લીન થઈ જવાયું.

આમ, એમનો વિરહ, એ બધી ગોપીઓને અસહ્ય બની ગયો. કારણ કે એમનાં હૈયાં અને એ સર્વેનાં જીવન વગેરે સર્વ કાંઈ ભગવાનને સમર્પિત હતું. તે જથ્થા ને જથ્થામાં ભેગી થઈ અને બોલવા લાગી ગઈ :

'અરે વિધાતા ! તેં અમને મેળવ્યાં તો ખરાં, પણ હજુ ખરેખર સાવ નજીક આવીએ, ત્યાં તો તું અલગ પાડવા મથે છે ! આ કેવું ? તું ક્રૂર છો, મહા ક્રૂર છો ! અમે આમાં અક્રૂરનો નહીં પણ તારો જ દોષ માનીએ છીએ અને એ કાનાને શું કહેવું ! તેને પણ વિવિધ માનવો સાથે સ્નેહ કરવાની અને પછી સ્નેહને છેહ દેવાની આદત પડી ગઈ લાગે છે. જુઓ ને, ક્ષણવારમાં એનો વ્રજસ્નેહ કયાં ઊડી ગયો ? અમે એ કપટી કાના માટે ઘરબાર છોડયાં અને મન, તન, આત્મા એના પર ન્યોચ્છાવર કર્યાં, પણ એ કાનાને કયાં એની જરા પણ કદર છે ? આજની રાતનું પ્રભાત મથુરાની સ્ત્રીઓ માટે નિશ્ચય જ મંગલકારી થશે. ઘણા દિવસની મધુર આશા ફળશે. અને એમની બુદ્ધિ આગળ ગમાર જેવી અમોને તેઓ (ભગવાન કૃષ્ણ) ચાહશે શી રીતે ? આ અક્રૂર નામે ભલે અક્રૂર હોય, પણ મોટા ક્રૂર છે ! નહીં તો ભગવાનને શા માટે અહીંથી મથુરામાં ખેંચી લઈ જાય ? અરે, એ આપણને ધીરજ પણ કયાં આપે છે ? અરે, અક્રૂરનું તો શું કહીએ, ખુદ શ્રીકૃષ્ણ પોતે જ આ રથમાં ચઢી બેઠા ! અને આ ગોવાળિયાઓ પણ એક્કાઓમાં તેમની સાથે જવા કેટલી બધી ઉતાવળ કરી રહ્યા છે ! અમારા વૃદ્ધો પણ એમની જલ્દબાજીને રોકી શકતા નથી. તેથી હવે ફરી શ્યામસુંદર જોવા કદાચ આપણે પામીશું કે નહિ, તે નિશ્ચિત કહી જ ન શકાય. એ રાસલીલાના મધુર દિવસો યાદ આવે છે, જાણે હવે સપનાની માફક એ વીતી ગયા ! ખરેખર, અમે એ પ્રિયતમ વિના શી રીતે જીવી શકીશું ?...'

શુકદેવજી બોલ્યા : 'હે પરીક્ષિત ! મોઢેથી તો આ રાતે

ગોપીઓ બોલી રહી જણાતી હતી પણ એ ગોપીઓનો એકેએક મનોભાવ ભગવાન શ્રીકૃષ્ણનાં સ્પર્શ અને આલિંગન જ કરી રહેલ હતો. તેઓ હે દામોદર ! હે માધવ ! એમ ઊંચેથી બોલી પોકારી સુલલિત સ્વરથી રોવા લાગી ગઈ હતી. રોતા રોતાં આખી રાત જ વીતી ગઈ અને સવાર થયું. અક્રૂરજી સંધ્યાવંદન [પ્રભાતનું] આદિથી નિવૃત્ત થઈ રથ પર બેસી રથને હાંકવા લાગ્યા. નંદબાબા આદિ ગોવાળિયાઓએ પણ દૂધ, દહીં, માખણ, ઘી આદિથી ભરેલાં માટલાં અને ભેટની બહુ સામગ્રી લઈ લીધી અને એક્કા ઉપર ચઢાવી એમની પાછળ પાછળ ચાલવા માંડયું. બસ, તે જ વખતે અનુરાગના રંગમાં રંગાયેલી ગોપીઓ પોતાના પ્રાણપ્રિય શ્રીકૃષ્ણ પાસે આવી. એમનું મધુર સ્મિત વગેરે જોઈ થોડી વાર તો કાંઈક સુખી થઈ અને સંદેશા માટે રથ પાસે બધી હારબંધ ઊભી રહી ગઈ. ભગવાને ગોપીઓની વિરહવેદના જોઈ કહી દીધું : 'હું જરૂર આવીશ.' એમ કહી ધીરજ આપી, પણ ગોપીઓ તો જ્યાં લગી રથની ધજા દેખાઈ ત્યાં લગી ત્યાંથી ખસી જ નહીં, જાણે ચિતરાયેલી છબીઓ કાં ન હોય ! એમનાં મન તો પોતાના મનોમોહક શ્રીકૃષ્ણમાં બંધાઈ ગયેલાં તેથી આશા હતી કે થોડે દૂર પાછા તેઓ અમારી આગળ આવી જ જવાના; પણ તેઓ તો મથુરા તરફ જવાના હતા એટલે છેવટે નિરાશ નિરાશ થઈ ગઈ. ઘેર એ બધી ગોપીઓને પરાણે જવું જ પડયું અને વારંવાર યાદ કરી કરીને વિરહભાર ઓછો કરવા લાગી ગઈ !'

શુકદેવજી બોલ્યા : 'આ બાજુ અક્રૂરજી એક બાજુ રથ ઊભો રાખી યમુનાજીમાં સ્નાન કરવા ગયા અને ગાયત્રી જપીને ડૂબકી મારી તો ત્યાં પણ ભગવાન કૃષ્ણને જોયા. એટલે થોડી વાર તો ભ્રમમાં પડી ગયા કે કદાચ રથ ઉપરથી ઊતરી અહીં મારી સાથે નહાવા આવ્યા હશે ! પણ બહાર ડોકું કાઢી રથ પર જુએ તો ત્યાં બંને ભાઈઓ વ્યવસ્થિત રીતે બરાબર બેઠા હતા. એટલે બીજી ડૂબકી મારી તો

ત્યાં પણ એમને જ જોયા અને એટલામાં તો શેષનાગ પર વિરાજ-માન એ ભગવાનને જોયા અને આખું જગત એમની સ્તુતિ કરતું પણ નિહાળ્યું. તેથી પોતે પણ ભાવપૂર્વક સ્તુતિ કરવા લાગ્યા, પણ તેવામાં જ ભગવાન અંતર્ધાન થઈ ગયા ત્યારે અક્રૂરજી યમુનામાંથી બહાર નીકળી, જલદી જલદી પ્રાતઃકર્મ પતાવી રથ પર આવી બેસી ગયા.''

## મથુરામાં આગમન

અનુષ્ટુપ

સગો અન્યાયકારી હો, લોહી-સંબંધથી ભલે!
ક્ષત્રિયો શસ્ત્ર જોરે ત્યાં, તેનો દોષ તજાવશે, ૧

સંસ્થાના માધ્યમે કિન્તુ, લોકો ને સેવકો લઈ;
ક્રાંતિપ્રિય ખરો સાધુ, સાધે તે કાર્ય ધર્મથી. ૨

બ્રહ્મચારી શુકદેવજી કહે છે: ''પરીક્ષિત! અક્રૂરજી બહાર આવીને રથમાં બેઠા કે તરત જ ભગવાન કૃષ્ણે પૂછ્યું: 'કાકાજી! આપનું આશ્ચર્યગર્ક મુખડું જોઈ મને થાય છે કે તમે પૃથ્વી, પાણી કે આકાશમાં કાંઈક અદ્‌ભુત વસ્તુ જોઈ હોય! તો ભલા કહો ને, તમે એવું તે શું જોયું કે જેથી આમ છેક આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા છો?' અક્રૂરજી કહે છે: 'પ્રભો! આ જગતમાં જે કાંઈ અદ્‌ભુતતાઓ છે, તે આપમાં છે. આપ સિવાય બીજે ક્યાંય એ અદ્‌ભુતતાઓ છે જ નહીં. કારણ, આપ સ્વયં વિશ્વરૂપ છો. પછી અહીં આપશ્રીને દીઠા બાદ બાકી જગત સમસ્તમાં જોવા જેવું છે જ શું?' બસ, આટલું બોલી અક્રૂરજીએ ઉતાવળથી રથ હાંકવા

માંડયો અને સૂર્યાસ્ત થાય તે પહેલાં તો મથુરાનગરીમાં પહોંચી જ ગયા. પરીક્ષિતજી! માર્ગમાં તો ઠેકઠેકાણે ગામડાંના અને મથુરાનગરીના લોકો એ બન્ને ભાઈઓને ધસારાબંધ મળવા આવ્યે જતા હતા અને ભગવાન શ્રીકૃષ્ણ તથા બલરામજીને એકીટસે જોવા લાગતા હતા. નંદબાબા આદિ વ્રજવાસીઓ તો પહેલેથી ત્યાં પહોંચી ગયેલા અને મથુરાનગરીની બહારના ઉપવનમાં રોકાઈ એ બે ભાઈઓની વાટ જોતા હતા. રથ આવી ગયા પછી ભગવાન શ્રીકૃષ્ણે સ્મિત કરતાં કરતાં વિનીત ભાવે અક્રૂરજીનો હાથ પ્રેમથી પોતાના હાથમાં લઈને કહ્યું: 'કાકાજી! આપ રથ લઈને પ્રથમ મથુરામાં પ્રવેશ કરો અને આપને ઘેર પધારો. અમે લોકો પહેલાં અહીં ઊતરીને નગર જોવા જઈશું. અક્રૂરજી બોલ્યા: 'પ્રભો! હું આપનો ભક્ત છું. આપના વિના મથુરામાં જઈ નહીં શકું. આપ મને ન તજો, ભગવન્! આપ બલરામજી, ગોવાળિયાઓ તથા નંદરાયજી આદિ આત્મીયજનો સાથે પધારી મારું ઘર આપની પવિત્ર ચરણ-રજથી પાવન કરો પ્રભો! મારે ઘેર પધારી મને સનાથ બનાવો. આપનાં ચરણ પખાળવાથી અગ્નિ, દેવો અને વડીલો સૌ ખુશ-ખુશ અને તૃપ્ત-તૃપ્ત થઈ જવાનાં. જેમનાં ગીતો સંતજનો પણ અહર્નિશ ગાયા કરે છે, તેવો મહાયશ મહાત્મા બલિ પામેલા તે માત્ર આપનાં ચરણો પખાળવાથી જ! અરે, મહાયશ જ નહીં, અતુલ ઐશ્વર્ય અને જે મહાપ્રેમી ભક્તની પરમ ગતિ થાય છે તેવી જ પરમ ગતિ તે બલિરાજા પામી ગયેલા. આપના ચરણ-જલરૂપ ગંગાજીએ તો ત્રણે લોકને પાવન કરી નાખ્યા જ છે. ખરેખર, એ મૂર્તિમાન પવિત્રતા જ છે! ગંગાસ્પર્શને લીધે જ સગરપુત્રોની સદ્ગતિ થઈ અને એ જ ગંગાજલને ભગવાન શિવજીએ પોતાના મસ્તક પર આરૂઢ કર્યું છે. હે યદુવંશ શિરોમણિ! આપ તો દેવોનાય આરાધ્ય દેવ છો, જગતના નાથ છો, સ્વામી છો. આપનાં ગુણ અને લીલાઓનું શ્રવણ તથા કીર્તન ઘણું ઘણું મંગલકારી છે.

ઉત્તમ પુરુષો આ જગતમાં આપના ગુણોનું સદૈવ કીર્તન કર્યા કરે છે. નારાયણ! હું આપને નમસ્કાર કરું છું.' આવી ભક્તિસભર મીઠી વાણી સુણી ભગવાન કૃષ્ણે બોલ્યા: 'કાકાજી! ચિંતા ન કરો. હું ભાઈ વગેરે સાથે આપને ઘેર જરૂર આવીશ. અને બધાં સ્વજનોને ગમે તેવું કામ પણ કરીશ. પરંતુ કાકાજી, પહેલાં આ યદુવંશના દ્રોહી એવા સરમુખત્યાર રાજવી કંસને તો નાબૂદ કરી નાખું!'

આવું સાંભળીને પ્રથમ તો અક્રૂરજી કંઈક અન્યમનસ્ક જેવા થઈ ગયા, પણ આજ્ઞા તો માનવી ઘટે તે રીતે માનીને રાજાકંસને પોતે વાસુદેવ અને બલરામને તેડી લાવ્યાના સમાચાર આપી દીધા અને પછી પોતાને ઘેર ગયા."

## કાને મથુરાને ઘેલું કર્યું

અનુષ્ટુપ

શુદ્ધ દિવ્ય જહીં સ્નેહ, નારીહૈયું પિછાનતું,
શીઘ્ર અર્પાઈ જાતું ત્યાં. ને પરં સ્થાન પામતું. ૧

પરંતુ પ્રભુ સાકાર, ધિક્કારે જોઈનેય જે;
પામશે તેનું તત્કાળ, ફળ બૂરું ખરે જ તે. ૨

શુકદેવજી કહે છે: "પરીક્ષિત! બીજે દિવસે બીજે પહોરે ભગવાન શ્રીકૃષ્ણ ભાઈ બલરામજી તથા ગોઠિયા ગોવાળિયાઓ સાથે મથુરાપુરી જોવા નીકળ્યા. તેઓ તો આ સુંદર–અતિ સુંદર–મથુરા-નગરીની વિવિધ પ્રકારની બાંધણી અને શોભા નીરખી રહ્યા હતા, પરંતુ મથુરાના નારીજગતને ખબર પડી કે ભગવાન કૃષ્ણ પોતાના ભાઈ તથા વ્રજગોવાળિયાઓ સાથે મથુરાનગરીમાં આવ્યા છે, તેથી

એમના આનંદનો પાર જ ન રહ્યો અને બધી નારીઓ ઉત્સુકતાપૂર્વક એમને જ નિહાળવા પોતપોતાની અટારીઓ ઉપર ચઢી ગઈ! જલદી જલદી જોવા આતુર કેટલીકે તો વસ્ત્રો અને ઘરેણાં ઊલટાં જ પહેરી લીધેલાં, તો વળી કેટલીક મહિલાઓ તો જોડના બદલે એક એક આભૂષણ પહેરી જોવા મંડી પડી હતી. કોઈ તો એક જ આંખે આંજણ આંજીને જોવા લાગી ગઈ હતી. કેટલીક ભોજન કરતાં કરતાં કોળિયો હાથમાંનો ફેંકી ચાલી નીકળેલી. કેટલીક પૂરું સ્નાન કર્યા વિના જેમતેમ કપડાં પહેરી નીકળી પડેલી. કેટલીક તો બપોરનો આરામ કરતી કરતી ભગવાનનું આવવું સાંભળી આંખો ચોળતી ચોળતી નીકળી પડી હતી. કેટલીક બાળકોને દૂધ પિવડાવતાં પિવડાવતાં એમ ને એમ બાળકોને મૂકીને ભગવાન શ્રીકૃષ્ણને નીરખવા દોડી આવી. મતવાલા શ્રીકૃષ્ણ બસ, મસ્તીમાં આ બધું જોતા અને સ્મિત કરતા કરતા ભાઈ બલરામ વગેરે સાથે મદોન્મત ગજરાજની પેઠે ચાલ્યા આવતા હતા. આથી નગરનારીઓ તો એ કમલનયન પ્રભુને જોઈ આનંદવિભોર બની ગઈ અને ભગવાને પણ વિલાસપૂર્ણ અને હસતી આંખોથી એ બધીયે સન્નારીઓનું ચિત્ત એકાએક ચોરી લીધું. આમ તો વ્રજની એમની લીલાઓ અને વ્રજનારીઓને ભગવાન કૃષ્ણથી મળતો આનંદ વાતોમાં એમણે સાંભળેલો, પરંતુ આજે તો આ સૌને નજરોનજર એ આનંદ માણવા મળ્યો. ભગવાને પણ તેમની પ્રબળ ઉત્સુકતાનો હાર્દિક પ્યારભરી નજર નાખી એમનાં સૌનાં દિલ હરી લઈ એવો જ સફળ પ્રત્યુત્તર વાળી દીધો. પરીક્ષિત ! એ સૌ નારીઓએ પણ ભગવાનને પોતાના મનમાં સંઘરી એમની શ્યામસુંદર છબીને પ્રેમાલિંગન એકીસાથે આપી દીધું. એ બધીય રમણીઓની ઘણા વખતની દર્શનેચ્છા એમનાં સ્નેહઘેલાં નયનોએ પેટ ભરીને તૃપ્ત કરી લીધી. એમનાં રોમે રોમ પુલકિત થયાં અને કૈક દિવસોનો વિરહાગ્નિ શાંત થઈ ગયો. અટારીઓ પર ઊભેલી નારીઓએ દેવાંગનાઓની જેમ પ્રત્યેક અટારી

પરથી પુષ્પોનો વરસાદ વરસાવી દીધો.

અહીં પરીક્ષિત ! આ માનિનીઓનાં મુખકમલો પ્રેમાવેગથી એવાં તો ખીલી ઊઠયાં કે ન પૂછો વાત ! બીજી બાજુ દરેક વર્ણના માનવસમુદાય સ્થાન સ્થાન પર દહીં, ચોખા, જલપાન, ફૂલહાર, ચંદન અને ભેટ–સામગ્રીઓ સમર્પી આનંદમગ્ન થઈ બન્ને ભાઈઓની પૂજા કરવા પ્રત્યક્ષ લાગી ગયો ! એમને જોઈ પુરવાસીઓ પરસ્પર કહેવા લાગ્યા : 'ધન્ય છીએ આપણે ! કે યોગીઓને મહાતપથી જે મૂર્તિ સ્વપ્નમાં પણ જોવા ન મળે તે આપણને સ્થૂળ આંખોથી જોવા અહીં આજે મળી ગઈ છે !' જે ધોબીએ રાજાકંસનો ખુશામતિયો નોકર હોઈ આ બન્નેનું અપમાન કર્યું તેને તરતાતરત એવો પરચો મળ્યો કે ત્યાં ને ત્યાં કપડાંની ગાંસડી તેણે એમને એમ છોડી દેવી પડી અને ધોબીને ધોખા જેવો બદલો મળ્યો અને એ ધોબીનાં વફાદાર માણસોને એમના જોગો બદલો મળી ગયો. વળી જરાક આગળ જતાં એક શ્રમજીવી અને ભક્તિસભર દરજી મળી ગયો કે એણે ભગવાનને એવા તો સુંદર ઢબે સજાવી દીધા કે અદ્ભુત–અદ્ભુત લાગવા લાગ્યા. એ દરજીએ તો માત્ર સ્થૂળ સજાવટ આપી, પરંતુ તેની અપૂર્વ ભક્તિ પરથી ભગવાને એ દરજીને સારૂપ્ય મુક્તિ આપી દીધી. એ જ રીતે સુદામા નામના માલીએ ભક્તિસભર ફૂલહાર આપ્યો તથા ગ્વાલબાલો સહિત બન્ને યુવાનોની પૂજા કરી, તો તેનું જીવન પણ પ્રેયશ્રેય બન્નેથી અજોડ બની ગયું. ગીતામાં ભગવાન કૃષ્ણે કોલ આપ્યો છે :

સાધુતા રક્ષવા કાજે, ને દુર્જનત્વ ટાળવા;
ધર્મની સ્થાપના માટે જન્મ ધરું યુગે યુગે.

પરીક્ષિતજી ! જાણે એ અહીં સાર્થક પ્રતીત થયો !

# કુબ્જાને સૌંદર્યદાન

થાય એકાગ્રતાથી જે, ભગવત્-સુસમર્પિત;
કરે તે નરનારની સૌ ચિંતા ભગવાન સ્વયં! ૧

જ્યારે સન્નારી કુબ્જા, થઈ પૂર્ણ સમર્પિત;
તે ખીલવી શકી ત્યારે, સ્વ તન, મન, ચેતન! ૨

શુકદેવજી બોલ્યા : "પરીક્ષિત! આ પછી જ્યારે ભગવાન કૃષ્ણ પોતાની સાથી-મંડલી સાથે રાજમાર્ગમાં આગળ વધ્યા ત્યાં એમણે એક એવી યુવતી જોઈ, જેનું મુખકમળ તો અતિસુંદર હતું, પણ શરીરે કૂબડી હતી. આથી એનું નામ કુબ્જા પડેલું. તે પોતાના હાથમાં ચંદનનો થાળ લઈને રસ્તા પરથી ચાલી જતી હતી. એ નારી પર કૃપા કરીને પોતાના આ અવતારના સ્વરૂપભૂત (અથવા શૃંગાર) રસનું સુખ આપવા ભગવાને ઇચ્છ્યું. આ દૃષ્ટિથી ભગવાને સ્મિત કરતાં પૂછી લીધું : 'અરે સન્નારી! તમે કોણ છો? આ ચંદન કોને માટે લઈ જઈ રહ્યાં છો? કલ્યાણી! મને સાચે સાચું કહી દો. આ ઘણું ઉત્તમ ચંદન-આ મધુર અંગરાગ અમને પણ આપી શકશો ને? એવું દાન કરવાથી તમોને ખૂબ રસ પડશે અને પરમ શ્રેય પણ થશે જ.' તરત એ પણ એવું જ મધુરું બોલી : 'અરે પરમ સુંદર પુરુષ! હું કંસની એક પરમ પ્રિય છતાં દાસી છુ કંસ મહારાજા મને માન-સન્માન બહુ આપે છે. આજે તો મારું નામ ત્રિવક્રા અથવા કુબ્જા પડી ગયું છે, પણ હું કંસજીને ત્યાં ચંદન-અંગરાગ લગાડવાનું કામ કરું છું. મારાં બનાવેલાં ચંદન અને અંગરાગ ભોજરાજ એવા મહારાજા કંસને બહુ ગમે છે. પરંતુ આપ બન્નેનાં મુખડાં જોતાં મને લાગે છે કે તમ બંધુ જોડી કરતાં આવાં ચંદન અને અંગરાગને માટે બીજું કોઈ વધુ યોગ્ય નથી જ!

એમ કહેતી કહેતી તે કુબ્જાએ જાણે બે જણ પૈકી પણ પોતાનું સર્વસ્વ ભગવાન કૃષ્ણને ચરણે ધર્યું હોય તેમ તે બધું ચંદન–અંગરાગ અને પોતાનું હૃદય સુધ્ધાં ધરી દીધું.

ભગવાન કૃષ્ણે અને બલરામે તરત તે અંગે લગાડયું અને ખૂબ શોભવા લાગ્યા. આથી અજાણ છતાં યુગયુગની પિછાન જાણે હોય તેવી કુબ્જા પર એકાએક પ્રસન્ન પ્રસન્ન થઈ ગયા. ભગવાને એ ત્રણ જગ્યાએ કુબડા શરીરવાળી કુબ્જાના પગ પર પોતાનો પગ મૂકી એ કુબ્જાસુંદરીના બન્ને પંજા દબાવ્યા અને હાથ ઊંચો કરી બે આંગળીઓ એ નારીની ડાઢી પર લગાડી અને તેણીના શરીરને જરાક ઊંચકયું. અહા, પરીક્ષિતજી! તરત ચમત્કાર જ જાણે થઈ ગયો! પહેલાં તો તેણીનાં કમર, છાતી અને ગળું ત્રણેય વાંકાં હતાં. તે બધાં સીધાં અને સમાન બની ગયાં. ભગવાનના સ્પર્શમાત્રથી તે જ પળે એક અતિસુંદર અને મોહક શરીરધારિણી મહિલા બની ગઈ. જો કે પ્રેમ અને કર્મમુક્તિનાય મહાનિયમભૂત એવા ભગવાન માટે આમાં કશી નવાઈ નહોતી જ. કારણ કે તેઓ તો સર્વદેવોના પણ પરમ દેવસ્વરૂપ છે!

આવા સુંદર શરીરધારી ભગવાન કૃષ્ણ પર તત્કાળ કુબ્જા એવી તો વારી ગઈ કે રસ્તા પર ભગવાનના દુપટ્ટાનો એક છેડો પકડી બોલી ઊઠી: 'વીરશિરોમણી! આપ મારે ઘેર પધારી મને પૂર્ણ રીતે પાવન કરો.' ભગવાને સ્મિત કર્યું. કુબ્જા સમજી ગઈ કે પોતા પર પ્રભુ પૂર્ણ પ્રસન્ન થયા છે. પ્રસન્ન થવા છતાં ભગવાન બલરામ અને સાથીઓ સામે આટલું જ સ્મિતપૂર્વક બોલ્યા: 'પહેલાં મારે તો અહીં જે માટે હું આવ્યો છું તે કામ કરવું જોઈએ ને? એમ કહી ભગવાન તો આગળ ચાલવા લાગ્યા, પણ કુબ્જાએ તો કયાંય લગી ભગવાનની ભણી ચોમેરથી જાણે જોયા જ કર્યું! કારણ કે કુબ્જાનું શરીર ભલે કુબ્જા પાસે રહ્યું હોય, પણ કુબ્જાનું દિલ તો કૃષ્ણ–દિલબરમાં હોમાઈ ચૂકયું હતું."

# ધનુષ્યભંગ

મંદાક્રાંતા

મૃત્યુ પે'લાં, મરણ ભયથી કંસ શિથિલ કીધો,
જીતી લીધી, નગરી મથુરા, સર્વને સ્નેહ દીધો;
ગોપીઓ સૌ પ્રભુવિરહથી, દુઃખ પામે છતાંયે,
જાણે સૌની, નિકટ પ્રભુ છે, એવું વેદાઈ જાયે !

અનુષ્ટુપ

દુષ્ટતાને દિયે દંડ, ને પૂજે સુષ્ઠુતા અતિ;
સર્વેશ્વર, અહો કૃષ્ણ; દેવોના દેવ શ્રીપતિ.

બ્રહ્મચારી શુકદેવજી કહે છે : "પરીક્ષિત ! મીઠી મીઠી વાતો કરી કુબ્જાને વિદાય આપ્યા પછી તેઓ (ભગવાન કૃષ્ણ અને બલરામ બન્ને પોતાના સાથીજનો સહિત) વ્યાપારીઓના બજારમાં પહોંચ્યા, ત્યારે એ વ્યાપારીજનોએ એ બન્ને વીર ભાઈઓને પાનબીડાં, હાર, ચંદન, વિવિધ પ્રકારની આકર્ષક ભેટો ધરી ધરીને સેવાપૂજા કરી. ભગવાન કૃષ્ણના દર્શનમાત્રથી સૌ સન્નારીજનોનાં હૃદયોમાં પ્રેમાવેગ તરત ઊભરાઈ આવતો જણાતો, મિલનની ઇચ્છા જાગી ઊઠતી. એટલી હદ સુધી કે એમને પોતાના શરીરની સુધબૂધ પણ રહેતી નહોતી ! એ બધી સન્નારીઓનાં વસ્ત્રો વગેરે જાણે સાવ ઢીલાંઢીલાં બની જતાં અને તેઓ બધાંયે ચિત્રની જાણે મૂર્તિઓ હોય એવી બનીને જ્યાં શ્રીકૃષ્ણને દેખે ત્યાં ઊભી જ રહી જતી હતી !

આ પછી નિર્લેપ એવા એ ભગવાન શ્રીકૃષ્ણ મથુરાનગરીના વાસીઓને ધનુષ્યયજ્ઞનું સ્થાન પૂછતા પૂછતા રંગશાળામાં પહોંચ્યા અને એમણે ત્યાં રાખવામાં આવેલા ઇંદ્રધનુ જેવા એક અદ્દભુત ધનુષ્યને

જોયું. એ ધનુષ્યને બહુમૂલ્ય અલંકારોથી સજાવેલું હતું. એની ખૂબ પૂજા થયેલી હતી અને ઘણા ઘણા સૈનિકો એની રક્ષા કરતા હતા. એ રખેવાળ સૈનિકોના રોકવા છતાં ભગવાન કૃષ્ણે પરાણે એ ધનુષ્યને ઉપાડી લીધું. ડાબા હાથે એ હેતુપૂર્વક ઉઠાવ્યું, એના ઉપર દોરી ચઢાવી અને એક ક્ષણમાં ખેંચીને વચ્ચોવચ્ચથી જેમ મદોન્મત્ત હાથી શેરડીના ટુકડા કરે તેમ ટુકડા કરી નાખ્યા. એ તૂટવાથી એના શબ્દે પૃથ્વી, દિશાઓ અને આકાશમાં જબરો પડઘો પડ્યો! એ અવાજ સાંભળી ખુદ કંસ રાજા પણ ભયભીત થઈ ગયો! ધનુષ્ય આ રીતે તૂટતાં એના રખેવાળ આતતાઈ અસુરો તો બધા શ્રીકૃષ્ણ અને સાથીઓ પર એવા તો બગડ્યા કે ભગવાન શ્રીકૃષ્ણને ફરતા ઘેરીને ઊભા રહી ગયા અને એમને પકડવાની ઇચ્છાએ બરાડવા લાગી ગયા. બોલવા લાગ્યા: 'આને પકડી લો, બાંધી લો, જો જો, જવા ન પામે.' એમનો આ દુષ્ટ અભિપ્રાય જાણ્યા પછી બલરામ અને શ્રીકૃષ્ણને પણ થોડોક ક્રોધ તો આવી જ ગયો અને એમણે એ ધનુષ્યના ટુકડા ઉઠાવી એનાથી જ એમનો અને એમની કુમક માટે મોકલેલી બીજી સેનાનો ખુરદો જ બોલાવી નાખ્યો! અને એ કામ ઝટ ઝટ પતાવી એ યજ્ઞશાળાના મુખ્ય બારણેથી બંને ભાઈ બહાર નીકળી આવ્યા અને ખૂબ મોજપૂર્વક મથુરાનગરીની શોભા નિહાળતાં નિહાળતાં વિહરવા લાગી ગયા.

જ્યારે નગરીનિવાસીઓએ બંને ભાઈઓના આ અદ્‌ભુત પરાક્રમની વાત સાંભળી અને એ બેઉ ભાઈઓનાં તેજ, સાહસ તથા અનુપમ રૂપને જોયાં, ત્યારે એ બધાંઓએ મનથી નક્કી કરી લીધું કે માનીએ કે ન માનીએ પણ ખરેખર આ બે કિશોરો સામાન્ય માનવ નથી, પણ માનવશરીરમાં આવેલા આ ઉત્તમોત્તમ દેવો જ છે! આ રીતે ભગવાન કૃષ્ણ અને ભાઈ બલરામજી બંને જાણે પૂરી સ્વતંત્રતાની સાથે મથુરામાં વિચરવા લાગ્યા. જ્યાં સૂર્યાસ્ત થયો કે

બંને ભાઈ ગોવાળિયાઓ સાથે નગરની બહાર પોતાના મુકામ પર કે જ્યાં બધા એક્કાઓ રાખ્યા હતા ત્યાં આવી પહોંચ્યા. પરીક્ષિત! ત્રણેય લોકના મોટા મોટા દેવો તો ચાહતા હતા કે લક્ષ્મીજી પોતપોતાને મળે, પરંતુ લક્ષ્મીજીએ તો બધાંનો પરિત્યાગ કરી એકમાત્ર ભગવાનને જ પસંદ કર્યા અને એવાં એ લક્ષ્મીજીએ સદાને માટે ભગવાનમાં જ નિવાસ બનાવી દીધો, એવા એ પુરુષભૂષણ ભગવાન શ્રીકૃષ્ણના અંગેઅંગના સૌંદર્યને નીરખે, એ મથુરાવાસીઓનું કેટલું મોટું સૌભાગ્ય કહેવાય! વ્રજમાંથી વિદાય લેતી વેળાએ ગોપીઓએ વિરહાતુર થઈ 'મથુરાવાસી ખરેખર ભાગ્યશાળી છે!' એ પ્રકારની જે જે વાતો કરી, તે સાચી ઠરી ચૂકી. ખરેખર મથુરાવાસીઓ ભાગ્યશાળી અને પરમાનંદ મગ્ન બની ચૂકયાં! હવે પરીક્ષિત! યમુનામાં હાથપગ ધોઈને શ્રીકૃષ્ણ અને બલરામજીએ દૂધથી બનેલા ખીર આદિ પદાર્થોનું પ્રેમથી ભોજન કર્યું અને ધનુષ્યભંગનું જાણ્યા પછી હવે કંસ પોતે શું કરવા ઇચ્છે છે, તે વાતનો પત્તો મેળવી તે રાતે તો બંને ભાઈઓ ત્યાં જ સૂઈ ગયા!"

## અપશુકનોની અકળામણ

નડે સ્વયં દગાખોરી, દગો ન કોઈનો સગો;<br>
સ્વદગાથી દગાખોર, દગાભોગ બની જતો. ૧

મૃત્યુ દેનારને સૌથી, પે'લાં મૃત્યુ જ મારશે;<br>
અનુભવો કરાવી દે, ડરાવી અપશુકને. ૨

શુકદેવજી બોલ્યા: "રાજા પરીક્ષિત! કંસે જ્યારે સાંભળ્યું કે શ્રીકૃષ્ણ અને બલરામ એ બંને ભાઈઓએ ધનુષ્ય તોડી નાખ્યું અને

રક્ષકો તથા એમની મદદ માટે મોકલેલ સેનાનો પણ સંહાર કરી નાખ્યો અને તે માત્ર એ બે ભાઈઓને મન તો રમત જેવું હતું! એમ કરવામાં એ બે ભાઈઓને કશી તકલીફ ન ઉઠાવવી પડી કે ન કાંઈ મહેનત કરવી પડી! ત્યારે તે ખૂબ ડરી ગયો. તે દુર્બુદ્ધિને ક્યાંય લગી નિદ્રા જ ન આવી. હે પરીક્ષિત! એને જાગતાં અને સ્વપ્નમાં એવા અપશુકનો દેખાયા કે 'જે એના મૃત્યુસૂચક જ હતા. દા. ત. પાણીમાં કે દર્પણમાં એને પોતાની કાયા પ્રતિબિંબિત થયેલી દેખાતી તો ખરી જ પણ માથું દેખાતું નહોતું. માત્ર ધડ જ નજરે પડતું હતું! આંગળી વગેરેની આડ ન હોવા છતાં કંસને ચંદ્રમા, તારા કે દીપક આદિના પ્રકાશો બેવડા દેખાવા લાગી ગયા. એટલું જ નહીં બલકે છાયામાં એને છિદ્રો પણ દેખાવા લાગ્યા. કાનોમાં આંગળી નાખે તોય પ્રાણોનો ધૂં ધૂં અવાજ એને નહોતો સંભળાતો. વૃક્ષો બધાં અમુક રંગનાં દેખાતાં હતાં અને રેતીમાં કે કીચડમાં પોતાના પગનાં ચિહ્ન નહોતાં દેખાતાં! કંસે સ્વપ્નમાં પણ જોયું કે, તે કોઈ પ્રેતોના ગળે લાગેલો છે. ગધેડા પર ચઢીને જાય છે અને વિષ ખાઈ રહેલ છે. એનું આખુંયે શરીર તેલમાં તરબતર બન્યું છે. ગળામાં જપાકુસુમની માળા છે અને નગ્ન થઈને ક્યાંક જાય છે. આમ સ્વપ્નમાં કે જાગૃતિમાં કંસે આ જ પ્રકારના બીજા પણ ઘણા અપશુકન જોયા. આ કારણે કંસને ઘણી મહાન ચિંતા થવા લાગી. તે મૃત્યુથી છેક ડરી ગયો અને એને નિદ્રા પણ આખી રાત ન જ આવી.

પરીક્ષિત! જ્યારે રાત વીતી ગઈ અને જ્યારે સૂર્યનારાયણ ઉદયમાન થયા ત્યારે રાજા કંસે દંગલ (કુસ્તીનો) મહોત્સવ આરંભાવ્યો. રાજકર્મચારીઓએ રૂડી રીતે રંગભૂમિની સજાવટ કરાવી. ભેરી વગેરે વાજાં વાગવા લાગ્યાં. લોકોને બેસવાનો માંચડો, ફૂલ, ગજરા, નાનામોટા ઝંડા, વસ્ત્રો વગેરેથી સજાવી દેવાયો, જેના ઉપર બ્રાહ્મણ, ક્ષત્રિય આદિ નગરજન તથા ગ્રામીણજન યથાસ્થાને

બેસી ગયા. મિત્ર અને ખંડિયા નાનામોટા રાજા પણ પોતપોતાના નિશ્ચિત સ્થાને બેસી ગયા. કંસ રાજા નાનામોટા રાજા બેઠેલા તે બધાની વચ્ચોવચ્ચ પોતાના મંત્રીઓ સાથે જઈ બધાથી ઊંચેરા શ્રેષ્ઠ રાજસિંહાસન પર જ જઈ બેઠો. એ સમયે પણ અપશુકનોને કારણે કંસનું ચિત્ત તો ખૂબ ગભરાયેલું હતું જ. આ જ વખતે પહેલવાનોના તાલ (જાંઘ) ઠોકવાની સાથોસાથ વાજાં વાગવા લાગ્યાં અને ગર્વિષ્ઠ પહેલવાનો ખૂબ બનીઠનીને તરત પોતપોતાના ઉસ્તાદોની સાથે અખાડામાં ઊતરી આવ્યા. ચાણુર, મુષ્ટિક, કૂટ, શલ અને તોશલ વગેરે જે સૌથી શ્રેષ્ઠ પહેલવાનો હતા તેઓ વાજાંઓના મીઠા મધુર અવાજોથી પ્રોત્સાહિત થઈને અખાડામાં આવી આવીને બેસી ગયા. બસ, એ જ વખતે ભોજરાજ કંસે નંદ વગેરે ગોવાળિયાઓને ત્યાં આમંત્રી લીધા. એ બધા ગોવાળિયાઓએ જુદા જુદા પ્રકારની વ્રજથી લાવેલી ભેટો આપી અને પછી તે બધા મંચ ઉપર જઈને પોતપોતાના સ્થાને બેસી ગયા."

## કંસવધ

પૈશાચિક મનોવૃત્તિ, પશુમાં સંગદોષથી;
સંગગુણે થતી તેમ મર્ત્યતા દિવ્યતા તહીં; ૧

ખુદ પ્રભુ તણા સંગે, દશા જે થાય તે ભલી;
જિવાડે કે પ્રભુ મારે તારવા કાજ ભાવથી. ૨

શુકદેવજી બોલ્યા: 'પરીક્ષિતજી ! ભગવાન શ્રીકૃષ્ણ અને બલરામજી શૌચ આદિ કામને લીધે જરા મોડા પડ્યા હતા. નંદબાબાની સાથે તેઓ અખાડાવાળી એ રંગભૂમિ પર આવ્યા

નહોતા. જ્યારે પહેલવાનોએ બરાબર પોતાનું દંગલ શરૂ કર્યું, તેવામાં તે બંને ભાઈઓ ત્યાં આવ્યા તો ખરા, પરંતુ એમણે જોયું કે 'કુવલયાપીડ હાથી બરાબર રસ્તા વચ્ચે ઊભો છે ! ત્યારે તેઓએ તેને પડકારતાં કહ્યું : 'મહાવત ! ઓ મહાવત ! અમારા માર્ગમાંથી બાજુ પર હટી જા અને અમને રસ્તો આપી દે. સાંભળતો નથી ? ઝટ કર, ઝટ કર, નહીં તો હું આ હાથીની સાથોસાથ તને પણ યમરાજને ઘેર પહોંચાડી દઉં છું.' પણ મહાવતે તે ન માનતાં ઊલટું પોતાના હાથીને અંકુશ મારી ખીજવી ભગવાન શ્રીકૃષ્ણજી સામે જ આગળ ધપાવ્યો.

આમ તો એ હાથીએ કૃષ્ણને પોતાની સૂંઢમાં લપેટી લીધા, પરંતુ ભગવાન કૃષ્ણ પાતળા બનીને બહાર સરકી આવ્યા અને એને એક ઠોસો લગાવી પછી એ હાથીના પગની વચ્ચે જઈને છુપાઈ ગયા. પ્રભુને પોતાની સામે ન જોતાં કુવલયાપીડને ઘણો ક્રોધ ઊભરાઈ આવ્યો અને તેણે ભગવાનને સુંઘી પોતાની સૂંઢથી ફરીથી પકડી લીધા. પરંતુ ભગવાને જોર કરીને તરત પોતાની જાતને છોડાવી લીધી. પછી હાથીની પૂંછડી પકડીને ભગવાન કૃષ્ણ જોતજોતામાં ગરુડ જેમ સાપને ઘસડી લાવે છે, તેમ એ કુવલયાપીડ હાથીને સો ફૂટ લગી ઘસડી લાવ્યા. સ્વયં ભગવાન જેમ વ્રજમાં વાછડા સાથે ખેલતા હતા તેમ આ કુવલયાપીડ જેવા મહાન હાથી સાથે પણ ભગવાન કૃષ્ણ ખેલવા લાગી ગયા ! પેલો હાથી ડાબી બાજુ પકડવા જાય, ત્યાં તેઓ જમણી બાજુ આવે અને જમણી બાજુ પકડવા જાય ત્યાં તેઓ ડાબી બાજુમાં આવી જાય ! જેવો તે હાથી એમને ધરતી પર પડેલા જાણી પોતાના બે મજબૂત દાંત એમને મારવા જાય, ત્યાં તો ભગવાન ક્યાંના ક્યાંય પહોંચ્યા હોય ! છેવટે ક્રોધાવેશમાં આવી તે ભગવાન પર તૂટી પડ્યો. પરંતુ મધુ દૈત્ય જેવાને પછાડનાર ભગવાન પાસે આવો મોટો હાથી પણ શી વિસાતમાં છે ? હવે ભગવાને એ હાથી પાસે જઈને પોતાના એક હાથથી એની સૂંઢ પકડી એના

દાંત જ ઉખેડી નાખ્યા અને એ દાંતથી જ હાથી અને મહાવત બંનેને ઠેકાણે કરી નાખ્યા અને ત્યાં જ બંનેને મરેલા છોડી બંને દાંત સાથે તેઓ રંગભૂમિમાં પ્રવેશ્યા. બસ, અત્યારે સૌને એ કૃષ્ણ ભગવાનમાં બધા જ રસોનો જુદી જુદી રીતે પ્રત્યક્ષ અનુભવ થઈ ચૂકયો. છેવટે, ચાણૂર, મુષ્ટિક આદિ પહેલવાનો ઉપરાંત મામા કંસને પણ ઠેકાણે કરી નાખ્યા અને બંને ભાઈઓએ ત્યાંથી જેલમાં જઈને પોતાનાં માતાપિતા વસુદેવ-દેવકીજીને જેલબંધનથી છોડાવ્યાં અને પોતાનાં મસ્તક બંનેનાં ચરણમાં નમાવી એ બંનેની ચરણરજ માથે ચઢાવી વંદના કરી. એ પછી બંને હાથ જોડી ઊભા રહી ગયા !"

## કર્તવ્યપૂર્તિ

અનુષ્ટુપ

સ્નેહ વિનોદે નિઃસંગી શુદ્ધ શૃંગારી યૌવન;
જોયું, જાણ્યું અને માણ્યું, શ્રીકૃષ્ણપ્રભુ-જીવન. ૧

વ્રજ ને દ્વારિકા વચ્ચે, પરાયાં પોતીકાં જનો;
તજ્યો ત્યાં મોહ, કર્તવ્ય સંબંધો સાચવ્યા, અહો!! ૨

ગૌરવ ન્યાયસંપન્ન આજીવિકા વિશુદ્ધને;
આત્મકિરણના રૂપે આત્મ-વિચાર ઉદ્ભવે. ૩

બ્રહ્મચારી શુકદેવજી કહે છે: "રાજા પરીક્ષિત! ભગવાન કૃષ્ણે વિચાર્યું કે હવે જ્યારે માનવાવતાર લીધો છે, ત્યારે પોતા પ્રત્યે માતા-પિતા (વસુદેવ-દેવકીજી) ભગવદ્ભાવ જ જો રાખશે તો એમના સ્નેહ-વાત્સલ્યનું પરસ્પર સંવેદન નહીં થાય, એમ ધારી તેઓએ વસુદેવ-

દેવકી પર પોતાની યોગમાયાને પ્રેરી અને એમની પાસે વડીલ ભ્રાતા બલરામજીની સાથે જઈ નમ્ર વાણીમાં બોલ્યા : 'અમે બન્ને ભાઈઓ આપનાં જ બાળક હોવા છતાં અમારાં બચપણ અને કૌમારાવસ્થા મોટે ભાગે વ્રજમાં વીત્યાં જેથી અમારું હેત આપને અને આપનું મીઠું વાત્સલ્ય અમને દુર્દૈવવશાત્ નથી મળી શક્યું. ખરેખર જોઈએ તો, આ પાર્થિવ માનવશરીરને પિતા–માતા જ જન્મ આપે છે અને ઘણું ઘણું લાલનપાલન કરે છે, ત્યારે માંડ આ મર્ત્ય શરીર ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિનુ સાધન બની શકે છે. માણુસ સો વર્ષ જીવી મા–બાપની ખૂબ ભક્તિપૂર્ણ સેવા કરે તો પણ શું એમના અનહદ ઉપકારોનો બદલો વાળી શકે ? ના, બિલકુલ નહીં ! તે ખરેખર અસંભવિત છે. જે સંતાન ન સામર્થ્યશાળી હોવા છતાં પોતાનાં મા–બાપની તન–ધનથી સેવા ન કરે તેવા સંતાનને તેનું મૃત્યુ થયા બાદ યમદૂતો તેના જ શરીરનું માંસ ખવડાવે છે. જેઓ વૃદ્ધ માબાપ, સતીરૂપ ધર્મપત્ની, બાલક-સંતાન, ગુરુ, બ્રાહ્મણ અને શરણાગતનું ગૌરવપૂર્ણ રીતે ભરણ–પોષણ ન કરે, તે ભલે જીવતા હોય, તોયે મુડદા સમાન જ છે. આમ હે પરમ પૂજ્ય ! અમારા આટલા દિવસો ખરેખર નકામા જ (વ્યર્થ જ) વીતી ગયા. કેમકે કંસના ભયથી સદા ઉદ્વિગ્ન ચિત્ત રહેવાને લીધે અમો આપની સેવા કરવા માટે અસમર્થ જ રહ્યા. ઓ માતાપિતા ! આપ બન્ને એ માટે અમને ક્ષમા કરો. દુષ્ટ કંસે આપ બન્નેને આટઆટલાં કષ્ટો આપ્યાં, પરંતુ અમે દૂર અને પરતંત્ર જેવા હોવાને કારણે આપની કોઈ જ સેવાશુશ્રૂષા નથી કરી શક્યા !'

પરીક્ષિતજી ! આ મુજબ જ્યારે ખુદ ભગવાન જ બોલ્યા, તેથી તે માબાપરૂપ વસુદેવ–દેવકીજીએ તરત બન્ને બાળકોને ઉઠાવી વાત્સલ્યભાવથી હૃદય સાથે ખૂબ ચાંપી લીધા. પરીક્ષિત ! આ

વખતે એમને અસીમ આનંદનો અનુભવ થયો. તેઓ સ્નેહવશ પૂર્ણ મોહિત થયાં અને હર્ષાશ્રુધારાઓથી તે બન્ને બાળકોનો અભિષેક કરવા લાગી ગયાં. તેઓ એવાં ભાવસભર થયાં કે કશું બોલી જ ન શક્યાં! દેવકીનંદન ભગવાને પોતાનાં માબાપને દિલાસો આપ્યા પછી પોતાના નાનાજી ઉગ્રસેનને યદુવંશીઓના રાજા બનાવ્યા અને કહ્યું: 'મહારાજા! અમે સૌ આપની પ્રજા છીએ. આપ અમારા પર શાસન કરો. રાજા યયાતિનો શાપ હોવાને કારણે યદુવંશી કોઈ રાજસિંહાસન પર નથી બેસી શકતો. વળી મારી એવી જ ઇચ્છા છે જેથી આપને કોઈ દોષ નહીં લાગે અને હું સેવક બનીને આપની સેવા કરતો રહીશ, ત્યારે બીજા રાજાઓના વિષે તો કહેવું જ શું? મોટામોટા દેવો પણ માથું નમાવી આપને ભેટો આપશે.'

ભગવાન શ્રીકૃષ્ણ જ આખાયે જગતના વિધાતા છે. કંસભયે જે અહીંથી ભાગેલા તે યદુ, વૃષ્ણિ, અંધક, મધુ, દાશાર્હ અને કુકુર આદિ વંશોમાંના સમસ્ત સજાતિનાઓને શોધી શોધી પાછા બોલાવ્યા. એ બધાને ઘર બહાર રહેવાનું થવાથી ઘણાં કષ્ટો વેઠવાં પડેલાં. ભગવાને એમનો પૂરો સત્કાર કર્યો ને દિલાસો પણ દીધો. ઘણી ઘણી ધનસંપદા આપી તૃપ્ત કર્યા તેમજ પોતપોતાનાં મૂળ ઘરોમાં વસાવ્યા. હવે શ્રીકૃષ્ણ તથા બલરામજીના બાહુબળે બધાં સુરક્ષિત હતાં. તેઓ કૃતાર્થ થયાં. ભગવાન તો કદી ન સુકાય એવી જાતના કમલરૂપ હતા. પરીક્ષિતજી! હવે તે બંને ભાઈઓ નંદબાબા કને આવ્યા અને કહ્યું: 'પિતાજી! આપે અને માતુશ્રી યશોદાજીએ અમારું જે સ્નેહ અને આત્મીયતાથી લાલનપાલન કર્યું છે, તે ભુલાય તેવું નથી. હવે આપ સૌ વ્રજવાસીજનો વ્રજમાં પધારો. હવે અમારે આપના ઉપરાંત અમારાં પૂજ્ય માબાપરૂપ વસુદેવ-દેવકીજી પ્રત્યેનું તથા લોહીનાં કુટુંબીજનો પ્રત્યેનું ઋણ પણ સેવારૂપે ચૂકવી આપવાનું છે. આપના નિઃસ્પૃહ સ્નેહને લીધે અમે વારંવાર વ્રજવાસીઓને

સ્નેહસભર રીતે મળવા આવીશું અને ભાળ-સંભાળ રાખશું.' આટલું સાંભળતાં જ સૌની આંખોમાં હર્ષાશ્રુ અને વિરહાશ્રુ ટપકવા લાગ્યાં અને સૌએ વ્રજની વાટ પકડી લીધી."

## આશ્રમી શિક્ષણ અને ગુરુ-દક્ષિણા

અનુષ્ટુપ

અવતાર ધરી જાણે, આદર્શ સત્ય-મર્ત્યનો;
રજૂ કરે પ્રભુ પોતે, શીખી-વર્તી ખરેખરો. ૧

યમદ્વારે ગયેલાંયે, ત્યાંથી પાછાં ફરી શકે;
પ્રભુની જો દયા થાય, તો ન એમાં નવાઈ છે ! ૨

જૈન-વૈદિક બન્નેની કક્ષા છે ભિન્ન આમ તે;
ઊંચી એક, નીચી બીજી ઉતાર-અવતાર એ. ૩

બ્રહ્મચારી શુકદેવજી બોલ્યા : 'રાજન્ પરીક્ષિત ! આ પ્રમાણે વસુદેવજીએ, પોતાના બન્ને બાળકોને પોતાના પુરોહિતાગ્રણી ગર્ગાચાર્ય તેમજ બીજા સમાજસેવી બ્રાહ્મણો દ્વારા વિધિપૂર્વક દ્વિજને પાત્ર વિધિપૂર્વક યજ્ઞોપવીત સંસ્કાર વગેરે કરાવ્યું. એ રીતે જુદા જુદા પ્રકારનાં વસ્ત્રો અને આભૂષણો સાથે એ બધા બ્રાહ્મણોને ઘણી ઘણી દક્ષિણા અને વાછડીવાળી સુંદર ગાયોની ભેટ આપી. એ ગાયો પણ એવી સુંદર, બહુ દૂધ દેવાવાળી અને માનીતી હતી કે એ ગાયોના ગળામાં પણ સોનાની માળાઓ, આભૂષણો અને રેશમી વસ્ત્રોના ઓઢણુંથી તેઓને પણ વસુદેવજીએ વિભૂષિત બનાવી હતી. મહાન બુદ્ધિશાળી એવા વસુદેવજીએ ભગવાન કૃષ્ણ અને બલરામજીના જન્મ-

નક્ષત્રમાં મનોમનથી સંકલ્પ કરીને જેટલી ગાયો બ્રાહ્મણોને આપેલી, તે કંસ રાજાએ બેઈમાની કરી છીનવી લીધી હતી તે બધું સંભારણું તાજું કરી હવે ફરીથી તે સુયાચક બ્રાહ્મણોને સુપ્રત કરી દીધી. આ પ્રમાણે યદુવંશના: આચાર્ય શ્રી ગર્ગાચાર્ય દ્વારા સંસ્કારો થતાં બલરામજી તથા ભગવાન કૃષ્ણ (એમ બંને જણ) પૂરું બ્રાહ્મણપણું પામી ગયા. એમનું બ્રહ્મચર્યવ્રત અખંડ તો હતું જ, પણ હવે એ ગાયત્રીપૂર્વકનું અધ્યયન કરવા સારું ખાસ નિયમપૂર્વક સ્વીકાર્યું.

પરીક્ષિતજી! ખરી રીતે તો શ્રીકૃષ્ણ અને બલરામ જગતના એકમાત્ર સ્વામી છે, સર્વજ્ઞ છે. આમ તો, બધી વિદ્યાઓ પોતે એમાંથી (ભગવાનમાંથી) જ નીકળી છે, એમનું નિર્મલ જ્ઞાન આપમેળે સિદ્ધ છે, તોપણ એમણે મનુષ્ય જેવી લીલા કરી એ બધી વિદ્યાઓને છુપાવી રાખી હતી. આ પછી પરીક્ષિત! ગુરુકુળમાં નિવાસ કરવાની ઇચ્છાથી, તેઓ અવન્તીપુર(ઉજ્જૈન)માં કશ્યપગોત્રીય સાંદીપનિ નામના આચાર્ય પાસે ગયા અને વિધિપૂર્વક એ ગુરુ પાસે બંને ભાઈઓ રહેવા લાગ્યા. ત્યારે તેઓ ઘણા સુસંયત રહી પોતાની બધી ચેષ્ટાઓને સર્વ પ્રકારે સંયત-નિયમિત રાખ્યા કરતા હતા. જો કે ગુરુજી તો એમનો આદર કરતા જ હતા, પણ ભગવાન કૃષ્ણ અને બલરામજી પણ ગુરુની સેવા કેમ કરવી ઘટે, એ દાખલો આમ પ્રજા સામે રાખી ઊંડી ભક્તિથી ભગવાનની જેમ ગુરુદેવની સેવા કરવા લાગ્યા. આવી મહાસેવાથી સાંદીપનિ ઋષિ ખૂબ રાજી થયા. એમણે એ બંને ભાઈઓને છએ અંગ અને ઉપનિષદો સહિત સંપૂર્ણ વેદોનું શિક્ષણ આપ્યું. એ સિવાય પણ મંત્ર અને દેવતાઓના જ્ઞાનસહિત ધનુર્વેદ મનુસ્મૃતિ આદિ ધર્મશાસ્ત્રો, મીમાંસા વગેરે વેદોનું તાત્પર્ય દર્શાવતાં શાસ્ત્રો, તર્કવિદ્યા (ન્યાયશાસ્ત્ર) આદિનું પણ શિક્ષણ આપ્યું. ઉપરાંત ક્યાં સંધિ, ક્યાં લડાઈ, ક્યાં ચઢાઈ, ક્યાં સ્થિરતા, ક્યાં ભેદ, ક્યાં આશરો વગેરે કરવાં એટલે કે સંધિ, વિગ્રહ, યાન, આસન, દ્વૈધ અને આશ્રય એમ છએ પ્રકારની રાજનીતિ પણ

શીખવી દીધી. જો કે હે પરીક્ષિત! ઇશ્વરાંશરૂપે તો તેઓ (શ્રીકૃષ્ણ અને બલરામ) પોતે જ સારીયે વિદ્યાઓના પ્રવર્તક છે, પરંતુ આ વખતે લોકોને દાખલારૂપ બનવા માટેનો આ બધો વ્યવહાર તેઓ બંને બરાબર કાળજીપૂર્વક કરી રહ્યા હતા. એક વાર ગુરુઓના કહેવા-માત્રથી તથા ઇશારા-માત્રથી બધી જ વિદ્યાઓ તેમણે શીખી લીધી. કેવળ ચોસઠ દિવસોમા જ એ બન્ને સંયમી-શિરોમણિ ભાઈ-ઓએ ચોસઠે ચોસઠ કળાઓને પ્રાપ્ત કરી લીધેલી!

અધ્યયન—સમાપ્તિ પછી બંને ભાઈઓએ સાંદીપનિ ઋષિને જે ઇચ્છા હોય, તે દક્ષિણા માગવા કહ્યું. ઋષિજી તો આ બંનેનો ઈશ્વરી મહિમા જાણતા હતા, જેથી પોતાનાં ધર્મપત્નીની સલાહ લઈને એવી ગુરુદક્ષિણા માગી લીધી કે, પ્રભાસક્ષેત્રમાં અમારો બાળક ત્યાંના દરિયાએ ખૂંચવી લીધો છે તે તેની પાસેથી અપાવો. તેઓ બન્ને ખરેખર ત્યાં ગયા અને માગણી કરી ત્યારે મનુષ્ય—વેશધારી સમુદ્રે કહ્યું, 'ભગવન્! મેં એ બાળકને નથી ખૂંચવ્યો, પણ મારા જળમાં શંખરૂપે પંચજન નામનો એક ભારે દૈત્ય રહે છે, કદાચ તેણે એ બાળકને ચોરી લીધો હોય!' પણ ત્યાં એ બાળક ન મળ્યો. તેથી તેઓ બંને ભાઇઓ 'યમપુરી' 'સંયમની' તરફ ગયા. ત્યાં તો ખુદ 'યમરાજે' સેવામાં આવી કહ્યું : 'મારા યોગ્ય સેવા ફરમાવો! આપ તો ખુદ ભગવાન છો. માત્ર મનુષ્ય—લીલારૂપે આ બધું કરો છો, એ હું જાણું છું.' ભગવાને ગુરુબાળક માગ્યું અને યમે લાવીને પાછું સોંપ્યું. તેઓએ ઉજ્જૈન આવી ગુરુચરણે તેને સુપ્રત કરી વીનવ્યું : 'હજુ જે જોઇએ, તે દક્ષિણા માગો.' ગુરુએ કહ્યું, 'બસ. હું ખુશ ખુશ છું. આથી વિશેષ બીજી કઈ દક્ષિણા હોય?' ગુરુજીએ અંતર-મનથી પેટ ભરી ભરીને આશીર્વાદ દીધા. ત્યાંથી તેઓ તરત મથુરા આવી પહોંચ્યા. મથુરાની પ્રજા તે બંને ભાઈઓના આટલા દિવસના વિરહથી દુઃખી દુઃખી હતી. તે ભગવાન કૃષ્ણ અને બલરામને જોઈ રાજી થઈ ગઈ."

# ઉદ્ધવ-નંદ સંવાદ

અનુષ્ટુપ

ચૈતન્યામૃત ચાખેલું, જેઓએ પૂર્ણ હોય તે;
હર ક્ષેત્રો–પ્રસંગોમાં, અનાસક્ત રહી શકે. ૧

શ્રીકૃષ્ણ પ્રભુનું આવું, જીવન ચિંતનીય તે;
અહિંસા, સત્ય ને બ્રહ્મચર્યમાં જે વિશિષ્ટ છે. ૨

નૃનારી-ઐક્ય ને વિશ્વે, સર્વભૂતાત્માભૂતતા;
જ્યાં બંને સિદ્ધ થાશે ત્યાં, હશે પ્રયોગશીલતા. ૩

શ્રી બ્રહ્મચારી શુકદેવજી બોલ્યા : 'પરીક્ષિત ! વૃષ્ણિવંશીઓમાં ઉદ્ધવજી નામના એક ઉત્તમ અને ભક્ત સત્પુરુષ હતા. તેઓ અતિશય સદ્‌ગુણી સાધક હતા. એ સાક્ષાત્ બૃહસ્પતિજીના શિષ્ય તથા ઘણા બુદ્ધિશાળી પુરુષ હતા. ઉપરાંત ભગવાન શ્રીકૃષ્ણના પ્રિય સખા અને મંત્રી પણ હતા.

એક દિવસ શરણાગતોનાં સર્વ દુઃખો હરવાવાળા ભગવાન શ્રીકૃષ્ણે પોતાના આ પરમ ભક્ત અને પરમ એકાંતપ્રેમી ઉદ્ધવજીનો હાથ પોતાના હાથમાં લઈને કહ્યું : 'ભાઈ ઉદ્ધવ ! હવે તું જલદી વ્રજમાં જા. ત્યાં મારાં માતાપિતા રૂપી નંદબાબા અને યશોદામૈયા છે, તેમને તો આનંદિત કર, ઉપરાંત મારા વિરહના વ્યાધિથી ગોપીઓ બહુ બહુ પીડાય છે, દુઃખી દુઃખી થઈ રહેલ છે. તે સૌને મારો સંદેશો સંભળાવી એ બધાંને મારા વિરહની વેદનાથી પરિપૂર્ણ રીતે મુક્ત કરી આવ. મારા પ્યારા ઉદ્ધવ ! હું તને સાવ સાચું કહું છું કે ગોપીઓનું મન તો નિત્ય નિરંતર એકમાત્ર મારામાં જ લાગી રહ્યું છે. હવે તો એ ગોપીઓના પ્રાણ, એમનું જીવન અને એમનું

સર્વસ્વ એકમાત્ર હું જ છું. મારે માટે એ બધી સન્નારીઓએ સગાં–સંબંધી, સંતાન, માલમિલકત, ઘરબાર અને પોતાના પ્રાણપ્રિય પતિઓને સુધ્ધાં સાવ તજી દીધાં હોય, એવી દશામાં એમની બુદ્ધિ દ્વારા પણ એઓએ મને જ પોતાનો પ્યારો, અરે પ્રિયતમ જીવન-પતિ અને પોતાનો આત્મા સુધ્ધાં એકમાત્ર મને જ માની રાખ્યો છે ! અને તું જાણે છે જ કે મારું એ નિત્યવ્રત છે કે મારે માટે જેઓ લૌકિક અને પારલૌકિક બંનેય ધર્મોને છોડી મને એકને જ સર્વસ્વ માનીને ચાલે છે, એમની સર્વ પ્રકારની દેખરેખ અને ચિંતા હું કરતો હોઉં છું. પ્યારા ઉદ્ધવ ! હું જ મારી વહાલી ગોપીઓનો પરમમાં પરમ મિત્ર છું. હવે વ્રજમાંથી તો હું મથુરામાં આવી કાયમ માટે મથુરાવાસી થઈ ગયો છું તેથી મારા ને મારા સ્મરણમાં તે બધી મોહિત થઈ ગઈ છે. વારંવાર કામ કરતાં કરતાં પણ તે મૂર્છિત થઈ જાય છે, તે વિરહવ્યાકુળ બની જાય છે અને પ્રતિદિને જ નહીં, બલ્કે પ્રતિક્ષણે મને નીરખવા અને મળવા ઉત્સુક રહ્યા કરે છે. મતલબ, એ મારી ગોપીઓ, મારી જ પ્રેયસીઓ આ પ્રસંગે ઘણા કષ્ટથી માત્ર પોતાના પ્રાણોને રાખી રહી છે. કારણ કે, મેં એ બધીઓનેય કહ્યું હતું કે હું જરૂર આવીશ. એ મારા આવવાના વાયદે જ જિંદગી ટકાવી રહી છે. ઉદ્ધવ ! આથી વધુ વાણીથી તો શું શકાય ? હું જ એમનો આત્મા છું. તે બધી નિત્ય નિરંતર એકમાત્ર મારામાં જ તન્મય રહી છે !'

બ્રહ્મચારી શુકદેવજી આટલું કહી આગળ વધ્યા : 'રાજન્ પરીક્ષિતજી ! આ વાત સાંભળી એટલે તરત ઉદ્ધવજી પણ ઘણા આદરથી પોતાના આ સ્વામીનો સંદેશો લઈને રથ પર ચઢી નંદગ્રામ તરફ તરતાતરત ચાલી નીકળ્યા. પરમ સુંદર એવા ઉદ્ધવજી બરાબર સૂર્યાસ્ત સમયે નંદબાબાના વ્રજમાં પહોંચી ગયા. તે સમયે જંગલથી ગાયો પાછી ફરી રહી હતી. એમના પગની ખરીઓના આઘાતથી એટલી બધી ધૂળ ઊડી રહી હતી કે આખો ઉદ્ધવજીનો રથ જ એ ધૂળમાં

ઢંકાઈ ગયો હતો. એટલે બીજા લોકો એ રથને જોઈ જ ન શક્યા. એ વ્રજભૂમિમાં ઋતુમતી ગાયો માટે મદોન્મત સાંઢો આપસઆપસમાં લડી રહ્યા હતા. થોડા દિવસોની વિયાએલી ગાયો પોતાનાં વાછડાંઓ તરફ દોડાદોડ કરતી હતી. સફેદ રંગનાં વાછડાં પણ અહીં-તહીં કૂદકા-ઉછાળા મારતાં અને ઘણાં ઘણાં ભલાં-ભોળાં જણાતાં હતાં. ગાયોને દોહવાના ઘરઘરથી આવતા અવાજથી અને બંસરીના મધુર સ્વરથી આજે પણ વ્રજની શોભા અપૂર્વ રીતે શોભાયમાન થઈ ચૂકેલી ! ગોપીઓ અને ગોવાળિયાઓ સુંદર સુંદર વસ્ત્રો અને આભૂષણોથી સજધજ થઈ કૃષ્ણ-બલરામ-ચારિત્ર્યનાં ગાયનો ગાતાં હતાં. અને આ પ્રકારે વ્રજની શોભા ઘણી ઘણી વધી ગઈ હતી. ગોવાળિયાનાં ઘરમાં અગ્નિ, સૂર્ય, અતિથિ, ગાયો, બ્રાહ્મણો અને દેવોપિતૃઓની પૂજા થઈ રહી હતી. ધૂપની સુગંધ ચારે કોર ફેલાયેલી હતી અને દીવાઓ ઠીક ઠીક ઝગમગી રહ્યા હતા. આ બધાથી અને પુષ્પોની સજાવટથી આખુંય વ્રજ એકંદરે મનોરમ્ય બની જઈ દીપી રહ્યું હતું. ચારે બાજુ વનવાટિકાઓ ફૂલોથી ભરચક લદાઈ રહેલી જણાઈ આવતી હતી. પંખીઓ કલરવ કરી રહ્યાં હતા. તેમજ ભમરા ગુંજારવ કરી રહ્યા હતા. ત્યાં જળાશય બંનેય પોતપોતાને યોગ્ય કમલવનોથી શોભી રહ્યાં હતાં અને હંસ, બતક વગેરે પંખીઓ એમાં વિહરી રહ્યા હતાં.

જ્યારે ભગવાન શ્રીકૃષ્ણના અતિપ્રિય સેવક ઉદ્ધવજી વ્રજમાં આવ્યા ત્યારે તેમને મળીને નંદબાબા તો ખુશ ખુશ થઈ ગયા. એમણે ઉદ્ધવજીને ગળે લગાડીને એમનું એવું જ ભવ્ય સન્માન કર્યું, જાણે ખુદ ભગવાન કૃષ્ણ પોતે જ કાં ન પધાર્યા હોય ! પછી ઉત્તમ અન્નનું એમને ભોજન કરાવ્યું અને જ્યારે તેઓ આરામથી પલંગ પર બેસી ગયા કે તરત સેવકોએ પગ દાબવા માંડયા અને પંખો નાખી એમનો બધો જ થાક દૂર કરી નાખ્યો. પછી નંદબાબાએ ઉદ્ધવજીને પૂછ્યું : 'પરમ ભાગ્યવાન ઉદ્ધવજી ! હવે અમારા મિત્ર વસુદેવજી જેલમાંથી

છૂટી ગયા. એમનાં આત્મીય સ્વજનો તથા પુત્રો વગેરે એમની સાથે છે તો આ સમયે તેઓ બધાં કુશળ તો છે જ ને? એ ઘણા મોટા સૌભાગ્યની વાત છે કે પાપી કંસ પોતાના બધા અનુયાયીજનોની સાથે માર્યો ગયો. હા, એમાં ભગવાન શ્રીકૃષ્ણ તો નિમિત્ત બન્યા. ખરેખર તો કંસનાં પાપોએ જ એને ખતમ કરી નાખ્યો. ઉદ્ધવજી! યદુવંશી લોકો સ્વભાવથી જ ધાર્મિક અને પરમ સાધુજનો છે. કંસરાજ નાહક એમની સાથે ઘણો દ્વેષ કરતો હતો.

હવે ઉદ્ધવજી! આપ એ તો બતાવો કે કોઈ વખત શ્રીકૃષ્ણજી ક્યારેય અમને લોકોને પણ યાદ કરે છે શું? આ (યશોદાજી તરફ આંગળી ચીંધીને) એમની મા છે, સ્વજન સંબંધી છે, મિત્રો છે, ગોવાળિયા છે ને એમને જ પોતાના સ્વામી અને સર્વસ્વ માનવાવાળું આ આખું વ્રજ છે. એમની જ આ ગાયો, આ વૃંદાવન અને આ ગિરિરાજ છે. શું ક્યારેય પણ તેઓ એ બધાંને સંભારે છે ખરા? અને આપ એ તો બતાવો કે અમારા એ લાલાજી, અમારા એ ગોવિંદ પોતાના મિત્રો અને ભાંડુઓને નીરખવા માટે એક વાર પણ આવશે કે નહીં? જો તેઓ અહીં આવી જાય તો અમે એમની પોપટની ચાંચ જેવી નાસિકા, એ બન્ને ભાઈઓનું મધુર હાસ્ય અને મનોહર દૃષ્ટિથી યુક્ત મુખકમલ જોઈએ તો ખરાં! અને ઉદ્ધવજી! અમે એ દુલારા કૃષ્ણના સદ્‌ગુણોનું વર્ણન કેટલું કરીએ? એમનું હૃદય ઉદાર છે. એમની શક્તિ અનંત છે. એમણે દાવાનલથી, આંધિપાણી વગેરેથી તૃણાવર્તસુર અને અજગર વગેરે અનેક મૃત્યુપ્રદ નિમિત્તોથી એક વાર નહીં, અનેક વાર અમારી રક્ષા કરી છે. ઉદ્ધવજી! અમે શ્રીકૃષ્ણનું અદ્‌ભુત ચરિત્ર. એમની વિલાસપૂર્ણ તિરછી નજર, મુક્ત હાસ્ય, મીઠી વાણી આદિનું સ્મરણ કરતાં જ હોઈએ છીએ અને એમાં એટલાં તો તન્મય રહીએ છીએ કે હવે અમારાથી કંઈ કામકાજ જ થતું નથી.

જ્યારે અમે જોઈએ છીએ કે આ એ જ યમુના નદી છે જ્યાં શ્રીકૃષ્ણજી જલક્રીડા કરતા હતા, આ એ જ ગિરિરાજ છે જેને એમણે પોતાના એક જ હાથ પર ઉઠાવી લીધેલો, આ તે જ વન છે, જ્યાં તેઓ ગાયો ચરાવતા અને બંસી બજાવતા હતા અને આ બધાં તે જ સ્થાનો છે કે જ્યાં પોતાના મિત્રો સાથે તેઓ અનેક પ્રકારનાં ખેલ-રમત કરતા હતા! અને હજુ પણ ત્યાં એમનાં ચરણ-ચિહ્નો જેમનાં તેમ મોજૂદ છે, મટયાં નથી. ત્યારે એમને જોઈ અમારું મન કૃષ્ણમય બની જાય છે! એમાં શંકા નથી કે હું શ્રીકૃષ્ણ અને બલરામને દેવશિરોમણિ માનું છું અને એમ પણ માનું છું કે તેઓ દેવોનાં અને દેવ જેવા માનવોનાં મોટાં પ્રયોજનોને સિદ્ધ કરી બતાવવા જ અહીં આવેલા છે, એમ સ્વયં ભગવાન ગર્ગાચાર્ય-જીએ પોતે મને કહેલું. જો કે ઉદ્ધવજી! આપ તો એ બધું જ જાણો જ છો કે જેમ સિંહ, જાણે કશા પરિશ્રમ વિના પશુઓને મારી નાખે છે તેમ દશ હજાર હાથીઓનું બળ ધરાવનાર એ કંસરાજને અને એમના અનેક અજેય યોદ્ધાઓને તથા બલશાળી હાથી કુવલયા-પીડ વગેરેને જોતજોતામાં મારી નાખ્યા! એમણે જેમ કોઈ હાથી કોઈ છડીને તોડી નાખતો હોય તેમ પેલા ધનુષ્યને તોડી નાખ્યું. વળી તમે સાંભળ્યું જ હશે, કે મારા એ કનૈયાએ જ સાત સાત દિવસ લગી પર્વતને તોળી રાખ્યો. અરે, અહીંની વાત જવા દઈએ. પણ રમત રમતમાં પ્રલંબ, ધેનુક, અરિષ્ટ, તૃણાવર્ત અને બક આદિ મોટા મોટા દૈત્યોને એમણે મારી નાખ્યા, કે જેઓએ સમસ્ત દેવો અને અસુરો પર વિજય મેળવી લીધેલો......!'

એમ બોલતાં બોલતાં શુકદેવજી કહે છે: "પરીક્ષિત! નંદબાબાનું હૈયું આમેય ભગવાન શ્રીકૃષ્ણના પ્રેમસાગરમાં ડૂબેલું હતું. પણ જ્યારે અહીં એમની એક એક લીલાઓનું સ્મરણ કરવા લાગ્યા ત્યારે તો એમાં પ્રેમની એવી મોટી ભરતી આવી ગઈ કે તેઓ વિહ્વળ

થઈ ગયા અને મળવાની ઉત્કંઠા થવાને કારણે એમનું ગળું રુંધાયું અને ચૂપ થઈ ગયા. યશોદારાણી પણ ત્યાં જ બેસી નંદબાબાજીની વાતો સુણતાં હતાં. શ્રીકૃષ્ણની એક એક લીલા સુણીને તેમની આંખો-માંથી આંસુઓ વહેવા લાગેલાં અને પુત્રસ્નેહથી દૂધ-ધારાઓ વહેવા લાગી. ઉદ્ધવજીએ આ બધું દેખ્યું, સુણ્યું, અનુમાન કર્યું અને અનુભવ્યું કે એ બન્નેનો ભગવાન કૃષ્ણ તરફ કેવો અગાધ અનુરાગ છે !"

## ગોપીની દિનચર્યા ને કુતૂહલતા

અનુષ્ટુપ

જન્મ ધરી પ્રભુ પોતે, મર્ત્ય સંબંધ બાંધતા;
વેગળા તે પડ્યા તેની, થાય જે વિરહવ્યથા. ૧

તે તેના સાથીને કે'તાં, લાંબા પ્રહર ટૂંકા થતા;
નેત્રે અશ્રુ ઝરે તોય, પામે હૈયું પ્રસન્નતા. ૨

યશોદા-નંદ ને ગોપી-વૃંદ સાથે અનુભવી;
આવું શ્રીકૃષ્ણના સાથી ઉદ્ધવજી થતા સુખી. ૩

બ્રહ્મચારી શુકદેવજીએ કહ્યું : 'પરીક્ષિત ! ઉદ્ધવજી નંદરાજા અને યશોદારાણીના ભગવાન કૃષ્ણ અને બલરામ પ્રત્યેના અને તેમાંય શ્રીકૃષ્ણ પ્રત્યેના અનહદ અનુરાગને અનુભવી બોલ્યા : 'આપ જરાપણ ખિન્ન ન થાઓ. ભગવાન કૃષ્ણ વ્રજમાં અવશ્ય પધારશે. થોડા જ દિવસોમાં આવી આપ બન્ને માતાપિતાને આનંદમગ્ન બનાવી મૂકશે. જો કે તત્ત્વથી જોઈએ તો જગતમાં સૌ એમનાં જ માબાપ અને વળી સૌ એમનાં જ સંતાન પણ છે. અને તેથી જગત સકળનાં દુઃખ દૂર કરવા સગપણે મામા તથા કંસરાજને અને

માસી થતાં પૂતનાને એમણે જ પરલોકવાસી બનાવી દીધાં ! પરંતુ હવે જરા નવરાશ મળશે એટલે થોડા જ દિવસોમાં, વ્રજનાં આપ સહિત બધાં જ ગોપ–ગોપીઓને એ બન્ને બંધુઓનું અવશ્ય શુભ મિલન થઈ જશે.' પરીક્ષિત ! આ રીતે શ્રીકૃષ્ણસખા ઉદ્ધવ અને નંદબાબા તથા યશોદાજીને વાતો કરતાં કરતાં આખી રાત જાણે ક્ષણ વારમાં વીતી ચૂકી ! આ બાજુ વ્રજમાં સૌ ગોપીઓ જાગી. ડેલીઓમાં દીવા પ્રગટાવ્યા. વાસુદેવની પૂજા કરી. ઘર સાફ-સૂફ કર્યાં. દહીં વલોવવા લાગી. અહો, પરીક્ષિત ! તે વખતની એ ગોપીઓનાં દર્શન ખરેખર અનોખાં હતા. દહીં મથતાં, રસ્સી ખેંચતાં એમનાં હાથનાં કડાં મજાનાં લાગતાં હતાં અને ખણખણતાં હતાં. આખું શરીર અને ગળું હાલતાં શોભી રહ્યાં હતાં. કાનમાંનાં કુંડલ પણ હાલી હાલીને કંકુમય ગાલની લાલાશને વધારી રહ્યાં હતાં. એમનાં આભૂષણોમાંના મણિ પણ દીપકજ્યોતિથી વધુ ઝગમગી રહેલા જણાતા હતા. એમ એક પ્રકારે દહીંમંથનથી શ્રમપુનિત દેહ-શોભા પણ વૃદ્ધિ પામતી જતી હતી. એમ જણાતું હતું કે, જાણે શ્રમ અને સૌંદર્ય વચ્ચે વિરોધ નથી, પણ સાચો સુસંવાદ છે ! અને એમાં વળી મીઠા મધુરા સ્વરથી તે કાનકુંવરિયાનાં ગીત લલકારતી. તેથી તો જાણે દેવ–દેવાંગનાઓ પણ સ્વર્ગલોકનું સુખ આ ગોપીઓના સુખ આગળ તુચ્છ માને તેવી પરિસ્થિતિ સ્વર્ગમાં થઈ ચૂકેલી.

આ રીતે જેવો સૂર્યોદય થયો અને જ્યાં નંદબાબાનાં સુશોભિત મકાનો તરફ આ વ્રજાંગનાઓની નજર ગઈ ત્યાં તો એમના દરવાજા પર એક સોનેરી રથ નિહાળી ઘર બહાર નીકળી એકમેકને પૂછવા લાગી કે, 'અલી ગોપી ! આ રથ કોનો છે ? અને ક્યાંથી આવ્યો છે ?' તેમાંની એક તરત બોલી ઊઠી : 'અલી રે ! પેલો કંસનું પ્રયોજન સિદ્ધ કરવાવાળો અક્રૂર તો નથી આવ્યો ને ? એ આપણા વહાલા શ્યામસુંદરવરને અહીંથી મથુરા ભણી ખેંચી ગયેલો !' ત્યાં

તો બીજી ગોપી બોલી : 'અરે, ના રે ના. તે શા માટે હવે વ્રજમાં ફરીને આવે ? શું પોતાના મરેલા સ્વામીને આપણા દ્વારા પિંડદાન કરાવવા માટે આવે ?' આમ પરસ્પર એમની વાતો થતી હતી અને રસ્તે ચાલતી એ બધીયે ગોપીઓને ખબર થતાં તો સંખ્યાબંધ એકઠી થઈને નંદયશોદાના મહાભવન ભણી આવી રહી હતી ! ત્યાં જ ઉદ્ધવજી પોતે પ્રભાતના નિત્યકર્મથી પરવારી નંદયશોદાના મહાભવનની બહાર નીકળતા સામા મળ્યા. બધી ગોપીઓને એકાએક ભગવાન કૃષ્ણ યાદ આવી ગયા. ઉદ્ધવજીની આકૃતિ શ્રીકૃષ્ણને મળતી સમરૂપ લાગી ! એવી જ લાંબી ભુજાઓ, કમલદલ જેવાં આકર્ષક નેણ, ગળામાં કમલફૂલોની માળા, શરીર પર પીતાંબર, કાનમાં મણિમંડિત કુંડળ ઝળકતાં હતાં. મુખડું અત્યંત પ્રફુલ્લિત હતું. દૂરથી જોઈને ગોપીઓ પરસ્પર બોલવા લાગી : 'અરે ! આ પુરુષ કોણ છે ? અને શા માટે અહીં આવેલ છે ? આપણા કનૈયાનો સંદેશો લઈને તો નથી આવેલ ને ? જરા પૂછીએ તો ખરાં ! એમ બોલતી બધી જ ગોપીઓએ ઉદ્ધવજીને ઘેરી લીધા ! અને જેવું જાણ્યું કે એ તો પોતાના શ્યામસુંદરવરનો અંગત સંદેશો લઈને જ આવેલ છે અને શ્રીકૃષ્ણ–બલરામના નિકટના સ્વજન અને સગા છે, એટલે એમનો સૌએ ખૂબખૂબ આદરસત્કાર કર્યો અને એકાંત સ્થાનમાં રૂડું આસન લાવી, તેમને બેસાડી સર્વ પ્રકારે ખબર પૂછવા લાગી ગઈ.

## ગોપીઓની કૃષ્ણ પ્રત્યે તાલાવેલી

### સવૈયા એકત્રીસા

પ્રણયભાવની પતિભક્તિથી ગોપીગણ વાતો કરતો,
ઉદ્ધવજીની કને અહોહો ! લજ્જા તજી તે વલવલતો;
દુનિયાની આ નાનીમોટી સજીવ-અજીવ સૃષ્ટિ મહીં,
પતિભાવ જો સર્વશ્રેષ્ઠ તો એ જ ભાવ કૃષ્ણે કરતી. ૧

પરં પ્યાર કરે વ્યક્ત, ગોપીઓ વ્યંગ્ય વાણીથી;
સર્વ શૃંગારથી શ્રેષ્ઠ, ભક્તિ–શૃંગાર દાખવી. ૨

શુકદેવજી બોલ્યા : "પરીક્ષિત ! ઉદ્ધવજીને ગોપીઓએ આ પ્રમાણે કહેવા માંડયું : 'આપ અમારા વ્રજનાથ અરે ના રે ના ! હવે તો તેઓ યદુનાથ બન્યા છે માટે યદુનાથના સાથી છો અને તેથી એમનો જ સંદેશો લઈને અહીં પધાર્યા છો. આપના એ સ્વામીએ આપને એમનાં માતાપિતા નંદયશોદાજીને સુખ દેવા અહીં મોકલેલા છે. નહીં તો આ નંદગ્રામમાં–ગાયોને રહેવાની જગામાં–કઈ એવી વસ્તુ છે, કે જેનું તેઓ ત્યાં બેઠાં સ્મરણ કરે ? પણ એટલી વાત તો સાચી છે કે મોટા મુનીશ્વરો પણ સગાં–સંબંધીઓનાં સ્નેહબંધન માંડ–માંડ છોડી શકે છે. એટલે માબાપની યાદી તો શ્રીકૃષ્ણજીને પણ આવતી જ હશે. પોતાનાં માબાપ જેવાં ઘનિષ્ઠ સંબધીઓને છોડી જે કાંઈ બીજાઓ સાથે સ્નેહસંબંધ કરાય છે, તે તો કોઈ ને કોઈ પ્રકારના સ્વાર્થને લીધે જ થતો હોય છે. જ્યાં લગી પોતાની મતલબ એમાંથી નથી સધાતી ત્યાં લગી એવા સ્નેહસંબંધ પર પ્રેમનો સ્વાંગ જરૂર કરાય છે. પણ મતલબનું કામ પત્યું કે પેલા પ્રેમનું દેવાળું નીકળી જાય છે જ.

ભમરાઓનો ફૂલ પ્રત્યેનો અનુરાગ હોય છે, તેવો જ પુરુષોનો સ્ત્રીઓ પ્રત્યે સ્વાર્થનો જ પ્રેમસંબંધ હોય છે. જ્યાં દેખો ત્યાં સંસારમાં આમ સ્વાર્થના જ પ્રેમસંબંધની બોલબોલા હોય છે. દેખો ને ! જ્યારે વેશ્યા સમજે છે કે હવે મારે ત્યાં આવવાવાળા પાસે નાણું સમાપ્ત થયું છે, તો એવા નિર્ધનને એ રસ્તો બતાવી દે છે અને સંબંધ છોડી ચાલી જ જાય છે ! પ્રજા પણ રાજા રક્ષણ કરી શકે, ત્યાં લગી જે તે રાજા સાથે સંબંધ રાખે છે અને જ્યારે રાજા પાસેથી રક્ષાની તેને આશા નથી રહેતી કે તરત પ્રજા તેવા રાજાને છોડી દે છે ! એવું જ અધ્યયન સમાપ્ત થયા પછી આચાર્ય-

સેવા કરવા ક્યા શિષ્ય બટુકો શોભે છે? ગોર પણ દક્ષિણા મળી કે તરત ચાલતી પકડે છે. પંખી પણ જ્યારે વૃક્ષ પર ફળ નથી રહેતાં કે તરત કશું જોયાવિચાર્યા વગર ઊડી જ જાય છે. ભોજન કર્યા બાદ અતિથિ ઘરધણી તરફ કયારે જુએ છે? વનમાં આગ લાગે કે તરત પશુઓ ભાગી જાય છે! અહીં સ્ત્રીના હૃદયમાં ગમે તેટલી આસક્તિ હોય, પણ વ્યભિચારી પુરુષ પોતાનું કામ પત્યું કે પછી સામુંય કયાં જુએ છે? હે ઉદ્ધવજી! સંસારના પ્રેમસંબંધ આવા સ્વાર્થી જ હોય છે.' પરીક્ષિત! ગોપીઓનાં મન, વાણી અને શરીર ત્રણેય શ્રીકૃષ્ણમાં તન્મય હતાં, તેથી તે અત્યારે ઉદ્ધવજી શ્રીકૃષ્ણના દૂત બનીને વ્રજમાં પધાર્યા છે; તો એમની સાથે કઈ રીતે વાત કરવી, તે આ બધી વાતો કહેતાં કહેતા ખરેખર સાવ ભૂલી જ ગઈ! શ્રીકૃષ્ણ ભગવાને બચપણથી માંડીને કિશોર અવસ્થા લગી જે લીલાઓ કરેલી, તે બધીયને યાદ કરીને ગોપીઓ ભગવાનનાં ગીત ગાવા લાગી ગઈ! એ ગોપીઓના હૃદયમાં એક એક કરીને જેટલી પણ સ્મૃતિઓ જાગતી હતી, તેટલી રોવડાવ્યા વિના રહેતી જ નહીં. તે ભાન ભૂલીને સ્ત્રીસુલભ લાજ પણ ચૂકી જ ગઈ અને જોરજોરથી રડવા લાગી ગઈ. એક ગોપીને એ સમયે શ્રીકૃષ્ણમિલનની લીલાનું સ્મરણ થઈ રહ્યું હતું. એ જ સમયે એ ગોપીએ જોયું કે પાસે જ એક ભમરો ગણગણી રહ્યો છે. તે પરથી એ એમ સમજી બેઠી કે ભગવાન કૃષ્ણને મન હું રૂઠી ગઈ છું એમ માનીને મને મનાવવા માટે જ એમણે રખે આ પોતાનો દૂત મોકલ્યો હોય! એ રીતે ગોપી પેલા ભમરાને અનેક પ્રકારે પોતાના સ્વામી શ્રીકૃષ્ણને જાણે ઠપકો આપતી બોલતી છેવટે કહે છે: 'અરે પ્યારા ભ્રમર! અમને એ તો કહે કે અમારા પરમ પતિદેવ અગરુ સમાન દિવ્ય સુગંધવાળી એમની ભુજા અમારા માથા ઉપર મૂકે એવો શુભ અવસર હવે પછી આવશે કે નહીં? નંદ, યશોદા, ગોવાળો અને અમ ગોપીરૂપ દાસીઓને કયારે પણ યાદ કરે છે?

અને અમારી વાતો કોઈ દિવસ ચલાવે છે ખરા ?' પરીક્ષિત ગોપીઓની ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શન તથા સ્પર્શની જે આ તાલાવેલી જોઈ તેથી ઉદ્ધવજી તો ખરેખર છક થઈ ગયા !"

## વ્રજવાસીની પ્રેમલક્ષણા ભક્તિ

જ્યાં વર્ણવાય ગોપીની, સદ્ભક્તિ પ્રેમલક્ષણા;
સ્વર્ગ નિર્વાણ ને મોક્ષ, બને ફિક્કાં તહીં સદા. ૧

સુણાવ્યો કૃષ્ણ–સંદેશ, વૃંદાવને શ્રી ઉદ્ધવે;
આખું વ્રજ ભૂલ્યું ભાન; કહો તેમાં નવાઈ શ્યે ? ૨

"પરીક્ષિત ! ગોપીઓને ઉદ્ધવજી ભગવાન કૃષ્ણનો સંદેશો સંભળાવી રહ્યા છે અને બધી ગોપીઓ એકસરખા કાન માંડી તે સંદેશો હવે ઉદ્ધવજી પાસેથી સાંભળે છે. ઉદ્ધવજીએ કહ્યું : 'ગોપીઓ ! ભગવાન દૂર સ્થૂળ રીતે એટલા માટે આજે તમારાથી છે કે જેમ પાસે હોઈ તમો સૌ ભગવાનનો અનુભવ કરતાં હતાં, તેવો જ અનુભવ સ્થૂળ રીતે દૂર રહીને પણ કરી શકો ! વૃંદાવનમાં એક શરદપૂર્ણિમાની રાત્રિએ જે ગોપીઓ પોતાનાં સ્વજનોની રોકી રોકાઈ ગયેલી તે ગોપીઓએ દૂર રહી તન્મય બનવાનો સ્વાદ બરાબર ચાખ્યો હતો.'

ભગવાન કૃષ્ણનો આ મીઠો સંદેશો સુણી ગોપીઓને અપરંપાર આનંદ થયો અને તેઓ બધી જ કહેવા લાગી : 'ઉદ્ધવજી ! એ ઘણા સંતોષની વાત છે કે યાદવોને એકસરખી રંજાડ કરનારો પાપી કંસ રાજા અને સાથોસાથ કંસ રાજાના અનુયાયીઓ માર્યા ગયા. ભગવાન કૃષ્ણનો માર્ગ નિષ્કંટક બની ગયો અને હાલ તેઓ પોતાના અસલી યાદવબંધુઓ સાથે રહી આનંદ કરી રહ્યા છે. પરંતુ ઉદ્ધવજી ! અમારો મૂળ પ્રશ્ન તો એ છે કે અમારી સાથે તેઓ

જે હેત દર્શાવતા હતા તે જ હેત મથુરાની નારીઓ સાથે દર્શાવે છે તેથી અમારા જેવી ગમાર ગામડિયણ ગોવાલણો અમારા એ વહાલેરા શ્રીકૃષ્ણને યાદ જ શાની આવે ?' પણ આ બધા કથન પરથી ઉદ્ધવજી બરાબર સમજી ગયા હતા કે ગોપીઓમાં ભગવાન કૃષ્ણ પ્રત્યે જે ભક્તિપૂર્ણ પ્રેમ છે, તે મથુરા–નગરવાસી સ્ત્રીઓ લાવવા ધારે તો પણ ક્યાંથી લાવી શકે ? કારણ નગરોમાં ધન મુખ્ય હોય છે, ધર્મ નહિ. ગોપીઓની આવી ભક્તિ જોઈ ઉદ્ધવજીના મનમાં એમ થઈ આવ્યું કે, 'હું વૃંદાવનધામની કોઈ વેલ બની જાઉં ! અરે, નાનો છોડ બની જાઉં ! અથવા કોઈ એવો નાનો કણ બની જાઉં કે જેથી આ પ્રેમમૂર્તિ ગોપીઓની ચરણરજ મારા પર પડે અને હું ધન્યાતિધન્ય થઈ જાઉં ! ગોપીઓની પ્રેમવિકળતા અને પ્રેમચેષ્ટાઓ જોઈ, તેઓને થયું કે ભગવાને આ બધી ગોપીઓને જે અદ્દ્ભુત સુખ આપ્યું છે, તે નિત્યસંગિની અને પ્રભુની હૃદયરાણી લક્ષ્મીજીને પણ નથી આપી શક્યા જણાતા ! આમ મહિનાઓ લગી ઉદ્ધવજી વ્રજમાં રહ્યા અને ગોપીનો કૃષ્ણપ્યાર નીરખી નીરખીને મહાસંવેદનો માણ્યાં.

હવે એમણે ભગવાનનાં માતાપિતા નંદયશોદા તથા ગોપીઓ પાસેથી મથુરામાં પાછા ફરવા માટે આજ્ઞા માગી. જેવા તેઓ રથ પર સવારી કરી વ્રજની બહાર મથુરા તરફ જવા લાગ્યા કે ત્યાં તરત નંદબાબા અને ગોવાળિયાઓએ ઘણી ઘણી ભેટ અને સામગ્રીઓ ઉદ્ધવજી પાસે લઈ આવી ખૂબ ખૂબ પ્રેમથી કહ્યું : 'ખરેખર, અમને હવે મોક્ષની કોઈ ઇચ્છા રહી નથી. અમે માત્ર એટલું જ ઇચ્છીએ છીએ કે અમારી એકે એક વૃત્તિ ભગવાન શ્રીકૃષ્ણ સાથે જ જોડાયેલી રહો.' રસ્તામાં વ્રજના આ મહાન ભગવત્–પ્રેમને સંભારતા સંભારતા ઉદ્ધવજી મથુરાપુરીમાં આવી ગયા અને ભગવાનને હાર્દિક પ્રણામ કરી વ્રજવાસીઓનો પ્રેમલક્ષણા ભક્તિનો જે ઉદ્રેક એમણે જોયો હતો, તે આબેહૂબ રીતે વર્ણવી બતાવ્યો. ત્યારબાદ વ્રજમાંથી મળેલી બધી

સામગ્રી એમણે વસુદેવજી, બલરામજી તથા રાજા ઉગ્રેસન રાજવીને સુપ્રત કરી દીધી...!'

## કુબ્જા અને અક્રૂરને પ્રેમદાન

એકત્વ પ્રથમે સાધ્યું, નારીજાત સમગ્રમાં;
પછી મરદમાં સાધ્યું, મર્ત્યજાત સમગ્રમાં. ૧

આમ માત્ર મનુષ્યોનું, સાધી એકત્વ કૃષ્ણજી;
પે'લો આદર્શ મૂકે આ, ફક્ત સમત્વ યોગથી. ૨

હવે શુકદેવજી કહે છે : "પરીક્ષિતજી! ઉદ્ધવજીની પાસેથી ગોપીઓના અનિર્વચનીય પ્રેમ તથા બા-બાપુજી યશોદાનંદજીનું અપરંપાર વાત્સલ્ય સાંભળી ખરેખર ભગવાન કૃષ્ણ અતિશય આનંદ તો પામ્યા પરંતુ તેઓ તો સમભાવની પરાકાષ્ઠા પામી ચૂકયા હતા તેથી તેમણે જેમ ગામડાંની ગોપીઓના અનિર્વચનીય પ્રેમની કદર કરી લીધી, તેમ મથુરામાં પણ એ જ નારી–નર ઐક્યની અનુભૂતિ કરવાનું તેમને મન થવું સ્વાભાવિક હતું. બસ, આ વખતે તેઓને એકાએક 'કુબ્જા' સહેજે સાંભરી આવી. કુબ્જાને આપેલું વચન પણ યાદ આવ્યું અને ઉદ્ધવજીને પોતે કહ્યું : 'ઉદ્ધવ ! જેમ મને ગોપીઓના હૃદયૈક્યની કદર છે, તેમ મથુરામાં રહેલી સ્નેહસભર નારીઓની પણ કદર છે જ. દા. ત. કુબ્જા ! આ કુબ્જાના પ્રેમની પણ હું ઉપેક્ષા નથી કરતો, ન જ કરી શકું ! આ રીતે અગાઉ ભગવાને કુબ્જા ઉપર કૃપા કરી જે સ્પર્શાનંદ ચખાડી એનાં અંગોને સરળ, સીધાં અને સુંદર બનાવી મૂકેલાં, એ બધી યાદ કુબ્જાને તાજી થઈ ! અને તે પ્રતીક્ષા કરવા લાગી કે મુજ રંકને ત્યાં પધારી મારા આંગણે આવી મારા હાર્દિક પ્રેમને પ્રભુજી ક્યારે પાવન કરશે ? અને 'દિલબર

દિલ'ની કુબ્જાને હવે પ્રભુવિરહ જેમ સતાવવા લાગ્યો તેમ તરત ભગવાન કૃષ્ણને પણ કુબ્જા એકાએક યાદ આવી ગઈ. તત્કાળ એ યાદનો અમલ કરી તેઓ અચાનક જાતે ચાલી–ચલાવી કુબ્જાને ઘેર (આપેલા વચન મુજબ) પહોંચી ગયા. ઉદ્ધવજી સાથે હતા.

કુબ્જાએ તો પ્રથમથી ગૃહસજાવટ સારી પેઠે કરી જ રાખેલી. એણે ભગવાનને ઉત્તમ આસન આપી પરમ સત્કારયુક્ત પૂજા કરી લીધી. તેમ ભગવન્ મિત્ર ઉદ્ધવજીનું પણ માન–ગૌરવ કર્યું અને આસન આપ્યું. પરંતુ ભગવદ્‌ભક્ત ઉદ્ધવ તો માન જાળવવા માત્ર આસનનો સ્પર્શ કરી ભગવાનની સામે નીચે જ બેસી ગયા. કુબ્જા સજધજ થઈ ભગવાન પાસે આવી ઊભી રહી. ભગવાને સ્પર્શ સુખ આપી એનો સંકોચ દૂર કરાવી પોતાની પાસે જ બેસાડી. કુબ્જાએ ભગવાનને રાજા કંસનો અંગરાગ સમર્પિત કરેલો તે પ્રસંગને યાદ કર્યો અને કુબ્જા પણ ભગવાનનાં ચરણોને પોતાના અંગોપાંગે લગાડી પોતાને પ્રભુવિરહાગ્નિની જે તપન હતી તે તેણીએ શીત કરી લીધી. આ પછી ઉદ્ધવજી સાથે ભગવાન કૃષ્ણ મથુરામાં પોતાને ઘેર પાછા આવી ગયા.

જેમ નર–નારી અને ગ્રામ–નગર વચ્ચે ભગવાન કૃષ્ણને ભેદ નહોતો, તેમ એકદા ભગવાન શ્રીકૃષ્ણને અક્રૂરજી પણ યાદ આવ્યા અને ઉદ્ધવજીને સાથે લઈ તેઓ અક્રૂરજીનું પ્રભુ-વિરહ દુઃખ ભુલાવવા ભાઈશ્રી બલરામ સાથે ચાલી–ચલાવીને અક્રૂરજીને ઘેર પણ પહોંચી ગયા. અક્રૂરજીને સુખદ આલિંગન આપ્યું. અક્રૂરજીએ પણ હૃદયપૂર્વક માથું નમાવી પ્રણામ કર્યા, પૂજા કરી, ચરણરજ માથે ચઢાવી અને ચરણોને ગોદમાં લઈ, સ્નેહસભર નજરે નિહાળી પગ દબાવવા લાગી ગયા અને પ્રેમથી વદ્યા : 'ભગવન્! ખરેખર, પાપી કંસરાજ અને એના અનુગામીઓને ઠેકાણે પાડી આખા યદુવંશની આપે અપરંપાર સેવા કરી છે! ઉપરાંત યદુવંશને મહાસંકટમાંથી પાર કરી તેને ઉન્નત

અને સમૃદ્ધ પણ કરી દીધો છે. આપે તો માયાને એવી વશ કરી લીધી છે કે માયાને વશ આપ નથી, પરંતુ આપને વશ માયા છે. ખરેખર આજે પણ આપના અંશરૂપ બલરામજી સહિત આપે જગતનું એકમાત્ર કલ્યાણ કરવા ખાતર જ જન્મ ધારણ કરેલ છે. ગંગામૈયાની પવિત્રતા એકમાત્ર આપનાં ચરણપ્રક્ષાલન થકી જ છે. કેટકેટલી તારીફ કરું? ખરેખર તો આપના ગુણો શબ્દાતીત જ છે. એવા આપ ખુદ આ રંકને ત્યાં પધારો એથી વધુ સદ્ભાગ્ય બીજું શું હોઈ શકે? મારું ઘર ધન્ય ધન્ય થઈ ગયું! મોટા મોટા યોગીઓ અને દેવરાજ પણ આપનો પાર પામી શક્યા નથી અને પામી શકવાના નથી, એવા આપનાં આજે મને મારે ઘેર બેઠાં દર્શન થઈ ગયાં!'

ત્યારે ભગવાન કૃષ્ણજી પોતે બોલ્યા: 'આપ જ અમારા ગુરુ સમા, હિતોપદેશક અને વડીલ કાકાશ્રી છો! અમારા વંશમાં સદા યશસ્વી અને સંત સમા છો! દેવતાઓ કરતાં સંત હંમેશાં ઉત્તમ હોયછે. કારણ કે દેવોને સ્વાર્થ હોય છે, સંતોને કદી સ્વાર્થ હોતો જ નથી. મારી એક એ ઇચ્છા છે કે આપ જાતે હસ્તિનાપુર જઈ પંડવોના કુશલ સમાચાર જાણી આવો. પાંડુજીના મૃત્યુ બાદ પાંડવોને બહુ દુઃખ પડ્યું. હવે એ ખબર જાણ્યા છે કે ધૃતરાષ્ટ્રજી એ બધાંને હસ્તિનાપુરમાં લઈ આવ્યા છે અને હવે તેઓ બધાં ત્યાં જ રહે છે. આપ તો જાણો જ છો કે રાજા ધૃતરાષ્ટ્ર અંધ પણ છે અને ઓછું મનોબળ ધરાવનાર છે. એમનો પુત્ર દુર્યોધન ભારે ઈર્ષ્યાળુ છે, દુષ્ટ છે. ધૃતરાષ્ટ્રજી એને જ અધીન છે તેથી તો કૌરવો ભણી છે એવો વાત્સલ્યમય વ્યવહાર પાંડવો સાથે એમનો નથી! આથી આપ પોતે ત્યાં જાઓ અને તપાસ કરો કે પાંડવોની સ્થિતિ સારી છે કે કપરી છે? આપના દ્વારા ઊંડા અને સાચા સમાચાર મળ્યા પછી એ મારા પાંડવમિત્રો સુખી થાય, એવા ઉપાયો હું યોજીશ.' આટલું કહી ભગવાન કૃષ્ણ, બલરામ અને ઉદ્ધવ સૌ પાછા સ્વગૃહે પધાર્યા.

# અક્રૂરજીની હસ્તિનાપુરની મુલાકાત

સાવ નજીકની લોહીસગાઈ મમતામયી,
ચુકાવે ન્યાયી કર્તવ્ય, જો મોટા નરનું તહીં; ૧

તો ત્યાં નિમિત્ત નાનુંયે, મહાયુદ્ધ મચાવશે;
બન્યું જુઓ કુરુક્ષેત્ર, ધર્મપ્રધાન ભારતે. ૨

માટે ઘર થકી માંડી, વિશ્વે સૌ સાવધાન હો;
ને ત્યાં સ્ત્રી સેવકો સંતો, મુખ્ય નેતૃત્વ જાળવો. ૩

બ્રહ્મચારી શુકદેવજી કહે છે. "રાજા પરીક્ષિત ! ભગવાન કૃષ્ણની આજ્ઞા મુજબ અક્રૂરજી હસ્તિનાપુર ગયા. એમણે ત્યાં જોયું કે ત્યાંની એક એક વસ્તુ પુરુવંશી રાજાઓની અમર કીર્તિનું ગાન કરી રહી છે ! અક્રૂરજી પહેલાં પહેલાં ધૃતરાષ્ટ્ર, ભીષ્મદાદા, વિદુરજી, કુંતી, વાહ્લિક, એમના પુત્ર સોમદત્ત, દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, કર્ણ, દુર્યોધન, દ્રોણપુત્ર અશ્વત્થામા, યુધિષ્ઠિર આદિ પાંચેય પાંડવો તથા અન્યાન્ય ઇષ્ટમિત્રોને મળ્યા. જ્યારે એ ગાંદિનીનંદન અક્રૂરજી બધા જ ઇષ્ટમિત્રો અને સંબંધીઓને સારી પેઠે મળી ચૂકયા ત્યારે એ હસ્તિનાપુરનાં સૌએ જે રીતે અક્રૂરજીને પોતાનાં મથુરાવાસી સ્વજન–સંબંધીઓના કુશલક્ષેમ પ્રથમ જ પૂછી લીધેલા, એ જ રીતે હસ્તિનાપુરમાં સૌના કુશલક્ષેમના સમાચાર અક્રૂરજીએ પણ પૂછી લીધા ! પરીક્ષિત ! આ બધું કરીને એમણે જાણી લીધું કે ધૃતરાષ્ટ્રજી પાંડવો સાથે કેવો વ્યવહાર રાખે છે ? વધુ ચોક્કસ ખાતરી કરવા જાતે તેઓ કેટલાક મહિના હસ્તિનાપુરમાં રહી પણ ગયા. સાચું પૂછો તો મોટા નર હોવા છતાંય ઘરડા ધૃતરાષ્ટ્રજીમાં પોતાના દુષ્ટ પુત્રોની ઇચ્છા વિરુદ્ધ કાંઈ કરવાનું સાહસ કે શહૂર જ નહોતું. તેઓ શકુનિ વગેરે દુષ્ટોની સલાહ અનુસાર જ કામ

કરતા હતા. અક્રૂરજીને કુન્તીજી તથા વિદુરજીએ એ બતાવ્યું કે ધૃતરાષ્ટ્રના છોકરા દુર્યોધન વગેરે પાંડવોનાં પ્રભાવ, શસ્ત્રકૌશલ, વીરતા તથા વિનય આદિ સદ્ગુણો જોઈ જોઈ તેઓ પાંડવોથી બળ્યા કરે છે. કૌરવો જ્યારે એ જુએ છે કે પ્રજાપ્રેમ તો પાંડવો ભણી જ છે, ત્યારે તો તેઓ ખૂબ ચિડાઈ જાય છે અને પાંડવોનું ઝટઝટ અનિષ્ટ કરવા માટે તૈયાર થઈ જાય છે. આજ લગી દુર્યોધન આદિ કૌરવ ભાઈઓએ ઘણી વાર વિષદાન વગેરે અત્યાચારો ગુજાર્યા છે અને હજુ પણ ઘણા અત્યાચારો કરવા તત્પર રહે છે.

આમ એ લોકોએ કહ્યું ત્યારે એકદા કુંતીજીને ઘેર શ્રી અક્રૂરજી જાતે આવી પહોંચ્યા. તે વખતે કુંતીજી ઊઠીને તેમની (અક્રૂરજીની) જ પડખે બેસી ગયાં. પહેલાં તો કુંતીજીના મનમાં અક્રૂરજીને જોઈને પોતાના માહ્યરની યાદ તાજી થઈ ગઈ અને આંખોમાં આંસુ પણ ભરાઈ આવ્યાં. કુંતીજી બોલ્યાં : 'વહાલા ભાઈ! શું કોઈ કોઈ વખત મારાં માબાપ, ભાઈબહેન, ભત્રીજાઓ, કુળની સ્ત્રીઓ અને સખી–સાહેલીઓ મને યાદ કરે છે? મેં સાંભળ્યું છે કે અમારા ભત્રીજાઓ ભગવાન કૃષ્ણ અને કમલનયન એવા બલરામજી ખૂબ જ ભકતવત્સલ અને શરણાગત–રક્ષક બની ચૂકયા છે. શું કોઈ વખત તેઓ પોતાના ફોઈઆઈ (ફુઆઈ) ભાઈઓ (એટલે કે મારા દીકરાઓ)ને યાદ કરે છે? હું આજે શત્રુઓની વચ્ચે શોકવ્યાકુલ થઈ રહી છું. મારી તે જ દશા છે જેમ કોઈ વરુઓની વચ્ચે હરિણી પડી ગઈ હોય! મારાં બાળકો નબાપાં થઈ ગયાં છે! શું અમારા એ શ્રીકૃષ્ણજી કોઈ વખત અહીં આવીને મને અને મારાં અનાથ બાળકોને સાન્ત્વન આપશે? હિમ્મત બંધાવશે?' પછી જાણે શ્રીકૃષ્ણ પોતાની સામે હોય તે જ રીતે કુંતીજી બોલ્યાં: 'તમારાથી શું અમારું કષ્ટ છાનું છે? વળી તમે બચપણમાં પણ ગોપગોપીઓનાં વ્રજમાં કેવાં મોટાં મોટાં કષ્ટ કાપ્યાં છે! તો મારી રક્ષા કાં કરતા નથી?'

ફરી શુકદેવજી કહે છે : 'આમ કહેતાં કહેતાં કુંતીજી રોઈ પડયાં. આ જોઈ અક્રૂર અને વિદુરની છાતી પણ ભરાઈ આવી અને' પાંડવો તો ધર્મરક્ષા અને અધર્મના ઉન્મૂલનના નિમિત્ત બનીને આવ્યા છે, તેમની ચિંતા ન કરો એમ સારી પેઠે દિલાસો આપ્યો.' અક્રુરજી હવે મથુરા જવા તૈયારી કરવા લાગ્યા અને ધૃતરાષ્ટ્ર પાસે આવી પહોંચ્યા. તેમને અહીં ખાતરી આ પહેલાં થઈ જ ચૂકી હતી કે 'ધૃતરાષ્ટ્રજી પુત્રપક્ષપાતથી અન્યાય કરી રહ્યા છે એટલે ભગવાન કૃષ્ણ તથા બલરામનો સંદેશો એમણે તો સંભળાવ્યો જ અને વધુમાં કહ્યું : 'આપ સમભાવી અને ન્યાયી બનો ! પક્ષપાત ન કરો !' રાજા ધૃતરાષ્ટ્રજીએ કહ્યું : 'દાનપતિ અક્રૂરજી ! આપે વાતો તો સૌના હિતની કરી છે. પણ મને એ અસર કરતી નથી. માફ કરજો મારું મન મારા પુત્રોની મમતામાં જ ખૂંપી ગયું છે.' બસ, આ પછી અક્રૂરજીએ પોતે તો પોતાની ફરજ યથાર્થ અને પૂરેપૂરી બજાવી મથુરા પાછા ફરી ગયા અને બધો જ વિગતવાર વૃત્તાંત અને ખાસ તો ધૃતરાષ્ટ્રજીનો પુત્ર-પક્ષપાતી વ્યવહાર અક્ષરે અક્ષર ભગવાન કૃષ્ણ અને વીર બલરામજીને સંભળાવી દીધો જેનો નજરે દીઠો યથાર્થ હેવાલ મેળવવા માટે તો ભગવાન કૃષ્ણે અક્રૂરજીને હસ્તિનાપુરમાં મોકલ્યા હતા.'

## જરાસંધ સાથે યુદ્ધ

અનુષ્ટુપ

એકી સાથે બધા જેમ પાપી એકત્ર થાય છે,
તેમ શીઘ્ર ન એકત્ર પુણ્યશાળી થઈ શકે. ૧

કાળ પાકયે બધા પુણ્યશાળી એકત્ર સામટા
થાયે પ્રભુકૃપાથી તો અંતે સૌ પાપી હારતા. ૨

**આમ, અકળ સંસારે, પે'લાં પાપ જીતી જતું**
**ભાસે ભલે પરંતુ તે, અંતે અવશ્ય હારતું. ૩**

બ્રહ્મચારી શુકદેવજી કહે છે : "પ્રિય પરીક્ષિત ! કંસરાજાને બે રાણીઓ હતી : (૧) અસ્તિ અને (૨) પ્રાપ્તિ. સ્વપતિના મૃત્યુથી દુ:ખી થઈ તે બન્નેય પોતાના પિતાની રાજધાનીમાં ચાલી ગઈ. એ બન્ને રાણીઓના પિતા મગધરાજ જરાસંધ હતા. આ બન્ને પુત્રીઓએ પોતાની બધી દુ:ખકહાણી પિતાને સંભળાવી. પોતે વિધવા શાથી થઈ, તે વૃત્તાંત તે બન્નેએ પોતાના પિતાને જરા વિસ્તારથી કહી સંભળાવ્યો. પ્રથમ તો જરાસંધને પોતાની પુત્રીઓના વૈધવ્યનું ઊંડું દુ:ખ થયું અને તેથી થોડી વાર તો તે શૂનમૂન થઈ બેઠો રહ્યો. પરંતુ પછી એને મહાક્રોધ થયો. જરાસંધે એ દૃઢ નિશ્ચય કરી લીધો કે હવે પૃથ્વી પર એક પણ યદુવંશીને રહેવા જ ન દેવો ! એણે આ માટે યુદ્ધની મોટી તૈયારી કરવા માંડી. એ પછી ત્રેવીસ અક્ષૌહિણી સેનાથી મથુરાનગરીને એણે ઘેરી લીધી ! જ્યારે ભગવાન શ્રીકૃષ્ણે જોયું કે આ માત્ર સામાન્ય સેના નથી પણ ચોમેરથી ઊભરાતો સમુદ્ર છે, ત્યારે એમને લાગ્યું કે આ જરાસંધે આખી રાજધાની ઘેરી લીધી છે ને અમારાં સ્વજનો અને સામાન્ય નાગરિકો ભયભીત બની ગયાં છે. પણ સાથે સાથે એમ પણ લાગ્યું કે હું જે પૃથ્વીભાર ઉતારવા આવ્યો છું તે બધો ભાર અહીં એકસામટો જ જમા થઈ ગયો છે. એ ઘણું જ સારું થયું કે જેથી મારે એ ભારને શોધવા જવું નહીં પડે અને એકીસાથે એ બધોય બોજો આપોઆપ (પૃથ્વી પરથી) હટી જઈ શકશે. વળી બીજી વાત એ છે કે એ જો જીવતો હશે તો દુનિયાભરના અસુરોને (નબળાં તત્ત્વોને) એકસાથે એકઠાં કરી અહીં લાવી મૂકશે, જેથી આ બધાં નબળાં તત્ત્વોને નિવારવાનું કામ હું એકીસાથે અને ઝટઝટ કરી શકું.

આમ, હજુ તો ભગવાન શ્રીકૃષ્ણ વિચાર કરતા હતા તેવામાં જ ઉપર આકાશમાંથી સૂર્ય સમાન ચમકતા એવા બે રથ આવી પહોંચ્યા, જેમાં યુદ્ધની સારીયે સામગ્રી સુસજ્જિત હતી. બસ, એ જ સમયે ભગવાન કૃષ્ણનું દિવ્ય અને સનાતન એવું આયુધ પણ હાજર થઈ ગયું ! એ બધું એકીસાથે જોઈને ભગવાન કૃષ્ણે પોતાના મોટાભાઈ બલરામજીને ઉદ્દેશીને કહ્યું : 'મોટાભાઈ ! આપ મહાન શક્તિશાળી છો. યદુવંશનાં નાનાં-મોટાં સૌ આપના ઉપર જ મીટ માંડી રહેલ છે અને આજે આખાયે યદુવંશ ઉપર આપત્તિનો ગંજ ખડકાઈ ગયો છે. જુઓ, આ આપનો રથ છે અને આ આપનું પરમ પ્યારુ આયુધ(શસ્ત્ર) હળમુસળ પણ આવી પહોંચેલ છે. હવે આપ રથ પર સવારી કરી આ મહાન શત્રુસેનાને નિવારી નાખો, અને આપણા સ્વજનોને આ મહાન વિપત્તિથી ઉગારી લો. પ્યારા ભાઈ ! આપણાં બન્નેનો જન્મ સાધુજનોના કલ્યાણ માટે જ થયો છે. માટે આ ત્રેવીસેય અક્ષૌહિણી સેનાને જીતીને આ પૃથ્વી પરના વિપુલ ભારને તરત ને તરત નષ્ટ કરી નાખો.

આમ, એ બંને ભાઈઓએ સંતલસ કરી. કવચ ધારણ કરી રથ પર સવાર થઈને તે મથુરામાંથી નીકળી પડ્યા. તે બંને ભાઈઓ પાસે પોતપોતાને લગતાં આયુધો-હથિયારો તો ઉત્તમ હતાં જ, ઉપરાંત સાથોસાથ નાની છતાં મહાકુશલ સેના પણ ચાલી રહી હતી. એમનો રથ હાંકનાર દારુક સારથિ પોતે જ હતો. નગરની બહાર નીકળી ભગવાન શ્રીકૃષ્ણે પોતાનો પાંચજન્ય શંખ વગાડ્યો. આ શંખનાદ સાંભળતાં જ આ જરાસંધની ભગીરથ સેનાના તો હાંજા જ ગગડી ગયા ! પણ મિથ્યાભિમાની જરાસંધ તો વધુ ક્રુરાયો થઈ બોલી ઊઠ્યો : 'અરે, અસ્યા કૃષ્ણ ! તું તો એકલો બચી ગયો છે. નર્યા એકલા તારી સાથે મારે યુદ્ધ નથી કરવું, કારણ કે તું તો તારા સગા મામાનો હત્યારો છે અને છુપાઈ છુપાઈને

ફર્યા કરે છે. બોલ બલરામ ! જો તને શ્રદ્ધા હોય કે મૃત્યુ પછી વીરને સ્વર્ગ મળે છે અથવા એવી શ્રદ્ધા હોય કે તું મને મારી શકીશ, તો આવી જા તું મારી સામે.' ભગવાન કૃષ્ણે કહ્યું : જે ખરેખરો બહાદુર હોય છે; તે ડિંગ હાંકતો નથી કે બકબક કરતો નથી. પણ તું તો તેવું જ કરે છે, તો તારી ઇચ્છા. હું તારી ડિંગને માનવાનો નથી અને સન્નિપાત જેવા તારા મૃત્યુ સમયના બકવાસનેય સાંભળવાનો નથી.'

વળી શુકદેવજી કહે છે : 'વાયરો વાદળોથી સૂર્યને અને ધુમાડાથી આગને ઢાંકી જરૂર શકે છે. પણ વાસ્તવમાં સૂર્ય કે આગ ઢંકાતાં નથી જ. પે'લાં તો મથુરાનો નારીગણ જે અટારીઓ પરથી સેના–કૌતુક જોતો હતો, તે શ્રીકૃષ્ણ–બલરામના રથો સ્પષ્ટ ન જોઈ શકતાં જ મૂર્ચ્છિત થઈ ગયો. બસ, જરાસંધ જ્યારે પોતાની સેના દ્વારા આખી મથુરાને ડરમાં નાખી રહ્યો હતો તે ટાંકણે જ ભગવાન કૃષ્ણે પોતાના શારંગ ધનુષનો ટંકાર કર્યો અને પછી તો જાણે જોતજોતાંમાં મગધરાજ જરાસંધની આખીયે વિશાળ સેના તરતાતરત છિન્નભિન્ન થઈ ગઈ. અરે, ખુદ જરાસંધ રાજા પોતે પણ ઉદાસ થઈને એકાએક નાઠો ! અણધાર્યા આ સહજ વિજયથી દેવોએ આકાશમાંથી દિવ્ય ફૂલ વરસાવ્યાં અને મથુરાનગરી તો આખીય નાચી ઊઠી. મથુરાની સન્નારીઓ પ્રેમ અને ઉત્કંઠિત નેત્રોથી બંને વીરોને નિહાળી પુષ્પહારો, દહીં, ચોખા અને જવાંકુરો વર્ષાવતી હતી. ભગવાન કૃષ્ણે રણભૂમિમાંનું ધન, આભૂષણો વગેરે બધું જ યદુવંશી રાજા ઉગ્રસેન પાસે એમની સેવા માટે મૂકી દીધું !"

# દ્વારિકાનિર્માણ અને કાલયવનનો નાશ

અનુષ્ટુપ

સહાય પ્રભુની હોય, ત્યાં થાતું સર્વ પાધરું;
કેમકે જગસ્વામી જ્યાં, અધૂરું પૂર્ણ ત્યાં થતું. ૧

જ્યાં જેવો હુમલાખોર, ત્યાં તેવો થાય સામનો;
અંતે સત્ય–અહિંસાની, દિશા જીતતી આમ તો! ૨

હુમલાકારની કક્ષા ને કક્ષા યુગ–મર્ત્યની;
થતી તે ઉભયે જોઈ, અહિંસા–સત્યની ગતિ. ૩

બ્રહ્મચારી શુકદેવજી મહારાજ કહે છે : 'પરીક્ષિત! આ પ્રમાણે એક કે બે વાર નહીં, પણ સત્તર સત્તર વાર મગધરાજ જરાસંઘે શ્રીકૃષ્ણ વડે સુરક્ષિત એવા યદુવંશીઓ સાથે યુદ્ધો કર્યાં. દરેક વાર ત્રેવીસ ત્રેવીસ અક્ષૌહિણી સેના એકઠી કરીને તેણે યુદ્ધો ખેડ્યાં, પરંતુ યાદવોએ એકેએક વાર ભગવાન શ્રીકૃષ્ણની સહાયથી તમામ સેનાઓને પરાજિત કરી. આમ, યદુવંશીઓથી જરાસંધ પરાજય પામતો જાય, તેમ તેમ યદુવંશીઓ જરાસંઘની ઉપેક્ષા કરી તેને જતો કરે. તે પાછો પોતાની રાજધાનીમાં ફરી ચાલ્યો જાય. હવે આ રીતે જ્યારે અઢારમો સંગ્રામ થવાનો હતો તેટલામાં ખુદ નારદઋષિએ મોકલેલ કાલયવન નજરે પડ્યો. કાલયવન એટલો તો યુદ્ધવીર હતો કે તેની જોડીમાં ઊભો રહી શકે તેવો વીર સંસારભરમાં કોઈ જ નહોતો. જરાસંધની ચઢાઈ વિશે જાણ્યું ત્યારે કાલયવને ત્રણ કરોડ મ્લેચ્છોને બોલાવી મથુરા પર ઘેરો ઘાલ્યો.

કાલયવનની આવી અપ્રાસંગિક ચઢાઈ જોઈને ભગવાન શ્રીકૃષ્ણે બલરામની સાથે મળી વિચાર કર્યો કે અહો! આ સમયે યદુવંશીઓ

પર કદાચ એકીસાથે જરાસંધનો અને કાલયવનનો એમ બે હુમલા-ઓ આવી પડે. હવે આપણે બન્ને ભાઈઓ કાલયવનની સાથે જ જો લડવામાં પડી જઈશું, અને તે જ સમયે જરાસંધ પણ યુદ્ધ માટે આવી પહોંચશે, તો આપણા બધા જ યદુવંશી ભાઈઓનો ખાત્મો કરી નાખશે અથવા કેદ કરી પોતાની રાજધાનીમાં લઈ જશે. એટલે આપણે આજે એક એવો કિલ્લો બનાવી દઈએ કે જેમાં કોઈ પણ મનુષ્ય માટે પ્રવેશ કરવો જ કઠણ થઈ પડે. આપણાં સગાં-સંબંધી-ઓને એ કિલ્લામાં જ પહોંચાડી દઈએ અને પછી એ યવનનો વધ કરાવીએ. બલરામજી સાથે આ જાતની સલાહ–મસલત કરીને ભગવાન શ્રીકૃષ્ણે સમુદ્રમાં જ એક એવું દુર્ગમ નગર બનાવી મૂકયું કે જેમાં બધી વસ્તુઓ અદ્‌ભુત હતી અને એ નગરની લંબાઈ–પહોળાઈ અડતાલીસ ગાઉની હતી. એ નગરની એક એક વસ્તુમાં વિશ્વકર્માનું વિજ્ઞાન (એટલે કે વાસ્તુવિજ્ઞાન) અને શિલ્પકળાની નિપુણતા ઝળકતી હતી. એમાં વાસ્તુશાસ્ત્ર અનુસાર મોટી મોટી સડકો, ચોરાઓ અને શેરીઓનું યથાસ્થાને ઠીક ઠીક વિભાજન કરાયું હતું. એ નગર એવાં તો ઉદ્યાનો અને ઉપવનોથી રચેલું હતું કે જેમાં દૈવી વૃક્ષો અને લતાઓ હતાં. એમાં ચારે વર્ણોની જનતાની વચ્ચે યદુવંશીઓના અગ્રણી રાજા ઉગ્રસેન, વસુદેવજી, બલરામ અને ભગવાન કૃષ્ણના મહેલો ઝગમગી રહ્યા હતા. દેવરાજ ઇંદ્રે બધી સગવડો ભગવાન માટે કરાવી દીધી. માણસને જ્યાં ભૂખતરસ ભાગ્યે જ લાગે એવી સ્થિતિ કરાવી નાખી. બલરામજીને મથુરામાં રાખ્યા. બાકીના મોટા ભાગના યદુવંશીઓને દ્વારકામાં પહોંચાડી દીધા અને પોતે બધાની સલાહ લઈ ગળે વૈજયંતી માળા પહેરી વિના શસ્ત્રાસ્ત્ર એકલા નગર બહાર નીકળી પડયા.

કાલયવને નારદજીના કહેવા મુજબ આ બધું ભગવાન કૃષ્ણમાં જોયું એટલે એ પણ વગર હથિયારે, એમની પાછળ પડયો. કૃષ્ણ જે ગુફામાં ઘૂસ્યા તેમાં કાલયવન પણ ઘૂસ્યો, પણ એને કયાં ખબર હતી

કે ભગવાનની લીલા કેવી અકળ છે! ત્યાં એક સૂતેલા માનવીને શ્રીકૃષ્ણ જાતે સૂતા છે એમ માની જેવી કાલયવને લાત મારી કે તે સૂતેલો માનવી જાગી ઊઠયો અને એનો રોષ ભભૂકી ઊઠયો. જેવી તેણે એના તરફ દૃષ્ટિ ફેંકી કે તરત ચારે બાજુ કાલયવનના ફરતી આગ પ્રજ્વળી ઊઠી. તે થોડી ક્ષણોમાં બળીને ખાખ થઈ ચૂકયો."

## મુચુકુંદ–કથા

અનુષ્ટુપ

આસક્તિવશ જીવો સૌ, ભમે કાળવશે ભવે;
ન ભમે તે અનાસક્ત, પ્રભુને શરણે ગયે. ૧

જગતનાં અનિષ્ટો જે, ફોરવી પુરુષાર્થને;
દૂર કરી શકે તેનું સંસારે જીવ્યું સાર્થ છે. ૨

બ્રહ્મચારી શુકદેવજી કહે છે: "...પરીક્ષિત! પર્વતની ગુફામાં જઈને સૂઈ ગયેલા, તે માંધાતાના પુત્ર રાજા મુચુકુંદ હતા! તેઓ બ્રહ્માજીના પરમ ભક્ત, સત્યપ્રતિજ્ઞ અને મહાપુરુષ હતા. એક વાર ઈંદ્રાદિ દેવતાઓ અસુરોથી ખૂબ ભયભીત થઈ ગયેલા તેથી તેઓએ (દેવોએ) આ રાજા મુચુકુંદ પાસે જઈને પ્રાર્થનાપૂર્વક પોતાની રક્ષા માગી. ત્યારે તેઓએ ઘણા લાંબા વખત લગી દેવોની બરાબર રક્ષા કીધી. પણ ઘણા દિવસ પછી દેવોને સેનાપતિના રૂપમાં સ્વામી કાર્તિકેયજી મળી ગયા, ત્યારે દેવોએ રાજા મુચુકુંદને કહ્યું: 'રાજન્! આપે અમારી રક્ષા કરવા માટે ઘણો ઘણો શ્રમ અને કષ્ટો પણ વેઠયાં. હવે આપ વિશ્રામ કરો. વીર શિરોમણિ! આપે અમારી રક્ષા કાજે આપનું મનુષ્યલોકનું રાજ્ય છોડયું અને જિંદગીની આકાંક્ષાઓ

તથા ભોગોને પણ ત્યજ્યાં. બીજી બાજુ કાળ કેવો સમર્થ છે કે ગોવાળિયો જેમ પશુઓને પોતાને વશ રાખે છે તેમ તે બધી પ્રજાને વશ રાખે છે. તે અર્થમાં કાળ સ્વામી છે. અરે, ભગવત્સ્વરૂપ પણ છે! આપનાં સગાં-વહાલાં, રાણીઓ, સંતાનો વગેરે સૌ આ સમય દરમિયાન હવે કાળવશ થઈ ચૂક્યાં છે. અમારી મોટી ત્યાગભરી સેવા બદલ આપ અમારી પાસે જે કંઈ માગવું હોય તે ખુશીથી માગી લો. એકમાત્ર મોક્ષ સિવાય અમે બધું આપી શકીએ તેમ છીએ. કારણ કે મોક્ષ આપવાનું કામ કેવળ અવિનાશી પરમાત્મા ભગવાન વિષ્ણુનું છે.' પરમ યશસ્વી રાજા મુચુકુંદે દેવોનું આ કથન સુણી એમને વંદના કરી અને બહુ જ પોતે થાકેલા હોઈ બીજું કશું જ નહીં, નિદ્રાદેવીનું જ વરદાન માગ્યું; અને એ વરદાન માગીને તેઓ ગુફામાં જઈ નિરાંતે સૂઈ ગયા. દેવોએ એમને એ પણ કહી દીધું કે ભૂલ્યે-ચૂક્યે પણ 'આ રીતે સૂઈ ગયેલા આપને વચ્ચેથી જે કોઈ મૂર્ખ જગાડશે, તેની તરફ આપની દૃષ્ટિ પડતાં જ, તે બળીને ત્યાં ને ત્યાં ભસ્મીભૂત થઈ જશે.'

આ રીતે રાજા મુચુકુંદથી કાલયવન ભસ્મીભૂત થયો કે તરત ભગવાન શ્રીકૃષ્ણે તે રાજવીને દર્શન દઈ દીધાં. રેશમી પીતાંબર અને શ્યામલ શરીર, ચાર હાથ, ચોમેર પ્રકાશ પથરાયેલો અને અદ્ભુત સ્વરૂપ જોઈ પોતે બુદ્ધિમાન હોવા છતાં જરા શંકા લાવીને રાજાએ પૂછી નાખ્યું: 'આપ કોણ છો? આ ઘનઘોર જંગલમાં આપ કેમ વિચરી રહ્યા છો? અને તેમાં પણ આ ગુફામાં પધારવાનું આપને શું પ્રયોજન છે? આપનું આવડું મોટું તેજ હોઈ આપ અગ્નિ તો નથી ને? સંભવ છે કે આપ કોઈ બીજા લોકપાલ, સૂર્ય, ચંદ્ર અથવા દેવરાજ ઇંદ્ર હો! ખરેખર તો મારી સમજ મુજબ આપ દેવોના પણ આરાધ્ય દેવ એવા બ્રહ્મા, વિષ્ણુ તથા શંકર એ ત્રણ પૈકીના વિષ્ણુ ભગવાન લાગો છો, કારણ કે આટલું બધું તેજ અન્યથા

કોનું હોય? આપે તો ગુફામાંના અંધારાને ભગાડી નાખ્યું. હે પુરુષ-શ્રેષ્ઠ! આપ કૃપા કરી આપનાં જન્મ, કર્મ અને ગોત્ર બતાવો. કારણ કે હું આપનું એ બધું સાચા હૃદયથી જાણવા ઇચ્છું છું! મારી ઓળખાણ ઇચ્છો તો હું ઇક્ષ્વાકુ વંશનો ક્ષત્રિય છું અને મારું નામ મુચકુંદ. હું યુવનાશ્વનંદન મહારાજ માંધાતાનો પુત્ર છું અને હે મારા પ્રિય ભગવાન! ઘણા દિવસો લગી જાગતો રહેવાને કારણે હું ખૂબ થાક્યો હતો. નિદ્રાએ મારી ઇંદ્રિયોની બધી શક્તિ છીનવી લીધેલી, અને બેકાર બનાવી દીધેલી. તેથી હું આ નિર્જન ગુફામાં નિર્દ્વંદ્વપણે સૂઈ રહ્યો હતો. હમણાં કોઈએ મને જગાડી દીધો. અલબત્ત, અવશ્ય એનાં પાપોને કારણે જ આમ બન્યું હશે. ત્યારબાદ તરત આપે પરમ કૃપા કરી મને દર્શન દીધાં. આપનું તેજ જોઈ મારી શક્તિ ખોવાઈ ગઈ છે. વધુ વાર આપને હું નીરખી શકતો નથી.'

જ્યારે રાજા મુચુકુંદે આટલું કહ્યું કે તરત હસી રહ્યા હોય તે રીતે ભગવાન કૃષ્ણે મેઘગંભીર વાણીમાં પોતાનું પોતાના શ્રીમુખે અનંત જન્મો પૈકી વર્તમાન જન્મનું જ વર્ણન કરી બતાવ્યું અને પોતામાં જ તન, મન, બુદ્ધિ, ચિત્ત તથા સર્વ કંઈ સમર્પી દઈ અના-સક્ત ભાવે મુચુકુંદને વિચરવાનું કહ્યું. એ રીતે આ પરમ અનુગ્રહ પામી રાજા મુચુકુંદ ઉત્તર દિશામાંના ગંધમાદન પર્વત પર બદરિકાશ્રમમાં તાપ–ઠંડી વગેરે સહન કરીને તપ દ્વારા ભગવાનની આરાધના કરવા લાગી ગયા. કારણ કે ખુદ ભગવાને જ રાજા મુચુકુંદને કહ્યું હતું કે હે રાજા! મનુષ્યજન્મમાં શિકાર અને અતિ ભોગવશ થઈ જે પાપો કર્યાં છે, તે બધાં એ રીતે ધોવાઈ જશે. આવતા જન્મમાં સર્વજીવ-હિતેચ્છુ એવો બ્રાહ્મણ થઈને તું વિશુદ્ધ વિજ્ઞાનઘન પરમાત્મ સ્વરૂપ મુજને પ્રાપ્ત કરી શકશે."

# રણછોડે રણ છોડયું

ન જાણી બળ સામાનું, સાહસે જે ઝુકાવશે;
પરાજિત થઈ પૂરો, પસ્તાશે જ અવશ્ય તે. ૧

અહિંસા–સત્યમાં છે ના, પરાજિતપણું કદા;
કેમકે આખરે જીતે, અહિંસા–સત્ય સર્વદા. ૨

થયો ક્રમે ક્રમે તેથી, ધર્મરૂપ સુસત્યનો;
ને વિકાસ અહિંસાનો, જગમાં ભારતે ઘણો. ૩

બ્રહ્મચારી શુકદેવજી બોલ્યા : –"પરીક્ષિત ! આમ રાજા મુચુકુંદ દ્વારા કાલયવનનો વધ થયા બાદ એના પર ખુદ ભગવાને કૃપા કરી અને એ રાજા બદરિકાશ્રમમાં તપ દ્વારા ભગવાનની આરાધના કરવા લાગ્યા. પછી ભગવાન શ્રીકૃષ્ણ મથુરાનગરીમાં પાછા ફર્યા ત્યારે જોયું કે કાલયવન તો મર્યો, પણ એ મ્લેચ્છની સેનાએ મથુરાનગરીને ઘેરી રાખી છે. એમણે તે રાજા વિનાની સેનાને હંફાવી વેરવિખેર કરી નાખી તથા તેનું અઢળક ધન લઈ લીધું. તે ધન બળદગાડાંમાં ભરી દ્વારકા જવા નીકળ્યા. જે વખતે મનુષ્યો અને બળદો દ્વારા આ બધું ધન લઈ જવાતું હતું ત્યાં જ મગધરાજ જરાસંધ અઢારમી વાર ત્રેવીસ અક્ષૌહિણી સેના સહિત આવી પહોંચ્યો. એ સેનાનો વેગ જોઈ ભગવાન કૃષ્ણ અને શ્રી બલરામજી સામાન્ય માનવીની જેમ ઘણી સ્ફૂર્તિ સાથે પગપાળા ભાગી નીકળ્યા. આથી જરાસંધ હસતો હસતો પોતાનો રથ અને સેના છોડી એમની પાછળ તે પણ દોડવા લાગ્યો. પરીક્ષિત ! ખરું પૂછો તો જરાસંધને આ બન્નેનાં બલઐશ્વર્યનું જરાય ભાન નહોતું, નહીં તો આવી છોકરમત કરત જ નહીં. દોડતાં દોડતાં જાણે થાક્યા હોય, તેમ કૃષ્ણ ને બલરામ બન્ને પ્રવર્ષણ પર્વત પર ચઢી

ગયા. આ પર્વત પર વર્ષા ખૂબ થતી હોવાથી જ તેનું નામ પ્રવર્ષણ પર્વત પડેલું. એ પર્વત પર ખૂબ શોધવા છતાં જરાસંધ રાજાને એ બે ભાઈઓનો પત્તો ન લાગ્યો એટલે ચિડાઈને તેણે એ પર્વતને જ આગ લગાડી દીધી. અને પર્વતને સેના દ્વારા નીચેથી ઘેરી જ રાખેલો. પણ આ બેય અદ્દ્ભુત પુરુષ એવી સિફતથી નીચે આવી ગયા કે ખબર જ ન પડી. પેલો રાજા જરાસંધ તો એમ જ સમજી બેઠો કે એ બન્ને પવર્ત સાથે બળી ગયા. એટલે પેલી વિશાળ સેનાને લઈને તે મગધદેશ તરફ પાછો ફરી ગયો. જ્યારે ભગવાન કૃષ્ણ અને બલરામ તો દુશ્મનને ભ્રમમાં રાખી સમુદ્ર પરની પોતાની દ્વારિકાપુરીમાં આવી પહોંચ્યા !

પરીક્ષિતજી ! હું નવમ સ્કંધમાં એ તો કહી જ ગયો છું કે આનર્ત દેશના રાજા શ્રીમાન રૈવતજીએ પોતાની રેવતી કન્યાને બ્રહ્માજીની પ્રેરણાથી બલરામજીને પરણાવેલી. આમ, બલરામજીનો લગ્નવિધિ પત્યા પછી ભગવાન શ્રીકૃષ્ણ પણ સ્વયંવરમાં આવેલા મહારાજા શિશુપાલ અને શિશુપાલના પક્ષપાતી રાજા શાલ્વ આદિ નરપતિઓને બલપૂર્વક હરાવી, ગરુડજીએ સુધાહરણ કરેલું, તેમ વિદર્ભ દેશના મહારાજા ભીષ્મકની સુપુત્રી શ્રી રુક્મિણીનું અપહરણ કરી, તેનાથી લગ્ન કરી નાંખ્યાં. રુક્મિણીજી ખરેખર ખુદ ભગવતી લક્ષ્મીજીના જ અવતારરૂપ હતાં! અહીં પરીક્ષિત રાજા શુકદેવજીને પૂછે છે: 'ભગવન્! મારા સાંભળવામાં એમ આવ્યું છે કે ભગવાન શ્રીકૃષ્ણે ભીષ્મકરાજનંદિની પરમસુંદરી રુક્મિણીજીનું બલપૂર્વક અપહરણ કરી ગાંધર્વવિવાહ કરેલો. તો હે મહારાજ! આપના શ્રીમુખેથી હવે હું એ સાંભળવા માગું છું કે આવું કયા કારણે થયું? સામાન્ય રીતે તો ગાંધર્વવિવાહ બીજા વિવાહો કરતાં હલકો એટલે કે રાક્ષસી વિવાહ કહેવાય અને ભગવાન શ્રીકૃષ્ણ તો સ્વયં પરમ પવિત્ર છે અને આખાયે જગતને પરમ પવિત્ર કરે તેવું તેમની જીવનચર્યાનું માહાત્મ્ય છે, વળી એ જીવનમાધુરી એટલી તો લોકોત્તર અને રસીલી છે અને એમાંથી

ફરી ફરીને એવો તો નવો નવો રસ મળી રહે છે કે સાંભળવાથી તૃપ્તિ થતી જ નથી! તો પછી રુકિમણીજી સાથે કૃષ્ણના લગ્નમાંના આ રાક્ષસવિધિથી ગાંધર્વવિવાહનું ખાસ રહસ્ય હોવું જ જોઈએ. હું આપની પાસે તે જરા વધુ વિગતથી સાંભળવા ઇચ્છું છું. આ સાંભળીને શુકદેવજીએ કહ્યું : "હા; પરીક્ષિતજી! એ લગ્નની પાછળ વિશુદ્ધ પ્રણયનો અને નર–નારીની હાર્દિક એકતાનો તેમ જ ભગવાન કૃષ્ણ તથા એમના વડીલબંધુ બલરામજીનો એવો તો રહસ્યપૂર્ણ અને સજ્જન–ગૃહસ્થનો ઇતિહાસ છે કે જે સાંભળવા માત્રથી પણ પરમ પરગજુપણું, વીરત્વ અને ખાનદાનપણાની ત્રિવેણીનો ભવ્ય પરિચય થયા વિના રહેતો નથી."

## રુકિમણીનો કૃષ્ણપ્રેમ

વંશસ્થ

કદી ન જોયા નજરે પરસ્પર,
છે સાંભળ્યાં માત્ર ગુણે ખરેખર;
બન્નેય તોયે દિલથી દિલે ભળ્યાં,
ત્યાં જાણજો સત્યપ્રણયી–નિસર્ગતા. ૧

અનુષ્ટુપ

અનેક આફતો આવે, સંસાર-સાગરે છતાં;
ધીર વીર રહી તેઓ, સુખેથી પાર પામતાં. ૨

આવાં જોડાં પરે વર્ષા, થતી પ્રભુકૃપા તણી;
મોક્ષમાર્ગી બને જેથી, તેવાં નિર્લેપ દંપતી. ૩

બ્રહ્મચારી શુકદેવજી બોલ્યા : "રાજા પરીક્ષિત ! રાજા ભીષ્મક વિદર્ભ દેશના અધિપતિ હતા. એમને પાંચ પુત્રો અને એક જ સુંદર કન્યા હતી. પાંચ દીકરાઓમાં સૌથી મોટા પુત્રનું નામ રુકમી હતું. બીજા ચારનાં નામ ક્રમશ : (૧) રુકમરથ (૨) રુકમબાહુ (૩) રુકમકેશ અને (૪) રુકમમાલી હતાં. રુકિમણી તો સુંદર અને ખૂબ જ લાવણ્યવતી હતી. જયારે એણે પરોક્ષ રીતે ભગવાન કૃષ્ણનાં સૌંદર્ય, પરાક્રમ, ગુણ અને વૈભવની પ્રશંસા સાંભળી—જે તેને ત્યાં આવતો પ્રત્યેક અતિથિ પ્રાયઃ ગાયા જ કરતો–ત્યારે રુકિમણીએ વિચારીને છેવટે એ જ નિર્ણય કર્યો કે મને અનુકૂળ તો આ એક જ પુરુષ છે. એટલે ગમે તે થાય પણ મારે જો વરવું તો એમને જ વરવું !

આ રીતે માનસિક રીતે તેણે પતિ તરીકે શ્રીકૃષ્ણને સ્વીકારી જ રાખ્યા હતા, પરીક્ષિત ! ચુંબક અને લોઢા કરતાંય નક્કર આકર્ષણ પતિ–પત્ની વચ્ચેના પ્રણયનું હોય ! આવો પ્રણય આવાં પતિ-પત્નીના સંબંધમાં શબ્દોમાં ન સમજાય તેવો કુદરતી રીતે જ હોય છે, આમ રુકિમણીનું ભરયુવાનીમાં જેમ શ્રીકૃષ્ણ પ્રતિ ખેંચાણ હતું તેમ એવા જ એ ભગવાન કૃષ્ણની જુવાની પણ ભીષ્મક પુત્રી રુકિમણી પર ફિદાફિદા હતી ! મતલબ આ બન્ને નારી–નરનાં પારસ્પરિક રીતે કુદરતી જ ખેંચાણો હતાં. જેમ શ્રીકૃષ્ણ ગુણભંડારરૂપ હતા તેમ રુકિમણી પણ જેવી રૂપાળી હતી, તેવી જ શીલવતી અને વીરાંગના હતી. એટલું જ નહીં, બલકે ખૂબ ઉદાર અને બહાદુર પણ હતી જ. પરંતુ આ બન્ને વચ્ચેના જોડાણમાં મોટામાં મોટી આડખીલ રુકિમણીનો મોટો ભાઈ શ્રી રુકમી હતો ! રુકિમણી પોતે જેમ શ્રીકૃષ્ણને ચાહતી હતી તેમ રુકિમણીના પિતાશ્રી રાજા ભીષ્મક તથા રુકિમણીના મોટા ભાઈ રુકમીથી નાનેરા ચારેય ભાઈઓ પણ શ્રીકૃષ્ણ પ્રત્યે જ —શ્રીકૃષ્ણના ગુણોને લીધે ખેંચાયા હતા ! સુશીલપણું, વીરતા અને સાથોસાથ સૌંદર્ય આ ત્રિવેણીનો સુમેળ કોઈ વિરલ સન્નારીમાં જ હોય ! પણ તે ત્રણેય ગુણો સોળે કળાએ રુકિમણીમાં દીપી ઊઠેલા.

પરંતુ તેનો મોટો ભાઈ રુકમી ખરેખરો શ્રીકૃષ્ણનો દ્વેષી બની ગયેલો; એ મિથ્યાભિમાનના પૂતળા જેવો બની ગયેલો. શિશુપાળ તો ફોઈબાનો દીકરો હોવા છતાં શ્રીકૃષ્ણનો કટ્ટર દુશ્મન હતો. એમ જોતાં શિશુપાળ અને રુકમી વચ્ચેની મૈત્રી દિને દિને ગાઢ બની ગયેલી. તેથા પોતાની બહેન રુકિમણી વહેલામાં વહેલી તકે શિશુપાળને વરે તેવી પેરવી કરી રાખેલી. રાજા ભીષ્મક શ્રીકૃષ્ણને સૌથી વધુ ચાહતા પણ તેમનામાં જે માનસિક નિર્બળતા હતી, તે એ હતી કે તેઓ પોતાના મોટા દીકરા રુકમીની સામે થઈ કાંઈ ખાસ કરી શકે તેમ ન હતું. અધૂરામાં પૂરું રુકિમણીની માતા પણ એક બાજુ પુત્ર રુકમી પ્રત્યે મમતાળુ હતી અને શિશુપાળ જો પોતાનો જમાઈ થાય તો શિશુપાળ પાસે જે અઢળક સંપત્તિ હતી તેને લીધે હીરા-માણેક-મોતી-સોનું-રૂપું વગેરેથી પોતાની પુત્રી આખી મઢાઈ જાય તેવો મોહ પણ સાથે સાથે હતો.

સાચા પ્રણયીને મન સ્થૂળ સંપત્તિનું તો કોઈ મૂલ્ય જ નથી હોતું. રાજકુમારી રુકિમણીને પોતાના મોટા ભાઈની અને માતાની ખોટી માયા-મમતાની તેમ જ પિતાની માનસિક નબળાઈની ખબર પડતાં વાર ન લાગી. એટલે તે બહુ ફિકરમાં અટવાઈ ગઈ. પરંતુ આવાં સત્પ્રણયી જોડાંને કુદરત પણ સહેજે સહેજે મદદ કરવા અચાનક જ આવી ચડે છે. તેને એક એવી બાતમી મળી ગઈ કે 'એક પ્રૌઢ બ્રાહ્મણ પોતાની નગરીમાં રહેતો અને વારંવાર રાજદરબારમાં આવતો જતો છે જે એવો શ્રીકૃષ્ણચાહક છે કે જો પ્રથમથી એના દ્વારા ખુદ ભગવાન કૃષ્ણને આ બધી માહિતી મળી જાય તો શ્રીકૃષ્ણ પણ એવા તો શીલવંત, સૌંદર્ય-સંપન્ન અને શૌર્યવંત છે કે આમાંથી કોઈને ને કોઈક રસ્તો જરૂર કાઢી શકશે. આ વિચારથી તેણીએ પોતાની દાસી મારફત એ પ્રૌઢ બ્રાહ્મણને રાજદરબારમાં બોલાવી લીધો અને નારીસુલભ શરમથી સંકોચાતાં સંકોચાતાં પણ પોતાના શ્રીકૃષ્ણ પ્રત્યેના ભાવો વ્યક્ત કરી દીધા. બ્રાહ્મણનો આદર-

ભાવ તો અત્યંતપણે ભગવાન કૃષ્ણ પ્રત્યે હતો જ, આથી સોનામાં સુગંધ ભળી ચૂકી. તે પ્રૌઢ બ્રાહ્મણ આ રાજકુમારી રુકિમણીનો અંગત સંદેશો લઈને સીધેસાધો દ્વારિકાનગરીમાં ગયો અને મંગલમય પ્રવેશ કર્યો.

જેવો એ પ્રૌઢ બ્રાહ્મણને દ્વારપાલ ભગવાન કૃષ્ણ પાસે લઈ ગયો કે તરત તેઓ એ ભૂદેવને નીરખતાં જ સોનાના સિંહાસન પરથી ઊઠી તરત ઊભા થઈ એ સિંહાસન પર બેસાડી, એવી રીતે પૂજા કીધી કે જેવી રીતે દેવલોકો ભગવાનની ખુદની કરે છે.

આ રીતે આદરસત્કાર કર્યો, કુશલ-પ્રશ્નો પૂછ્યા અને આ ભૂદેવનાં ચરણને પોતાના કોમળ મધુર હાથથી સુંવાળો સ્પર્શ કરતા શાન્તભાવથી પૂછવા લાગ્યા : 'અહો, બ્રાહ્મણ દેવતા! આપ છો તો કુશળ ને? આપને આપના પૂર્વજ ઋષિમુનિઓના પંથમાં રહેતાં કશી મુસીબત તો નથી વેઠવી પડતી ને? હા, એટલું ખરું કે ભૂદેવને જો સંતોષનું ધન ન હોય તો તેની દશા સૌથી ભૂરી સહેજે થાય છે. જ્યાં સંગ્રહ-પરિગ્રહની વૃત્તિ પેદા થઈ કે પછી તો દેવેન્દ્રની સમૃદ્ધિ મળે તોય તૃષ્ણાની જ્વાળાથી હૈયું પીડિત થવાનું જ. દેવેન્દ્રોની પણ જુઓ ને, કેવી કરુણ દશા છે! કામનાને લીધે તે માર્યામાર્યા ભટકચા કરે છે પણ જ્યાં સંતોષધન છે ત્યાં આનંદ આનંદ છે, સુખનિદ્રા છે. જે મળે, તેથી તૃપ્ત રહી પ્રસન્ન પ્રસન્ન રહ્યાં કરે છે. આથી જ હું આપ જેવા ભૂદેવ ભક્તોનો દાસાનુદાસ સહેજે બની જઉં છું. આપ જે વિદર્ભ પ્રદેશથી આવો છો, ત્યાંના રાજાજી બરાબર રાજધર્મ પાળે છે ને? ત્યાંની પ્રજા પરિપૂર્ણપણે સુખી છે ને? આપનું આટલે બધે દૂર શા કારણે આવવાનું થયું?' તરત જ ભૂદેવે પોતાની અસલી વાત શરૂ કરતાં પહેલાં રુકિમણીનો જ સંદેશો ભગવાન કૃષ્ણને પહેલાં આપવા માંડચો..."

# રુક્મિણીનો સંદેશો

પત્ની તુલ્ય પતિ તુલ્ય, તથા માબાપ તુલ્ય તું;
સુહૃદ તું, ભગિની ભ્રાતા, ગુરૂ પ્રભુ સમેત તું. ૧

એક અનંત આકારી, નિરાકારીય તું જ છે;
અભેદે–ભેદ વિજ્ઞાન, આત્મા સધાય એમ એ. ૨

શુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે : "વિદર્ભ દેશથી કન્યારત્ન રુકિમણીજીનો સંદેશો લઈ જે ગરીબ અને પ્રૌઢ ગોરમહારાજ દ્વારિકામાં પધાર્યા હતા તેમને ઊંચા આસન પર બેસાડી ભગવાન કૃષ્ણ નીચે બેસી તેમના ચરણને પોતાના સુકોમળ હાથથી પંપાળીને જ્યારે પૂછ્યું કે, 'બોલો ભૂદેવ ! આપ શો સંદેશો લાવ્યા છો?' ત્યારે તે ગોર મહારાજ રુકિમણીજીની વાણીમાં બોલ્યા : 'ત્રિભુવનસુંદર ! (મતલબ આખાયે જગતમાં રુકિમણીજી માટે ભગવાન કૃષ્ણ સિવાય કોઈ જ વિશેષ સુંદર નહોતું.) આપના સદ્ગુણો એવા તો મહાન અને આકર્ષક છે કે તે સુણવાવાળાઓના કાનને રસ્તે સોંસરા થઈને હૈયામાં પોતાનું સ્થાન જમાવી દે છે. અનંત જન્મોથી એક એક અંગમાં ઘર કરી ગયેલા આધિ–વ્યાધિ–ઉપાધિના અગ્નિને એકાએક ચમત્કારની જેમ શાંત પાડી દે છે. આ જગતમાં જેટલા જીવો આંખો પામ્યા છે અને તેઓમાં પણ જેઓએ પોતાની આંખો વાટે સીધેસીધા આપને નિહાળ્યા છે, તે ખરેખરા મહા બડભાગી છે. કારણ કે આપ સ્વાર્થ, પરમાર્થ બન્નેના પરમધામરૂપ છો. મેં એ વિષે પણ મારા કાને સાંભળી લીધું છે. અચ્યુત ! હવે આ બધાને લીધે મારું ચિત્ત એકમાત્ર આપના જ ધ્યાનમાં, ચિન્તનમાં એવું તન્મય થઈ ચૂક્યું છે, કે એણે અમારા નારીવિભૂતિના મહાન ગુણ લજ્જાને પણ ગુમાવી દીધો છે. હવે હું એ ચિત્તને ધીરજ રાખવા

માટે સમજાવી શકું તેમ નથી. અહો, પ્રેમસ્વરૂપ! શ્યામસુંદર! કુલ, શીલ, સ્વભાવ, સૌંદર્ય, વિદ્યા, અવસ્થા, ધન–ધામ એમ કોઈ પણ દૃષ્ટિએ જોતાં આ જગતમાં મારે મન એકલા આપ જ અજોડ છો. મનુષ્યલોકમાં જેટલાં પ્રાણી છે. તેમાં કોઈ એક પણ આપની તોલે આવી શકે તેમ નથી. હવે હે પુરુષભૂષણ! આપ જ વિચાર કરો અને મને દર્શાવો કે કુલવંતી, ગુણવંતી અને ધૈર્યવંતી વિવાહયોગ્ય એવી કંઈ કુમારિકા આ જગતમાં હશે કે જે આપના સિવાય બીજા કોઈ પુરુષને પતિભાવે પસંદ કરશે? આ બધો વિચાર કરી હે મારા પ્રિયતમ! આ કારણે જ મેં આપની એકની જ પતિરૂપે પસંદગી આ પહેલાં જ કરી લીધી છે, આપ અંતર્યામી હોવાથી મારા મનની આ વાત આપે તો આ પહેલાં પણ જાણી જ લીધી છે એવું હું નિશ્ચિતપણે માનું છું. આ સર્વ પ્રકારે સમર્પિત થયેલી દાસીરૂપ આપની પત્નીને અહીં પધારી એનો હાથ આપ વિધિસર સ્વીકારી લો.

કમલનયન! અહો મારા પ્રાણવલ્લભ! આપ જેવા વીરોત્તમ સિંહને વરેલી એવી આ રુક્મિણીના હાથને રખે શિશુપાલ રાજવી જેવું શિયાળ ભૂલ્યે-ચૂક્યે પણ અડી જાય! બોટી જાય! કહેવાય છે કે બહુ પુણ્યપુંજને લીધે આ માનવજન્મ મળ્યો છે, તો હું બધા વડીલો–દેવતાઓને વંદન કરી વીનવું છું કે આપ સૌ ખરેખર મારા પર રાજી હો અને છો, તો વહેલામાં વહેલી તક હવે શિશુપાલ અહીં આવે તે પહેલાં જ અહીં આવી મારો હાથ મારા હૃદયસ્વામી શ્રી કૃષ્ણ જ પોતાના મજબૂત હાથમાં લઈ પ્રણયપૂર્ણ હૃદયે હેતથી ચાંપી દે! સાંભળ્યું છે અને શ્રદ્ધુ પણ છું કે આપ સદૈવ અજેય છો, આપને કોઈ જીતી શક્યું નથી અને જીતી શકવાનું નથી. એટલે મારા મોટાભાઈએ પોતાના સખા રાજવી શિશુપાલ સાથે મારા લગ્નનું નક્કી કરી નાખ્યું છે. તે વહેલા વહેલા લગ્નના આગલા દિવસે જ વિદર્ભની આ રાજધાની કુંડિનપુરમાં આપ આવી પહોંચીને, જે

મોટીમોટી સેનાઓ સાથે શિશુપાલ રાજવી અને એના જેવા મિથ્યાભિમાની એના મિત્રરાજા જરાસંધ આદિ આવી રહેલા સંભળાય છે, તે સૌને વેરવિખેર કરી નાંખો, છિન્નભિન્ન કરી નાખો. રાક્ષસવિધિથી વીરતાનું મૂલ્ય ચૂકવી મારું પાણિગ્રહણ કરી લો. અમારે ત્યાં કુલપરંપરાનો એ રિવાજ છે કે લગન જેનાં થવાનાં હોય તે કન્યાઓને પ્રથમ પ્રથમ નગર બહાર મોટા જલસા સાથે ધામધૂમથી ગિરિજા (પાર્વતી) દેવીના મંદિરમાં જવાનું હોય છે. તે વખતે આપ મને ખુશીથી અને સરળતાથી લઈ જઈ શકશો. જો ભગવાન શંકર જેવા પણ આપની ચરણુરજને માથે ચઢાવી ધન્યતા અનુભવે છે, તો તે ચરણુરજનો પ્રસાદ ગમે તેટલું તપ કરવું પડે અને ગમે તેટલા જન્મજન્માંતરો કરવા પડે, તોય તે હું પ્રાપ્ત કર્યા વિના તમને છોડવાની નથી જ નથી. આ મારો વજ્ર સંકલ્પ છે.'

શુકદેવજી બોલ્યા : 'પરીક્ષિતજી ! એકાગ્ર ચિત્તથી ભૂદેવતા પાસેથી રુકિમણીજીનો આ ગુહ્ય સંદેશો સાંભળી ભગવાન કૃષ્ણ એમનો હાથ પકડી સસ્મિતપણે બોલી ઊઠ્યા : 'અહા ! દિલબર દિલ તે આનું નામ ! ભલે હું ચૌદેય લોક અથવા ત્રિભુવનનો સર્વેસર્વા નાથ હોઉં, પણ ભક્તજનોનો તો દાસાનુદાસ જ છું. કુંડિનપુરના ભૂદેવતાજી ! આત્મસ્પર્શી દિલ–પ્રણયથી ચાહતી મારી એ રુકિમણીની મનોવાંચ્છના હું કોઈપણ ભોગે પૂરી કરવા હર પળ તૈયાર છું. જાવ એ મારી જ થઈ ચૂકેલી રુકિમણીને કહી દો કે, કશી ચિન્તા ન કરે, હું સમયસર અવશ્ય ત્યાં આવી જ પહોંચીશ.' પોતાનું કામ આટલું વહેલું એને સંપૂર્ણપણે સફળ થયેલું નીરખી ગોરમહારાજ નવજુવાનની જેમ હરખી ઊઠ્યા !"

# શિશુપાલને વાગ્દાન અને કૃષ્ણનું આગમન

ધારેલું મનમાં જરૂર ફળતું, નિર્વ્યાજ જો ભક્તિ હો,
નિષ્ઠા એક રહી વળી દિલ મહીં, જો શુદ્ધ ને સત્ય તો;
છો દેહો ઉભયે રહ્યા અલગ ને, લિંગેય નારી-નરે,
તોયે ત્યાં થઈ જાય એકરૂપતા, ના દ્વૈત રે'તું ખરે. ૧

નિસર્ગ ત્યાં પૂરે સાક્ષી સંકેતો દઈ વિવિધ;
આખરે પિંડ-બ્રહ્માંડે, વ્યાપેલું તત્ત્વ એક જ ૨

શુકદેવજી કહે છે : "રાજન્ પરીક્ષિતજી ! કુંડિનપુરથી દ્વારિકામાં આવેલા ભૂદેવ પાસેથી ભગવાન કૃષ્ણે જાણી લીધું કે પરમદિવસ રાત્રે જ રુક્મિણીનાં લગ્ન નક્કી છે, ત્યારે સારથિને બોલાવી તેમણે કહ્યું : 'ભાઈ દારુક ! હવે જરા પણ વિલંબ કર્યા વગર તું આપણો રથ જોડી લાવ !' જેવી ભગવાન કૃષ્ણની આજ્ઞા થઈ કે તરત સારથિ દારુક શૈબ્ય, સુગ્રીવ, મેઘપુષ્પ અને બલાહક એવા ચારેય સુનંદા ઘોડાઓ જોડી ત્યાં ઝટઝટ રથ લઈ આવ્યો. પ્રથમ તો ભગવાને તે રથમાં બ્રાહ્મણ દેવતાને બેસાડયા અને પછી તે રથ પર ચઢીને પોતે બેસી ગયા અને એ શીઘ્રગામી ઘોડાઓ દ્વારા એક જ રાતમાં આનર્ત દેશથી વિદર્ભ પ્રદેશમા આવી પહોંચ્યા.

અહીં કુંડિનપુરના રાજવી ભીષ્મક રાજા પોતાના વડીલપુત્ર રુકમીના આગ્રહવશ અને સ્નેહવશ થઈ પોતાની આ સુંદર કુંવરીની ઇચ્છા ન હોવા છતાં શિશુપાલ સાથે તેનાં લગ્ન કરાવી દેવાની તૈયારી-માં પડયા હતા. નગરીને સાફસૂફ કરી ચિત્ર–વિચિત્ર રંગબેરંગી નાનીમોટી ધ્વજાપતાકાઓથી સજાવી દીધી હતી. નગરીનાં નર–નારીઓ પણ હાર, અત્તરફુલેલ, ચંદન, ઘરેણાં અને નિર્મળ વસ્ત્રોથી સજ્જ

થયાં હતાં. ત્યાંનાં સુંદર સુંદર ઘરોમાંથી અગરુ ધૂપની સુગંધ ફેલાઇ રહી હતી. પરીક્ષિત ! ભીષ્મક રાજાના પિતૃ અને દેવતાઓનું વિધિપૂર્વક પૂજન કરીને બ્રાહ્મણોને ભોજન કરાવાર્યું અને સ્વસ્તિવાચન પણ કરાવાયું. સુદંતી અને પરમ સુંદરી એવી રાજકુમારી રુક્મિણીને સ્નાન કરાવાર્યું. એના હાથોમાં મંગલસુત્ર અને કંકણ પહેરાવાયાં. તેણીને વસ્ત્રાભૂષણોથી સજાવી દીધી. વિદ્વાન બ્રાહ્મણોએ સામવેદ, ઋગ્વેદ અને યજુર્વેદના મંત્રોથી તેણીની રક્ષા કાજે અને અથર્વવેદના વિદ્વાન પુરોહિતોએ ગ્રહશાન્તિ માટે હવન-હોમ કર્યા. રાજા ભીષ્મક પોતે કુલપરંપરા અને શાસ્ત્રીય વિધિઓના ખરા જાણકાર હતા. એમણે સોનું, ચાંદી, વસ્ત્રો, ગોળ મિશ્રિત તલ તથા ગાયો બ્રાહ્મણોને ભેટ આપી. જેમ કુંડિનપુરમાં પોતાની સુકુમારી કુંવરીના મંગલ માટે ભીષ્મક રાજા વિવાહ સંબંધી વિધિ કરાવી રહ્યા હતા તેમ ચેદિનરેશ રાજા દમઘોષ પણ પોતાના પુત્ર શિશુપાલ માટે મંત્રજ્ઞ બ્રાહ્મણો પાસે પોતાના પુત્રનાં લગ્નને કાજે મંગલકૃત્યો કરાવતા હતા. તે પછી તેઓ મદ ઝરતા હાથી, સોનાથી સજાયેલા રથો, પાયદલ તથા ઘોડેસવારની ચતુરંગિણી સેના સાથે લઇને કુંડિનપુર આવી પહોંચ્યા. વિદર્ભરાજ ભીષ્મક રાજાએ પણ આગળથી આવીને એમનાં સ્વાગત-સત્કાર તથા પ્રથા મુજબનું અર્ચન-પૂજન કર્યું. તે પછી પહેલેથી નક્કી કરેલ એવા 'જાનીવાસા'માં તેમને ઉતારો કરાવ્યો.

તે જાનમાં શાલ્વ, જરાસંધ દંતવક્ત્ર, વિદૂરથ અને પૌંડ્રક આદિ શિશુપાલના સેંકડો રાજવી મિત્રો પણ આવ્યા જ હતા. તે બધા રાજાઓ ભગવાન શ્રીકૃષ્ણ તથા શ્રી બલરામજીથી વિરુદ્ધ પણ હતા જ. અને તે બધા એમ જ ઇચ્છતા હતા કે રુક્મિણી પોતાના પરમ મિત્ર શિશુપાલને જ વરે. એવા મક્કમ વિચારો સાથે જ બધા આવેલા છે અને એમ પણ મનમાં વિચારી નાખેલું છે કે ભગવાન શ્રીકૃષ્ણ અને શ્રી બલરામજી યદુવંશીઓ સાથે આવીને જો કન્યા

હરણનો [રુકિમણીહરણનો] પ્રયત્ન કરશે તો અમે બધાય રાજાઓ મળીને એમની સાથે લડી લઈશું. એ જ કારણે એ રાજાઓ પોતપોતાની પૂરી બહાદુર સેનાઓને સાથે લઈને આવેલા છે. જ્યારે આ ભગવાન કૃષ્ણના વિરોધી બધા રાજાઓની ગંદી હિલચાલનો પત્તો બલરામને મળ્યો અને એમણે એ પણ જાણ્યું કે ભગવાન કૃષ્ણ પોતે એકલા કુંડિનપુર રુકિમણીહરણ કાજે પહોંચી ગયા છે ત્યારે તેમણે મોટા યુદ્ધના અણુસાર પારખી જાતે એ બાજુ આવવા ઝુકાવી જ દીધું હતું. તેમની સાથે એક મોટી સેના હતી.

અહીં રાજકુમારી રુકિમણી પણ ભગવાન શ્રીકૃષ્ણના પધારવાની આકાંક્ષાપૂર્વક વાટ જોતી હતી. અને ચિંતા કરતી હતી કે હવે લગ્નની વેળા આવી પહોંચી છતાં નથી તો ભગવાન કૃષ્ણ અહીં પહોંચ્યા અને રાજગોર પણ હજુ અહીં પાછા ફર્યા નથી. આથી તેને વધુ ચિન્તા થવા લાગી, પણ બીજી બાજુ દિલબર દિલને, એટલી ખાતરી પાકી રહેતી હતી કે સારું જ થવાનું છે. તેવામાં જ એક બાજુ ડાબુ અંગ ફરકવા લાગ્યું અને બીજી બાજુ ભગવાન કૃષ્ણે મોકલેલા રાજપુરોહિત મહેલમાં કુમારી પાસે આવી પહોંચ્યા. માણસનો ચહેરો જ કહી આપે તેમ એમનો સુપ્રસન્ન ચહેરો જ કહી આપતો હતો કે 'ભગવાન કૃષ્ણ પોતે ત્યાં પહોંચી ગયા છે. અને જ્યારે ભૂદેવ પાસેથી સાંભળ્યું કે રાજકુમારી ! તને ધર્મપત્ની તરીકે લઈ જવાની સત્પ્રતિજ્ઞા તેમણે કરી છે' ત્યારે તો રુકિમણીનું હૃદય આનંદથી નાચી ઊઠ્યું. તે ભાવભર્યે હૈયે પુરોહિતને ચરણે ઝૂકી પડી, જાણે ત્યાગી ભૂદેવને ચરણે દુનિયાભરની દોલત ઢળી પડી!''

# રુક્મિણી હરણ

પતિ-પત્ની થવા જન્મે, પ્રભુ ને પ્રભુભક્તા જ્યાં;
સમાજ નિયમો થોડા, બદલાઈ જતા તિહાં. ૧

કિંતુ તેમાં ખૂબી એક, મૌલિકત્વ ટકી રહે;
જે મૌલિકત્વમાં સત્ય-પ્રેમ-ન્યાય સુખે મળે. ૨

ભગવાન કૃષ્ણુ ને ભક્તા રુક્મિણીની કહે કથા;
સત્પ્રણુય પછી શુદ્ધ પ્રેમ આપી શકે યથા. ૩

બ્રહ્મચારી શુકદેવજી બોલ્યા: "પરીક્ષિત! જ્યારે રુક્મિણી કુંવરીના પિતાજી રાજા ભીષ્મકને ખબર પડી કે ભગવાન શ્રીકૃષ્ણુજી અને મહાન બલરામજી અહીં પોતાની પુત્રીના વિવાહ સમયે આવી રહ્યા છે, ત્યારે તેઓએ વાજતે-ગાજતે તેઓના સ્વાગતની પૂરી તૈયારી કરી લીધી અને પૂજાની સામગ્રી સાથે જાતે પોતાની આગેવાની સહિત સામે લેવા ગયા. મધુપર્ક, ચોખ્ખાં વસ્ત્ર અને ઉત્તમોત્તમ ભેટ આપી વિધિસર એમની પૂજા પણુ કરી. કારણુ કે તેઓ પૂરેપૂરા બુદ્ધિશાળી હતા અને ભગવાન કૃષ્ણુ તરફ તેઓનાં સદ્ભાવ અને ભક્તિ પણુ હતાં જ! ભગવાનને સેના અને સાથીઓ સહિત સમગ્ર સામગ્રીઓથી યુક્ત સ્થાનમાં રખાવ્યા તેમજ પૂરું આતિથ્ય પણુ કર્યું. વિદર્ભરાજ ભીષ્મકના નિમંત્રણે બીજા પણુ જે રાજાઓ આવેલા તેમનું પણુ તેઓએ માનસહિત સ્વાગત સન્માન કર્યું.

નગરવાસીઓને ખબર પડી, કે ખુદ ભગવાન કૃષ્ણુ પધાર્યા છે, એટલે તેઓ બધા વગર કહે સંખ્યાબંધ તેમની તહેનાતમાં આવવા લાગ્યા અને જાણે સૌએ આંખોના પ્યાલાથી દર્શનરૂપી અમૃત ભરી ભરીને પીધું. માંહોમાંહે કહેવા પણુ લાગ્યા, કે, સાચું પૂછો તો

ભાઈ ! આપણાં રાજકુંવરી રુકિમણીજી આ ભગવાન કૃષ્ણની જ અર્ધાંગિની થવા યોગ્ય છે અને ખરેખર તો પરમ પુણ્ય મૂર્તિ તેઓ જ તેણીના પતિ તરીકે બરાબર બંધબેસતા અને સુયોગ્ય છે. બીજો કોઈ પુરુષ રુકિમણીનો પતિ થવા યોગ્ય નથી. આપણાં સૌંદર્યમૂર્તિ રાજકુંવરી રુકિમણી સિવાય આ સાંવરી સુરત માટે બીજી કોઈ નારી એમની પત્ની પણ થવા યોગ્ય નથી. આ બન્નેનો સંયોગ જ મણિકાંચન સુયોગ છે. એમાં ફેરફાર થવો યોગ્ય નથી જ. અમે તો અમારાં જે કાંઈ પુણ્ય કર્યાં હોય તેના બદલામાં પ્રભુ પાસે આ જ યુગલની યાચના કરીએ છીએ !!!'

જ્યારે પરીક્ષિત ! નાગરિકો આવી રસભર વાતો કરી રહ્યા હતા. તેવામાં જ રાજકુમારી રુકિમણી પોતાના રાજભુવનના અંતઃપુરમાંથી નીકળી પાર્વતીદેવીના મંદિર તરફ જતી દેખાઈ ઘણા સૈનિકો રાજકુંવરીની રક્ષા માટે ઉપસ્થિત હતા. રુકિમણીનાં ચરણો તો પાર્વતીદેવીના મંદિર ભણી પડતાં હતાં પણ તેણીના હૃદયથી તો તેણી ભગવાન મુકુંદના ચરણારવિંદનું જ ધ્યાન ધરી રહી હતી, કૃષ્ણમાં જ તન્મય બની રહી હતી. પોતે મૌન દશામાં હતી અને તેણીની વડીલ માતાઓ તથા સખીઓ બધાંએ એને ઘેરી લીધેલી. સૈનિકો પણ શસ્ત્રાસ્ત્ર સાથે અને કવચ સાથે રુકિમણીની રક્ષા કરી રહ્યા હતા. વાજાંગાજાંના ગડગડાટ થઈ રહ્યા હતા. બ્રાહ્મણપત્ની ગોરાણીઓ પણ સજધજ બની ચાલી રહી હતી. અનેક પ્રકારની ભેટ-પૂજાની સામગ્રીઓ સાથે શ્રેષ્ઠ વારાંગનાઓ પણ સાથે ચાલી રહી હતી. ગવૈયાઓ સુંદર ગાવું-બજાવવું કરી રહ્યા હતા. સૂત, માગધ અને બંદીજનો લાડીજીની ચારે બાજુ જય-જયકારના નાદ પોકારી રહ્યા હતા, ગુણવર્ણન જોરદાર રીતે કરી રહ્યા હતા. પાર્વતીના મંદિરમાં પહોંચતાં જ પ્રથમ રુકિમણીજીએ પોતાના સુકોમળ હાથ-પગ ધોયા, આચમન કર્યું. એ પછી બહારથી અને ભીતરથી પવિત્ર અને શાંત ભાવથી જોડાઈને અંબિકાદેવીના મંદિરમાં

પ્રવેશ કર્યો. વિધિવિધાન જાણનારી વૃદ્ધ બ્રાહ્મણીઓએ વિધિસર શંકર ભગવાનને અને શંકર ભગવાનનાં અર્ધાંગિની ભવાનીને પ્રમાણ કરાવ્યા ત્યારે રુક્મિણી બોલી, 'હે માતેશ્વરી ભવાની, આપની ગોદમાં બિરાજેલા પુત્ર ગણેશજીને તથા આપને પણ હું વારંવાર નમસ્કાર કરું છું. માતા તથા માતાપુત્ર આપ બન્ને એવા આશીર્વાદ આપો કે મારી ઊંડા અંતરની ઇચ્છા ભગવાન શ્રીકૃષ્ણને પતિ બનાવવાની છે, તે જ મારા પતિ બની રહે.'

એ પ્રાર્થના પછી તેણીએ જલ, સુગંધ, અક્ષત, ધૂપ, વસ્ત્ર, માલા, હાર, આભુષણ, નૈવેદ્ય, ભેટો અને આરતી આદિ સામગ્રીઓથી અંબિકાદેવીની પૂજા કરી. ત્યાર બાદ ઉપર કહેલી સામગ્રી ઉપરાંત મીઠું, પાન, કંઠસૂત્ર, ફલ અને શેરડી વગેરે સાથે સોહાગણ બ્રાહ્મણીઓની પણ પુજા કીધી. ત્યારે તે સોહાગણ બ્રાહ્મણીઓએ રુક્મિણીજીને પ્રસાદ આપી આશીર્વાદ દીધા. લાડીરૂપ રુક્મિણીજીએ બ્રાહ્મણીઓ અને ભવાનીમાતાને પગે લાગી પ્રસાદ ગ્રહણ કર્યો અને મૌન તોડ્યું. રત્ને જડેલી વીંટીથી ઝગમગતા કરકમલ દ્વારા એક સખીનો હાથ પકડી તે ગિરિજા મંદિરેથી બહાર આવી. પરીક્ષિત ! જાણે ભગવાનની ખુદ માયારૂપિણી રુક્મિણીજી અત્યારે તો મોટા મોટા ધીર–વીર પુરુષોને પણ મોહ પમાડી દે તેવી બની ગઈ હતી. તેણીની કેડનો ભાગ તો એવો પાતળો અને મનોહર લાગતો હતો કે ખુદ મદન પોતે પણ મુગ્ધ બની જાય ! તેણીના મુખમંડલ પર કુંડલોની શોભા ઝગમગતી હતી, જુવાનીનો થનગનાટ વ્યાપી ગયો હતો, નિતંબ અને વાળ એમ એક એક અંગ અને ઉપાંગ સુંદરતાની પ્રતિમા બની ગયું હતું. જાણે કંઈક શોધી રહી હોય તેવી તેણીની આંખો ચોમેર જાણે આડકતરી રીતે ઘૂમતી હતી. હોઠ પર મીઠું મધુરું મજાનું સ્મિત શોભી રહ્યું હતું. આમ તો તેણીના દાંત ચોખ્ખા

સફેદ હતા, પણ હોઠની લાલાશ દાંતને પણ સ્પર્શી ગઈ હતી. પગમાંનાં ઝાંઝર સુખદ રીતે ઝણુઝણી રહ્યાં હતાં. તેણી પોતાની રાજહંસ ગતિથી ચાલી રહી હતી અને પોતાનું આ સર્વસ્વ એક-માત્ર શ્રીકૃષ્ણને જ ન્યોછાવર કરી રહી હતી. મુખ પર આવી ગયેલી પોતાના માથાના ગુંચળિયા સોનેરી કોમળ વાળની લટને જેવી ડાબા હાથની કોમળ આંગળીઓથી એ હટાવે છે કે તે જોઈને રાજાઓ સાનભાન ભૂલી જાય છે.

બસ તેવામાં તેણીને શ્યામસુંદર ભગવાન કૃષ્ણનાં મનોહર દર્શન થઈ ગયાં! રાજકુમારી જેવી પોતાના રથ પર ચઢવા જાય છે, ત્યાં જ ત્યાં હાજર એવા બધા રાજાઓની વચ્ચેથી રાજકુમારી રુકિમ-ણીજીને તેમના બધાના દેખતાં દેખતાં જ ભગવાન કૃષ્ણે ઊંચકી લીધાં અને સેંકડો હાજર રાજાઓનાં મસ્તકો પર પગ મૂકી તેણીને ઉપાડીને પોતાના રથ પર મૂકયાં. તરત બધા રાજવીઓ પોતાની જાતને ધિક્કારતા બોલવા લાગ્યા કે, 'અમને અને અમારી બહાદુરીને લાખ લાખ ધિક્કાર છે કે અમારી હાજરી અને હાથમાં હથિયારો હોવા છતાં હરણરૂપ આ ગોવાળિયાઓ અમારા જેવા સિંહોને સાંપડેલો આ સુંદર ભાગ છીનવીને લઈ જાય છે!' એમ કહેતા તેઓ ભગવાન કૃષ્ણના રથની પાછળ સેના સહિત દોડવા લાગી ગયા.

## યુદ્ધ અને વિજય

ખુદ પ્રભુ થકી મોટા, કેમ પ્રભુ-ભક્ત છે?
પ્રભુથી જે ન થાયે તે, પ્રભુભક્ત કરી શકે. ૧

તમોગુણી રજોગુણી, ને સત્ત્વગુણીથી ભર્યું,
ક્રમે આ વિશ્વ છે તેથી, ક્રમે પડે દબાવવું. ૨

સવૈયા એકત્રીસા

**રજોગુણથી તમસ્ જિતાતું, રજસ્ જિતાતું સત્ત્વગુણે,**
**આમ સત્ત્વથી રજસ્-તમસ્ બે જિતાય જેથી જગત બને.**
**ગુણાતીત પ્રભુ અંગ-ભક્ત છે, તોયે સત્ત્વ-ગુણનિધિ રહે;**
**એમ જગત ચાલે ત્રિગુણે પણ, ભક્ત ત્રિગુણાતીતે વહે. ૩**

બ્રહ્મચારી શુકદેવજી કહે છે : "જો, પરીક્ષિત ! આમ જ્યારે ક્રોધાગ્નિથી ભભૂકી ઊઠેલા બધા રાજાઓને રુક્મિણી સાથે વિમાનમાં બેઠેલા ભગવાન કૃષ્ણે પાછળ ચઢી આવેલા જોયા કે તરત યદુવંશી સૈનિકો પણ સમજી ગયા અને ઊભા રહી ધનુષ્ય ટંકાર કર્યો. પછી તો જરા ઘૂમીને સીધા લડાઈમાં ઊતરી ગયા. જરાસંધ રાજાના ઘણા સૈનિકો ધનુર્વિદ્યાના મર્મજ્ઞ હતા. એમણે યદુવંશીઓ પર જાણે મૂસળધાર વરસાદ વરસતો હોય, તેમ શસ્ત્રાસ્ત્રોનો વરસાદ વરસાવી દીધો. આ દૃશ્ય જ્યારે રુક્મિણીજીએ દૂરથી જોયું કે તેણીએ ભય-ભીત નેત્રોથી ભગવાન કૃષ્ણ સામે લજ્જાની સાથે સાથે નિહાળી લીધું. તરત ભગવાને હસીને કહ્યું : 'પરમ સુંદરી ! ગભરાવાનું કાંઈ કારણ નથી. હમણાં જ તમારી આ યદુવંશી સેના શત્રુસેનાને નષ્ટભ્રષ્ટ કરી નાખશે !' આ બાજુ યદુવંશી સેનામાં પણ ગદ, સંકર્ષણ વગેરે મહાન શક્તિશાળી સેનાનાયકો હતા. તેઓએ થોડી જ વારમાં જરાસંધની સેનાને છિન્નભિન્ન કરી નાખી. આમ થોડી જ પળોમાં જરાસંધ સહિતના બધા રાજાઓ યુદ્ધમાં પીઠ દેખાડી પાછા વળી ભાગી ગયા.

પેલી બાજુ શિશુપાલ પોતાની ભાવિ-પત્ની-કલ્પેલી રુક્મિણી આમ છિનવાઈ જવાથી જાણે મરવા પડ્યો હોય તેવો છેક નિરાશ બની ગયો. ન તો હાર્દિક ઉત્સાહ એનામાં રહ્યો કે ન તો રહી શરીરકાન્તિ ! એનું મોઢું પણ સુકાઈ ચૂક્યું હતું. આવી સ્થિતિમાં

શિશુપાલ પાસે જઈ જરાસંધ રાજા બોલ્યો : 'શિશુપાલજી! આપ તો એક ઉત્તમોત્તમ પુરુષ છો. તમને ઉદાસી શોભે ? તરત જ ઉદાસીથી હવે મુક્ત થાઓ ! જુઓ, મને આ જ કૃષ્ણે ત્રેવીસ ત્રેવીસ અક્ષૌહિણી સેના સાથે સત્તર વાર હરાવ્યો છે તોય હું હિમ્મત હારતો જ નથી. કારણ કે આ જગતનો દ્વંદ્વમય સ્વભાવ છે. ઘડીકમાં જય, તો ઘડીકમાં પરાજય ! આમ ચક્ર ચાલતું હોય જ છે. હા, કાળ જરા આપણી તરફ આજે નથી તેથી જ તો યદુવંશીની નાનકડી સેનાએ આપણને સૌને અતિશય બળવાન હોવા છતાં હરાવી દીધા છે. કારણ કે અત્યારે કાળ એમની તરફેણમાં છે. તે જ કાળ જરાક આપણી તરફ થશે કે તરત આપણે જ સૌને જીતી લેવાના. આમ સમજાવવાથી આખરે તે ચેદિરાજ શિશુપાલ પોતાના મિત્રો સાથે હારેલી સ્થિતિમાં પોતાનું વીલું મોઢું લઈ પોતાની રાજધાનીમાં પાછો આવી ગયો. એના મિત્ર-રાજાઓ પણ હાર સ્વીકારીને પોતપોતાના રાજ્યમાં પહોંચી ગયા !'

શુકદેવજી કહે છે : "હવે રુક્મિણીનો મોટો ભાઈ રુકમી જે ભગવાન કૃષ્ણનો મહાદ્વેષી હતો, તેનાથી આ બધું સહન ન થતાં તેણે એક અક્ષૌહિણી સેનાને સાથે લઈને તરત ભગવાન કૃષ્ણનો પીછો કરવો શરૂ કર્યો. તે મહાબાહુ રુકમી ક્રોધથી લાલચોળ થઈ ગયો હતો. આમ એણે કવચ પહેરી તથા ધનુષ્ય ધારણ કરીને આવી દૃઢ પ્રતિજ્ઞા કરી નાખી : 'જ્યાં લગી હું આ કૃષ્ણને મારી ન શકું, ત્યાં લગી મારી કુંડિનપુર રાજધાનીમાં હું પાછો નહીં ફરું !' એમ બોલી તરત રથ પર તે સવાર થઈ ગયો. સારથિને હુકમ કરતાં કહ્યું : 'જ્યાં પેલો કૃષ્ણ હોય ત્યાં તું મને તરત પહોંચાડ. હું એના ઘમંડના ચૂરેચૂરા કરી નાખું, શું એ ભરવાડ મારી બહેનને લઈ જઈ શકવાનો ?"

શુકદેવજી કહે છે : "જો પરીક્ષિત ! આ રુકમીની બુદ્ધિ કેટલી હદે બગડી ગઈ છે કે તે ભગવાનનો મહાપ્રભાવ જાણતો જ નથી,

નહીં તો આ સાહસ ખેડે નહીં અને નાહક બડબડ કરે જ નહીં. આ સાંભળી જેવા ભગવાન કૃષ્ણ રુકમી પર પ્રહાર કરવા ગયા કે તરત રુકિમણી બોલી : 'પ્રભુ ! મારો ભાઈ આપના મહા પરાક્રમને અને ખુદ પરમેશ્વરપણાને જાણતો નથી, માટે તો આ સાહસ કરવા આવ્યો છે. પણ ભગવન્ ! આપ જેવા બળવાન છો, તેવા કલ્યાણકારી પણ છો જ ને ?' આ સાંભળી ભગવાન કૃષ્ણે તેને સદંતર મારી નાખવાનો વિચાર છોડી દઈ તેને પકડી લઈ એનાં દાઢીમૂછ એવાં બનાવી નાખ્યાં કે એ કોઈને મોઢું ન દેખાડી શકે. પરંતુ જેવી રુકમીસેનાને મારી હટાવી તે જ વખતે યદુવંશી સેના સાથે ત્યાં બલરામજી આવી પહોંચ્યા અને આવું જોયું કે તરત ભગવાન કૃષ્ણને ઠપકો આપતાં કહ્યું : 'ગમે તેવો તોય આ રુકમી હવે તારો સાળો થયો, આપણો દિલોજાન સગો થયો. હવે એનું અપમાન તે આપણું જ અપમાન કહેવાય. માટે એને આપણે છોડી દેવો જોઈએ.' આ સાંભળી ભગવાન કૃષ્ણે રુકમીને તરત છૂટો કરી નાખ્યો. બલરામજીએ જેવી રીતે રુકમીને છૂટો કરવાનું કાર્ય પાર પાડ્યું, તેવી રીતે ભાઈના આવા થયેલા અપમાન (જોકે પોતાના, વાંકે જ આમ થયેલું તે સમજતી હતી, તો પણ ભાઈ પ્રત્યે તેને મમતા હતી) બદલ રુકિમણીને બહુ દુઃખ લાગેલું, તેણીને પણ બલરામજીએ કહ્યું : 'સાધ્વીરૂપ રુકિમણી...! દુઃખ ન લગાડો. આખરે, કૃષ્ણ તો સ્વયં ભગવાન છે. તેથી તેઓને તો જેમ હેત ઢોળવાનું છે, તેમ અન્યાયને રોળવાનો પણ છે જ. અને આ કાળે પોતે ક્ષત્રિયરૂપે આવ્યા છે એથી આમ કરવું જ પડે !' રુકમીનો ડંખ ભગવાન કૃષ્ણ ન કાઢી શકયા. રુકમી રાજધાનીમાં ન ગયો પણ ભોજકટનગરી વસાવી ડંખ સાથે તે ત્યાં રહેવા લાગી ગયો."

# પ્રદ્યુમ્ન પ્રાગટ્ય

મંદાક્રાંતા

ક્રોધે બાળ્યું મદન-તન; એ રુદ્રનાથ પ્રભુએ,
ત્યારે તેણે હરિશરણથી રુકિમણી ગર્ભરૂપે;
પાછું સ્થાન ગ્રહણ કરીને આપી પૂરી પ્રતીતિ,
પ્રેમે ત્યાગો મનમોહ છૂપેલો ખરો કામ વૈરી ૧

અનુષ્ટુપ

માયાનું જોર ત્યાં વ્યાપે, વાસના-બીજ જ્યાં હશે,
વાસના-બીજ જાયે જો, પ્રભુ-ગુરુ-કૃપા થશે. ૨

બ્રહ્મચારી શુકદેવજી બોલ્યા: "પરીક્ષિત! આ રીતે રુકમી તથા શિશુપાલ અને તે બન્નેની મદદે આવેલા બધા રાજાઓને એમનાં સૈન્ય સાથે જીતી લીધા પછી ભગવાન કૃષ્ણ વગેરે દ્વારિકા-નગરીમાં આવ્યા અને ત્યાં વિશિષ્ટ વિધિપૂર્વક વિદર્ભ રાજકુમારી રુકિમણીજી સાથે પાણિગ્રહણ કર્યું. પરીક્ષિતજી! આ મહોત્સવના પ્રસંગરૂપે દ્વારિકાનગરીમાં ઘેર ઘેર ઉજવણીઓ થવા લાગી. કારણ કે દ્વારિકાનગરીના એકેએક નાગરિકનો ભગવાન કૃષ્ણ પ્રત્યે અનન્ય પ્રેમ હતો. તેથી તે સૌએ આ વરવહૂને નાની-મોટી અનેક ભેટો લગ્ન નિમિત્તે આપી. આ શુભ વેળાએ બધાં નાગરિકોના કાનમાં ચમકદાર કુંડલ શોભી રહ્યાં હતાં. ઊંચાં ઊંચાં ધ્વજા-વાવટાઓથી દ્વારિકાનગરી અજોડ રીતે દીપી રહી હતી. ચિત્ર-વિચિત્ર માળાઓ અને વસ્ત્રો તથા રત્નો સાથે તોરણો ઓપી રહ્યાં હતાં. દ્વારે દ્વારે માંગલ્યકારી ચીજો ને જળભર્યા કળશો દીપી રહ્યાં હતાં. અરગજા અને ધૂપની સુગંધ ચોમેર મહેકી રહી હતી. દીવાઓનાં અજવાળાં વિલક્ષણ

રૂપે શોભી રહ્યાં હતાં. મિત્ર–રાજાઓ આમંત્રણને માન આપી પધાર્યાં હતા. ત્યાં હાથીઓના મદથી દ્વારિકાની સડક અને શેરીઓ છંટકાવવાળી સહેજે બની ગયેલી. પ્રત્યેક દરવાજે કેળા રોપેલી અને છંટાયેલા રસ્તે સોપારીનાં ઝાડ સુશોભિત જણાતાં હતાં. એ ઉત્સવમાં કંઈક કુતૂહલવશ થઈ અહીં તહીં દોડાદોડ કરી રહેલા બંધુવર્ગમાં (૧) કુરુ (૨) સૃંજય કેકય (૩) વિદર્ભ (૪) યદુ અને (૫) કુન્તિ વગેરે વંશના લોકો પરસ્પર આનંદ મનાવી રહ્યા હતા. દ્વારિકાનગરીમાં ઘેર ઘેર રુકિમણીહરણની જ જાણે ગાથા ગવાઈ રહી હતી. એ અપહરણની ગાથા સાંભળીને જ રાજાઓ અને રાજકન્યાઓને મોટું આશ્ચર્ય થતું હતું. રુકિમણી જાણે સ્વયં લક્ષ્મીજી અને શ્રીકૃષ્ણ સ્વયં વિષ્ણુ હોય, તેવું ભગવાન કૃષ્ણ અને રુકિમણીનું જોડું શોભી રહ્યું હતું ! એમને જોઈ દ્વારિકાવાસી નરનારીઓ પરમાનંદ માણી રહ્યાં જણાતાં હતાં.

પરીક્ષિત ! ખુદ કામદેવ પણ ભગવાન શ્રીકૃષ્ણ વાસુદેવના જ અંશરૂપ છે. પ્રથમ પ્રથમ કામદેવ ભગવાન શંકરના ત્રીજા નેત્રના અગ્નિનો ભોગ બની ગયેલ, પરંતુ હવે ફરી તેમણે પોતાના શરીરની પ્રાપ્તિ માટે પોતાના અંશી એવા ભગવાન વાસુદેવનો જ આશ્રય લીધો. એથી તે જ કામદેવ ખુદ ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા રુકિમણીજીના ગર્ભમાં જન્મ્યા અને પ્રદ્યુમ્ન નામથી જગતમાં મશહૂર થયા. સૌંદર્ય, પુરુષાર્થ, સુશીલપણું આદિ સદ્‌ગુણોમાં તે ખુદ ભગવાન શ્રીકૃષ્ણથી કશાય પ્રકારે કમ નહોતા. તેથી એ બાળકસ્વરૂપ ભગવાન પ્રદ્યુમ્ન હજુ જ્યાં દશ જ દિવસના થયા, ત્યાં જ શંબરાસુરે વેશ બદલીને સૂતિકાગૃહમાં પ્રવેશીને એ બાળકને હરી લીધો અને સમુદ્રમાં ફેંકી પોતાને ઘેર પાછો પહોંચી ગયો. કારણ કે એને એ ખ્યાલમાં આવી ગયેલું કે આ મારો પૂર્વજન્મનો વૈરી છે. જેવો એ બાળક સમુદ્રમાં શંબરાસુરે ફેંક્યો કે તરત તે બાળકને એક ભારે મોટો મચ્છ સાવ

ગળી જ ગયો. તે મચ્છ બીજી માછલીઓની સાથે પકડાયો ને માછીમારોએ શંબરાસુરને ભેટ આપ્યો પણ રસોઈયા જેવા એ મચ્છને રસોઈ માટે કાપવા લાગ્યા ત્યાં તો એમાંથી આ બાળક લાધ્યું ! તેથી શંબરાસુરના રસોઈયાઓએ તે માયાવતી નામની દાસીને સોંપી દીધું. એ બાળકને જોઈને એ દાસીને શંકા થઈ કે, 'આ બાળક કોણ હશે ?' એ જ સમયે ફરતા ફરતા નારદ ઋષિ ત્યાં પહોંચી ગયા અને એ દાસીને કહ્યું કે આ બાળક બીજો કોઈ નથી, એ તો તારો પતિ કામદેવ પોતે જ છે. અને આખીયે કથની કહી છેવટે કહી દીધું કે 'હવે તારો પતિ આ રીતે તને સહેજે મળી ગયો.'

પરીક્ષિત ! આ માયાવતી બીજી કોઈ નહીં પણ કામદેવની જ યશસ્વિની પત્ની રતિ પોતે જ હતી. જે દિવસે ભગવાન શંકરના ક્રોધને લીધે કામદેવનું શરીર ભસ્મ થઈ ગયું હતું, તે જ દિવસથી તે રતિ પોતાનો પતિ ફરી જન્મે, એની વાટ જ જોઈ રહી હતી. તે જ રતિને શંબરાસુરે પોતાને ત્યાં દાલ–ભાત બનાવવાના કામમાં રોકેલી. જ્યારે રતિને જણાયું કે આ બાળકના રૂપે મારા પતિશ્રી કામદેવજી પોતે છે ત્યારે તે તેમના પ્રત્યે ઘણો ઘણો પ્રણય કરવા લાગી અને પ્રદ્યુમ્નકુમાર પણ થોડા જ દિવસોમાં જુવાનજોધ બની ગયા. માયાવતીએ પોતાના આ પતિદેવને બધા પ્રકારની માયાવિદ્યાઓ શીખવી, જેથી શંબરાસુરને પ્રદ્યુમ્ન મોહગ્રસ્ત બનાવી મારી શક્યા. છેવટે પ્રદ્યુમ્નકુમાર અને માયાવતી બન્ને આકાશમાર્ગથી દ્વારિકાપુરીમાં જઈ ભગવાન કૃષ્ણના અંતઃપુરમાં આવી પહોંચ્યાં. પ્રદ્યુમ્નકુમારને જોઈ રુક્મિણીજીના સ્તનોમાં દૂધ ઝમવા માંડ્યું. તે જ વખતે એક બાજુ જેમ દેવકી–વાસુદેવ પધાર્યાં, તેમ ત્યાં નારદઋષિ પણ પધાર્યા અને બધી વાતનો ફોડ પાડ્યો, જેથી રુક્મિણીજી સહિત સૌ ખુશ ખુશ થઈ ગયાં.

# જાંબવતી અને સત્યભામા સાથે લગ્ન

અનુષ્ટુપ

સર્વાંગ પૂર્ણ–સંપૂર્ણ ધર્મક્રાન્તિ થવા બધે;
નૃ–નારી ઐક્ય ને વિશ્વપ્રેમ આરાધનાર્થ તે. ૧

વ્રજ ને મથુરા સાધી દ્વારિકાનગરી વળી;
હિંદ દ્વારા તદા કૃષ્ણે જગત આખું કર્યું સુખી. ૨

બ્રહ્મચારી શુકદેવજી કહે છે: "પરીક્ષિતજી! સત્રાજિત પ્રથમ સૂર્યનો પરમ ભક્ત અને પછી મિત્ર બની ગયો. તેથી સૂર્યમહારાજે પ્રસન્ન થઈ સત્રાજિતને 'સ્યમંતક' મણિ આપ્યો. તે સ્યમંતક લઈ, દ્વારિકામાં આવ્યો. દ્વારિકાવાસી નાગરિકો તેને દૂરથી સૂર્ય જેવો જોઈ ભગવાન કૃષ્ણ પાસે પહોંચી ગયા અને કહેવા લાગ્યા: 'ભગવાન! આપ જરા બહાર આવીને જુઓ તો ખરા! ખુદ સૂર્યદેવ આપનાં દર્શને આપણી દ્વારિકાનગરીમાં જાતે પધારતા લાગે છે!' ભગવાને ખુલાસો કરી એ બધાને સમજાવ્યું: 'ભાઈઓ! એ સૂર્ય પોતે નથી, પરંતુ સૂર્યના પ્રતાપે સત્રાજિતને જે સ્યમંતકમણિ મળેલ છે તેનો પ્રતાપ છે. તે મણિ પ્રતિદિન આઠ ભાર સોનું આપે છે અને જ્યાં એ મણિ હોય ત્યાં મહામારી, દુકાળ, ગ્રહપીડા, સર્પભય, શરીર અને મનની પીડા તથા માયાવીઓનો ઉપદ્રવ વગેરે કશું અશુભ થતું જ નથી.

ભગવાને તે મણિ રાજા ઉગ્રસેનને આપવા સત્રાજિતને કહ્યું, પણ લોભવશ થઈ તે આપી શક્યો નહીં. સત્રાજિતનો ભાઈ 'પ્રસેન' ગળે મણિ પહેરી એક વખત વનમાં શિકાર ખેલવા ગયો. ત્યાં સિંહે તેને ઘોડાસહિત મારી નાખ્યો. સિંહને ગુફામાં રહેતા ઋક્ષરાજ રીંછે મારી નાખી આ મણિ પોતાની પાસે રાખ્યો. પરંતુ સત્રાજિતે

ભગવાન કૃષ્ણુ પર કલંક ઓઢાડયું કે 'તેઓ જ મારો મણિ મારા ભાઈને મારીને છીનવી ગયા લાગે છે.' ખરી રીતે આ ખોટું કલંક હતું. ભગવાન તે કલંક ધોવા છેવટે ઋક્ષરાજ પાસે મણિ લેવા ગયા. ત્યાં ઋક્ષરાજ રીંછે તો રામયુગની ભગવાન સાથે ઓળખાણુ કાઢી મણિ સહિત તેણે પોતાની પુત્રી જાંબવતીને પણુ આપી, ભગવાન કૃષ્ણુને પ્રસન્ન કરી દીધા ! ભગવાને દ્વારકામાં ઉગ્રસેન રાજા સમક્ષ સત્રાજિત રાજવીને બોલાવી સ્યમંતક મણિ પાછો સોંપ્યો. સત્રાજિતે તે મણિ લજ્જિત બની પાછો તો લીધો, પણુ ભગવાન પર ખોટું કલંક નાખ્યું તેથી ખૂબખૂબ પસ્તાયો. છેવટે ભગવાનને અને દ્વારકાવાસીઓને ખુશ કરવા પોતાની પરમ સુંદર કન્યા સત્યભામા ભગવાનને પરણાવી દીધી. સત્યભામાજી શીલ, સ્વભાવ, સુન્દરતા, ઉદારતા આદિ સદ્‌ગુણોથી યુક્ત હોવાથી સર્વજન વલ્લભા હતાં. ભગવાને ફક્ત તેણીને સ્વીકારી અને સ્યમંતકમણિ તો સૂર્યભક્ત સત્રાજિત રાજાને પાછો સોંપ્યો અને તેને લીધે નીકળતું રોજનું આઠ ભાર સોનું તેના આગ્રહવશ સ્વીકારી લીધું.

## શતધન્વા—વધ

અનુષ્ટુપ

'સત્રાજિત હણી પોતે, ભલે શ્રીકૃષ્ણુથી મરે;'
શતધન્વા સ્વયં વાંચ્છે, એવા એ શુભ મૃત્યુને. ૧

કેમકે મૃત્યુ છે નક્કી, જો સર્વ જન્મવંતને;
શતધન્વા ખરે તેથી, સામેથી મૃત્યુ નોતરે. ૨

કેટલુંક બને એવું, નિયતિ ધાર્યું હોય તે;
કિન્તુ અંતે વધે સૌથી, એક સત્ પુરુષાર્થ એ. ૩

બ્રહ્મચારી શુકદેવજી કહે છે: 'રાજા પરીક્ષિત! ભગવાન કૃષ્ણ જાણતા જ હતા કે, પાંડવોનો વાળ પણ વાંકો લાક્ષગૃહ બળવાથી નહોતો થયો, તો તેમના બળી જવાની વાત તો કેટલી બધી હાસ્યાસ્પદ? પણ જ્યારે લોકપ્રચલિત વાતોમાં કુંતીમાતા અને પાંચ પાંડવ લાક્ષાગૃહમાં બળી મર્યાં છે, એ ચાલ્યું, એટલે તેઓ કુળપરંપરા મુજબ તેમના માટે લોકાચાર કરવા ભાઈ બલરામજી સાથે હસ્તિનાપુરમાં આવ્યા. ત્યાં આવીને દાદા ભીષ્મ, કૃપાચાર્ય, વિદુર, ગાંધારી અને દ્રોણાચાર્યને મળી તેમની સાથે સમવેદના પ્રગટ કરી. તેમજ કહેવા લાગ્યા: 'પાંડવો અને કુંતીજીનું બળવું, એ તો પારાવાર દુઃખનું કારણ બન્યું!'

આમ ભગવાન કૃષ્ણ તથા બલરામજી હસ્તિનાપુર ગયા પછી દ્વારિકાનગરીમાં અક્રૂરજી તથા કૃતવર્માને અવસર મળી ગયો અને તેઓએ શતધન્વાને એ રીતે ઉશ્કેર્યો કે તું સત્યભામાના પિતાશ્રી સત્રાજિત પાસેથી મણિ કેમ છીનવી નથી શકતો? ખરો રીતે પેલા પાપી શતધન્વાનું પાપ ઘણું વધી ગયું હતું અને તે તો ભગવાન કૃષ્ણને હાથે જ મરી શકે તેમ હતું. આ તરકટ કરીને સત્રાજિતને શતધન્વાને હાથે મરાવ્યો. સત્રાજિત રાજા મૂળ તો સત્યભામાના પિતાજી હતા. મહારાણી સત્યભામા પિતાના મૃત્યુથી નબાપા બન્યાં અને ખૂબ રડ્યાં તથા દ્વારકા જઈ ફરિયાદ કરી, તેથી ભગવાને સત્યભામાને ઊંડો અને સક્રિય દિલાસો આપી પોતે અને પોતાના ભાઈ બલરામજીની મદદથી શતધન્વાને મારી જ નાખ્યો. જોકે શતધન્તવાએ અક્રૂરજી તથા કૃતવર્માની ભગવાન કૃષ્ણની સામે સહાય માગેલી. કારણ કે તેને ખબર પડી ગયેલી કે ભગવાન કૃષ્ણ તેને માર્યા વગર નહીં રહે. પરંતુ ભગવાન કૃષ્ણની સામે થઈ અક્રૂરજી કે કૃતવર્મા એને શી રીતે સહાય કરી શકે? ખેર

આમ શતધન્વા મરી તો ગયો પણ સ્યમન્તક મણિ શતધન્વા

પાસેથી ન મળતાં ભાઈ બલરામજીએ કહ્યું : 'ભલે શતધન્વા પાસેથી આપણને સ્યમંતક મણિ ન મળ્યો, પણ એ મરનારે જ કોકને આપ્યો હશે. હવે આપણે તે સ્યમંતક મણિને જ શોધીએ.' કારણકે સત્યભામાના પિતા સત્રાજિતને પુત્ર નહોતો, તેથી આખરે તો તે મણિ પર અધિકાર સત્યભામાનાં સંતાનોનો જ ગણાય. બીજી પણ એક વાત છે. તે એ કે દ્વારિકાનગરીના લોકો દુકાળ તથા દુઃખ ન પડે એટલા માટે સ્વફલ્કપુત્ર અક્રૂરજીને પાછા બોલાવવા ઇચ્છે પણ છે કારણકે જ્યાં અક્રૂરજી હોય છે, ત્યાં દુકાળ કે દુઃખ પડતાં નથી, એમ સૌ માને છે. આ રીતે પણ અક્રૂરજીની દ્વારિકાનગરીમાં જરૂરત જ છે. આમ વિચારી ભગવાન કૃષ્ણે કાશીથી અક્રૂરજીને દ્વારિકા બોલાવી આ બધું સમજાવ્યું. અક્રૂરજીએ તે છુપાવેલ મણિ શ્રીકૃષ્ણ ભગવાનને આપવા માંડ્યો, પણ એમણે એ મણિ તો અક્રૂરજીની પાસે જ રહેવા દીધો અને દ્વારિકામાં અક્રૂરજીનો નિવાસ કાયમી કરાવી દ્વારિકાવાસીઓની અક્રૂરજીને પોતાની નગરીમાં રાખવાની ઇચ્છા સાથોસાથ પૂરી કરી દીધી. બ્રહ્મચારી શુકદેવજી કહે છે : 'પરીક્ષિત ! આમ ચોમેરથી સમર્થ એવા ભગવાન કૃષ્ણનું આ આખ્યાન જેઓ દિલથી વાંચે છે, સ્મરે અને સાંભળે છે, તે અવશ્ય આ કાળે અપકીર્તિ અને બધાં પાપોથી છૂટી કેવળ શાન્તિનો જ અનુભવ કરી શકે છે.

# પાંડવભેરુ કૃષ્ણ ને કાલિંદીવરણ

જાતે આવી હરે પીડા, ભક્ત એ પાંડવો તણી;
પરોક્ષેય મળે તેમ કૃષ્ણ સહાય કાયમી. ૧

વિનયમૂલ્ય છે મોટું, આચરી ભગવાન એ;
શિખાડે સર્વને વિશ્વે, સંસ્કૃતિ ભારતીય તે.

બ્રહ્મચારી શુકદેવજી કહે છે: 'પરીક્ષિત ! જ્યારે પાંડવો લાક્ષાગૃહમાં બળી ગયા નથી એમ સ્પષ્ટપણે જાહેર થયું, ત્યારે કૃષ્ણ પાંડવોને મળવા ઇંદ્રપ્રસ્થમાં જાતે પધાર્યા. ભાઈ સાત્યકિ અને બીજા થોડા યદુવંશી પણ એમની સાથે હતા. જ્યારે પાંડવોને ખબર પડી કે ખુદ ભગવાન કૃષ્ણ પોતાને ત્યાં સામે ચાલીને પધારે છે, ત્યારે તેઓ ખૂબ ઉત્સાહભેર ભગવાન કૃષ્ણની સામે તેમને લેવા ગયા અને પરસ્પર પ્રેમાલિંગન કર્યાં. ભગવાનનું પોતાનું આલિંગન થાય ત્યાં પાપ-તાપ તો ધોવાઈ જાય, તે કુદરતી હતું. ભગવાન કૃષ્ણનું અતિમનોહર મુખ જોઈ, તેઓ ખૂબ આનંદમગ્ન બની ગયા. પોતે ખુદ ભગવાન છતાં વિનયધર્મની મહત્તારૂપે પોતાથી મોટેરા એવા ધર્મરાજ યુધિષ્ઠિર તથા ભીમસેનનાં ચરણોમાં ભગવાને ખુદ પ્રણામ કર્યા; અર્જુનને હૈયાથી ચાંપી લીધો. તરત સહદેવ-નકુલની બાંધવ જોડીએ ભાવપૂર્વક ભગવાનનાં ચરણે વંદન કરી લીધા. આ વિધિ પત્યા પછી પરમ સુંદરી દ્રૌપદી (જે હજુ તાજી જ પરિણીત થવાને કારણે થોડી લજ્જાવતી હતી, તે) ધીરે ધીરે ભગવાન પાસે આવી અને તેણીએ ભાવપૂર્વક પ્રણામ કર્યાં. પાંડવોએ ભાઈ સાત્યકિનું પણ ભગવાન સાથે હોવાથી ભગવાન શ્રીકૃષ્ણના જેવું જ સન્માનભર્યું ગૌરવ કર્યું. બીજા યદુવંશીઓનો પણ યથાયોગ્ય સત્કાર કર્યો તથા ભગવાન કૃષ્ણની ચારેય બાજુ આસન પર અદબભેર બેસી ગયા.

ત્યાર બાદ ભગવાન કૃષ્ણે પોતાનાં ફોઈબા કુંતીમાતાની પાસે જઈને પ્રેમપૂર્ણ પ્રણામ કર્યા. કુંતીમાતાએ અત્યંત માતૃસ્નેહવશ એમને હૃદયે લગાડી લીધા. તે વખતે માતાજીની આંખો હેતથી છલકાઈ ગઈ. અરસપરસ કુશલક્ષેમ સમાચારો આપ્યા-લીધા. પરંતુ માતુશ્રી કુંતીજીનું ગળું તો વાત્સલ્ય-વિહ્વળતાથી ક્યાંય લગી રૂંધાઈ ગયેલું રહ્યું. માતૃહૃદયની આ જ વિશેષતા છે ને! ભગવાન કૃષ્ણના ખૂબ પૂછવાથી માતાજી બોલ્યાં: 'વીરા! અમારા પ્રત્યે

મમતાભર્યો સ્નેહ રાખી તમોએ જ્યારથી જાત-સમાચાર મંગાવવા ભાઈ અક્રૂરજીને ઠેઠ અહીં લગી મોકલ્યા, ત્યારથી જ અમારાં તો પ્રેય-શ્રેય બન્ને પૂરેપૂરાં સધાઈ જ ગયાં! અમને સ્પષ્ટ ખ્યાલ આવ્યો કે, અમે એકલાં કે અનાથ નથી. જોકે આમ તો તમે સૌના જ છો પણ અમારો તમારા પર અને તમારો અમારા પર અતિશય સદ્ભાવ અને મીઠો મધુરો ભાવ છે, તેથી અમોને જરા વધુ પોતાપણું લાગે છે!' તરત ધર્મરાજજી બોલ્યા: 'સર્વેશ્વર એવા શ્રીકૃષ્ણજી! અમે પૂર્વજન્મમાં તથા આ જન્મમાં કેટલાં સુકૃત્યો કર્યાં છે એની અમને ખબર નથી. પણ મોટા મોટા યોગીશ્વરોને ઘણી ઘણી કઠિન તપઃસાધનાથી માંડ માંડ મળે તેવા ખુદ ભગવાન આપ જાતે અમારે ઘેર પરિશ્રમપૂર્વક પધારી અમને દર્શન આપો છો તેથી ખરેખર લાગે છે કે આમાં અમારી કોઈ વિશેષતા નથી, આપની પોતાની જ અહૈતુકી કૃપા છે! હવે જ્યારે મહાકષ્ટ ઉઠાવી આપ સ્વયં પધાર્યા જ છો, તો થોડા દિવસ શાન્તિથી અહીં રહી જ જાઓ!' સદ્ભાગ્યે આ એમની હાર્દિક વિનંતિનો સ્વીકાર કરી ચોમાસાના ચાર માસ શ્રીકૃષ્ણ સુખપૂર્વક ઇન્દ્રપ્રસ્થમાં રહી જ ગયા.

એક વખત તેઓ અર્જુન સાથે અરણ્યમાં ફરતા ફરતા યમુના-તીરે આવી પહોંચ્યા, હાથ-પગ ધોયા તથા નિર્મલ જલ પીધું અને જુએ તો યમુનાતીરે તપ કરી રહેલી એક અંગ-પ્રત્યંગે સર્વાંગ સુંદર એવી કન્યા દીઠી. ભગવાન કૃષ્ણે સખા અર્જુનને તેણીના ખબર પૂછવા મોકલ્યો. અર્જુને ઓળખાણ કર્યા પછી આસ્તેક રહીને પૂછ્યું: 'હે કન્યે! હે સુંદરી? તું તારે માટે યોગ્ય એવા પતિની શોધમાં હો, એવું લાગે છે ખરું ને?' તરત તે કાલિન્દી બોલી: 'હું પ્રત્યક્ષ ભગવાન સૂર્યનું સંતાન છું અને સર્વશ્રેષ્ઠ વરદાની ખુદ ભગવાન વિષ્ણુને જ પતિભાવે વરવા ઇચ્છું છું. માટે જ આ કઠોર તપ કરી રહી છું. કઠણ તપ વિના એ માત્ર ભાવનાથી ખુદ ભગવાન ક્યાંથી મળે? વીર અર્જુન! તેમના વિના બીજા કોઈને હું મારા

પતિ બનાવવા ઇચ્છતી નથી. મારું નામ કાલિંદી છે. મારા પિતાશ્રીએ આ યમુનાના જળમાં એક સુંદર મકાન મને બનાવી આપ્યું છે. જ્યાં લગી હું ભગવાનને નહીં જોઉં ત્યાં લગી અહીં એ મકાનમાં જ રહીશ.' અર્જુને જઈને ભગવાન કૃષ્ણને આ બધી વાતો વિગતથી તરત સંભળાવી. એટલે ભગવાન કૃષ્ણે તરત સૂર્યપુત્રી કાલિંદીને પોતાની સાથે રથમાં બેસાડી દીધી અને ધર્મરાજ પાસે આવ્યા. પાંડવોની ઇચ્છાથી ભગવાને તેમને (પાંડવોને) વિશ્વકર્મા દ્વારા અદ્ભુત નગર બનાવી આપ્યું. અગ્નિદેવને ખાંડવ વન અપાવ્યું. અર્જુને મય નામે દાનવને બળતા બચાવ્યો. તેથી તે પણ મિત્ર બન્યો. અને અગ્નિએ પણ ઊંચા પ્રકારનાં આયુધો અને કવચ વગેરે આપ્યું અને મય દાનવે પાંડવ–મહાસભા રચી દીધી. પછી ભગવાન કૃષ્ણે દ્વારિકા જઈ સર્વના સંતોષ માટે કાલિન્દી સાથે લગ્ન કરી નાખ્યાં.

## સત્ક્ષત્રિયતા ને પાણિગ્રહણ

### ઉપજાતિ

ન લાલચોમાં લપટાવું કો' દિ,
ન ચાચવું કૈં વળી પ્રાણ હોમી;
સૌ મર્ત્ય ને ગોદ્વિજ રક્ષનારી,
છે એવી સત્–ક્ષત્રિયતા રૂપાળી, ૧

### અનુષ્ટુપ

સર્વ જગત્પ્રજા મધ્યે, આવું ખમીર રોપિયું;
તેથી શ્રીકૃષ્ણને સાચું, જગન્નાથપણું મળ્યું. ૨

મલિની

શુચિ પ્રણય ધરાવે, વિશ્વવાત્સલ્ય બીજ,
સકલ સુવનિતામાં, રોપવા હેતુથી જ;
પરમ પતિ પ્રભુ શ્રીકૃષ્ણજી અવતર્યાતા,
નિખિલ અવનિ માંહે, ભૂમિ આ ભારતીમાં. ૩

બ્રહ્મચારી શુકદેવજી બોલ્યા : 'અવન્તિ (ઉજ્જૈન)ના રાજાએ હતા વિંદ અને અનુવિંદ. તેઓ દુર્યોધનના અધીન અને અનુયાયીઓ હતા. તે બન્ને ભાઈઓની બહેન મિત્રવિંદાએ સ્વયંવરરૂપે ભગવાન કૃષ્ણને જ વરવા વિચારી લીધેલું, પરંતુ એ બન્ને બંધુરાજાઓએ તેણીને તેમ કરતાં નાહક અટકાવી મૂકી. પરંતુ ભગવાન કૃષ્ણ એ કુંવરીની પોતા તરફની પ્રણયભાવના નિહાળી બધા રાજાઓની વચ્ચેથી તેણીનું અપહરણ કરી ગયા અને સર્વે રાજાએ હાથ ઘસતા એમ જ રહી ગયા.

પરીક્ષિત ! કોસલ નરેશ નગ્નજિત એક સારા ધાર્મિકવૃત્તિના રાજા હતા. એ રાજવીની પરમસુંદરી કન્યાનું નામ 'નગ્નજિતી સત્યા' હતું. કોસલનરેશે તે નિમિત્તે એક વજ્ર-સંકલ્પ કરેલો તે એ કે, પોતાના સાત મહાશક્તિધર બળદોને એકીસાથે જે વશ કરે તેને પોતાની આ કન્યા અતિશય સ્નેહપૂર્વક વરાવવી ! એ બળદોનાં શિંગડાં એવાં તો તીક્ષ્ણ હતાં કે એ સાતેય બળદો એકીસાથે વશ કરી લેવા એ કાંઈ સહેલું કામ ન હતું. તેઓ (બળદો) તો એટલા બધા બળવાન હતા કે મોટા મોટા ગણાતા મહારાજાઓને એમણે ધૂળ ચાટતા કરી દીધેલા. જેથી હજુ લગી કોઈ એ 'સત્યા' કન્યાને વરી શકેલું નહોતું. પરંતુ જ્યારે આ વાત યદુવંશીઓના વહાલા ભગવાન શ્રીકૃષ્ણે સાંભળી ત્યારે, તેઓ એક મોટી સેના લઈને કોસલપુરી (અયોધ્યા) પહોંચ્યા !

કોસલનરેશે બહુ પ્રેમથી તેઓનો આદર–સત્કાર કર્યો ! ભગવાન કૃષ્ણે પણ રાજવીના આદર–સત્કારનું ઘણું ઘણું હાર્દિક અભિનંદન કર્યું. રાજા નગ્નજિતની સુપુત્રી નાગ્નજિતી સત્યાને આ સમાચાર મળ્યા કે તેણીએ મનોમન જ વિચાર કર્યો કે અત્યાર સુધી જેમને વરવા માટે મેં ઘણાં ઘણાં વ્રતનિયમો વગેરે કરેલ છે અને મનથી તો હું આ પરમ પુરુષને જ પરણી ચૂકી છું, કારણ કે ભગવતી લક્ષ્મી, બ્રહ્માજી, શંકર ભગવાન અને મોટામોટા લોકપાલો જેમની ચરણરજ પોતાના મસ્તક પર ચઢાવી પોતપોતાને ધન્યભાગી મનાવે છે; તેઓ પોતાની જ કૃપાથી મારા પર પ્રસન્ન થયા. અને પરીક્ષિત ! રાજા નગ્નજિતે પણ ઊંડા હૃદયથી પ્રાર્થના કરી : 'જગતના એકમાત્ર શ્રીકૃષ્ણ ! ક્યાં આપ જેવી મહાસમર્થ વિભૂતિ અને ક્યાં મારા જેવો તુચ્છ માનવી ! હવે આપ જ ફરમાવો કે હું આપની શી સેવા કરું ?' ભગવાને કહ્યું : 'ક્ષત્રિય એકમાત્ર સ્વકર્તવ્યમાં પરાયણ હોય એટલે બસ છે. કોઈની પાસેથી કશું માગવાનું હોય જ નહીં. પરંતુ આપનું સૌહાર્દ વધારવા હું આપની કન્યાની માગણી અવશ્ય કરું છું.' આ સાંભળી રાજવી નગ્નજિત તો ખુશ થઈ ગયો અને બોલ્યો : 'જેને હૈયે લક્ષ્મીજી ખુદ વિરાજે છે, તેમના કરતાં ઉચ્ચ પુરુષ મારી પુત્રીને જગતમાં ક્યાંય પોતાના પતિ બનાવવા માટે મળી શકે જ નહીં. પરન્તુ કૃપાનાથ ! આ સાત બળદોને જે જીતે તે જ મારી કન્યાનો પતિ થાય, એવો મારો પ્રથમથી દૃઢ સંકલ્પ છે અને આપ સમર્થ માટે કશું અશક્ય નથી. બાકી આ પહેલાં અનેક રાજવીઓ ક્ષત્રિયો આવ્યા પણ કોઈ આ બળદોને સંપૂર્ણ વશ કરી જ નથી શક્યા.

ભગવાન શ્રીકૃષ્ણે આ વાત સાંભળી તરત કમર બાંધીને પોતાનાં સાત રૂપો બનાવી સામાન્ય બકરી જેવા તે સાતેય બળદોને નિર્વીર્ય બનાવી રમત રમતમાં નાથી જ લીધા ! અને એ બળદોનું

મહા શૌર્યનું ઘમંડ ચૂરેચૂરા થઈ ચૂક્યું ! હવે ભગવાન કૃષ્ણે તે બધાને દોરીથી બાંધી જેમ નાનું બાળક રમતાં રમતાં લાકડાના બળદને જ ખેંચતું હોય તેમ ખેંચી લીધા. આથી રાજા નગ્નજિત આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. નગ્નજિત રાજાએ પ્રસન્નતાપૂર્ણ હૈયે વિધિસર રીતે પોતાની પુત્રીનું પાણિગ્રહણ કરાવ્યું ને અનેક ગાયો તથા પાર વિનાની સંપત્તિ આપી. રાણીઓ, પ્રજાજનો સૌ રાજી રાજી થઈ ગયાં. ધામધૂમથી લગ્ન પત્યે વરકન્યાને રથમાં બેસાડી હરખથી વિદાય પણ આપી. જોકે જે રાજાઓ આ કન્યાને નહોતા વરી શક્યા તેમણે સૌ ઈર્ષ્યા કરી એકસાથે ચડી આવ્યા પણ તેમાં તેમનું કશું ન વળ્યું. આવી જ રીતે કેકય દેશની કન્યા ભદ્રા અને મદ્રપદેશની રાજકન્યા લક્ષ્મણા પણ હરી લાવ્યા. આમ ભગવાન કૃષ્ણનાં લગ્ન બીજી પણ હજારો સ્ત્રીઓ સાથે આ રીતે થયાં હતાં.

## ભૌમાસુરવધ અને અપહૃતાઓનો સ્વીકાર

માલિની

નરક–અસુર લાવ્યો, રાજકન્યા હજારો,
હરણ કરી પરાણે, રાખી'તી જેલમાંહે;
તરત છૂટી થતાં તે, મુગ્ધ હૈયાં થકી સૌ,
પ્રણયસહિત કૃષ્ણ સત્પતિને વરી છે. ૧

અનુષ્ટુપ

નરકાસુર મરવાથી, દૈત્યહીન ધરા થતાં;
જનો દેવો ઋષિ સૌએ, રાજી થયાં ખરેખરાં. ૨
પશુદેવ અને મર્ત્ય સર્વમાં સ્વાર્થ છે રહ્યો,
તેથી જ સ્વાર્થ જે જીતે તે આખું જગ જીતતો ૩

બ્રહ્મચારી શુકદેવજીએ કહ્યું : 'પરીક્ષિત ! ભૌમાસુરે વરુણનું છત્ર, માતા અદિતિનાં કુંડલ અને મેરુગિરિ પર વિરાજતા દેવોના મણિપર્વ નામના સ્થાનને છીનવી લીધેલું. એને લીધે દેવોના ઈંદ્ર પોતે ભગવાન પાસે દ્વારકામાં આવ્યા અને વિગતથી ભગવાન શ્રીકૃષ્ણને આ વાત સમજાવી.

આ સાંભળી ભગવાન પોતાનાં પ્રિયપત્ની સત્યભામાજીને લઈ ગરુડ પર સવાર થયા અને ભૌમાસુરની રાજધાની પ્રાગ્જ્યોતિષપુર પહોંચ્યા. પણ ત્યાં પ્રાગ્જ્યોતિષપુરમાં પ્રવેશ કરવો અતિશય દુર્ગમ હતું. કારણ કે એક તો એ નગરીની ચારેકોર પહાડીઓની જબરી કિલ્લેબંધી હતી. વળી શસ્ત્રોનો ઘેરો પ્રથમથી જ કરી રાખ્યો હતો. ત્યારબાદ પાણીથી ભરેલી ખાઈ આવતી હતી. એ પછી આગ અને વીજળીની ચાર દીવાલો કરેલી હતી, જેની ભીતરમાં ગેસ બંધ કરીને રાખેલો હતો. અહીંથી આગળ જતાં એ મૂરદૈત્યે નગરની ચારે બાજુ પોતાની દશહજાર ભયંકર અને મજબૂત જાળો બિછાવી રાખેલી હતી. ભગવાન શ્રીકૃષ્ણે પોતાની ગદાથી પહાડોને તોડી-ફોડી નાખ્યા અને શસ્ત્રોની મોરચાબંધીને બાણો વડે છિન્નભિન્ન કરી નાખી તથા ચક્ર વડે અગ્નિ, પાણી અને વાયુની ચારે દીવાલોને તરત નષ્ટભ્રષ્ટ જ કરી નાખી. પછી એ મૂરદૈત્યની જાળોને તલવારથી કાપી-કૂપીને ભગવાન કૃષ્ણે અળગી કરી. ત્યાં ગોઠવેલાં મોટાં યંત્રો બંધ પાડ્યા હતાં એમને તથા વીરોના હૃદયને શંખનાદ વડે વિદારી નાખ્યાં અને એ નગરના પરકોટાનો ગદા ધરનાર ભગવાને પોતાની ગદાથી જ ધ્વંસ કરી નાખ્યો.

ભગવાન કૃષ્ણના પાંચજન્ય શંખનો અવાજ થયો તે પ્રલય-કાળની વીજળીના કડાકા જેવો મહા ભયંકર હતો. એ સાંભળીને સેનાપતિ મૂરદૈત્યની નિદ્રા તૂટી ગઈ અને તે બહાર નીકળી આવ્યો. એને પાંચ માથાં હતાં અને હમણાં લગી તો તે જળની ભીતર સૂઈ રહેલો. તે મૂરદૈત્ય પ્રલયકાળના સૂર્ય અને અગ્નિ સમાન પ્રચંડ

તેજધારી હતો. તે એટલો તો ભયંકર હતો કે એની સામે કોઈથી આંખ ઉઠાવીને દેખવું પણ આસાન નહોતું. જાગતાં વેંત તેણે પોતાનું ત્રિશૂલ ઉપાડયું અને એવી રીતે તે ભગવાન તરફ દોડી આવ્યો, જાણે મોટા સાપ ભણી ખુદ ગરુડ દોડયો હોય! એ વખતે એવું જણાયેલું કે જાણે તે પોતાનાં પાંચ મુખો વડે ત્રણે લોકને ભરખી જશે. એણે પોતાના ત્રિશૂલને મોટા વેગથી ફેરવ્યું અને ગરુડજી પર પર ચલાવ્યું અને પછી પોતાનાં પાંચેય મુખોથી ઘોર સિંહનાદ કરવા લાગી ગયો. એના સિંહનાદનો મહા શબ્દ પૃથ્વી, આકાશ, પાતાળ અને દશે દિશાઓમાં ફેલાઈ આખા બ્રહ્માંડમાં વ્યાપી ગયો. ભગવાને જોયું કે મૂરદૈત્યનું ત્રિશૂલ ગરુડજી તરફ તીવ્ર અને મોટા વેગથી આવી રહ્યું છે, ત્યારે પોતાનું હસ્તકૌશલ દેખાડીને સ્ફૂર્તિથી એમણે બે બાણ માર્યાં, જેથી પેલું ત્રિશૂલ તો કપાઈને એના ત્રણ ટુકડા થઈ ગયા. વળી મૂરદૈત્યના મોઢાંઓ ઉપર બહુ બહુ બાણ માર્યાં તેથી તે મૂરદૈત્યે ખુદ ભગવાન પર પોતાની ગદા ચલાવી. પરંતુ ભગવાનની સામેથી આવેલી ગદાએ, તે દૈત્યગદાના ચૂરેચૂરા કરી નાખ્યા. હવે તે અસ્ત્રવિહીન થવાને કારણે પોતાની ભુજાઓ ફેલાવી ભગવાન કૃષ્ણ તરફ દોડયો અને જેવો તે દોડવા લાગ્યો કે તરત જ પોતાના ચક્રથી ભગવાને મૂરદૈત્યનાં, જેમ કુંભાર સરળતાથી માટલાં ઉતારે તેમ રમતમાં પાંચે માથાં ઉતારી નાખ્યાં! શિર કપાતાં જ મુરદૈત્યનું પ્રાણપંખેરું ઊડી ગયું અને ઇંદ્ર–વજ્રથી જેમ શિખર કપાઈ સમુદ્રમાં પડે તેમ તેનું શરીર પાણીમાં પડયું.

તે દૈત્યના સાત પુત્રો હતા: (૧) તામ્ર (૨) અંતરીક્ષ (૩) શ્રવણ (૪) વિભાવસુ (૫) વસુ, (૬) નભસ્વાવ (૭) અરુણ. તે સાતેય પુત્રો પિતાના મૃત્યુથી ઘણા શોકાકુલ થયા અને શસ્ત્રાસ્ત્રથી સજ્જ બની ક્રોધપૂર્વક બદલો લેવા માટે દોડી આવ્યા. પીઠ નામના દૈત્યને પોતાનો સેનાપતિ બનાવી ભૌમાસુરની આજ્ઞાથી ભગવાન શ્રીકૃષ્ણ પર ચઢી આવ્યા અને બાણ, ચક્ર, ગદા, શક્તિ, ઋષ્ટિ અને ત્રિશૂલ

આદિ પ્રચંડ શસ્ત્રોની વર્ષા કરવા લાગ્યા. પરંતુ પરીક્ષિતજી! ભગવાનની શક્તિ તો અમોઘ અને અનંતી છે! ભગવાને પોતાનાં જ બાણો વડે એમનાં કોટિ કોટિ શસ્ત્રાસ્ત્રોના તલતલ જેવા ટુકડા કરી નાંખ્યા. બધાય તે યમરાજ દ્વારે પહોંચી ગયા! પછી તો અતિ ક્રોધ કરી ખુદ ભૌમાસુર જ સમુદ્ર બહાર આવ્યો અને શતારિ નામની પોતાની શતઘ્ની ભગવાન પર અને સત્યભામા પર ચલાવી અને તેના બધાય સૈનિકોએ એકીસાથે જ પોતપોતાનાં શસ્ત્રાસ્ત્રો છોડયાં. ભગવાને પણ ચિત્રવિચિત્ર પાંખોવાળાં તીખાં તીખાં બાણુ ચલાવી તે બધાંને તોડી પાડયાં.

હવે બધા હાથીઓ પણ યુદ્ધભૂમિ છોડી છોડી નગરીમાં પાછા ઘૂસી ગયા અને એકલો ભૌમાસુર રહી ગયો. ગરુડ પર તેણે શક્તિ તો ચલાવી પણ તેમાં તે ન ફાવ્યો. છેવટે ભગવાન કૃષ્ણ પર ત્રિશૂલ ઉઠાવ્યું તો ખરું, પણ તે ફેંકે તે પહેલાં જ છુરા જેવા ચક્રથી હાથી પર બેઠેલા તે ભૌમાસુરનું માથું જ ભગવાને ઉડાવી દીધું. તે સુંદર મુકુટ અને કુંડલથી ઝગમગતું માથું પૃથ્વી પર પડયું. ભૌમાસુરનાં સગાં હાયહાય કરવા લાગી ગયાં પણ ઋષિઓ 'સાધુ સાધુ' કહેવા અને દેવો ફૂલો વરસાવવા લાગી ગયા હવે પૃથ્વી ભગવાન પાસે આવી. તેણીએ તરત જ ભગવાનના ગળામાં વૈજયંતી માળા પહેરાવી દીધી; અદિતિમાતાને ઝગમગતાં કુંડલો, વરુણને છત્ર અને ઈંદ્રને મણિપર્વ આપી દીધાં. હાથજોડી સ્તુતિ ખૂબ કરી. ત્યારબાદ રાજાઓની જે કન્યાઓ ભૌમાસુર લાવેલો, તે સર્વ કન્યાઓએ ભગવાનને ખૂબ પ્રણયભાવપૂર્વક પતિરૂપે પસંદ કરી લીધા. તેથી અઢળક સંપત્તિ અને ચોસઠ ચાર દાંતવાળા હાથીઓ સાથે તે સૌને ભગવાન કૃષ્ણે પત્નીઓરૂપે સ્વીકારી દ્વારિકા નગરીમાં મોકલી દીધી!

# રુકિમણીના અહંકારનું મર્દન

ઉપજાતિ

મનુષ્યદેહી પ્રભુ કૃષ્ણ કો'દિ,
રુકિમણી જેવી પટરાણીઓની;
ભૂલો ભુલાવા પ્રણય-પ્રણાલિ,
વિવિધ યોજે સુગૃહસ્થતાથી. ૧

અનુષ્ટુપ

સ્વસંબંધી તણા દોષો, રડાવી કાઢવા પડે;
કટુ ઔષધને પાઈ, રોગો મટાડવા પડે. ૨

બ્રહ્મચારી શુકદેવજી કહે છે: "દેવરાજ ઇંદ્રે ભગવાનની અને સત્યભામાજી બન્નેની પૂજા કરી લીધી. ભગવાને અદિતિનાં કુંડલો દેવરાજને સોંપી દીધાં. પરંતુ કલ્પવૃક્ષને ભગવાને સત્યભામાજીના બાગમાં લગાવવા ઇચ્છ્યું. સ્વાર્થી ઇંદ્રે પોતાનું કામ હતું ત્યાં લગી તો પ્રભુનાં ચરણ સ્પર્શ્યાં પણ સ્વાર્થ સર્યા બાદ કલ્પવૃક્ષ માટે ભગવાનની ઇચ્છા પૂરી ન કરી અને લડાઈ છેડી. આખરે ભગવાને જાતે લડીને દેવોને જીતી એ ઇચ્છા પૂરી કરી. ખરેખર સ્વાર્થમય જગત છે.

ગરુડ પર ભગવાન અને સત્યભામા બન્નેય દ્વારિકાનગરીમાં પાછાં આવ્યાં. ભગવાને સત્યભામાજીના બાગમાં કલ્પવૃક્ષ રોપ્યું એથી સત્યભામાજીનો બગીચો ખૂબ ખૂબ દીપી ઊઠ્યો. હવે પેલી ચાહનારી દરેક રાજકુમારી સાથે પોતે અલગ અલગ વ્યક્તિરૂપે અનેક થઈ ભગવાને વિધિવત્ લગ્ન કરી લીધાં! આ રીતે ભગવાનની પત્નીઓની સંખ્યા સોળ હજાર અને એકસો આઠની થઈ. તેમાં રુકિમણી,

સત્યભામા જેવી આઠ તો ભગવાન કૃષ્ણની પટરાણીઓ જ હતી. આ સોળહજાર એકસો ને આઠ રાણીઓના દરેકના મહેલે ભગવાન પધારે ત્યારે તે રાણી જાતે જ દરેક પ્રકારની પૂરેપૂરી અને દિલભરીને સેવા કરી ભગવાનને સર્વ પ્રકારે રિઝાવવાનો લહાવો લેતી. ખુદ ભગવાનના મૂર્તિમાન શરીરનું સ્પર્શસુખ એ બધીને મળી શકતું. કેવી હતી એ મહા ધન્યભાગિની સ્ત્રીઓ!

પરંતુ ઘણી વાર એવું બની જતું કે આ સુખ જિરવાતું નહીં, અને સામાન્ય માનવીની જેમ એ બધીને પણ ક્રોધ, માન, મદ, મોહ, ઈર્ષ્યા વગેરે દોષો ઘેરી લેતા. એવે વખતે ભગવાન કૃષ્ણ પોતે પણ સામાન્ય ગૃહસ્થ માનવી જેવા બનીને એ દોષો તજાવતા અને નાની મોટી એમની ભૂલો સુધરાવતા! એકદા રુક્મિણીમાં ખૂબ અહંકાર આવી ગયો. તે એવું વિચારવા લાગી કે. 'મારામાં કૃષ્ણને આકર્ષીને ગોંધી રાખનારું કેવું અદ્ભુત સૌંદર્ય છે જે બીજી પટ-રાણીઓમાં નથી ને પોતાનામાં છે! ભગવાન કૃષ્ણને આ ખૂબ સાલ્યું. એથી તક જોઈ ભગવાન કૃષ્ણે રુક્મિણીને આ મતલબનું કહ્યું: "રાણીજી, તમારા રૂપ આગળ હું તો સાવ કાળિયો કૃષ્ણ છું. મને લાગે છે કે હજુ તમારે તમારા જેવો રૂપસભર વરરાજો પસંદ કરી લેવો જોઈએ. તમારે એ બાબતમાં સંકોચ કરવાની જરૂર નથી. કુમારાવસ્થાથી જ જેમને તન, મન, સાધનની ન્યોચ્છાવરી કરનાર રુક્મિણીને તો પોતાનો અતિશય મનગમતો પોતે આવું કહેશે, એવી કલ્પના જ ક્યાંથી હોય? એટલે આ ઉદ્ગાર સાંભળી તેણી તો ત્યાં ને ત્યાં જ મૂર્ચ્છિત થઈને નીચે ઢળી પડી! જરાક ભાન આવતાં હૈયું ચિરાયું, આંસુઓએ માઝા મૂકી દીધી, આખું શરીર લથબથ થઈ ગયું, માથાના વાળ છૂટા થઈ ગયા. રુક્મિણીની આ દશા જોઈ એટલે તરત ભગવાન કૃષ્ણ ચેતી ગયા, પલંગ પરથી નીચા ઊતરી ખોળામાં એનું માથું લઈ જાતે પંખો કરવા લાગી ગયા અને પોતાના જ કોમળ કરથી આંસુ લૂછી નાખ્યાં. ...તો

અંબોડો વાળ્યો અને આ મતલબે કહ્યું : 'મારી વહાલી ! તું કેવી ભોળી ભટાક છે! મેં તો જરાક વિનોદમાં કહ્યું. મને તારી જરાક મજાક કરવાનું મન થયું, ત્યાં તો તું બહાદુર હોવા છતાં કાયરની જેમ રડી પડી ! તું એટલું નથી જાણતી કે તારા વિના મને ક્ષણ વાર પણ ક્યાં ગમે છે ?' બસ પાછી રુકિમણી રાજી રાજી થઈ ગઈ અને સમજી ગઈ કે આ માત્ર ભગવાન કૃષ્ણની મજાક નહોતી, પણ મારામાં આવેલા અહંકાર-દોષને સાફ કરવા માટે જ તેઓએ આ કળા કરી છે.' આમ પ્રણયરસ વર્ષ્યો અને અહંકારની આગ મટી શીતળતા વ્યાપી રહી.

# અનિરુદ્ધ લગ્ન અને શત્રુવધ

અનુષ્ટુપ

ઇચ્છે નહીં પિતા તોયે, પુત્રી વરે સ્વયં તદા;
માનવું જ પડે અંતે, જીતે ગુણો સમાજમાં. ૧
સ્વીકારી ત્યાં સગા રૂપે, સામાને રીઝવી પછી;
દગાબાજી ચલાવે તે, હારે અંતે દગા થકી. ૨

બ્રહ્મચારી શુકદેવજીએ કહ્યું : "ભગવાન કૃષ્ણને પ્રત્યેક પત્નીના ગર્ભથી દશદશ પુત્રો થયા. તેઓ બધા રૂપ, બલ આદિ ગુણોથી ભગવાનથી ઓછા ભાગ્યે જ હતા. ભગવાન કૃષ્ણની લીલામય કૃતિઓથી તે સૌ રાણીઓને એમ જ લાગતું કે, હું બધી જ પત્નીઓમાં વધુમાં વધુ માનીતી છું, અને તેથી ભગવાન કૃષ્ણને પાસે બેસી જમાડવા હોય કે પછી પગ ધોવા વગેરે જે સામાન્ય સેવાનાં કાર્યો હોય, તે પણ જાતે કરવા જ લાલાયિત રહેતી હતી. દરેકને અનેક નોકરાણીઓ હોવા છતાં ભગવાનની સેવા તો તે પોતે જ

કરવા તત્પર રહેતી હતી. ભગવાનના પુત્રોમાં રુકિમણીજીના જે દશ પુત્રો હતા, તેમાં સૌથી મોટો પુત્ર પ્રદ્યુમ્ન હતો. પ્રદ્યુમ્નનું માયાવતી રતિની સાથે તો લગ્ન પ્રથમ થયું જ હતું, પણ સાથેસાથ ભોજકટનગર નિવાસી રુકમી રાજવીની પુત્રી રુકમવતીથી પણ લગ્ન થયેલાં. રુકમવતીના દીકરાનું નામ બલશાળી અનિરુદ્ધ પ્રખ્યાત હતું.” આટલું સાંભળતાં જ અહીં પરીક્ષિત રાજાને પ્રશ્ન થયો અને તે વાત તેઓએ બ્રહ્મચારી શુકદેવજીને પૂછી કે “રુકમી રાજા તો ભગવાન શ્રીકૃષ્ણજીને હાથે પોતાની જે હાલાકી થઈ હતી, તે વેરને બદલો લેવા હંમેશાં તાકતો રહેતો હતો, પછી એ જ ભગવાન કૃષ્ણના પુત્રની સાથે પોતાની દીકરીનાં લગ્ન કરવા શાથી પ્રેરાય? આ એક મારા મનની મોટી શંકા છે. આપ જ્ઞાની પુરુષ છો, એથી એનું સમાધાન અવશ્ય કરી શકશો.”

ત્યારે શુકદેવજી બોલ્યા : “પરીક્ષિત ! પ્રદ્યુમ્ન પોતે અતિશય સુંદર હતા, જાણે કામદેવની જ જીવંત પ્રતિમા જોઈ લો ! જેવું પ્રદ્યુમ્નનું લાવણ્ય સુંદર હતું, તેવા જ એના ગુણો પણ દેદીપ્યમાન હતા. આથી એના ગુણો અને રૂપથી મુગ્ધ થઈને રુકમીરાજાની પુત્રી રુકમવતીએ જાતે જ સ્વયંવર સમારોહ વખતે એ જ પુરુષને વરમાળા આરોપી દીધી હતી. તે સ્વયંવર સમારોહમાં આવેલા બધા રાજાઓને શ્રીકૃષ્ણપુત્ર પ્રદ્યુમ્ને વાતવાતમાં જીતી લીધા હતા અને રુકમવતીનું પોતાના પિતા ભગવાન કૃષ્ણની જેમ પ્રદ્યુમ્ને પણ અપહરણ જ કરેલું. આવું બનવાથી રુકમી વધુ ને વધુ ડંખીલો બની ગયેલો. એમ છતાં પોતાની બહેન રુકિમણીએ પોતાને બચાવી લીધેલો હોવાથી, તે બહેન રુકિમણીને રાજી કરવા અને પોતાની પુત્રી રુકમવતી પ્રદ્યુમ્નને સ્વયં વરમાળા પહેરાવવાની હદે પ્રેમ જોયો તેથી હવે લગ્ન મંજૂર રાખવું એમાં જ શાણપણ છે, એમ સમજી રુકમીએ તેમ જ કર્યું.

પરીક્ષિતજી ! જેમ રુકિમણીજીની કૂખે દશ પુત્રો ભગવાન કૃષ્ણને હતા, તેમ એક કન્યા પણ જન્મી ચૂકી હતી, જેનું નામ 'મૃગનયની' હતું. એનું બીજું નામ ચારુમતી પણ હતું. કૃતવર્માના પુત્ર બલિ સાથે એનો વિવાહ થયેલો. પરીક્ષિત ! ભગવાન શ્રીકૃષ્ણ સાથે રુકમીનું પુરાણું વેર તો હતું જ, પણ એમ છતાં રુકિમણી બહેનને પ્રસન્ન કરવા રુકમીએ પોતાની પૌત્રી 'રોચના'નું પણ લગ્ન પોતાના 'દૌહિત્ર' અનિરુદ્ધ(જે પ્રદ્યુમ્નનો પુત્ર હતો.)ની સાથે કરી નાખ્યાં. જો કે તેને (રુકમીને) એ ખબર હતી જ કે આ જાતનાં લગ્ન 'ધર્મવિહિત' નથી, છતાં તે લગ્ન તેણે માન્ય કર્યાં જ. આમ લગ્ન તો ભોજકટનગરમાં શાન્તિથી પત્યાં, પરંતુ ભગવાન શ્રીકૃષ્ણ, રુકિમણીજી, પ્રદ્યુમ્ન, સાંબ આદિ સાથે દ્વારકાથી બલરામજી પણ તેમાં આવ્યા હતા. આ તકનો લાભ લઈ કલિંગનરેશ વગેરે રાજાઓએ રુકમીને બહેકાવી તેને બલરામજી સાથે જુગાર ખેલાવડાવ્યો. જુગારમાં 'રુકમીએ દગો કર્યો.' પણ આકાશધ્વનિ એવો થયો કે રુકમીજી ! દગો ન કરો. તમે દાવમાં આ વખતે હાર્યા છો, બલરામજી જીત્યા છે. પણ તે આકાશીવાણી પણ કાને ન ધરતાં દગાબાજ રુકમી પોતાની વાતને જ વળગી રહ્યો. જેથી ગુસ્સામાં આવી જઈ મહાસમર્થ બલરામજીએ જોરથી ગદા મારતાં રુકમીના પ્રાણ તે જ પળે ચાલ્યા ગયા અને આવી મશ્કરી બદલ કલિંગરાજા વગેરેનાં હાડકાં પણ શ્રી બલરામજીએ ખોખરાં કરી નાખ્યાં...

જો કે પોતાના સાળો રુકમી પોતાના જ વાંકે મરતાં રખે રુકિમણીજીને ભાઈ પ્રત્યેના અનુરાગને કારણે દુઃખ થશે, એ વિચારે આ પ્રસંગે ભગવાને પોતાનો રાજીપો છાનો જ રાખ્યો. આમ એકી સાથે બે કામો થયાં : (૧) અનિરુદ્ધનાં લગ્ન અને (૨) શત્રુવધ. પછી તે સૌ વરકન્યા સહિત દ્વારિકા પહોંચી ગયાં.

# ઉષા—અનિરુદ્ધ ગાંધર્વવિવાહ

દુષ્ટબલ વધે ત્યારે, મદાંધતાય વાધશે;
કોઈ ને કોઈ રીતે ત્યાં, સંતાનપીડા આવશે. ૧

તે નિમિત્તે જશે નક્કી, સર્વાંગીણ મદાંધતા;
નમવું પડશે ત્યાં તો, જ્યાં સંપૂર્ણ નમ્રતા. ૨

લાધે સ્વપ્ને છતાં પ્રીતિ, જો હોયે સત્ય કાયમી;
તો ઝંઝાવાતથી ઝાંખી, તે કદી પડતી નથી. ૩

રાજા પરીક્ષિતજીએ શુકદેવજીને પૂછ્યું : "મહાયોગ સંપન્ન મુનીશ્વરજી ! અનિરુદ્ધજીએ બાણાસુરની લાવણ્યમયી પુત્રી ઉષા સાથે લગ્ન કર્યાં, એ પ્રસંગને અનુલક્ષી ભગવાન શ્રીકૃષ્ણ અને શંકરજીનું ઘમસાણ યુદ્ધ થયેલું. આવી વાત જ્યારે જાણવામાં આવી ત્યારે મને ભારે નવાઈ લાગી. તો આ બાબતમાં આપ કૃપા કરીને જરા વિગતથી કહો."

એમ પૂછનાર પરીક્ષિતજીને ઉદ્દેશીને બ્રહ્મચારી શુકદેવજી વદ્યા : "વહાલા પરીક્ષિતજી ! મહાત્મા બલિ કે જેમણે વામનવેશધારી ભગવાનને આપી પૃથ્વીનું દાન કરેલું, તે મશહૂર કથા તો તમે જાણો જ છો. એ જ બલિના સૌથી મોટા પુત્રનું નામ બાણાસુર. તે મહાન શિવ-ભક્ત હતો. તે રમણીય એવી શોણિતપુરીમાં રાજ્ય કરતો હતો તે વખતે તાંડવ નૃત્ય કરતા શંકર ભગવાનને તેણે રાજા છતાં વિવિધ વાદ્યો વગાડી પ્રસન્ન કરેલા. એકદા એણે ગુમાનમાં આવી શિવજીને વીનવ્યું : "દિગ્ગજો પણ મારાથી ડરીને ભાગે છે ! હું પથ્થરોના પણ ચૂરેચૂરા કરી નાખું છું. મારા હાથને ખજવાળ થાય છે કે મને કોઈ બરોબરિયો મળ્યો જ નથી. તો મને બરોબરિયો મળી રહે

એવી આપ કૃપા કરો." શંકર ભગવાને કહ્યું : "મૂર્ખ, માગી માગીને તેં આ વરદાન માગ્યું! તો જ્યારે તારી ધજા તૂટશે ત્યારે મારા જેવો બળવાન બરોબરિયો મળશે અને તારા અભિમાનના ચૂરેચૂરા કરી નાખશે.

હવે બન્યું એવું કે એ બાણાસુરની એકની એક ઉષા નામના કન્યા હતી. એક દિવસ સ્વપ્નમાં જ ઉષાએ પરમ સુંદર એવા ભગવાન કૃષ્ણના પૌત્ર અનિરુદ્ધજી સાથે પોતાના પતિરૂપે જાણે પોતાનો સમાગમ થયો છે એમ અનુભવ્યું અને એકાએક બોલી પડી: "અરે! તમને હું પૂરેપૂરી ભેટી લઉં તે પહેલાં તો તમને મારી પાસેથી કોઈ છીનવી ગયું! મારા રસનિધિ! તમે ક્યાં ગયા? ક્યાં ગયા?" જ્યાં જાગી ત્યાં તો એના પિતાશ્રીના મંત્રીની પુત્રી ચિત્રલેખા વગેરે સખીઓને જોઈ અત્યંત લજ્જાશીલ બની ગઈ. પરંતુ એ ઉષાની લજ્જા છોડાવી સામેથી ચિત્રલેખાએ જ માગણી કરી : 'સખિ! મારાથી જરાય શરમાઈશ નહીં. ભલે અત્યારે તો એ પરમ સુંદર પુરુષ તને સ્વપ્નમાં મળ્યા ન મળ્યા અને વિખૂટા પડી ગયા, પણ પ્રભુકૃપાએ મારી પાસે એવી સિદ્ધિમય શક્તિ છે કે તું મને આ પરમ સુંદર પુરુષોની મારા આગળની છબીઓ જોઈ તે પૈકીનો તારો કોઈ સલૂણો પુરુષ હોય તો તે મને તરત કહી દે! એ છબીઓ પૈકી ભગવાન કૃષ્ણના પૌત્ર અનિરુદ્ધજીની છબી ઉષાએ જોઈ અને તુરત બોલી ઊઠી : 'અહો, મારી પ્રિય સખિ! બસ આ જ મારો પ્રાણવલ્લભ છે, જેને મેં સ્વપ્નમાં દીઠો અને જેના વિના મારું જીવ્યું મને હવે વૃથા જ લાગે છે.' ચિત્રલેખાએ દિલાસો દીધો : 'બસ, એ સુંદરવરને આજની રાત્રિ વીતે તે પહેલાં લાવીને તુરત તારી પાસે જ હાજર કરી દઉં છું.' આ સાંભળી ઉષા તો રાજી-રાજી થઈ ગઈ.

હવે રાત્રિએ ઉષાને ઊંઘ આવે જ ક્યાંથી? એ તો જાગતી

જ બેઠી રહી અને સ્વપ્નમાંના પોતાના પ્રાણાધારનું ચિંતન કરતી રહી. ત્યાં તો આકાશ વાટે પલંગ સહિત ઉષાના પ્રાણપ્યારા અનિરુદ્ધજીને પલંગ સહિત ઉડાવી સીધા ઉષાના મહેલમાં મૂકીને કોઈ પહેરગીર ન જાણે તે રીતે ચિત્રલેખા ત્યાંથી સરકી ગઈ. જાગીને પોતાને અજાણ્યા મહેલમાં જોતાં આ મહેલમાં પોતે કયાંથી ? એમ અનિરુદ્ધજીને પહેલાં તો આશ્ચર્ય સાથે સંકોચ થયો. પણ ઉષાએ જે પ્રણયપૂર્ણ હેતથી આવકાર આપ્યો અને ખાનપાનથી માંડીને શયનમાં પગ દબાવવા સુધીની જે સેવા દિલ દઈને કરવા માંડી એથી 'ગાંધર્વ-વિવાહી' અનિરુદ્ધ પણ એટલા જ ભાવથી ઉષાને ચાહવા લાગી ગયા ! આમ અહીં દિવસો પર દિવસો વીતતા હતા, ત્યારે દ્વારિકામાં તો અનિરુદ્ધજીને એકાએક આમ કોણ ઊપાડી ગયું એની શોધાશોધ ચાલી રહી હતી. એવામાં ઋષિવર નારદજી પધાર્યા અને 'શોણિતપુરમાં પોતાની ગાંધર્વવિવાહિત પત્ની ઉષા સાથે અનિરુદ્ધ સુખચેનમાં છે.' એમ કહીને સૌને થોડીવાર તો ચિંતામુક્ત કર્યા પણ પછી આસ્તેક એમણે ઉમેર્યું : 'પણ ઉષાના પિતા બાણાસુરને ખબર પડતાં તે શિવભક્તે એમને નાગપાશથી બાંધી લીધા છે અને ઉષા બોર બોર જેવડાં આંસુ પાડી રહી છે !

તરત બલદેવજી, પ્રદ્યુમ્નજી અને ખુદ ભગવાન કૃષ્ણ પણ શોણિત-પુર પહોંચ્યા. આ બાજુ પોતાના ભક્તના પક્ષે યુદ્ધ કરવા ખુદ શિવજી અને તેમની ભૂતપ્રેતાદિસેના પણ ત્યાં પહોંચી. ઘમસાણ યુદ્ધ મચ્યું. શિવસેના વેરણછેરણ થઈ ગઈ. બાણાસુરની ભુજાઓ કપાઈ ગઈ. આમ સંતાન(ઉષા)ને નિમિત્તે બાણાસુરને બરોબરિયો મળી ગયો અને આખરે નમીને પોતાની કન્યાનો ગાંધર્વવિવાહ મંજૂર રાખીને બાણાસુર શિવભક્ત હતો અને કૃષ્ણભક્ત પણ બની રહ્યો. ભગવાન શંકરજીએ પણ કૃષ્ણ ભગવાનની પરમસ્તુતિ કરી જૂની યાદ તાજી કરાવી પ્રહ્લાદ કુલના આ દૈત્ય બાણાસુરને અભય બક્ષાવ્યું. પરી-

ક્ષિત ! શિવ–કૃષ્ણુના આ ધમસાણુભર્યા યુદ્ધની અને એમાં મળેલા કૃષ્ણુ–વિજયની કથા જે સવારમાં ઊઠી નિત નિત સંભારશે તે ભક્ત જીવનમાં કદી પણુ પરાજય પામશે જ નહીં !

# નૃગરાજ ચરિત્ર

અનુષ્ટુપ

સંતો ને સેવકો ભેળા, થઈ અધ્યાત્મલક્ષ્યથી;
દોરે ભોળી પ્રજાઓને, તો વિશ્વશાન્તિ કાયમી. ૧

તેથી એ બેઉની રક્ષા ને પૂજા ક્ષત્રિયો કરે;
તેવાઓને સદા સત્તાસ્થાને રાખે પ્રભુ ખરે. ૨

સત્લક્ષી આર્યભૂમિ જ્યાં શીતોષ્ણુ સમ વર્તતાં;
એવા ભારતમાં બ્રહ્મચારી શુક જ જન્મતા. ૩

બ્રહ્મચારી શુકદેવજી કહે છે : "પ્રિય પરીક્ષિત ! એક દિવસ સાંબ, પ્રદ્યુમ્ન આદિ યદુવંશી કુમારો ઉપવનમાં રમવા ગયેલા. ત્યાં તેઓને સૌને બહુ તરસ લાગી. જળની શોધ કરતાં એક વિશાળ કૂવો તો દીઠો પરંતુ તેમાં પાણી નહોતું અને છતાં એક પર્વત જેવડું કોઈ જળચર પ્રાણી એમાં હતું. એને જોઈ તે રાજકુમારો આશ્ચર્ય પામ્યા. તેમણે દયાથી પ્રેરાઈ ચામડા અને સૂતરનાં દોરડાંઓથી બાંધીને તે જલચરને બહાર કાઢવા પ્રયત્નો કર્યા પણુ તે જલચર પ્રાણી નીકળી ન શક્યું. ભગવાન કૃષ્ણુ આગળ આ આશ્ચર્યકારક વાત પહોંચી ગઈ ! તેઓ ખુદ જાતે તે સ્થળ પર પધાર્યા અને જોતજોતામાં તેઓએ માત્ર પોતાના સ્પર્શથી તે જલચર પ્રાણીને

બહાર કાઢ્યું. પણ તેવામાં તો તે જલચર પ્રાણી મટી એક દૈવી સ્વરૂપ માનવી બની ગયો. ભગવાને તેને પૂછ્યું : 'તું તો મહાન દેવ લાગે છે અને તું જલચર પશુ શી રીતે થયો ? હરકત ન હોય, તો મારી અને સૌની જાણ માટે તું તારી કથા કહે.'

એ દૈવી પુરુષ બોલ્યો : 'ભગવાન ! આપ જાતે તો ત્રિકાલજ્ઞ છો. આપથી શું અજાણ્યું છે ? છતાં જ્યારે આપ જાતે પૂછો છો તો આનંદથી હું આપને મારી કથની અવશ્ય સંભળાવીશ.' એમ કહી તેણે પોતાનો પરિચય આપતાં કહ્યું : 'પ્રભુ ! હું ઇક્ષ્વાકુનો જ પુત્ર છું અને મારું નામ રાજવી નૃગ ! મારી આવી દશા અજાણતાં થયેલી મારી ભૂલની સજાને કારણે થયેલી. આમ તો હું હજારો ગાયો અને સોનું-ચાંદી ધાતુઓ ઉપરાંત રમણીય વસ્ત્રોનું સુયોગ્ય બ્રાહ્મણોને દાન કર્યા કરતો. એવામાં મારી અજાગૃતિને કારણે કોઈ તપસ્વી બ્રાહ્મણની એક ગાય મારી બીજી હજારો ગાયો ભેગી આવી ગઈ અને બીજી ગાયોની જેમ તે ગાયનું પણ એક સુપાત્ર બ્રાહ્મણને દાન મારાથી અપાઈ ગયું. જેવો દાન લેનાર બ્રાહ્મણ તે ગાયને લઈને ચાલવા લાગ્યો તેવો જ પોતાની ગાય શોધતો શોધતો એ ગાયનો સાચો માલિક આવી પહોંચ્યો અને પોતાની ગાયને ઓળખી તેની માગણી કરી. પણ પેલો બ્રાહ્મણ બોલ્યો : "ભાઈ ! આ ગાય તો નૃગરાજાએ મને દાનમાં આપી છે." ગાયનો ખરો માલિક બ્રાહ્મણ કહે છે : 'શું નૃગ રાજા જેવો મહાન દાતા મારી ખોવાયેલી ગાયને દાનમાં આપી શકે ?' પોતાની ફરિયાદ એણે મારી પાસે કરી અને મેં તે બન્ને સુબ્રાહ્મણોની માફી માગી.

પરંતુ એવામાં યમરાજાના દૂતો આવી મને યમપુરીમાં લઈ ગયા અને કહ્યું : 'બોલો રાજાજી ! પહેલાં પુણ્યફળ ભોગવવું છે કે પાપફળ ? બહુ વિચાર કરીને મેં યમરાજને જવાબ આપ્યો : 'મારે પ્રથમ તો જાણ્યે-અજાણ્યે થયેલા પાપનું ફળ જ ભોગવવું છે.' બસ

મારી આ માગણીથી હું આ મહા જલચર પશુ બની ગયો હતો. કારણ કે સંતો અને બ્રાહ્મણોના જાગૃતિભર્યા પ્રયાસો ચાલુ રહેવાથી જ માનવસમાજ વ્યવસ્થિતરૂપે ટકી શકે છે. ક્ષત્રિય રાજવીઓ આ કારણે જ જેમ સંતોને પૂજે છે, તેમ બ્રાહ્મણોને ગૌરવભર્યું દાન આપી તેમને ટકાવી પ્રજાકીય શાંતિ સ્થાપી શકે છે. આથી જ અમો ગાયો અને બ્રાહ્મણો બન્નેના રખવાળ બની 'ગૌબ્રાહ્મણ પ્રતિપાળ' તરીકેનું બિરુદ સાર્થક બનાવીએ છીએ. હવે એ બિરુદ પામનાર ક્ષત્રિય રાજવી હોઈને અમે જ જો સતત જાગૃતિ ન રાખતાં આવું કરી બેસીએ તો એ તો મોટો અનર્થ જ ગણાય ને? એટલે મને એ કર્મના પરિણામરૂપ સજા પૂરેપૂરી મળી ગઈ, અને હું રાજવી મટી મોટું જલપશુ બની ગયો હતો. પરંતુ હવે મારાં મહાન પુણ્ય અને મહાન ધર્મ બન્નેનો સુયોગ થયો ગણાય. પ્રભુ આપે જાતે અહીં પધારી મને સ્પર્શ કરી મારો ઝટપટ ઉદ્ધાર કરી નાખ્યો! આથી હું કૂવાનું જલપશુ થયો હતો એનું મને સ્વપ્ને પણ દુઃખ નથી. કારણ કે અનેક જન્મોના કોટિ પ્રયત્નોથી ભાગ્યે જે આપનાં દર્શન–સ્પર્શન થાય, તે મને સહજમાં મળી ગયાં!' ભગવાન કૃષ્ણજીએ જાતે પણ સૌને ઉપદેશ આપ્યો કે 'યાદવો! જોયું કે અણજાતાં પણ થયેલી બ્રાહ્મણસંબંધી ભૂલ કેવો પરિતાપ આપે છે! માટે બ્રાહ્મણોની કાળજી ક્ષત્રિયો અને પ્રજાજનો સૌએ પૂરેપૂરી રાખવાની છે.'

૧

૨

# બલરામનું વ્રજગમન અને પૌંડ્રકવધ

સવૈયા એકત્રીસા

વ્યક્તિગુણ, વિભૂતિગુણ, સંસ્થા–ગુણ દેખી રાજી થાવું,
જેથી જગમાં ઐકચ વધે ને ગુણ–શાંતિનું ફેલાવું;
ગુણ–ઈર્ષ્યાદોષે વ્યક્તિની સમાજ–સાધના ભ્રષ્ટ થતી,
ગુણાનુરાગી કરવા સૌને સુવ્યક્તિઓ નિત્યે મથતી. ૧

અનુષ્ટુપ

સંબંધીઓ નવાં જૂનાં, ટાણે ટાણે મળ્યાં કરે;
નમ્રભાવે, ઋજુભાવે, વાત્સલ્ય ભાવ એ વધે. ૨

કરો સારું–નઠારું જે, શીઘ્રાતિશીઘ્ર તે ફળે,
જાણે સુમાનવો જેથી, માત્ર સારું કર્યા કરે! ૩

બ્રહ્મચારી શુકદેવજી કહે છે: –"રાજા પરીક્ષિત! વાસુદેવાંશ મોટાભાઈ બલરામજીને એકદા થયું: લાવને વ્રજગમન કરું. ત્યાં નંદબાબા, યશોદા મૈયા અને ગોપીઓ ભગવાન કૃષ્ણની વિરહવેદનાથી વ્યાકુળ હશે, જેથી તેમને જઈને દિલાસો આપી આવું. ખરેખર વ્રજમાં એવું જ હતું. તેમના જવાથી જાણે ખુદ ભગવાન કૃષ્ણ પધાર્યા હોય એમ નંદયશોદા સહિત ગોપગોપીઓ સૌ ઘેલાં–ઘેલાં બની ગયાં. એક પછી એક ભગવાન કૃષ્ણને લક્ષ્ય કરી ગોપીઓ તો ટોણા મારવા જ મંડી પડી: 'અમને પ્રેમરસમાં દીવાની બનાવી પોતે એવી રીતે ભાગી છૂટયા કે હવે જાણે અમને તો સાવ ભૂલી જ ગયા! અરે બલરામજી! અમે તો ગામડિયણો રહી પણ પેલી મથુરા કે દ્વારકાનગરીની ચતુર નારીઓ પણ તેમની મીઠી જબાન અને કલાથી પાગલ જેવી બની

રહી છે તે નવાઈની વાત છે!' પણ પછી તે અંદરોઅંદર જ એક-મેકને કહે છે: 'અરે! એ ધુતારામાં અદ્દ્ભુત જાદુગરી છે. એ તો જે ઇચ્છે તે નારીને પળવારમાં પાણી પાણી કરી નાખે છે. આ બધું જોઈ બલરામજી તે સૌને યમુનાકિનારે લઈ ગયા અને ભગવાન કૃષ્ણનો મધુર સંદેશ વિગતવાર કહ્યો. ગોપીઓ પણ એ મહાસંદેશથી જાણે રાસલીલા રમતા કૃષ્ણ સાથે રાસરમણ કરતી હોય, તેવા ભાવોથી પરસ્પર નાચવા લાગી ગઈ. યમુનાજીએ પણ સુગંધિત ભીની ભીની લહેરીઓ ઉછાળવા માંડી અને આખુંયે વ્રજ ફરીથી જાણે યદુરાય કૃષ્ણજીની મહાલીલામાં મસ્ત બની આનંદવિભોર બની ગયું."

આગળ વધતાં શુકદેવજી કહે છે: 'એક બાજુ ભગવાન કૃષ્ણના અભાવમાં શક્ય તેટલો પ્રેમળ આનંદ વ્રજમાં ભગવાન કૃષ્ણના અંશ-રૂપ બલરામજી આપી રહ્યા છે ત્યાં બીજી બાજુ એક મોટી આફત અચાનક આવી પડી. કાશીરાજના પરમ મિત્ર એવા કરૂપદેશના રાજાને એવો મહાન અહંકાર ઊપજ્યો અને બોલ્યો કે 'ખરો વાસુદેવ તો હું છું અને પેલો વાસુદેવ તો સાવ કૃત્રિમ છે. નકામો વજ્ર વગેરે ચિહ્નો લઈને બેસી ગયો છે. વળી જગતનો ઉદ્ધારક પણ હું એકલો છું. માટે એ મથુરા–દ્વારકાનો વાસુદેવ બધાં ચિહ્નો છોડી મારે શરણે આવી જાય, નહીં તો મારી સાથે લડવા તૈયાર થઈ જાય!' પૌંડ્રક-રાજાએ આટલું બોલીને જ સંતોષ ન માનતાં પોતાના એક માનીતા દૂતને દ્વારકામાં મોકલી ખુદ ભગવાન શ્રીકૃષ્ણ વાસુદેવ આગળ આ સંદેશો રજૂ કરાવ્યો. આ ઉચ્છૃંખલ અને મિથ્યામદથી ભરપૂર સંદેશો સાંભળી અનુભવી સરદારો તો હસી હસીને ઊંધા જ વળી ગયા. ભગવાન કૃષ્ણે દૂતને કહ્યું: 'ભાઈ! તું તો ચિઠ્ઠીનો ચાકર એટલે બીજું શું કરે? તું તારા એ રાજવીને કહેજે: મારાં એ બધાં ચિહ્નો મારે એમના ઉપર અને એને બહેકાવનાર ઉપર જ છોડવાં પડશે. જો એ તૈયાર છે અને એને લડવાની ખૂજલી ઊપડી છે, તો ભલે હું ત્યાં આવીશ. તેને જે તૈયારી કરવી હોય તે કરી રાખે!'

આ દૂત પાસેથી સંદેશો સાંભળી તે રાજા અને એનો પરમ મિત્ર કાશીરાજ બન્નેએ મળી પાંચ અક્ષૌહિણી સેના તૈયાર કરી શહેર બહાર તેઓ સજ્જ થઈ આવી ઊભા. ત્યાં તો ભગવાન શ્રીકૃષ્ણ વાસુદેવનો મશહૂર રથ અને સેના કાશી પહોંચી ગઈ. કારણ કે આ બધી તૈયારી કરૂપદેશના એ રાજા પૌંડ્રકે કાશીમાં જ કરેલી. ટક્કર તો તેણે ખૂબ લીધી પણ મિથ્યામદનો ચડેલો પારો તરત ઊતરી ગયો અને બન્ને રાજાઓ યુદ્ધમાં મરણને શરણ થયા. કાશી નરેશનો દીકરો પ્રદક્ષિણ હતો. તેણે પિતાના અંત્યેષ્ટિ સંસ્કાર કરી પ્રણ કર્યું કે પિતૃઘાતક અને પિતૃમિત્ર–ઘાતકનું વૈર લેવાનું હું નહીં જ ચૂકું ! અને ભગવાન શિવની તેણે આરાધના કરી લીધી. તે આરાધનાથી સુદક્ષિણ (કાશીના રાજપુત્ર)ના કુલાચાર્યો તથા ભોળા શિવ પ્રસન્ન થયા. તેના માગ્યા પ્રમાણે તથાસ્તુ કર્યા પછી ત્યાં કૃત્યા નામની રાક્ષસી અભિચાર (મારણના પુરશ્ચરણ) રૂપે પ્રગટ થઈ અને દ્વારકાપુરીમાં ગઈ. પણ ભગવાન કૃષ્ણને ખબર પડતાં જ તેઓએ સુદર્શનચક્રને આજ્ઞા કરી તો તેણે પેલી કૃત્યારૂપી અભિચાર–અગ્નિનું કંઈ ચાલવા ન દીધું. તેથી તે પાછી કાશી પહોંચી ગઈ અને એને પ્રગટ કરનારા કુલાચાર્યોને અને સુદક્ષિણને જ ભસ્મ કરી નાખ્યા. પોતાનું ખોટું શસ્ત્ર આખરે પોતાને જ નષ્ટ કરી નાખે છે, તેવું જ બન્યું.”

શુકદેવજી કહે છે :– “હે પરીક્ષિત ! આ ભગવાન શ્રીકૃષ્ણનું ચરિત જે સાંભળે-સંભળાવે તે જરૂર પાપથી છૂટી જશે.

## બલરામથી દ્વિવિદનો અંત

### સવૈયા એકત્રીસા

જગમાં પ્રભુનો જન્મ ગણાયો પ્રજા–અભય કરવા માટે,
અભય પ્રજામહીં ફેલાવાથી ન્યાય સત્ય નીતિ ખાટે;

મર્ત્ય–સમાજ વ્યવસ્થા સુધરે વ્યક્તિ વિકાસને તકો મળે,
જેથી વ્યક્તિ સમાજ સમષ્ટિ સૌનાં તનમન સુખી બને ૧

અનુષ્ટુપ

જોકે હશે ગુનાઓ પણ બીજી બાજુ વધે ગુણો;
જો ક્ષાત્રો ને દ્વિજો સંતો, ત્રણેય સંકળાય તો. ૨

સર્વે ગુણો થતાં સ્થાયી, ને દોષો સૌ દબાય જો;
આ રીતે અવતારોનું, સત્કૃત્ય સિદ્ધ થાય તો. ૩

રાજા પરીક્ષિતે પૂછ્યું : "શુકદેવજી મહારાજ ! બલરામજી પણ ભગવાન કૃષ્ણનું જ અમુક સ્વરૂપ હોવાથી એક અર્થમાં તો ભગવાન જ છે. તેઓ સર્વશક્તિમાન અને એમની લીલા, એમનું સ્વરૂપ, એમના ગુણો પણ મન, બુદ્ધિ અને વાણીથી પર છે. માટે એમણે પણ જે અદ્દભુત કર્મો કર્યાં છે, તે પણ હું આપની પાસેથી ફરી ફરી સાંભળવા ઇચ્છું જ છું.'

શ્રી શુકદેવજી બોલ્યા : 'જુઓ રાજન્ ! દ્વિવિદ નામનો એક નટખટ વાનર હતો. આમ તો એ ભૌમાસુરનો મિત્ર, મૈંદનો શક્તિશાળી ભાઈ અને સુગ્રીવનો મંત્રી હતો. જ્યારે એ દુષ્ટે સાંભળ્યું કે પોતાના મિત્ર ભૌમાસુરને કૃષ્ણચંદ્રજીએ મારી નાખ્યો છે ત્યારે તરત એ પોતાના મિત્રના વૈરનો બદલો લેવા માટે સજ્જ થઈ ગયો. પોતાના વ્યક્તિગત મિત્રના એ વૈરનો બદલો લઈ ઋણ ચૂકવવાની એની સજ્જતાના પરિણામે આખીયે દુનિયાનું ગમે તે થાય તેની પરવા ન કરતાં આખીયે દુનિયાનું સત્યાનાશ કરવા તરફ એ વળી ગયો. તે વાનર મોટાં મોટાં નગર, ગામ, ખાણ અને જ્યાં આહીરોનો વસવાટ હોય ત્યાં આગ લગાડીને બાળવા જ મંડી પડ્યો. મોટા મોટા પહાડોને ઉખેડી ઉખેડી એ વડે મોટા પ્રાંતોને ચકનાચૂર

કરી દેતો. મોટે ભાગે તે દ્વિવિદ વાનર આવું કૃત્ય આનર્ત દેશમાં જ કરતો હતો, કારણ કે પોતાના મિત્ર ભૌમાસુરને મારનારા ભગવાન શ્રી કૃષ્ણ એ જ દેશમાં રહેતા હતા એ આમ તો વાંદરો હતો, પણ એ વાંદરાનું બળ હજારો હાથીઓ કરતા પણ કોઈ વાર વધારે જણાઈ રહેતું હતું ! કોઈ વાર સમુદ્રને કાંઠે એ દુષ્ટ વાંદરો જઈને સમુદ્રજળ એવું તો અને એટલું તો ઉછાળી નાખતો કે આજુબાજુના પ્રદેશોને એ ડુબાડી દેતો. ઋષિમુનિઓના હરિયાળા આશ્રમોને ઉજ્જડ કરી દેતો અને એ ઋષિમુનિઓના પવિત્ર યજ્ઞસંબંધી અગ્નિકુંડોમાં મળ-મૂત્ર નાખી અગ્નિઓને જ દૂષિત કરી દેતો. જેમ ભૃંગી નામનો કીડો બીજા કીડાઓને લઈ લઈને પોતાના બંદીવાન બનાવી દે છે તે જ રીતે તે મદોન્મત્ત વાંદરો નરનારીઓને લઈ જઈ પહાડોની ખાણો તથા ગુફાઓમાં નાખી આવતો અને મોટા મોટા પથ્થરો લઈ તે ગુફાઓ વગેરેની બહાર નીકળવાનાં દ્વારોને જોરથી બંધ કરી દેતો. અરે પરીક્ષિત ! વધુ તને શું કહું, પણ ખાનદાન સ્ત્રીઓનું ચારિત્ર્ય-ખંડન પણ તે કરી નાખતો. આમ એ વાંદરાએ દેશના અનેક ભાગોમાં ઉધમાત મચાવી દીધેલો.

એક દિવસ સુલલિત સંગીત સાંભળી તે રૈવતક પર્વત પર આવી લાગેલો. એ વાંદરાએ જોયું કે બલરામજી સુંદર સુંદર સ્ત્રીઓના ઝુંડમાં વિરાજેલા છે; જાણે કોઈ મદમાતો હાથી અનેક હાથણીઓ વચ્ચે હોય તેવા બલરામજી શોભતા હતા. ત્યાં એ દુષ્ટ વાનર ઝાડ પર ચઢીને એને ઝકઝોરવા લાગ્યો. વળી એ યુવાન સ્ત્રીઓ સામે આવી ચિચિયારીઓ કરવા લાગ્યો. તે ચંચળ સ્ત્રીઓ વાનરની આવી ધિટ્ટાઈ જોઈને હસવા માંડી. કારણ કે અહીં બલરામજી હાજર હોવાથી એ યુવતી નારીઓને ડર તો હતો જ નહીં. એટલે તે વાંદરો પણ ભગવાન બલરામજીની સામે જ એમની અવહેલના કરી તે યુવતી-નારીઓને કોઈ વાર પોતાની ગુદા દેખાડતો, તો કોઈ વાર પોતાની આંખો મટમટાવતો. કોઈ કોઈ વાર વળી ગરજી–ગરજીને મોંથી

પણ ધૂરકતો.

એ વાંદરાના પોતાની સામે જ થતા આવા ચાળાથી ભગવાન બલરામજી ખૂબ ગુસ્સે થઈ ગયા. બલરામજીએ એક પથ્થરનો ટુકડો તે વાંદરા તરફ નાખ્યો. પણ તે તો પોતાને પથ્થરથી બચાવીને ત્યાં પડેલો મધકળશ ઉઠાવી ગયો અને ખુદ ભગવાન બલરામજીના ચાળા પાડવા લાગ્યો. થોડી વારમાં તો મધકળશ ભાંગી પણ નાંખ્યો, નારીઓનાં વસ્ત્રો ફાડી નાખ્યાં અને હસતો હસતો બલરામજીનો જ ઘોર તિરસ્કાર કરવા લાગ્યો. ત્યારે બલરામજીથી ન રહેવાયું અને હાથમાં તે હલધરજીએ હલમુસલ ઉઠાવ્યું. પણ ત્યાં તો તે વાનરે પોતાના બળવાન હાથથી સાલવૃક્ષ ઉખાડી હલધર પર ફેંક્યું. પણ બલરામજીએ તો તે હાથ પર ઝીલી લઈ પોતાના સુનંદ નામના મૂસળથી એ દ્વિવિદ પર એવો તો પ્રહાર કર્યો કે તરત એનું માથું જ ફાટી ગયું. તેમાંથી રુધિર જાણે કોઈ પર્વત પરથી ગેરુધારા વહેતી હોય તેમ વહેવા લાગ્યું. છતાં તે દ્વિવિદે માથું ફાટવાની પરવા ન કરતાં ક્રોધિત થઈને બીજું ઝાડ ઉખેડી એને બલરામજી પર ફેંક્યું. પણ તે ઝાડ બલરામજી પર પડે તે પહેલાં તો વગતો પ્રહાર કરી તે ઝાડના બલરામજીએ ટુકડે ટુકડા કરી નાખ્યા. વળી તેણે બીજું ઝાડ ઉખેડીને ફેંક્યું તો બલરામજીએ એનેય પોતાના શરીર ઉપર લાગ્યા પહેલાં જ છિન્નભિન્ન કરી નાખ્યું. આમ એ વૃક્ષયુદ્ધમાં આ વાંદરાએ આખા વનને જ વૃક્ષહીન બનાવી મૂક્યું. વૃક્ષો ન રહ્યાં એટલે એ દ્વિવિદે મોટા મોટા પહાડ જેવડા પથ્થર ફેંકવા માંડ્યા. તેમાંય ન ચાલ્યું એટલે જોરથી પોતાની લાંબી ભુજાથી બલરામજીની છાતી પર પ્રહાર કર્યો. હવે ભગવાન બલરામજીએ પણ હળમુસળ એક બાજુ મૂકીને પોતાના બે હાથથી એની ગળાની હાંસડી પર જ પ્રહાર કર્યો. તેથી તે લોહીયાળ બનેલો વાનર ધરતી પર પટકાઈ પડ્યો. તેના ધરતી પર પડવાથી ઝાડ અને શિખરોની સાથોસાથ આખો પર્વત જ ડોલી જ ઊઠ્યો

દ્વિવિદ પડવાથી દેવોએ આકાશમાં 'જય જય' પોકાર કર્યો. સિદ્ધ લોકોએ 'નમોનમઃ' ઉચ્ચાર્યું અને મોટા અવાજે મુનિઓ પોકારી ઊઠયા કે 'સારું થયું !' અને બલરામજી પર દેવોએ પુષ્પોની વર્ષા કરી.

## બલરામનું પરાક્રમ

### સવૈયા એકત્રીસા

ધર્મયુદ્ધ જ્યાં અનિવાર્ય, ત્યાં અવશ્ય તે કરવું જ પડે,
કિન્તુ યુદ્ધ ન થાય કદીયે, તેવું સહુએ રે'વું ઘટે;
કારણ યુદ્ધે જાનમાલ હાનિનાં, જોખમ ઘણાં રહ્યાં,
અહિંસક-મર્ત્ય સમાજ રાખવા અયુદ્ધભાવો પ્રિય ગણવા. ૧

### અનુષ્ટુપ

મુખ્ય તમોગુણી જ્યાં હો, કિંવા રજોગુણી ઘણા;
સદ્ધર્મી પુરુષાર્થીઓ, અંતે જીતી જશે તિહાં. ૨

શ્રી શુકદેવજી કહે છે : "ભગવાન કૃષ્ણની જાંબવતી નામની મહારાણીથી જન્મેલો કુંવર સામ્બ શક્તિશાળી હતો. તે દુર્યોધન પુત્રી લક્ષ્મણાનું સ્વયંવરમાંથી અપહરણ કરી તેને ઉપાડી લાવ્યો. આ વાતની ખબર પડતાં કૌરવો અતિ ક્રોધથી દ્વારિકા ગયા અને બહાદુર સામ્બને પકડી લીધો. કૌરવો પોતાની દીકરી લક્ષ્મણાને અને સામ્બને લઈ હસ્તિનાપુરમાં પાછા આવી ગયા."

શ્રી શુકદેવજી કહે છે : "ચોમેરના પ્રવાસી એવા દેવર્ષિ નારદજીએ આ ચિંતાજનક સમાચાર દ્વારકાપુરીમાં જઈને આપી દીધા. આ દુઃખદ સમાચાર મળતાં જ એકેએક યદુવંશી ક્રોધથી એકાએક સળગી ઊઠયો અને ત્યાંના યદુવંશી રાજવી ઉગ્રસેનની સંમતિ લઈ હસ્તિનાપુર પર ચડાઈ કરવાની તૈયારી કરવા માંડી. પરંતુ બલ-

રામજીએ યદુવંશીઓને સમજાવી શાંત પાડયા. તેઓ બરાબર સમજી ગયા હતા કે 'યદુવંશીઓનું કૌરવો સાથે લડવા મંડી પડવું એ સારું નથી. એથી બન્ને વચ્ચેની પેદા થયેલી આગમાં આખરે તો બધા જ ખુવાર થઈ જશે. પોતે સૂર્ય સમાન રથ તૈયાર કરી એકલા હસ્તિનાપુર જવા નીકળી ગયા. પોતાની સાથે થોડા બ્રાહ્મણો અને યદુવંશના અનુભવી વડીલો પણ લીધા. જાણે સુંદર નક્ષત્રો વચ્ચે ચંદ્રમા શોભે તેમ બલરામજી આ બધા વચ્ચે શોભતા હતા. હસ્તિનાપુરના એક બગીચામાં પોતે રહ્યા અને કૌરવ લોકોનું માનસ સમજવા માટે ઉદ્ધવજીને ધૃતરાષ્ટ્રજી પાસે મોકલી દીધા. ઉદ્ધવજીએ કૌરવોની સભામાં જઈને ધૃતરાષ્ટ્ર, ભીષ્મદાદા, દ્રોણાચાર્ય, વાહ્‌નિક અને દુર્યોધન સાથેની મિલનવિધિ પતાવી ભગવાન બલરામજી જાતે અહીં પધાર્યા છે તેવા શુભ સમાચાર આપ્યા, જેથી સૌ ઘણા ખુશી ખુશી થઈ ગયા. કારણ કે બલરામજી તો પોતાના ખરા હિતચિંતક છે એવો એ બધાને વિશ્વાસ હતો. તેથી તેઓ બલરામજી પાસે ભેટની સારી એવી સામગ્રી લઈને ગયા અને વિધિસર સંબંધી તરીકે ક્રમશઃ તેઓ બધા મળ્યા. બલરામજીને ગાયો પણ ભેટમાં આપી અને પૂજન, પ્રણામ વગેરે કર્યું. આ બધું પત્યા પછી ધીરજ અને શાંતિથી બલરામજીએ તે બધાને કહ્યું :

'રાજા ઉગ્રસેને આપ સૌને વીનવ્યું છે કે એકલો સાંબ હોવાથી તમે એને હરાવીને બંદીવાન બનાવ્યો છે તે ઠીક નથી થયું. આપણે પરસ્પર સગાંસ્નેહી–સંબંધીઓ હોવાથી આપણા વચ્ચે લડાઈ થાય એ ઠીક નથી. એટલે સાંબને ખુશીથી એની પત્ની સાથે તમે બલરામજીની સાથે દ્વારકાપુરી (વિધિસર) હવે મોકલી આપો...'
આગળ વધતાં શુકદેવજી બોલ્યા : 'પરીક્ષિત ! પરંતુ આટલું સાંભળતાં જ કૌરવો તો ખૂબ ધગી ઊઠયા અને બોલ્યા : 'અમારા પ્રતાપે તો આ બધા યદુવંશીઓ લહેર કરે છે ! આ સાંભળી બલરામે વિચારી લીધું કે આ તમોગુણપ્રધાનીઓ દંડ સિવાય માનવાના

નથી ! એવું વિચારી પોતાનું હળ લઈને નીકળી પડ્યા અને આખી હસ્તિનાપુર મહાનગરીને કંપાવી મૂકી ! જેમ પાણીમાં કોઈ નાવડી ડોલે એમ જ્યારે આખું હસ્તિનાપુર ડોલવા લાગી ગયું અને હસ્તિનાપુરમાંનાં આબાલવૃદ્ધ સૌ ગભરાઈ ગયાં, ત્યારે સૌ પ્રજાજન ભગવાન બલરામજીને શરણે આવ્યાં અને પોતાને ઉગારવાની સ્તુતિ–પ્રાર્થના કરી. બલરામજીએ ત્યારે ખૂબખૂબ પ્રસન્ન થઈને કહી દીધું : 'ડરો નહીં !' આ રીતે હસ્તિનાપુરનગરને બલરામજીનું અભયદાન મળ્યું ત્યારે દુર્યોધને પણ પોતાની પુત્રી લક્ષ્મણાને ઘણી મોટી રકમ અને વિપુલ સામગ્રી દહેજમાં આપી. પછી સામ્બ, લક્ષ્મણા અને આ બધી દહેજ સામગ્રી સાથે લઈ ભગવાન બલરામજીએ દ્વારિકા ભણી પ્રયાણ કર્યું. દ્વારિકામાં જઈ યદુવંશીઓની સભામાં જે કંઈ હસ્તિનાપુરમાં બન્યું હતું તે બધું પૂર્ણ રીતે વર્ણવી બતાવ્યું. દ્વારિકાનગરીનાં અબાલવૃદ્ધ સૌમાં આ વર્ણન સાંભળી આનંદ–આનંદ છવાઈ ગયો. આજે પણ હસ્તિનાપુર આખું એવી ખાતરી આપે છે કે 'એ દક્ષિણ દિશામાં ઊંચું અને નદી તરફ ઝૂકેલું દેખાય છે અને તેથી ભગવાન બલરામના પરાક્રમનો પણ સહેજે પ્રભાવ જણાઈ રહે છે…"

## એકની અનંતલીલા

લક્ષ્ય આત્મા ભણી રાખે, દેહાદિ ગૌણ રાખતા;
સર્વક્રિયા કરે છોને, ન જ્ઞાની કર્મ બાંધતા…. ૧
તૃનારી ઐક્ય ને પ્રાણી–માત્રમાં થાય લીનતા;
પછી જ તાર સંધાય એકના ને અનંતના… ૨
વિકાસક્રમ છે આવો, તેથી જ રામથી જુદું;
કૃષ્ણ જીવન કે'વાયું જટિલ ગૂંચવાડિયું…. ૩

બ્રહ્મચારી શુકદેવજી બોલ્યા : "હે રાજન પરીક્ષિત! ભગવાન શ્રીકૃષ્ણે નરકાસુર અથવા ભૌમાસુરને મારીને ભૌમાસુરે જે રાજકુમારીઓને કેદ કરેલી, તે સૌને છોડાવીને પોતે એકલાએ જ તે બધી રાજકુમારીઓ સાથે લગ્ન કરી લીધાં છે, એવું સાંભળ્યું ત્યારે દેવર્ષિ નારદને ભગવાનના રહન-સહનને નીરખવાની ઇચ્છા કુદરતી રીતે થઈ આવી અને તેથી દ્વારિકાનગરીમાં તેઓ આવી અને તેથી દ્વારિકાનગરીમાં તેઓ આવી પહોંચ્યા. પ્રથમ તો નગરીની શોભા જોઇને જ છક થઈ ગયા. કારણ કે દ્વારિકાપુરી વિશ્વકર્માની સર્જેલી અદ્‌ભુત નગરી બની ગયેલી. ત્યાંના બાગ-બગીચાઓ રંગબેરંગી ખીલેલાં ફૂલોથી લદાયેલાં વૃક્ષોથી તે ભરચક હતા. જે વૃક્ષો પર વિવિધ જાતનાં પંખીઓ પોતપોતાની ઢબે કિલ્લોલતાં હતાં. ભમરાઓનો મધુર ગુંજારવ હતો. નિર્મળ જળથી ભરાયેલાં સરોવરોમાં લીલાં, લાલ અને સફેદ એમ ભાતભાતનાં કમળો ખીલ્યાં હતાં. ત્યાં હંસ અને સારસો કલરવ કરી રહ્યાં હતાં. દ્વારિકાપુરીમાં સ્ફટિકમણિ અને ચાંદીના સંખ્યાબંધ મહેલો હતા. તે બધા પન્ના (મહા મરકતમણિ)ની પ્રભાથી ઝગમગી રહ્યા હતા. તેમાં હીરા-સોનાની ઘણી ઘણી સામગ્રીઓ હતી. દ્વારિકાના રાજપથો-સડકો, ગલીઓ, ચોરાઓ અને બજારો તથા દેવમંદિરોને કારણે નગરીનું સૌંદર્ય ખૂબ ચમકી ઊઠેલું. સડકો, ચોક અને ગલીઓમાં તથા દરવાજાઓમાં સુગંધવાં મધુર જળોનો છંટકાવ થયેલો. નાનાં મોટાં ઝંડી-ઝંડાઓ ઠેરઠેર લહેરાતાં હતાં, જેથી જાણે સૂર્યનારાયણનો પ્રબળ સામનો થયો હોય તેમ તાપ જાણે આવતો અટકાવી દીધો હતો.

આ દ્વારિકાપુરીમાં ભગવાન કૃષ્ણનું અંતઃપુર પણ સુંદર હતું. મોટા મોટા લોકપાલો ત્યાં પૂજા-પ્રશંસા કર્યા કરતા હતા, જાણે વિશ્વકર્માએ પોતાનાં કળા-કૌશલ્ય અને કારીગરી બધી ત્યાં જ વાપરી કાઢયાં હોય એમ જણાઈ આવતું હતું. દરેક રાણીનો મહેલ ત્યાં અલગ હતો. એમાંના એક મહાભવનમાં નારદજીએ પ્રવેશ કર્યો. ત્યાંની

શોભા અવર્ણનીય હતી. ત્યાં ઘણી દાસીઓ ગળામાં સોનાનો હાર પહેરી તથા સુંદર વસ્ત્રાભૂષણે સજી પોતપોતાનું કામ કરી રહેલી જણાતી હતી. સેવકો પણ કુંડલાદિ શણગારે સજી પોતપોતાના કામમાં મશગૂલ બન્યા જણાતા હતા. અગરુ ધૂપના ગોટેગોટા ઊડતા હતા. એને જોઈને મણિમય છજ્જાં પર બેઠેલા મોરલા અવાજ કરતા નાચી રહ્યા હતા. ત્યાં ભગવાન કૃષ્ણ રુકિમણી મહારાણીની સાથે બેઠા હતા અને રુકિમણી સોનાની દાંડીવાળાં ચામરોથી ભગવાન શ્રીકૃષ્ણને હવા નાખી રહ્યાં હતાં. જેવા મહર્ષિ નારદજીને ભગવાને જોયા કે તરત રુકિમણીજીના પલંગ પરથી ઊઠીને ભગવાને નારદજીના ચરણકમળમાં પ્રણામ કર્યા અને હાથ જોડીને નારદજીને પોતાના આસને બેસાડયા ! પરીક્ષિત ! એમાં શંકા નથી કે ભગવાન તો ચરાચર આખાયે જગતના પરમ ગુરુ છે અને એમના ચરણ પખાળેલું ગંગાજલ આખાયે જગતને પવિત્ર કરવાવાળું છે, છતાં તેઓ બ્રાહ્મણોને જ પોતાના આદર્શ સ્વામી માને છે. તેથી તો એમણે (ખુદ ભગવાન કૃષ્ણે) નારદજીના પગ પખાળ્યા અને એ મહર્ષિનું ચરણામૃત પોતાના માથે ચડાવ્યું. શાસ્ત્રોક્તવિધિથી ભગવાને નારદજીની પૂજા કરી. પછી અમૃત જેવા મધુર અને થોડા શબ્દોમાં ઋષિજીનો સત્કાર કર્યો અને કહ્યું : 'પ્રભુ ! આપ તો સ્વયં સમગ્ર જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ, યશ, લક્ષ્મી અને ઐશ્વર્યથી પૂર્ણ છો. બોલો ! હું આપની શી સેવા કરું ?' દેવર્ષિ નારદે કહ્યું : 'ભગવાન ! આપ તો સમસ્ત લોકનો એકમાત્ર સર્વોચ્ચ સ્વામી છો. આપ પોતાના ભક્તોનું બહુમાન કરો છો અને દુષ્ટોને દંડ આપો છો. આપે એકમાત્ર જગતના કલ્યાણ માટે જ અવતાર ધારણ કર્યો છે ! આપ મારા પર એવી કૃપા કરો કે હું ગમે ત્યાં રહું પણ એકમાત્ર આપના જ ધ્યાનમાં તત્પર રહું !'

થોડી વાર પછી ત્યાંથી નીકળી જેવા નારદજી બીજા મહેલમાં ગયા તો ત્યાં પોતાની મહારાણી તથા ઉદ્ધવ સાથે ચોપાટે રમતા ભગવાન

કૃષ્ણનું દશ્ય જોયું. ત્યાં પણ નારદને પધારેલા જોઈ ભગવાન કૃષ્ણે ભાવથી સ્વાગત કરી આસન પર બેસાડયા અને અનેક કિંમતી સામગ્રીઓ સાથે પૂજા–અર્ચા કરી. એ પછી અજાણ્યાની જેમ ભગવાન કૃષ્ણે નારદજીને પૂછ્યું કે 'આપ અહીં ક્યારે પધાર્યા છો? આપ તો પરિપૂર્ણ પરમાત્મા રૂપ છો. અમે તો અપૂર્ણ છીએ! છતાં આપ કંઈક ને કંઈક આજ્ઞા ફરમાવો! સેવા સોંપી અમારા જન્મને કૃતાર્થ–સફળ બનાવો.' આ બધું જોઈને નારદજીના આશ્ચર્યનો તો પાર જ ન રહ્યો. ચૂપચાપ ત્યાંથી ઊઠી પાછા તેઓ ત્રીજા મહેલમાં ગયા. એ મહેલમાં પણ દેવર્ષિ નારદે જોયું તો ભગવાન પોતાનાં સંતાનોને રમાડી રહ્યા હતા. ત્યાંથી વળી બીજા મહેલમાં ગયા તો ત્યાં ભગવાન કૃષ્ણને પોતે સ્નાન કરવાની તૈયારીમાં હોય તેમ જણાયું. આ પ્રમાણે દેવર્ષિ નારદજીએ ભગવાન કૃષ્ણને દરેક મહેલમાં કંઈક ને કંઈક ભિન્ન પ્રકારે કામ કરતા જ જોયા! ક્યાંક યજ્ઞકુંડમાં હવન કરે છે, તો વળી ક્યાંક પંચ મહાયજ્ઞોના દેવતાઓની આરાધના કરી રહ્યા જણાય છે. ક્યાંક વળી બ્રાહ્મણોને ભોજન કરાવે છે, તો વળી ક્યાંક પોતે જ યજ્ઞપ્રસાદી જમી રહ્યા જણાય છે. ક્યાંક સંધ્યા કરે છે તો ક્યાંક મૌનપણે ગાયત્રી જાપ કરે છે. ક્યાંક તો વળી ઢાલ તલવાર ધારણ કરી લડવાની તૈયારી કરે છે, તો ક્યાંક હાથી–ઘોડા સાથે રથ પર બેસી વિચરણ કરી રહ્યા છે. ક્યાંક પલંગ પર સૂતેલા છે, તો ક્યાંક બંદીજનો એમની સ્તુતિ કરી રહ્યા છે. ક્યારેક સાથીઓ સાથે ગંભીર એવી રાજ્યચર્યા કરી રહ્યા છે. ક્યાંક ઉત્તમોત્તમ વીરાંગનાઓ સાથે ઘેરાઈને જલક્રીડા કરી રહ્યા છે. ક્યાંક બ્રાહ્મણ દેવોને સુશોભિત ગાયોનું દાન કરી રહ્યા છે! ક્યાંક મંગલ એવા ઇતિહાસ-પુરાણનું મીઠું શ્રવણ કરી રહ્યા છે, ક્યાંય પોતાની પ્રાણપ્રિયા સાથે હાસ્યવિનોદની વાતો કરી મધુર હાસ્ય કરી રહ્યા છે. ક્યાંક અર્થ-સેવન કરે છે, તો ક્યાંક ધર્મના કર્મકાંડો કરે છે. ક્યાંક ભોગ, તો ક્યાંક પુરાણ પુરુષનું ધ્યાન ધરે છે. ક્યાંક રાજ્યચર્ચા થાય છે, તો

ક્યાંક બાળબાલિકાનાં લગ્ન કરાવી રહ્યા છે. ક્યાંક કન્યાને પધરાવે છે, તો ક્યાંક કન્યાઓને બોલાવી રહ્યા જણાય છે. પરીક્ષિત ! આ પ્રકારે મનુષ્યની અનેકવિધ લીલાઓ કરતા ઋષિકેશ ભગવાનનો વૈભવ જોઈ દેવર્ષિ બોલ્યા : ખરેખર યોગેશ્વર આત્મદેવ ! આપની માયા તો બ્રહ્માદિથી પણ સાચોસાચ અગમ્ય જ છે. હવે મને આજ્ઞા આપો કે જેથી હું આપનાં જ યશોગાન કરતો કરતો જગતમાં વિચરું.' ભગવાન કૃષ્ણ બોલ્યા : 'નારદજી ! એક અર્થમાં આપ મારા વહાલા પુત્ર જ છો. તમે આ મારી યોગમાયા જોઈ મોહિત ન થશો...!'

શુકદેવજી કહે છે : 'હે પરીક્ષિત ! આ પ્રકારે ભગવાન કૃષ્ણ ગૃહસ્થોને પવિત્ર કરવાવાળા શ્રેષ્ઠ ધર્મનું આચરણ કરી રહેલા છે. જોકે તેઓ એક જ છે છતાં દેવર્ષિ નારદે એમને અલગ અલગ પત્નીના મહેલમાં જુદા જુદા રૂપે દીઠા. આ જોઈ તેઓના આશ્ચર્યનો પાર ન રહ્યો. દેવર્ષિ નારદની ભગવાન કૃષ્ણે પણ જુદા જુદા મહેલમાં યથાપ્રસંગ ભક્તિ કરી. ભગવાન કૃષ્ણ સિવાય આમ એક હોવા છતાં પ્રત્યક્ષ અનંતરૂપ બીજો કોણ દેખાડી શકે ? બસ, આવી જ લીલાઓનાં રહસ્ય અને ઉત્પત્તિ, સ્થિતિ તથા નાશના પરમ કારણરૂપ પ્રભુને જે સ્તવે છે, તે જરૂર ભગવાન શ્રીકૃષ્ણનાં ચરણોની પરમ પ્રેમમય ભક્તિ અવશ્ય પામી જાય છે !"

## ભીમ દ્વારા જરાસંધવધ

નારી ઐક્ય વરી લીધું, અન્યાનિષ્ટ તોડીને;
અવતારતણું કૃત્ય, પ્રભુએ સાધ્યું આ રીતે. ૧

પોતે ગુપ્ત ઉપાદાન અને નિમિત્ત ઉભયે;
એમ બધું કરે પોતે, દે તોયે યશ અન્યને ૨

બ્રહ્મચારી શુકદેવજી કહે છે: 'પરીક્ષિત! ભગવાન શ્રીકૃષ્ણ જેમ એક બાજુ સર્વપત્નીઓને પૂરેપૂરો અને એકસરખો પ્રણયરસ ચખાડી શકતા, તેમ બીજી બાજુ આદર્શ ગૃહસ્થાશ્રમીને છાજતું નાનામાં નાનું પણ કર્તવ્ય બજાવતા. આમાં જ એ પૂર્ણાવતારી પુરુષની અજોડ ખૂબી હતી. જેમને આવી ચારે બાજુની ઝંઝટો હોય તે સુખદુઃખની ડગલે-પગલે વિસંવાદિતા જ અનુભવે, પરંતુ અહીં ભગવાનમાં પૂર્ણપણે સંવાદિતા જ નજરે પડતી અને સૌને એ નિત્ય-ચર્યા જોઈ ખાતરી થવા લાગતી કે સુખદુઃખ એ તો માત્ર દરિયા-માંથી ઊઠતા પરપોટા જેવાં છે. ખરો આનંદ તો સ્થાયી છે, જેમ વાસ્તવિક દરિયો ગંભીર છે તેમ.

એવામાં એક દિવસ આ દ્વારિકાપુરીની રાજસભાના દ્વાર પર એક નવો માનવી, આવીને ઊભો રહ્યો અને નમસ્કારપૂર્વક કહેવા લાગ્યો: 'પ્રભુ! જરાસંધ જેવા સરમુખત્યાર રાજવીના જેલખાનામાં રાજાઓની કેવી કેવી મુસીબત છે, તે શું કહું! તેમાંય આપે ભલે જરાસંધને સત્તર વાર જીતી લીધો પણ એક વાર એણે આપને જીત્યા ત્યારથી એના ઘમંડનો પાર રહ્યો નથી. માટે આપ જ એ ઘમંડનો પારો ઉતારી શકો તેમ છો અને કૃપા કરી ઉતારો!' બસ, આ દૂતની વાત ભગવાન કૃષ્ણ સાંભળી રહ્યા હતા, તેવામાં જ ફરતા ફરતા નારદ ઋષિ ત્યાં જ આવી પહોંચ્યા. ચમકતી જટા જોતાં જ સેવકો સાથે ભગવાન કૃષ્ણે ઊભા થઈને ભાવસભર એમનું (એ દેવર્ષિનું) સ્વાગત કર્યું અને પૂછ્યું: 'કેમ નારદજી! ત્રણેય લોકમાં કુશળમંગલ છે ને?' કારણ કે આપ ત્રણેય લોકમાં સતત વિચરો છો. આપની પાસેથી મારે મુખ્ય વાત એ સાંભળવાની છે કે, 'યુધિષ્ઠિરાદિ પાંડવો હાલ શું કરવા માગે છે?' તત્કાળ નારદજી બોલ્યા: 'આપ સ્વયં આ બધું સારી પેઠે જાણો જ છો અને છતાં બીજાને ગૌરવ આપવા માગો છો તો ભલે

હું કહીશ. ધર્મરાજ એક રાજસૂય યજ્ઞ કરવા માગે છે અને એમાં અનિવાર્યપણે આપની હાજરી ઇચ્છે છે. કારણ કે, આમ તો તેઓ અઢળક રાજરિદ્ધિના ધણી છે, એમને કામના નથી; પરંતુ આ યજ્ઞ-નિમિત્તે આપ ત્યાં પધારી શકો. આમ, ખરી રીતે તો આપની કોઈ ને કોઈ રીતે ત્યાં તેઓ હાજરી ઇચ્છે છે, જે આપ આ નિમિત્તે પૂરી કરી શકો. એટલું જ નહીં પરંતુ આપની યજ્ઞમાંની ઉપસ્થિતિને લીધે મોટામોટા દેવતાઓ ઉપરાંત મોટામોટા રાજાઓ પણ ત્યાં આવે અને ધર્મરાજ વગેરે પાંડવોને આ બધું આપની હાજરીમાં જોવા મળે.'

નારદજીની આ ઇન્દ્રપ્રસ્થ રાજસૂય યજ્ઞમાં જવાની વાતથી ત્યાં જેટલા યાદવવીરો બેઠેલા હતા તેઓના સૌના મનમાં ચિંતા થવા લાગી કે, ખરી રીતે તો રાજાઓ વતી જે દૂત આવેલ છે અને જરાસંધ રાજવી પાસેથી આ જેલવાસી રાજાઓ મુક્તિ મેળવવા ઝંખે છે, તે કામ સૌથી પ્રથમ થવું જોઈએ તેને બદલે નારદદેવર્ષિએ આ 'ઇદં તૃતીય" ક્યાંથી કાઢયું ? આ બધો તાલ અનાસક્તભાવે ભગવાન કૃષ્ણ પોતે જોઈ જ રહ્યા હતા. તેઓ સ્મિત વેરતા વેરતા બોલ્યા : 'અરે ઉદ્ધવ ! તું તો અમારો હિતેચ્છુ મિત્ર છો. ઉપરાંત રાજનીતિનું રહસ્ય પણ તું બરાબર જાણે જ છે એટલે તારી સલાહ પૂરેપૂરી રીતે બરાબર હોય છે અને હશે જ. જ્યારે ઉદ્ધવે જોયું કે ભગવાન કૃષ્ણ એને પોતાને જ આ બાબતમાં મહત્ત્વ આપવા માગે છે એટલે ભગવાનની આજ્ઞા સમજી એને માથે ચડાવી આ પ્રમાણે કહેવાનું શરૂ જ કરી દીધું : 'જુઓ ભગવન્ ! દેવર્ષિ નારદે ધર્મ-રાજ યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞની વાત કરી તે પણ ઠીક છે અને શરણાગત-વત્સલ તરીકેના ધર્મપાલન મુજબ રાજવી જરાસંધ પાસેથી જેલવાસી રાજવીઓને છોડાવવા એ પણ બરાબર જ છે. આ બન્ને વાતો પરસ્પર વિરોધી ઉપલક રીતે કદાચ લાગે, પણ બન્ને

વાતો પૂરેપૂરી સંવાદી છે! કારણ કે, નાનું બાળક પણ એ તો જાણે જ છે કે, રાજસૂય યજ્ઞ ત્યારે જ થઈ શકે છે કે જ્યારે દશે દિશાઓથી પૂર્ણપણે વિજય પ્રાપ્ત થયો હોય! આથી શરણાગત-વત્સલધર્મ મુજબ જરાસંધની જેલમાંથી રાજાઓને મુક્ત કરવા જરૂરી છે. એટલે જરાસંધ રાજવીને જીતી લેવો, એ પ્રથમ બાબત છે. એને લીધે બન્ને કામ: ૧. રાજસૂય યજ્ઞ અને ૨. રાજાઓની મુક્તિ એકીસાથે પૂરાં થઈ જાય. વળી જરાસંધને જીવતો એ કાંઈ બાળકના ખેલ નથી. હજાર હાથીઓના જેટલું એનામાં જોમ છે, છતાં જરાસંધ પર એકલહાથે આપણા પાંડવોમાં ભીમસેન વિજય મેળવી શકે તેમ છે. કારણ કે ભીમસેન પણ તેને માટે શેરને માથે સવાશેર જેવો છે. એ બન્ને વીરો પરસ્પર દ્વંદ્વ યુદ્ધ કરે તો નિર્દોષ માણસો બધાં જ ઊગરી જાય. એટલે ખુદ ભીમસેન જ બ્રાહ્મણવેશ ધરી તેની પાસે જઈ દ્વંદ્વયુદ્ધની માગણી કરે તો ત્યાં જરાસંધ તૈયાર જરૂર થઈ જશે. અને મને તો પૂરી ખાતરી છે કે આપની હાજરીમાં જો આ બન્નેનું દ્વંદ્વયુદ્ધ થશે તો ભીમસેન એને ત્યાં ને ત્યાં મારીને વિજય પામશે. મતલબ, જરાસંધનો વધ તો થશે આપની હાજરીને કારણે આપની શક્તિથી જ, પણ યશ ખાટી જશે ભીમસેન. કેમ કે આમાં નિમિત્ત ભીમસેન જ થવાનો. માટે આપ ઇન્દ્રપ્રસ્થ જ પધારો.'

શુકદેવજી કહે છે: 'આમ, પરીક્ષિત! ઉદ્ધવની સલાહ સચોટ અને નિર્દોષ પડી! આ સલાહનું ખુદ દેવર્ષિ નારદ સહિત સૌએ સ્વાગત કર્યું. ખુદ ભગવાન કૃષ્ણને પણ આ ગમ્યું. ભગવાન કૃષ્ણે માતા–પિતા દેવકી–વસુદેવ તથા ઇતર વડીલોના આશીર્વાદ પામી રાણીઓ, સંતાનો વગેરે સૌ સાથે તૈયાર થઈ ઇંદ્રપ્રસ્થ જવા તૈયારી કરી. દારુક સારથિ રથ લાવ્યો. તે પર ભગવાન જાતે આરૂઢ થઈ ગયા અને એની પાછળ વાજતે ગાજતે આ બધાંઓ ચાલ્યાં. દેવર્ષિ નારદે ભગવાનને મનોમન પ્રણમીને ગગનપ્રયાણ આદર્યું. ભગવાને

પેલા દૂત દ્વારા 'હવે ઝટ ઝટ બધાની મુક્તિ થશે' એવા મીઠા સમાચાર જેલમાંના રાજાઓને મોકલી દીધા. તેઓ બધા રાજી રાજી થઈ વાટ જોવા લાગ્યા. ઇંદ્રપ્રસ્થમાં ધર્મરાજે ભગવાન કૃષ્ણુ આવી પહોંચ્યાના સમાચાર સાંભળ્યા એટલે ઝટઝટ સ્વાગતની તૈયારી કરી લીધી. આનંદનો કોઈ પાર રહ્યો નહીં. સૌ ભેટયા. ફોઈબા કુંતીજીએ પણ ભત્રીજાનું સ્વાગત કર્યું. છેવટે એક રાજસભામાં રાજસૂય યજ્ઞનો નિર્ણય લેવાયા પછી ઉદ્ધવના સંકેત પ્રમાણે બ્રાહ્મણવેશમાં જરાસંધ પાસે ભગવાન કૃષ્ણ, ભીમસેન અને અર્જુન આવ્યા. પરંતુ જરાસંધે તો તેઓ બ્રાહ્મણવેશે આવ્યા, એમાં જ પોતાની જીત માની લીધી અને દ્વંદ્વયુદ્ધની માગણી સ્વીકારી લીધી. આખરે ભીમે તો દ્વંદ્વયુદ્ધમાં જરાસંધના શરીરના કોઈ ફળના બે ટુકડા કરી નાખે તેમ કરી નાખ્યા. જરાસંધના મૃત્યુથી બધા કારાગારમાંના રાજાઓ મુક્ત થયા અને ભગવાન કૃષ્ણનો પરમ અહેસાન માની પોતે અને એમની રાણીઓ સૌ ખુશ ખુશ થયાં અને એમનાં ગીતો ગાવા લાગી ગયાં. આ બાજુ ઇંદ્રપ્રસ્થમાં ભગવાન કૃષ્ણ પણ વિજય વરીને વહેલા પધારવાથી સૌ ખુશ ખુશ થઈ ગયાં. ધર્મરાજ યુધિષ્ઠિરના આનંદનો તો પાર જ ન રહ્યો. કારણ કે ચારે બાજુનો વિજય હવે પૂરો થવાથી ભગવાનની જ પવિત્ર હાજરીમાં પોતાની રાજસૂય યજ્ઞની ઇચ્છા હવે ઝટઝટ પૂર્ણ થશે એમ ખાતરી થઈ ગઈ."

## શિશુપાલન વધ

જગે હોય જનો કેંક, જાણે સાચું, ન આચરે;  
ન પડે સત્ય સામેય, હૈયે જ ધૂંધવ્યા કરે. ૧  
તેજોદ્વેષથી તે પૈકી, સત્યાર્થી જૂથ સામનો;  
જે કરે તે રૂપી કાંટો, કાઢે પ્રભુ સમાજનો. ૨

કિંતુ તેમાંય જે ગ્રાહ્ય, સત્યરિપુ છતાં દિલે;
જો ઊંડે હો પ્રભુપ્રીતિ, અંતે પ્રભુથી ઉદ્ધરે. ૩

બ્રહ્મચારી શુકદેવજી કહે છે: 'પરીક્ષિતજી! ભીમસેન દ્વારા જરાસંધ રાજવીનો વધ થયો, એ ખરી રીતે ભગવાન કૃષ્ણની લીલાનો જ એક ભાગ છે એમ જાણીને ધર્મરાજ યુધિષ્ઠિરજીએ ભગવાન શ્રીકૃષ્ણને કહ્યું: 'હે સચ્ચિદાનંદ સ્વરૂપ ભગવાન કૃષ્ણ! આપ જે કંઈ કરો છો. તે માત્ર લીલા જ લીલા છે. માટે જ આપની આજ્ઞાનો અગાધ મહિમા છે. આપ મને રાજસૂય યજ્ઞને માટે આજ્ઞા આપો.' આ પ્રમાણે ધર્મરાજને યજ્ઞકાર્ય બાબતમાં ભગવાનની આજ્ઞા મળી જતાં તેમણે વ્યાસજી વગેરે ભરદ્વાજ, ગૌતમ, વિશ્વામિત્ર, જૈમિની, કણ્વ વગેરે સુયોગ્ય બ્રાહ્મણ ઉપરાંત ત્યાંના દ્રોણાચાર્ય, ભીષ્મ પિતામહ, કૃપાચાર્ય, ધૃતરાષ્ટ્ર અને તેમના દુર્યોધનાદિપુત્રો તથા કાકા વિદુરજી વ. સૌને બોલાવ્યા. મતલબ, એ રાજસૂય યજ્ઞમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રો સામેલ થયા. એ પછી આ બધા પવિત્ર બ્રાહ્મણોએ યજ્ઞભૂમિને સોનાના હળથી ખેડાવી; ધર્મરાજ યુધિષ્ઠિરને ધર્મશાસ્ત્રાનુસાર યજ્ઞદીક્ષા આપી અને વિધિપૂર્વકનો રાજસૂય યજ્ઞ કરાવ્યો.

પછી બધા સભ્યોને એક વિચાર આવ્યો કે અગ્રપૂજા કોની કરવી? સહદેવજીએ કહ્યું: 'સર્વ પ્રકારે યોગ્ય એવા મહાત્મા ધર્મરાજ યુધિષ્ઠિરજીએ ભગવાન કૃષ્ણની જ અગ્રપૂજા કરવી જોઈએ.' અને ઉપસ્થિત સૌએ તરત એકી અવાજે એ વાતમાં પૂરી સંમતિ આપી દીધી. કારણ ત્યાં પૂજક અને પૂજ્ય બન્નેય યોગ્ય પાત્રો હતાં! દ્રૌપદીજી, ભાઈઓ વગેરે સૌની સાથે મળીને ધર્મરાજે ઘણા પ્રેમભર્યા ઉમળકાથી ભગવાન કૃષ્ણના પગ પખાળ્યા અને ભગવાનનાં ચરણકમલનું એ જલ માથે ચઢાવ્યું. ભગવાનને પીળાંપીળાં રેશમી વસ્ત્રો અને બહુમૂલ્ય આભૂષણો પણ ભેટ ધર્યાં. આ સમયે ધર્મરાજ

યુધિષ્ઠિરજીને એટલો તો આનંદ થયો કે એમનાં નયનો હર્ષાશ્રુઓથી છલકાઈ ગયાં! આવા આનંદમય અવસરે ભગવાનનાં સૌએ એક-સરખા ભાવે 'નમો નમઃ' ઉચ્ચારી યશોગાન કર્યાં. આકાશેથી સ્વમેવ પુષ્પવર્ષા થવા લાગી ગઈ! બસ, તેવે જ સમયે પોતાના આસન પર બેઠેલો શિશુપાલ તેજોદ્વેષે લાલઘૂમ આંખો કરી બોલી ઊઠયો: 'સભાસદો! શ્રુતિઓનું એ કથન તદ્દન યોગ્ય છે કે એકમાત્ર કાળ જ પરમેશ્વર છે. લાખ ચેષ્ટાઓ કરો, પણ કાળ પોતાનું કામ કરે જ છે. કાળને રોકી શકાતો જ નથી. પ્રત્યક્ષ પ્રમાણ એનું મેં અહીં જ જોઈ લીધું. નહિ તો અહીં મોટા મોટા તેજસ્વી ઋષિ-મુનિઓ બેઠા છે તેમને છોડી જેનું કોઈ કુળ કે વર્ણ જ નથી, જેમના બંધુઓ દારૂડિયા છે, તેવા ગોવાળિયા કૃષ્ણની અગ્રપૂજા શી રીતે? આમ અતિશય કડવી રીતે તેણે ભગવાન કૃષ્ણ પરત્વે પોતાનો તેજોદ્વેષ પ્રગટ કર્યો. સૌ ભક્તો આથી ગુસ્સે થયા અને શસ્ત્રો સજવા લાગ્યા. કેટલાકે તો સામે પણ કડવી વાતો કરી સ્થાન જ છોડી દીધું. કારણકે,

'હે પરીક્ષિત રાજા! જે ભક્તો ભગવાનની નિંદા સાંભળી ત્યાં બેઠા રહે છે, તે ખરી રીતે ભક્તો હોવાની પોતાની નાલાયકી જ પુરવાર કરે છે. એટલે પોતાની ઢાલતલવાર લઈ તેઓ સભાની બહાર નીકળી ગયા. પણ સામે તો શિશુપાળે એમનો બેધો લીધો અને આગળ-પાછળનો કશો વિચારવિવેક ન કરતાં તે પણ પોતાની ઢાલ-તલવાર લઈને ભરી સભામાં ભગવાન કૃષ્ણના એ પક્ષપાતી રાજાઓને પડકારવા લાગી ગયો. આ રીતે લડવા તૈયાર થયેલો એને જોઈ ખુદ ભગવાન કૃષ્ણ પોતે જ ઊઠી પડ્યા અને પ્રથમ તો પોતાનો પક્ષપાત કરનારા રાજવીઓને શાન્ત પાડ્યા અને જોતજોતામાં શિશુપાલ સામે થાય, તે પહેલાં તો શિશુપાલનું માથું તીખી ધારવાળા ચક્રથી કાપી નાખ્યું. આમ શિશુપાલના મોતથી ત્યાં મોટો કોલાહલ મચ્યો. ત્યાં ઉપસ્થિત તેના બધા

મિત્ર નરપતિઓ ત્યાંથી પોબારા ગણવા લાગી ગયા. શિશુપાલના હૃદયમાંનું તેજ બધાંના દેખતાં નીકળીને ભગવાન કૃષ્ણમાં ભળી ગયું. અરે ! શિશુપાલ ભગવાનનો પાર્શ્વદ (પડખિયો) બની ગયો. વૈરી જ ખુદ ભગવાનમાં ભળી ગયો ! આ રીતે શિશુપાલના ભગવાન સાથેના મુકાબલામાં પણ ભાવ ઊંચા જ રહ્યા, તો ઊંચા ભાવનું ફળ ઊંચું જ આવ્યું. આ પ્રમાણે ધર્મરાજ યુધિષ્ઠિરનો રાજસૂય યજ્ઞ સારી રીતે સફળ થયો. ભગવાન કૃષ્ણ આ મંગલ અવસર પત્યા પછી મિત્રોની ઇચ્છાને કારણે થોડા દિવસો ત્યાં રહ્યા અને પછી સપરિવાર દ્વારિકા ભણી ગયા. સૌને આનંદ થયો છતાં દુર્યોધનને આનંદ ન થયો તે ન જ થયો ! આ પ્રસંગને લક્ષમાં રાખી જે ભગવાનનું કીર્તન કરશે તે જરૂરપાપમુક્ત થશે."

## ઇર્ષ્યા આગમાં બળતા દુર્યોધનની હાંસી

બીજાનું સારું ન સાંખી શકે તે,
બૂરું પોતાનું જે ન પારખે તે;
બની અસુરો વળી વિશ્વ કેરું;
બૂરું પોતાનું કરે એ ઘણેરું, ૧

અનુષ્ટુપ

છો મર્ત્ય દેહ પામે તે, ધંધા નરકના કરે;
કરી અધર્મને હોંસે, સંસારચક્રમાં પડે. ૨

હાંસી-મજાક છે ખોટી, છતાં જે મર્ત્ય આચરે,
તેનાં કુફળ ચાખે છે, વે'લાં-મોડાંય તે અરે. ૩

રાજા પરીક્ષિતજીએ પૂછ્યું : "ભગવન્! ધર્મરાજ યુધિષ્ઠિરનો યજ્ઞોત્સવ નીરખી નીરખી મનુષ્યો, રાજાઓ, ઋષિઓ, મુનિઓ અને દેવો વગેરે સૌ ખુશખુશ થઈ ગયા; તો પછી એકમાત્ર દુર્યોધનને જ તે યજ્ઞોત્સવથી દુઃખ કેમ થયું? આખરે તે સગો તો હતો જ અને માનવ તો છેવટે હતો જ, તો તેને આમ ન થવું જોઈએ, છતાં પણ થયું. તો એનું મૂળ કારણ કૃપા કરીને આપ કહો...'

બ્રહ્મચારી શુકદેવજીએ કહ્યું : "...પરીક્ષિત ! માનવ–માનવમાં આકાશપાતાળ જેટલો ફેર હોઈ શકે છે. એક નરકમાં જવાના જ ધંધા કરતો હોય છે તો વળી એક સ્વર્ગે જવાનાં શુભ કર્મો જ કરતો હોય છે. ધર્મરાજ યુધિષ્ઠિર જેવો માનવી તો અશુભ કર્મને અડે જ નહીં. એટલું જ નહીં, બલકે શુભમાં પણ રાચી ન રહે અને મોક્ષ જેવા મહાલયે પહોંચવા સીધા તૈયાર હોય એવું સહેજે હોય છે. એ દૃષ્ટિએ જોઈએ તો દુર્યોધન ભલે માણસ હોય પણ સાવ છેલ્લી કોટીની પ્રકૃતિવાળો હતો. એટલે જેમ જેમ ધર્મરાજ યુધિષ્ઠિરની ચઢતી જોતો ગયો, તેમ તેમ વધુ ને વધુ ઈર્ષ્યાના વમળમાં ઘેરાતો ગયો અને એને એમ થતું ગયું કે 'હું ભલે ગમે તેટલો દુઃખી થાઉં, પરંતુ આ યુધિષ્ઠિરનું વધી રહેલું સુખ હું સાંખી નહીં જ શકું. આ શ્રીકૃષ્ણ પણ એને જ મહત્ત્વ શા માટે આટલું બધું આપે છે? શું અમે માણસ નથી? અરે ! માણસ તો છીએ, એટલું જ નહીં પણ આગલી હરોળની કીર્તિવાળા માણસ છીએ. અમારા કૌરવોના પક્ષમાં સમાજના મોટામોટા આચાર્યો છે, વડીલો છે. દા. ત. દ્રોણાચાર્યજી, ભીષ્મદાદા અને કૃપાચાર્ય વગેરે. છતાં યુધિષ્ઠિર પણ અમને કાંઈ જ ગણતો નથી. ભલે મોટા ભાઈ છે, પણ તેથી શું થયું? અને આ ગોવાળિયો કૃષ્ણ તો જાણી ફાટીને ફેં જ થઈ ગયો છે ! એટલે આ બન્નેને પણ ખબર પાડી દઉં કે, જુઓ મારામાં પણ તાકાત તો છે જ. માત્ર હું અત્યાર સુધી બોલતો

નહોતો. પણ હવે મારાથી આ બધું સાંખી શકાય એમ નથી. એટલે તક આવ્યે આ પાંચે પાંડવો અને આ મોટી અભિમાની એવી દ્રૌપદીને ખબર પાડી જ દઉં કે, જુઓ, અસલી વાત આમ છે. મતલબ, હે પરીક્ષિતજી! ઈર્ષ્યા અને મિથ્યામદથી હવે એ બહાનું શોધવા લાગ્યો.

તેવામાં જ એક ઘટના એવી બની કે 'મયદાનવે શ્રીકૃષ્ણની આજ્ઞાથી યુધિષ્ઠિર માટે પોતાના મહાન સામર્થ્યથી જોતજોતામાં એવી અદ્‌ભુત સભાની ઇમારત બનાવી કાઢી હતી કે જ્યાં જલ જેવો ભાસ થાય ત્યાં સ્થલ જ હોય અને જ્યાં સ્થલ જેવો ભાસ થાય ત્યાં જલ જ હોય!' એમાં યુધિષ્ઠિર દેવેન્દ્રની જેમ સિંહાસન પર શોભતા હતા. બંદીજનો ધર્મરાજનાં યશોગાન કરતા હતા. તે વખતે ત્યાં જોગાનુજોગ દુર્યોધન આમંત્રણવશાત્ પોતાના ભાઈઓ સાથે બની-ઠનીને આવ્યો. અને ધર્મરાજ યુધિષ્ઠિરની અહીં થતી તારીફ સાંભળીને તે ઈર્ષ્યાની આગમાં બળતો હતો તેવામાં ખરે જ જ્યાં જલ આવ્યું ત્યાં ભાન ન રહેતાં કાદવવાળા પાણીને પણ કોરી જમીન કલ્પીને તેમાં ખાબકી પડ્યો. દુર્યોધનનાં બધાં કપડાં બગડ્યાં ઉપરાંત અંગ પણ કાદવથી ખરડાયું. તે જ વખતે ત્યાં ઉપરના ભાગમાં જે થોડાં માણસો બેઠેલાં તેમાં સતી દ્રૌપદી પણ હતાં. તેઓ પણ દુર્યોધનની બનેલી આ દુર્ઘટના જોઈ ખડખડાટ હસવા લાગી ગયાં અને ભાભીના નાતે નિર્દોષ ભાવથી અંધપુત્ર કહી મજાક કરી. પછી તો કૃષ્ણ વગેરે પણ બાજાઓ એમાં ભળ્યા! ધર્મરાજ યુધિષ્ઠિરને આ ગમ્યું નહિ. પોતાની સરત-ચૂકથી થયેલી આ હાલત પ્રત્યે હસવામાં મુખ્ય નિમિત્ત તો દ્રૌપદી જ છે માટે આનું તથા આ પાંડવોનું જેટલું બને તેટલું બૂરું કરીને એ બધાંને સીધાં કરું જેથી ફરી ખો ભૂલી જાય એમ દુર્યોધન વિચારતો રહ્યો. ત્યારથી ખૂનખાર જંગની યોજના મનોમન કરવા લાગી ગયો.

તે ગુસ્સે થઈ સભા છોડી તરત હસ્તિનાપુર ઊપડી ગયો. ધર્મરાજ યુધિષ્ઠિર સમજી ગયા કે હવે કાંઈક મહા અનર્થ થયા વિના રહેશે નહીં ! પરીક્ષિત ! આવી જાતનાં માણસો આવાં જ હોય છે, જેનું વર્તન કેવળ આસુરી હોય છે. તેથી મૂઢ સ્વાર્થ અને કુસેવા એ બન્ને મોટા દુર્ગુણો એવાંના જીવનમાં સાંગોપાંગ હોય છે. આવાં અતિ નઠારાં માણસોથી સાચો ધર્મ તો સો સો ગાડાં દૂર રહે છે, આવું જ દુર્યોધનનું હતું. તેથી જ તે ઘણી વાર કહેતો : 'હું ધર્મને અને અધર્મને બન્નેને જાણી શકું છું. પણ અધર્મમાં જ મારું મન પ્રસન્ન થાય છે. ધર્મ મારા મનને ગમતો જ નથી.' પરીક્ષિત ! આવાં માણસ બીજાનું બૂરું કરવા જતાં પોતાને બૂરું કેટલું થાય છે, તે તરફ જોતાં-વિચારતાં જ નથી !

## શાલ્વ અને દંતવક્રત્રનો વધ

અનુષ્ટુપ

બીજાને પાડવા ખાડા કુમત્ય ખોદતા ભલે;
પડતો કિંતુ તે ખાડે, સ્વયં કુમત્ય આખરે. ૧

ઉપજાતિ

મદાંધને એ શુચિ ભાવ ના'વે;
છે ક્ષુદ્ર પોતે પ્રભુ કૃષ્ણ સામે.
એ રીતથી ભૂપ કરુષ ક્રૂદ્યો;
ને મૃત્યુએ તેહને સદ્ય લૂંટયો. ૨

હવે ભગવાન કૃષ્ણનું એક વધુ ચરિત્ર કહું : એક શાલ્વ નામનો જવી કે જે શિશુપાલનો પરમ મિત્ર હતો, તેના મનમાં રુક્મિણીના

અપહરણનો રોષ હતો જ. તે વખતે રાજા જરાસંધની સાથોસાથ શાલ્વને પણ યદુવંશીઓએ જીતી લીધેલો. આ ખુન્નસથી શાલ્વે કેટલાય રાજાઓ સામે 'જગતમાંથી હું યદુવંશીઓને મિટાવી જ દઈશ.' એવી પ્રતિજ્ઞા કરેલી. છેવટે પશુપતિ શંકરને તપથી રીઝવીને એક એવા વિમાનનું વરદાન માગી લીધેલું કે જે વિમાન કોઈ દેવ, અસુર, માનવથી તૂટે નહીં અને જ્યાં જરૂર પડે ત્યાં ઇશારો કરતાં વેંત ચાલ્યું જાય. ભગવાન શંકર તો ભોળાનાથ. તેમણે એ વિમાન આપ્યું.

મૂર્ખ શાલ્વે એ સાધન આવ્યા પછી દ્વારકા પર ચઢાઈ કરી. પ્રાચીન કાળમાં ત્રિપુરાસુરે આખી પૃથ્વીને પીડિત કરેલી, તેમ શાલ્વે પણ દ્વારિકાને 'ત્રાહિ ત્રાહિ' પોકરાવી. આ જોઈ ભગવાન પ્રદ્યુમનજી રથ પર સવાર થઈ નીકળી જ પડ્યા. તેમની પાછળ અક્રૂરજી, સાત્યકિ વગેરે પણ આવ્યા હતા. જો કે શાલ્વનું વિમાન વિચિત્ર હતું ! ઘડીમાં આકાશે તો ઘડીમાં જમીને અને વળી પાછું ઘડીમાં તો પર્વત પર દેખાતું છતાં યદુવંશીઓ યુદ્ધથી હટતા જ ન હતા. એવામાં શાલ્વના સારથિ દ્યુમાનની પોલાદી ગદા લાગવાથી પ્રદ્યુમ્ન મૂર્ચ્છિત થઈ ગયા, ત્યારે સારથિ રણમેદાનમાંથી અલાયદા પ્રદ્યુમ્નને લઈ ગયો ! મૂર્ચ્છા વળતાં દારુકપુત્ર સારથિને બહુ ઠપકો આપ્યો. પણ સારથિએ સ્પષ્ટતા કરી કે આવે વખતે સારથિ તરીકે મારો પણ વિશિષ્ટ ધર્મ છે, તેથી મારે આમ કરવું પડેલું. તરત હાથ-મોં ધોઈ પ્રદ્યુમ્નજીએ પોતાના સારથિને ફરી 'દ્યુમાન' પાસે રથ લઈ જવા કહ્યું. સારથિએ પણ એમ જ કર્યું.

આ સમયે ભગવાન કૃષ્ણ ઇન્દ્રપ્રસ્થમાં ધર્મરાજ યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં ગયેલા અને તેમના સૌના આગ્રહને કારણે રોકાયેલા. તેવામાં વચ્ચે આ અકલ્પ્ય ઘટના બની ગયેલી. લગાતાર સત્તાવીસ દિવસ લગી આ ઘમસાણ યુદ્ધ ચાલ્યું. ત્યાં તો ભગવાન શ્રીકૃષ્ણ

દ્વારિકાપુરી આવી પહોંચ્યા અને આ જોયું કે તરત દારૂક સારથિને પોતાનો રથ ત્યાં લઈ જવા કહ્યું. એણે તેમ જ કર્યું. શાલ્વ તો માયાવી હતો જ. ભગવાન પાસે ફરિયાદ આવી કે શાલ્વ વસુદેવજીને ઉપાડી ગયો છે. ત્યાં જ શાલ્વે વસુદેવજીને દેખાડ્યા અને તેમનું માથું કાપી લીધું. ભગવાન કૃષ્ણે જોતજોતામાં આ શું બન્યું, તે જોયું; પણ ત્યાં તો ખ્યાલ આવી ગયો કે ન એ પિતા વસુદેવ છે ન ત્યાં કોઈ ફરિયાદી માનવી છે. આ તો બધી શાલ્વની જ માયાજાળ છે. છેવટે ભગવાન શ્રીકૃષ્ણજીને હાથે શાલ્વ માર્યો ગયો, વિમાનના ચૂરેચૂરા થયા અને તેના સૈનિકો 'હાય હાય મરી ગયા' એમ બોલી ભાગવા લાગ્યા.

ત્યાં તો દંતવક્ત્ર જેવા શિશુપાલના બીજા મિત્ર રાજાઓ એમની મદદે આવી પહોંચ્યા.

"સાંભળો રાજન્! પરીક્ષિતજી! શિશુપાલ, શાલ્વ અને પૌંડ્રક સાથે રાજવી દંતવક્ત્રની ઘનિષ્ઠ દોસ્તી હતી. એ સમજતો હતો કે મારા આ બધા બળવાન સાથી રાજાઓ હતા. પરંતુ ભગવાન કૃષ્ણ આગળ તો તેઓ સાવ વામણા થઈ માટીમાં મળી ગયા, ત્યાં મારું શું ગજું? પરંતુ મિથ્યા માન, માનવીને સાવ ભુલાવી નાખે છે! આથી ઉદ્દંડ બની તે એટલો યુદ્ધભૂમિ પર આવી લાગ્યો. તેને જોતાં વાર જ ભગવાન કૃષ્ણ હાથમાં ગદા લઈને રથ પરથી કૂદી પડ્યા. અને ચાલતાં ચાલતાં ધરતીને ધ્રુજાવતા સમુદ્રતટની ભૂમિ જેમ દરિયામાં આવતી ભરતી ત્યાં ને ત્યાં શમ[illegible] એ દંતવક્ત્ર જેવા સમર્થ રાજવીને આગળ ન વધવા દીધો, ત્યાં ને ત્યાં રોકી રાખ્યો.

ઘમંડના નશામાં ચકચૂર એવા એ કરુષ નરેશે ભગવાન કૃષ્ણ સામે જોરથી ગદા તાણી અને બોલવું શરૂ કર્યું: 'આજે મને ખૂબ આનંદ થાય છે. કે, તું મારી નજરે આવી ગયો. અલબત્ત મારે તને

મારવો ન જોઈએ, કારણ તું મારો નાનેરો ભાઈ છે. પણ તેં મારા જીગરજાન શિશુપાલ જેવા સાથીઓને મારી નાખ્યા અને મને સુધ્ધાં મારી નાખવાને ઇરાદે તું અહીં આવ્યો છે, એટલે મારે તને ન છૂટકે મારવો પડે છે. જો, આ ગદા જો. તે તારા ભુક્કા કરી નાખશે. ભલે તું સગો રહ્યો, જેમ રોગ પોતા વિષે રહ્યો હોય તોય તેને હટાવ્યા વિના ચાલતું નથી, તેમ તું પણ રોગ જેવો દુશ્મન છે, એથી તને મારી નાખ્યા વિના મારો છૂટકો જ નથી, કારણ તે સિવાય મારા પ્રિયમિત્રો તરફનું મારું ઋણ હું ફેડી નહીં શકું.' એમ બોલી જોરથી ગદાપ્રહાર કર્યો પણ ભગવાન કૃષ્ણ તો જેવા હતા, તેવા જ ટટ્ટાર રહી શક્યા! અને પોતાની કૌમોદકી નામની ગદા જ દંતવક્ત્રના વક્ષસ્થળ પર મારી. તે ગદા એવી તો જોરથી લાગી કે દંતકવક્ત્રનું કાળજું જ ફાટી ગયું...તેના મોઢામાંથા લોહીની ઊલટીઓ થવા લાગી, એના વાળ વીખરાઈ ગયા, હાથ અને પગ પણ ફેલાઈ ચૂકયા અને ધરતી પર ચત્તોપાટ પડી ગયો. તેમ જ શિશુપાલના મૃત્યુ સમયે જેમ થયું હતું, તેમ એના મૃત શરીરમાંથી એક અત્યંત સુક્ષ્મ, જ્યોતિ નીકળી અને એક વિચિત્ર રીતે ભગવાન શ્રીકૃષ્ણમાં જ સમાઈ ગઈ! આ વખતે ક્રોધથી લાલઘૂમ થઈ એ મરનારનો ભાઈ વિદુરથ પોતાના ભાઇનો બદલો વાળવા ઢાલ તલવાર લઈને સામે દોડયો. તરત ભગવાન સમજી ગયા કે આ પોતાને મારવા આવી રહ્યો છે. કૃષ્ણે તરત કુંડલ અને મુકુટ સાથેનું આખું તેનું માથું જ ધડથી અળગું કરી નાખ્યું! આમ બીજા કોઈથી પણ મારવો અશકય એવા શાલ્વને એના વિમાન અને મિત્રો (૧) સૌભ (૨) દંતવક્ત્ર અને (૩) વિદુરથ આદિ સહિત માર્યા પછી જ દ્વારિકાપુરીમાં પ્રવેશ કર્યો. ત્યાં ઋષિમુનિ, દેવ–દાનવ, સિદ્ધ–ગંધર્વ, વિદ્યાધર અને વાસુકિ વગેરે મહાનાગો એ વિજયની સ્તુતિ ગાતા હતા અને દેવો તથા અપ્સરાઓ આકાશ ઉપરથી ફૂલો પણ વેરી રહ્યાં હતાં!!!

# બલરામનો એકરાર અને બલ્વલવધ

અનુષ્ટુપ

જો થાયે ભૂલ પોતાની, રાખ્યે અખંડ જાગૃતિ;
તો તે કબૂલી લે મોટા, જેથી મોટાઈ શોભતી. ૧

શક્તિ વધ્યે પ્રજા પીડે, એવું વલણ દૈત્યનું;
તેથી જ તેમની શક્તિ, પરાણે ખૂંચવે પ્રભુ. ૨

કુમત્યોં પશુઓ દૈત્યો, જ્યારે તે થાય એકઠાં,
ત્યારે લોકો દ્વિજો સંતો, એકત્રિત ઘટે થવાં. ૩

તો કાયમી ટકે વિશ્વે, શાંતિ ને સમતોલતા;
જીતે સત્ય અહિંસા ને, ફરકે ધર્મની ધજા ૪

પરીક્ષિત ! એક વાર બલરામજીએ સાંભળ્યું કે, અંદરખાનેથી કૌરવો પોતાના પિતરાઈ ભાઈ પાંડવો પર યુદ્ધ લાદવા માગે છે. એટલે તેઓ તીર્થયાત્રાને બહાને દ્વારિકાપુરી છોડીને નીકળી પડચા. એમણે ત્યાંથી નીકળી પ્રભાસતીર્થમાં સ્નાન કર્યું તથા બ્રહ્મભોજન દ્વારા દેવો, ઋષિઓ, પિતૃઓ અને માનવોને પૂજા, શ્રદ્ધા અને દાનથી તૃપ્ત કરી દીધા. પછી કેટલાક બ્રાહ્મણોને સાથે લઈ તેઓ સરસ્વતી નદીને કાંઠે તીર્થાટન કરવા ગયા અને પછી ગંગા–યમુનાનાં પણ મહત્ત્વનાં તીર્થો કરી લીધાં, એમ ફરતા ફરતા નૈમિષારણ્ય ક્ષેત્રમાં પહોંચ્યા, કારણ કે તે દિવસોમાં ત્યાં મોટામોટા ઋષિમુનિઓ સત્સંગનો યજ્ઞ કરતા હતા. જેવા બલરામને દીઠા કે તરત તેઓ સૌએ ભગવદંશ બલરામજીનું વંદન, અભિવાદન અને સ્વાગત કર્યું. જ્યારે ત્યાં વ્યાસ ભગવાનની ગાદી ઉપર સૂતજાતિના રોમહર્ષણને બેઠેલા

દીકા, એથી એમને અવિનીત માની એવા તો એમના ઉપર શસ્ત્ર પ્રહાર કર્યો કે તરત તે મરી ગયા. આથી ઋષિમુનિઓ બહુ જ શોકાતુર બની ગયા અને બલરામજીને નમ્રતાપૂર્વક કહ્યું : 'આપે ખરેખર અજાણતા પણ ભુલ કરી નાખી છે. એટલે એ ભુલ સુધારવી પડશે અને સાથે પ્રાયશ્ચિત્ત પણ કરી નાખવું પડશે.' બલરામજી પણ સમજી ગયા કે ભુલ તો થઈ જ છે. મોટાની ખરી મોટાઈ તો હંમેશાં સાચા એકરાર અને ભુલસુધારમાં જ રહેલી છે. બલરામજીએ કહ્યું : 'વેદવાક્ય એમ કહે જ છે કે એક અર્થમાં આત્મા પોતે જ પુત્રના સ્થાનમાં જન્મે છે તેથી જ પુત્રને આત્મજ કહેવામાં આવે છે. હું રોમહર્ષણના પુત્રને મારી પોતાની શક્તિ વડે દીર્ઘાયુ અર્પી સશક્ત અને આયુષ્યમાન બનાવું છું. આપને હવે તે, પોતાની પ્રજ્ઞા દ્વારા પોતાના પિતાની અવેજીમાં પૂરેપૂરી ધર્મકથા પણ સંભળાવશે. ઉપરાંત આપ વિદ્વાનો મને જે પ્રાયશ્ચિત્ત આપો તે માનીને કરવા હું તૈયાર છું.' આ સુણી બ્રાહ્મણો ખૂબ રાજી થઈ બોલ્યા : 'બલરામજી ! ઇલ્વલનો પુત્ર બલ્વલ ભયંકર દાનવ છે. અમારા યજ્ઞોને અપવિત્ર કરી અમારો નાશ કરે છે. તેને આપ દૂર કરો અને પછી એક વર્ષ લગી ભારતની પરિક્રમા કરતા કરતા એકાગ્રપણે તીર્થસ્નાનો કર્યા કરો, એટલે આપની પરિપૂર્ણ શુદ્ધિ અવશ્ય થઈ જશે.' પરીક્ષિતજી ! ખરેખર ભગવાન બલરામજીએ બ્રાહ્મણોનું એ વચન માન્ય રાખી એવું જ આચરણ કરી અનુકરણીય દાખલો જાતે બેસાડી દીધો..."

બ્રહ્મચારી શુકદેવજી બોલ્યા :– "પરીક્ષિત ! ઋષિઓની પ્રાર્થનાને લીધે ભગવાન બલરામજી થોડા દિવસ ત્યાં રોકાઈ ગયા. તેવામાં એક પર્વદિને ભારે તોફાન થયું, ધૂળવર્ષા થઈ અને ચારે બાજુ પરુ (પાચ)ની દુર્ગંધ છૂટવા લાગી. ત્યારબાદ યજ્ઞશાળામાં 'બલ્વલ' દાનવે મળમૂત્રાદિ અપવિત્ર વસ્તુઓની વર્ષા કરી અને છેવટે હાથમાં ત્રિશૂલ લઈ જાતે આવ્યો. હંમેશા દાનવોની શક્તિ પરપીડા માટે જ વપરાતી હોય છે. એનું શરીર બહુ મોટું હતું. દાઢી-મુછ અને ચોટલી તપેલા

તાંબા જેવાં લાલ લાલ હતાં. એની દાઢો અને ભમરોને લીધે એનું મોઢું બહુ ભયંકર લાગતું હતું. એને જોઈને ભગવાન બલરામે મુસલ અને હલ યાદ કર્યાં કે તરત તે શસ્ત્રો ત્યાં આવી પહોંચ્યા. એ પછી પોતાનાં હલ–મુસલથી કસીને પ્રહાર કરી બલરામે બલ્વલનું લલાટ ફોડી નાખ્યું અને લોહી નીંગળતો તે આકાશેથી આર્તસ્વર કરતો ધરતી પર પટકાઈ પડ્યો. એ પછી નૈમિષારણ્યવાસી મહાભાગ્યવાન મુનિઓએ બલરામજીની ખૂબ ખૂબ સ્તુતિ કરી, કદી વ્યર્થ ન જાય એવા કાયમી આશીર્વાદ પણ આપ્યા અને દેવરાજ ઇંદ્રનો દેવતાલોક અભિષેક કરે છે તેવો અભિષેક પણ કર્યો. દિવ્ય વસ્ત્રાભૂષણો પણ આપ્યાં. ઉપરાંત કદી ન સુકાય તેવી સૌંદર્યમય કમલફૂલોની વૈજયંતી માલા પણ આપી.

પછી બલરામજી કૌશિકી નદીના તટ પર આવી સ્નાન કરી જ્યાંથી સરયૂ નદી નીકળે છે તે સરોવર પર ગયા. ત્યાંથી પાછા સરયૂકિનારે ચાલી પ્રયાગતીર્થ પર આવ્યા. ત્યાં તીર્થસ્નાન, ઉપરાંત દેવો, ઋષિઓ અને પિતૃઓનું પિંડતર્પણ કર્યું. ત્યાંથી પુલહાશ્રમ જઈ ગોમતી, ગંડકી તથા વિપાશા નદીઓમાં સ્નાન કરી સોન નદીના તટ પર આવ્યા અને ત્યાં સ્નાન કરી વસુદેવજીની આજ્ઞા પ્રમાણે ગયામાં જઈ પૂજનયજન કર્યું. પછી ગંગાસાગર સંગમ પર જઈ તીર્થક્રિયાથી નિવર્તીને મહેંદ્ર પર્વત પર પહોંચ્યા. પરશુરામજીનાં ત્યાં દર્શન – અભિવાદન કરી ગોદાવરી, વેણા, પંપા અને ભીમરથા આદિ નદીઓમાં સ્નાન કરીને કાર્તિકસ્વામીનાં દર્શન કર્યાં. પછી મહાદેવજી પાસે શ્રીશૈલ પર પહોંચ્યા. ભગવાન બલરામે દ્રવિડ દેશના પુણ્યમય સ્થાન વેંકટાચલ(બાલાજી)નાં દર્શન કર્યાં... પછી શિવકાંચી, વિષ્ણુકાંચી થઈ કાવેરી સ્નાન કર્યું. ત્યાંથી શ્રીરંગક્ષેત્રે (કે જ્યાં સદા વિષ્ણુ બિરાજમાન રહે છે, ત્યાં) ગયા પછી વિષ્ણુ ભગવાનના ક્ષેત્ર ઋષભપર્વત, દક્ષિણ મથુરા તથા મોટાં મોટાં મહાપાપોને નષ્ટ

કરવાવાળા સેતુબંધની યાત્રા કરી ! બ્રાહ્મણોને ગોદાન કર્યું. પછી નદીઓમાં સ્નાન કરતા કરતા મલયપર્વત પર ગયા. સાત મોટા કુલપર્વતો પૈકીનો મલયગિરિ પણ એક મહાગિરિ છે, જ્યાં અગસ્ત્યમુનિ રહે છે. ત્યાં તેમનાં દર્શનઅભિવાદન કર્યાં. એમની અનુમતિ પામી દક્ષિણ સમુદ્રની પણ યાત્રા કીધી. ત્યાં એમણે દુર્ગાદેવીનાં કન્યાકુમારી રૂપે દર્શન કર્યાં. ત્યારપછી ફાલ્ગુનતીર્થ અને અનંતશયન ક્ષેત્રમાં ગયા અને સર્વશ્રેષ્ઠ પંપાપ્સરસ તીર્થમાં સ્નાન કર્યું, જે તીર્થમાં સદા સર્વદા વિષ્ણુભગવાનનું સાંનિધ્ય રહે છે. ત્યાં પણ બ્રાહ્મણોને ગોદાન આપ્યું. પછી કેરલ અને ત્રિગર્ત સ્થળોએ થઈ, જ્યાં સદા–સર્વદા ભગવાન 'શિવ' રહે છે તે ગોકર્ણતીર્થમાં આવ્યા અને ત્યાં જળથી ઘેરાયેલા દ્વિપમાં રહેવાવાળાં આર્યાદેવીનાં દર્શન કર્યાં. શૂર્પારક ક્ષેત્રની પણ યાત્રા કીધી. આમ ફરતા ફરતા દંડકારણ્ય થઈને નર્મદા તટે આવ્યા.

છેવટે ફરતા ફરતા પ્રભાસતીર્થ પહોંચી ગયા. ત્યાં બ્રાહ્મણો પાસેથી પાંડવ–કૌરવયુદ્ધની વાત જાણી. પરંતુ ઘણોખરો પૃથ્વીભાર ઊતરી ચૂક્યો હતો. તેઓ કુરુક્ષેત્ર પર આવી પહોંચ્યા. ત્યાં લડતા દુર્યોધનને અને ભીમને તેમણે રોકયા પણ તેઓ બન્ને ન રોકાતાં યુદ્ધ કરતા જ રહ્યા. તેથી બલરામજી ત્યાંથી દ્વારકા પાછા ફરી આવ્યા. ત્યાં રાજા ઉગ્રસેન આદિ મોટેરાઓએ અને બીજા સંબંધીઓએ તેઓનું બહુ બહુ માન કર્યું. ઘણું ઘણું પ્રેમભર્યું સ્વાગત કર્યું. પછી ફરી પાછા બલરામજીએ નૈમિષારણ્યમાં આવી ઋષિમુનિઓ મારફત અનેરા યજ્ઞો કરાવ્યા. છેવટે બધા ઋષિઓને એમણે આત્માનુભવ અને વિશ્વાનુભાવ એકીસાથે કરાવ્યો. ત્યારબાદ પોતાનાં ધર્મપત્ની રેવતીજી સાથે યજ્ઞાંત સ્નાન કર્યું અને અતિ અતિ સુંદર વસ્ત્રાભૂષણો સજી પત્ની અને સંબંધીઓ સાથે ચંદ્ર, ચંદ્રિકા અને નક્ષત્રમંડળની જેમ શોભી ઊઠયા ! પરીક્ષિતજી ! આમ ભગવાન બલરામજી સ્વયં

અનંત છે. એમનું સ્વરૂપ પણ (એક અર્થમાં ભગવાનના જ અંશાવતાર હોવાથી) મન અને વાણીથી પર છે. એમનાં આમ વિવિધ જીવનચરિત્રોની ગણના કરી જ નહીં શકાય. જે સત્યાર્થી સાધક–સાધિકા ભગવાન બલરામજીનાં ચરિત્રોનું સવાર–સાંજ આ રીતે સ્મરણ કરે છે, તેઓ ખૂબ ભગવત્ પ્રિય સહેજે સહેજે બની જાય છે.'

## સુદામાચરિત્ર

**અનુષ્ટુપ**

ગરીબાઈ ગણી પ્યારી, રહી જે દ્વિજ સેવક,
ત્યાગે પ્રેમે કરે સેવા, સદા આમ સમાજની. ૧

સાંકળે આમ જો સંતો, હિદે અધ્યાત્મ નૈતિક,
તો તે રીતે જગે નક્કી, ફેલાશે સત્ય ધાર્મિક. ૨

રાજા પરીક્ષિતે શુકદેવજીને કહ્યું : "ભગવન્ ! પ્રેમ અને મુક્તિના દાતા એવા ભગવાન કૃષ્ણની શક્તિ અનંત છે. માટે તો એમની માધુર્ય અને ઐશ્વર્યથી ભરેલી લીલાઓ પણ અનંત હોય તે સ્વાભાવિક છે ! હવે હું બીજી લીલાઓ કે જેમનું વર્ણન અત્યાર લગી આપે કર્યું જ નથી તે સાંભળવા ઇચ્છું છું. બ્રહ્મન્ ! આ જીવ વિષયસુખને શોધતાં શોધતાં દુઃખી દુઃખી થઈ ગયો છે. તે વિષયસુખો જીવને બાણની માફક પીડતાં રહે છે. એટલે આવી સ્થિતિમાં કયો સાચો રસિક અને રસનો વિશેષજ્ઞ પુરુષ હશે કે શ્રીકૃષ્ણ ભગવાનની મંગલમયી લીલાઓનું શ્રવણ કરીને પણ એ લીલાઓથી વિમુખ રહેવા ઇચ્છશે ? જે વાણી ભગવાનના ગુણોનું ગાન કરે છે, એ જ સાચી વાણી છે. એ જ રીતે એ જ હાથ, સાચા હાથ છે

કે જેઓ ભગવાનની સેવા માટે કામ કરતા રહે છે. તે જ કાન, વાસ્તવમાં કાન કહેવડાવવાને લાયક છે જેઓ ચરાચર પ્રાણીમાત્રમાં નિવાસ કરનારા ભગવાનનાં ગુણોનું, પુણ્યમયી કથાઓનું શ્રવણ કરે છે. તે જ માથું, સાચું માથું છે કે, જે ચરાચર જગતને જ શ્રી ભગવાનની ચર-અચર પ્રતિમા સમજી નમસ્કાર કરે છે. જે સર્વત્ર માત્ર ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન કરે છે, તે આંખો જ સાચી આંખો છે. શરીરમાં જે અંગો ભગવાન અને એમના ભક્તોના ચરણામૃતનું સેવન કરે છે, તે જ અંગો વાસ્તવમાં મનુષ્યોનાં અંગો છે. સાચું પૂછો તો તેમનું જ અસ્તિત્વ સફલ છે! માટે હે ભગવન કૃષ્ણદેવની લીલા સંભળાવી મારું જીવન આપ સાર્થક કરો.'

અહીં સૂતજી બોલી ઊઠયા: "શૌનકાદિ મુનિઓ! જ્યારે રાજા પરીક્ષિતે આ પ્રકારે પ્રશ્ન કર્યો, ત્યારે બ્રહ્મચારી શુકદેવજીનું હૃદય ભગવાન કૃષ્ણમાં તલ્લીન થઈ ગયું. અને તેઓ બોલ્યા: "પરીક્ષિત! એક બ્રાહ્મણ ભગવાન કૃષ્ણના પરમ મિત્ર હતા. તેઓ મોટા બ્રહ્મજ્ઞાની, વિષયોથી વિરક્ત, શાન્તચિત્ત અને જિતેંદ્રિય હતા. જોકે તે સંન્યાસી નહોતા, ગૃહસ્થ જ હતા, તોપણ કોઈ પ્રકારનો સંગ્રહ-પરિગ્રહ ન રાખતાં પ્રારબ્ધાનુસાર જે કંઈ સૂકું-પાંખું મળે એટલેથી (એમાં જ તેઓ) સંતુષ્ટ રહેતા. એમનાં વસ્ત્રો તો જૂનાં અને ફાટેલાં રહેતાં જ. એમનાં ધર્મપત્નીને પણ તેવાં જ વસ્ત્રો પહેરવા મળતાં હતાં. ગરીબાઈને કારણે જે કાંઈ સામગ્રી તેણીને હાથ લાગે, તે પોતાના પતિને જ ખવડાવી દેતી અને પોતે તો ભૂખી-તરસી રહી જતી. તેથી તેનું શરીર જ સુકાઈને કાંટારૂપ બની ગયેલું. એકદા તે ગરીબાઈની પવિત્ર મૂર્તિ અને દુઃખિની પતિવ્રતા ભૂખની મારી કાંપતી પોતાના પતિદેવ પાસે ગઈ અને સુકાયેલા મુખથી બોલી: 'સાક્ષાત લક્ષ્મીપતિ શ્રી ભગવાન પોતે જ આપના મિત્ર છે. તેઓ ભક્તવાંચ્છા માટે કલ્પતરુ સમા છે. શરણાગત-વત્સલ હોવા ઉપરાંત બ્રાહ્મણમાત્રના